नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૧૪

# જીવાજીવાભિગમ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૧૪

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૧૪) જીવાજીવાભિગમ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

**Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397**

**Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in**

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |
| | | | | | | |
| | | | | | | |

# આગમસૂત્ર- ૧૪ 'જીવાજીવાભિગમ'

## ઉપાંગસૂત્ર- ૩ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| ૧ | પ્રથમ 'દ્વવિહ' પ્રતિપત્તિ | ૦૦૬ | ૪ | ચોથી 'પંચવિહ' પ્રતિપત્તિ | ૧૩૧ |
| ૨ | બીજી 'ત્રિવિહ' પ્રતિપત્તિ | ૦૧૯ | ૫ | પાંચમી 'છવ્વિહ' પ્રતિપત્તિ | ૧૩૩ |
| ૩ | ત્રીજી 'ચઉવિહ' પ્રતિપત્તિ | ૦૩૧ | ૬ | છઠ્ઠી 'સપ્તવિહ' પ્રતિપત્તિ | ૧૩૯ |
| | - નૈરયિક | ૦૩૧ | ૭ | સાતમી 'અઠ્ઠવિહ' પ્રતિપત્તિ | ૧૪૦ |
| | - તિર્યંચયોનિક | ૦૪૩ | ૮ | આઠમી 'નવવિહ' પ્રતિપત્તિ | ૧૪૧ |
| | - મનુષ્ય | ૦૪૮ | ૯ | નવમી 'દશવિહ' પ્રતિપત્તિ | ૧૪૨ |
| | - દેવ, દ્વીપ-સમુદ્ર આદિ | ૦૫૮ | ૧૦ | 'સવ્વજીવ' પ્રતિપત્તિ | ૧૪૩ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | **-1- आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- મૂળ | 02 |
| | **-2- आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम सटीकं** | 04 |
| | **-3- आगममञ्जूषा मूल प्रत** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | **-1-** આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English Trans. | [11] | | **-3- ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | **-4- आगमिय सूक्तावली** | 01 |
| | **-5- आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम मूलं एवं वृत्ति -1** | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम मूलं एवं वृत्ति -2** | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह प्रा-सं-गु** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | **-5- आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |
| | | | | | |

**1-આગમ સાહિત્ય કુલ પુસ્તક 518**

**2–આગમેતર સાહિત્ય કુલ પુસ્તક 085**

**દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603**

# [૧૪] જીવાજીવાભિગમ
## ઉપાંગસૂત્ર–૩– ગુજરાતી ભાવાનુવાદ

## પ્રતિપત્તિ–ભૂમિકા

સૂત્ર–૧

અહીં જૈન પ્રવચન નિશ્ચે જિનમત(અરિહંત અને કેવ્લીનો મત), જિનાનુમત(સર્વે જિનેશ્વરોને સંમત), જિનાનુલોમ(અવધિ આદિ જિનોને અનુકુળ) , જિનપ્રણિત(જિનેશ્વરો દ્વારા કહેવાયેલ), જિનપ્રરૂપિત(જિનેશ્વરો દ્વારા પ્રરુપણા કરાયેલ), જિનાખ્યાત, જિનાનુચિર્ણ(જીન અર્થાત ગણધર દ્વારાઅનુસરણ કરાયેલ), જિન પ્રજ્ઞપ્ત, જિનદેશિત, જિનપ્રશસ્ત છે. પર્યાલોચન કરીને તેની શ્રદ્ધા કરતા, પ્રતીતિ કરતા, રૂચિ કરતા સ્થવિર ભગવંતોએ જીવાજીવાભિગમ નામક અધ્યયન પ્રરૂપિત કરે છે.

સૂત્ર–૨

તે જીવાજીવાભિગમ શું છે ? જીવાજીવાભિગમ બે ભેદે છે. તે આ – જીવાભિગમ અને અજીવાભિગમ.

સૂત્ર–૩ થી ૫

૩. તે અજીવાભિગમ શું છે ? અજીવાભિગમ બે ભેદે છે. તે આ – રૂપી અજીવાભિગમ અને અરૂપી અજીવાભિગમ.

૪. તે અરૂપી અજીવાભિગમ શું છે ? તે દશ ભેદે છે – ધર્માસ્તિકાયથી લઈને અદ્ધા સમય સુધીનું કથન પ્રજ્ઞાપના સૂત્ર મુજબ જાણવું. આ અરૂપી અજીવાભિગમને વર્ણન છે.

૫. તે આ રૂપી અજીવાભિગમ શું છે ? તે ચાર ભેદે છે. તે આ –

સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ, પરમાણુ પુદ્‌ગલો.

તે સંક્ષેપથી પાંચ ભેદે છે – વર્ણ–ગંધ–રસ–સ્પર્શ–સંસ્થાન પરિણત. આ બધુ જેમ પ્રજ્ઞાપનામાં છે તેમ કહેવું, તે આરૂપી અજીવાભિગમનું વર્ણન છે, તે આ અજીવાભિગમનું વર્ણન છે.

સૂત્ર–૬, ૭

૬. તે જીવાભિગમ શું છે ? બે ભેદે છે – સંસાર સમાપન્નક જીવાભિગમ અને અસંસાર સમાપન્નક જીવાભિગમ.

૭. તે અસંસાર સમાપન્નક જીવાભિગમ શું છે ? તે બે ભેદે છે – અનંતર સિદ્ધ સમાપન્નક જીવાભિગમ અને પરંપરસિદ્ધ સંસાર સમાપન્નક જીવાભિગમ.

તે અનંતસિદ્ધ સંસાર સમાપન્નક જીવાભિગમ શું છે ? તે ૧૫–ભેદે છે – તીર્થસિદ્ધ યાવત્ અનેકસિદ્ધ. તે આ અનંતર સિદ્ધ કહ્યા.

તે પરંપર સિદ્ધ સંસાર સમાપન્નક જીવાભિગમ શું છે ? અનેકવિધ છે – પ્રથમસમયસિદ્ધ, દ્વિસમયસિદ્ધ યાવત્ અનંતસમય સિદ્ધ. તે આ પરંપર સિદ્ધ સંસાર સમાપન્નક જીવાભિગમ છે. તે આ અસંસાર સમાપન્નક સમાપન્નક જીવાભિગમનું વર્ણન છે.

સૂત્ર–૮

તે સંસાર સમાપન્નક જીવાભિગમ શું છે ? સંસાર સમાપન્નક જીવોમાં આ નવ પ્રતિપત્તિઓ મતો આ પ્રકારે છે – કોઈ કહે છે – સંસાર સમાપન્નક જીવો બે ભેદે છે. કોઈ કહે છે ત્રણ ભેદે૦ છે. કોઈ કહે છે ચાર ભેદે૦ છે, કોઈ કહે છે પાંચ ભેદે૦ છે. આ આલાવા મુજબ યાવત્ દશ પ્રકારે સંસાર સમાપન્નક જીવો કહેલા છે.

# ૧–દ્વિવિધા પ્રતિપત્તિ

સૂત્ર–૯

તેમાં જે એમ કહે છે કે, “બે ભેદે સંસાર સમાપન્નક જીવો છે,” તેઓ એમ કહે છે –

ત્રસ અને સ્થાવર બે ભેદો છે.”

સૂત્ર–૧૦

તે સ્થાવરો કયા છે ? તે ત્રણ ભેદે કહ્યા છે. તે આ – પૃથ્વીકાયિક, અપ્‌કાયિક અને વનસ્પતિકાયિક.

સૂત્ર–૧૧

તે પૃથ્વીકાયિક કોણ છે ? પૃથ્વીકાયિક બે ભેદે છે – સૂક્ષ્મ પૃથ્વીકાયિક અને બાદર પૃથ્વીકાયિક

સૂત્ર–૧૨

તે સૂક્ષ્મ પૃથ્વીકાયિક શું છે ? સૂક્ષ્મ પૃથ્વીકાયિક બે ભેદે કહેલ છે, તે આ – પર્યાપ્તક અને અપર્યાપ્તક.

સૂત્ર–૧૩

સૂક્ષ્મ જીવોના અહીં ૨૩(૨૪ ?) દ્વાર પ્રગટ કરવામાં આવેલ છે, તે આ પ્રમાણે–

શરીર, અવગાહના, સંઘયણ, સંસ્થાન, કષાય, સંજ્ઞા, લેશ્યા, ઈન્દ્રિય, સમુદ્‌ઘાત, સંજ્ઞી, વેદ, પર્યાપ્તિ, દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, યોગ, ઉપયોગ, આહાર, ઉપપાત, સ્થિતિ, સમુદ્‌ઘાત, ચ્યવન, ગતિ, આગતિ.

સૂત્ર–૧૪

ભગવન્‌ ! તે સૂક્ષ્મપૃથ્વીકાયિક જીવોના કેટલા શરીરો છે ? ગૌતમ ! ત્રણ. ઔદારિક, તૈજસ, કાર્મણ.

ભગવન્‌! તે જીવોની શરીર અવગાહના કેટલી મોટી છે ? ગૌતમ ! જઘન્યથી અંગુલનો અસંખ્યાતભાગ, ઉત્કૃષ્ટથી પણ અંગુલનો અસંખ્યાત ભાગ.

ભગવન ! તે જીવોના શરીર કયા સંઘયણવાળા છે ? ગૌતમ ! સેવાર્ત્ત સંઘયણી છે.

ભગવન્‌ ! તે જીવોના શરીરનું સંસ્થાન શું છે ? ગૌતમ ! મસૂર ચંદ્ર સંસ્થિત.

ભગવન્‌ ! તે જીવોને કેટલા કષાય છે ? ગૌતમ ! ચાર. ક્રોધકષાય, માનકષાય, માયાકષાય, લોભકષાય.

ભગવન્‌ ! તે જીવોને કેટલી સંજ્ઞા છે ? ગૌતમ ! ચાર. આહારસંજ્ઞા યાવત્‌ પરિગ્રહ સંજ્ઞા.

ભગવન્‌ ! તે જીવોને કેટલી લેશ્યા છે ? ગૌતમ ! ત્રણ. કૃષ્ણ લેશ્યા –નીલ લેશ્યા –કાપોત લેશ્યા.

ભગવન્‌ ! તે જીવોને કેટલી ઈન્દ્રિય છે ? ગૌતમ ! એક સ્પર્શનેન્દ્રિય.

ભગવન્‌ ! તે જીવને કેટલા સમુદ્‌ઘાતો છે ? ગૌતમ ! ત્રણ. વેદના સમુદ્‌ઘાત, કષાય સમુદ્‌ઘાત અને મારણાંતિક સમુદ્‌ઘાત.

ભગવન્‌ ! તે જીવો સંજ્ઞી છે કે અસંજ્ઞી ? ગૌતમ ! સંજ્ઞી નથી, અસંજ્ઞી છે.

ભગવન્‌ ! તે જીવો સ્ત્રી વેદે છે , પુરુષ વેદે છે કે નપુંસક વેદે છે ? ગૌતમ ! તેઓ નપુંસક વેદી છે.

ભગવન્‌ ! તે જીવોને કેટલી પર્યાપ્તિઓ છે ? ગૌતમ ! ચાર. આહાર–શરીર–ઈન્દ્રિય–આનપ્રાણ પર્યાપ્તિ.

ભગવન્‌ ! તે જીવોને કેટલી અપર્યાપ્તિઓ છે ? ગૌતમ ! ચાર. આહાર યાવત્‌ આનપ્રાણ પર્યાપ્તિ.

ભગવન્‌ ! તે જીવો સમ્યક્‌ દૃષ્ટિ છે, મિથ્યા દૃષ્ટિ છે કે મિશ્રદૃષ્ટિ છે ? ગૌતમ ! તે મિથ્યાદૃષ્ટિ છે.

ભગવન્‌ ! તે જીવો ચક્ષુ દર્શની છે, અચક્ષુ દર્શની છે, અવધિ દર્શની છે કે કેવલદર્શની છે ? ગૌતમ ! તેઓ માત્ર અચક્ષુ દર્શની છે.

ભગવન્‌ ! તે જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તેઓ અજ્ઞાની છે. નિયમા બે અજ્ઞાન છે – મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન.

ભગવન્ ! તે જીવો મન યોગી છે, વચન યોગી છે કે કાયયોગી છે ? ગૌતમ ! તેઓ કાયયોગી છે.

ભગવન્ ! તે જીવો સાકારોપયુક્ત છે કે અનાકારોપયુક્ત ? ગૌતમ ! તેઓ સાકારોપયુક્ત પણ છે અને અનાકારોપયુક્ત પણ છે.

ભગવન્ ! તે જીવો કેવો આહાર કરે છે ? ગૌતમ ! દ્રવ્યથી અનંતપ્રદેશિક પુદ્ગલોનો આહાર કરે છે, ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશાવગાઢ પુદ્ગલોનો આહાર કરે છે, કાળથી કોઈપણ સમય સ્થિતિક પુદ્ગલોનો આહાર કરે છે અને ભાવથી વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળા પુદ્ગલોનો આહાર કરે છે.

ભગવન્! જો વર્ણવાળા પુદ્ગલોનો આહાર કરે છે, તો એક–બે–ત્રણ–ચાર કે પાંચ વર્ણવાળાનો કરે છે? ગૌતમ! સ્થાનમાર્ગણા અપેક્ષાએ એક–બે–ત્રણ–ચાર કે પાંચ વર્ણવાળાનો પણ આહાર કરે છે, વિધાન માર્ગણા અપેક્ષાએ કાળા યાવત્ સફેદ વર્ણવાળા આહારે છે.

જો વર્ણથી કાળા પુદ્ગલને આહારે, તો એકગુણ કાળા કે યાવત્ અનંતગુણ કાળાપુદ્ગલને આહારે છે ? ગૌતમ! એકગુણ કાળાને પણ આહારે છે યાવત્ અનંતગુણ કાળાને પણ. એ રીતે યાવત્ શુક્લવર્ણ સુધી જાણવું.

જો ભાવથી ગંધવાળા પુદ્ગલો આહારે, તો શું એક ગંધ કે બે ગંધવાળાને આહારે છે ? ગૌતમ ! સ્થાન માર્ગણાને આશ્રીને એક ગંધવાળાને પણ આહારે અને બે ગંધવાળાને પણ આહારે. વિધાનમાર્ગણા આશ્રીને સુરભિગંધીને પણ આહારે અને દુરભિગંધીને પણ આહારે છે,

જો સુગંધી પુદ્ગલ આહારે છે તો શું એકગુણ વાળાને કે યાવત્ અનંતગુણ સુરભિગંધને આહારે છે ? ગૌતમ ! એકગુણ સુરભિ ગંધવાળાને પણ યાવત્ અનંતગુણ સુરભિગંધવાળાને પણ આહારે છે. એ રીતે દુર્ગંધી પણ કહેવા.

રસવાળાનું વર્ણન વર્ણવાળાની જેમ કરવું.

ભગવન્ ! જો ભાવથી સ્પર્શવાળા પુદ્ગલોને આહારે તો એક સ્પર્શવાળાને આહારે કે યાવત્ આઠ સ્પર્શવાળાને આહારે ? ગૌતમ ! સ્થાનમાર્ગણાને આશ્રીને એક સ્પર્શવાળાને યાવત્ આઠ સ્પર્શવાળાને આહારે છે. વિધાન માર્ગણાને આશ્રીને કર્કશ યાવત્ રૂક્ષ સ્પર્શવાળાને પણ આહારે છે.

ભગવન્ ! જો સ્પર્શથી કર્કશ સ્પર્શવાળાને આહારે તો શું એક ગુણ કર્કશવાળાને આહારે કે યાવત્ અનંતગુણ કર્કશને આહારે ? ગૌતમ ! એકગુણ કર્કશવાળાને આહારે પણ યાવત્ અનંતગુણ કર્કશને પણ. એ રીતે રૂક્ષપુદ્ગલ સુધી જાણવુ.

ભગવન્ ! તે શું સ્પૃષ્ટ પુદ્ગલને આહારે છે કે અસ્પૃષ્ટપુદ્ગલને આહારે ? ગૌતમ ! સ્પૃષ્ટપુદ્ગલને આહારે છે, અસ્પૃષ્ટને નહીં.

ભગવન્! તે અવગાઢ પુદ્ગલને આહારે છે કે અનવગાઢ પુદ્ગલને ? ગૌતમ ! તે અવગાઢ પુદ્ગલને આહારે છે, અનવગાઢ પુદ્ગલને નહીં.

ભગવન્ ! તે અનંતરાવગાઢ પુદ્ગલને આહારે છે કે પરંપરાવગાઢ પુદ્ગલને ? ગૌતમ ! અનંતરાવગાઢપુદ્ગલને આહારે છે, પરંપરાવગાઢપુદ્ગલને નહીં.

ભગવન્ ! તે અણુને આહારે છે કે બાદરોને? ગૌતમ! અણુને પણ આહારે છે અને બાદરને પણ આહારે છે.

ભગવન્ ! તે ઉર્ધ્વ સ્થિત, અધો સ્થિત કે તિર્છા સ્થિત પુદ્ગલોને આહારે છે ? ગૌતમ ! ઉર્ધ્વ, અધો અને તિર્છા ત્રણે પુદ્ગલોને આહારે છે.

ભગવન્ ! તે આદિ, મધ્ય કે અંત્ય પુદ્ગલોને આહારે છે ? ગૌતમ! ત્રણેને આહારે છે.

ભગવન્ ! તે સ્વવિષય પુદ્ગલોને આહારે છે કે અવિષય પુદ્ગલોને ? ગૌતમ ! સ્વવિષય પુદ્ગલોને આહારે છે, અવિષય પુદ્ગલોને નહીં.

ભગવન્ ! તે આનુપૂર્વી પુદ્‌ગલો આહારે છે કે અનાનુપૂર્વી પુદ્‌ગલો આહારે છે ? ગૌતમ ! તે આનુપૂર્વી આહારે છે, અનાનુપૂર્વી નહીં.

ભગવન્! તે ત્રણ–ચાર–પાંચ કે છ દિશાથી પુદ્ગલો આહારે છે ? ગૌતમ ! નિર્વ્યાઘાતથી તે છ દિશામાં, રહેલ પુદ્ગલોને આહારે છે. વ્યાઘાતને આશ્રીને કદાચ ત્રણ દિશાથી, કદાચ ચાર દિશાથી, કદાચ પાંચ દિશામાં રહેલ પુદ્‌ગલો આહારે છે.

વિશેષ કરીને વર્ણથી કાળા, નીલા યાવત્ શુક્લ, ગંધથી સુરભિગંધ અને દુરભિગંધવાળા, રસથી યાવત્ તિક્ત–મધુર, સ્પર્શથી કર્કશ, મૃદુ યાવત્ સ્નિગ્ધ, રુક્ષ પુદ્‌ગલોનો આહાર કરે છે. તે પુરાણા વર્ણગુણો યાવત્ સ્પર્શગુણોને બદલીને, ખસેડીને, ઝટકીને, વિધ્વંસ કરીને તેમાં બીજા અપૂર્વ વર્ણ આદિ ગુણોને ઉત્પન્ન કરીને આત્મ–શરીર અવગાઢ પુદ્‌ગલોને બધા આત્મપ્રદેશોથી ગ્રહણ કરે છે.

ભગવન્ ! તે જીવો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું તે નરકથી આવીને ઉત્પન્ન થાય છે ?, તિર્યંચ થી આવીને ઉત્પન્ન થાય છે ?, મનુષ્ય થી આવીને ઉત્પન્ન થાય છે ? કે દેવથી આવીને ઉત્પન્ન થાય છે ? ગૌતમ ! તિર્યંચ કે મનુષ્યથી આવીને ઉત્પન્ન થાય છે, નૈરયિક કે દેવથી આવીને નહીં.

તિર્યંચયોનિકથી ઉપજે તો અસંખ્યાત વર્ષાયુષ્કને વર્જીને બાકીના પર્યાપ્ત–અપર્યાપ્ત તિર્યંચોથી ઉપજે છે. મનુષ્યોથી ઉત્પન્ન થાય તો અકર્મભૂમિજ અને અસંખ્યાત વર્ષાયુષ્કને છોડીને બાકીના મનુષ્યોથી ઉપજે છે. આ પ્રમાણે પ્રજ્ઞાપના સૂત્રના છટ્ઠા ‘વ્યુત્ક્રાંતિ’ પદ અનુસાર ઉપપાતનું કથન કરવું જોઈએ.

ભગવન્ ! તે જીવોની કેટલી કાળસ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત.

ભગવન્ ! તે જીવો મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત થઈને મરે છે કે અસમવહત થઈને મરે છે ? ગૌતમ! જીવો બંને રીતે મારે છે.

ભગવન્ ! તે જીવો અનંતર ઉદ્‌વર્તીને ક્યાં જાય છે ? ક્યાં ઉપજે છે ? નૈરયિકમાં – તિર્યંચમાં – મનુષ્યમાં કે દેવમાં ? ગૌતમ ! નૈરયિક કે દેવમાં નહીં, પણ તિર્યંચ કે મનુષ્યમાં ઉપજે છે.

ભગવન્ ! તેઓ એકેન્દ્રિયોમાં ઉપજે છે યાવત્ પંચેન્દ્રિયોમાં ઉપજે છે ? ગૌતમ ! તેઓ એકેન્દ્રિયોમાં ઉપજે છે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં ઉપજે છે. અસંખ્યાત–વર્ષાયુષ્ક સિવાયના પર્યાપ્તા–અપર્યાપ્તામાં ઉપજે છે. અકર્મભૂમિજ, અંતર્દ્વીપક અને અસંખ્યાત વર્ષાયુષ્કોને વર્જીને પર્યાપ્તા–અપર્યાપ્તામાં ઉપજે છે.

ભગવન્ ! તે જીવો કેટલી ગતિ અને કેટલી આગતિ વાળા છે ? ગૌતમ ! બે ગતિક, બે આગતિક કહ્યા છે. હે આયુષ્યમાન્ શ્રમણ ! તે સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવો પ્રત્યેક શરીરી અને અસંખ્યાત લોકના આકાશપ્રદેશ પ્રમાણ અસંખ્યાતા કહ્યા છે. આ સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવોનું વર્ણન છે.

સૂત્ર–૧૫

તે બાદર પૃથ્વીકાયિકો શું છે ? બે ભેદે છે– શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાયિક અને ખર બાદર પૃથ્વીકાયિક.

સૂત્ર–૧૬

તે શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાયિક શું છે ? તે સાત ભેદે છે – કાળી માટી વગેરે, તેના પ્રકારો પ્રજ્ઞાપના સૂત્ર મુજબ જાણવા. યાવત તે સંક્ષેપથી બે ભેદે છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા.

ભગવન્! તે જીવોને કેટલા શરીરો છે ? ગૌતમ ! ત્રણ – ઔદારિક, તૈજસ, કાર્મણ. બધું કથન પૂર્વવત્ જાણવું. વિશેષ એ કે લેશ્યા ચાર છે, બાકી સૂક્ષ્મ પૃથ્વીકાયિકવત્ જાણવું. પરંતુ આહાર નિયમા છ દિશામાંથી ગ્રહણ કરે છે. આ બાદર પૃથ્વીકાયિક જીવનો ઉપપાત – તિર્યંચ, મનુષ્ય, દેવમાંથી કહ્યો છે. દેવોમાં યાવત્ સૌધર્મ અને ઈશાન પર્યંત ખે છે. તેની સ્થિતિ, જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ ૨૨,૦૦૦ વર્ષ છે.

ભગવન્ ! તે જીવો મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત થઈને મરે કે અસમવહત થઈને ? ગૌતમ ! બંને રીતે.

ભગવન્ ! તે જીવો અનંતર ઉદ્વર્તીને ક્યાં જાય ? ક્યાં ઉપજે ? શું નૈરયિકમાં ઉપજે ? ઈત્યાદિ પૃચ્છા. ગૌતમ ! તેઓ નારક કે દેવમાં ન ઉપજે. તિર્યંચ અને મનુષ્યોમાં ઉપજે. પણ અસંખ્યાત વર્ષાયુવાળામાં ન ઉપજે.

ભગવન્ ! તે જીવો કેટલી ગતિ, કેટલી આગતિવાળા છે ? ગૌતમ ! તેઓ મનુષ્ય, તિર્યંચ અને દેવ, ત્રણ ગતિથી આવીને જન્મ લે છે. મનુષ્ય અને તિર્યંચ બે ગતિમાં જાય છે. હે આયુષ્યમાન્ શ્રમણ ! તે બાદર પૃથ્વીકાયિક જીવો પ્રત્યેક શરીરી છે અને અસંખ્યાતા છે. આ બાદર પૃથ્વીકાયનું વર્ણન થયું. પૃથ્વીકાયનું વર્ણન પૂરું થયું.

સૂત્ર–૧૭

તે અપ્કાયિકો કેટલાં ભેદે છે ? ગૌતમ ! અપ્કાયિક જીવો બે ભેદે છે – સૂક્ષ્મ અને બાદર. સૂક્ષ્મ અપ્કાયિક જીવો બે ભેદે છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા.

ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો કહ્યા છે ? ગૌતમ ! ત્રણ. ઔદારિક, તૈજસ, કાર્મણ. સૂક્ષ્મ પૃથ્વીકાયિકવત્ બધું કહેવું. વિશેષ આ– સ્તિબુક સંસ્થિત છે. બાકી પૂર્વવત્ યાવત્ દ્વિગતિ, દ્વિઆગતિ, પ્રત્યેક શરીરી અને અસંખ્યાત કહ્યા. આ સૂક્ષ્મ અપ્કાયિક જીવોનું વર્ણન પૂરું થયું.

સૂત્ર–૧૮

તે બાદર અપ્કાયિક શું છે ? બાદર અપ્કાયિક અનેક ભેદે કહ્યા છે, તે આ – ઓસ, હીમ યાવત્ આવા પ્રકારના અન્ય પાણી. તે સંક્ષેપથી બે ભેદે છે– પર્યાપ્તા અને અપર્યાપ્તા. બધું કથન પૂર્વવત્ કરવું. વિશેષ એ – સ્તિબુક સંસ્થાન છે. ચાર લેશ્યા છે, આહાર નિયમા છ દિશાથી કરે છે, ઉપપાત–તિર્યંચ, મનુષ્ય, દેવોથી. સ્થિતિ–જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૭૦૦૦ વર્ષ. બાકી બધું બાદર પૃથ્વીકાયિકવત્ જાણવુ. યાવત્ બે ગતિ, ત્રણ આગતિ, પ્રત્યેક શરીરી અને અસંખ્યાત છે., હે આયુષ્યમાન્ શ્રમણ ! આ તે બાદર અપ્કાયિક કહ્યા.

સૂત્ર–૧૯, ૨૦

૧૯. તે વનસ્પતિકાયિક શું છે? બે ભેદે – સૂક્ષ્મ, બાદર.

૨૦. તે સૂક્ષ્મ વનસ્પતિકાયિક શું છે ? બે ભેદે– પર્યાપ્તા, અપર્યાપ્તા, પૂર્વવત્. વિશેષ એ કે સૂક્ષ્મ વનસ્પતિકાય – અનિયત સંસ્થાન સંસ્થિત છે, દ્વિગતિક, દ્વિઆગતિક છે, તે અનંતકાયિક અને અનંતા છે. બાકી બધું પૃથ્વીકાયિક વત્ જાણવુ. તે આ સૂક્ષ્મ વનસ્પતિકાયિક કહ્યા.

સૂત્ર–૨૧ થી ૨૮

૨૧. તે બાદર વનસ્પતિકાયિક શું છે ? તે બાદર વનસ્પતિકાયિક બે ભેદે છે– પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક અને સાધારણ શરીર બાદર વનસ્પતિકાયિક.

૨૨ તે પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક શું છે ? તે બાર ભેદે છે –

૨૩ વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વલ્લી, પર્વગ, તૃણ, વલય, હરિત, ઔષધિ, જલરુહ, કુહણ.

૨૪ તે વૃક્ષો શું છે ? બે ભેદે છે – એકબીજક, બહુબીજક.

તે એકબીજક શું છે ? અનેકવિધ છે – નીમ, આમ, જાંબુ યાવત્ પુન્નાગ, નાગવૃક્ષ, શ્રીપર્ણી, અશોક તથા બીજા પણ આવા પ્રકારના વૃક્ષ. એના મૂળ અસંખ્યાત જીવવાળા છે. એ રીતે કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રશાખા, પગ એક એક જીવવાળા છે. પુષ્પો અનેક જીવવાળા, ફળ એકબીજક છે.

તે બહુબીજક શું છે ? અનેક ભેદે છે – અસ્તિક, તેંદુક, ઉંબર, કપિઠ્ઠ, આંબળા, પનસ, દાડમ, ન્યગ્રોધ, કાદુંબર, તિલક, લકુચ, લોધ્ર, ધવ અને બીજા પણ આવા વૃક્ષો. તેના મૂળ અસંખ્યાત જીવવાળા છે, યાવત્ ફળ બહુબીજ વાળા છે. આ બહુબીજક કહ્યા. તે આ વૃક્ષોનું વર્ણન કર્યું. એ પ્રમાણે પ્રજ્ઞાપના સૂત્ર અનુસાર કહેવું યાવત્ આવા પ્રકારના

અન્ય વૃક્ષો કુહણ સુધી કહેવા.

**૨૫.** વૃક્ષોના સંસ્થાન વિવિધ પ્રકારે છે. તાડ, સરલ અને નાળિયેરના વૃક્ષોના પાન અને સ્કંધ એક એક જીવવાળા છે.

**૨૬.** જેમ સ્નિગ્ધ દ્રવ્યોથી મિશ્રિત કરેલ અખંડ સરસવના બનાવેલ લાડુ એકરૂપ હોય, પણ દાણા અલગ–અલગ હોય છે, એ રીતે પ્રત્યેકશરીરીના શરીર ભિન્ન ભિન્ન હોવા છતાં સંઘાતરૂપ–એકરૂપે જણાય છે.

**૨૭.** જેમ તલપાપડીમાં સર્વ તલ અલગ–અલગ દેખાવા છતાં ઘણા તલો ભેગા થાય ત્યારે તલપાપડી બને છે, તે રીતે પ્રત્યેક શરીરી જીવોના શરીર સંઘાત અર્થાત સમુદાયરૂપ છે.

**૨૮.** તે આ પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકનું કથન પૂરું થયું.

### સૂત્ર–૨૯

ભગવન્ ! તે સાધારણ શરીર બાદર વનસ્પતિકાયિક શું છે ? ગૌતમ ! તે અનેક ભેદે છે – આલુ, મૂળા, આદુ, હિરિલિ, સિરિલિ, સિસ્સિરિલિ, કિટ્ટિયા, છિરિયા, ખલ્લૂડ, છિરિયવિરાલિકા, કૃષ્ણકંદ, વજ્રકંદ, સૂરણકંદ, કૃમિરાશિ, ભદ્ર, મોત્થાપિંડ, હળદર, લોહારી, નિહુ, થિભૂ, અશ્વકર્ણી, સિંહકર્ણી, સીકુંડી, મુસૂંઢી, બીજી પણ આ પ્રકારની હોય તે. તે સાધારણ શરીર વનસ્પતિકાયિક સંક્ષેપથી બે ભેદે છે – પર્યાપ્તક, અપર્યાપ્તક.

ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો કહ્યા છે ? ગૌતમ ! ત્રણ – ઔદારિક, તૈજસ, કાર્મણ. બધું બાદર પૃથ્વીકાયિક મુજબ જાણવુ. વિશેષ એ કે – શરીર અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી સાતિરેક હજાર યોજન. શરીર અનિયત સંસ્થિત, સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૧૦,૦૦૦ વર્ષ યાવત્ બે ગતિ, ત્રણ આગતિ, પ્રત્યેક વનસ્પતિકાય જીવો અસંખ્યાત છે. સાધારણ વાનાસ્પતીકાયિક જીવો અનંત છે.

આ રીતે બાદર વનસ્પતિકાયિક અને સ્થાવર જીવોનું વર્ણન પૂરું થયું.

### સૂત્ર–૩૦

ભગવન્ ! તે ત્રસ જીવો શું છે? ત્રસ જીવો ત્રણ ભેદે છે. તે આ – તેઉકાયિક, વાયુકાયિક અને ઉદાર ત્રસપ્રાણ.

### સૂત્ર–૩૧ થી ૩૩

**૩૧.** ભગવન્ ! તે તેઉકાયિક શું છે ? ગૌતમ ! તેઉકાયિક બે ભેદે કહેલ છે. તે આ – સૂક્ષ્મ તેઉકાયિક અને બાદર તેઉકાયિક.

**૩૨.** ભગવન્ ! તે સૂક્ષ્મ તેઉકાયિક શું છે ? સૂક્ષ્મ પૃથ્વીકાયિક માફક જાણવુ. વિશેષ એ – શરીર શૂચિકલાપ સંસ્થિત છે. એકગતિક, બે આગતિક, પ્રત્યેક શરીરી અને અસંખ્યાત કહ્યા છે, બાકી બધું પૂર્વવત્.

**૩૩.** ભગવન્ ! તે બાદર તેઉકાયિક શું છે ? અનેકવિધ કહેલ છે. તે આ – અંગાર, જ્વાલા, મુર્મુર યાવત્ સૂર્યકાંતમણિ નિશ્રિત, બીજા પણ તેવા પ્રકારના કહેવા. તે સંક્ષેપથી બે ભેદે છે – પર્યાપ્તા, અપર્યાપ્તા.

ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો કહ્યા છે ? ગૌતમ ! ત્રણ શરીરો કહ્યા છે. તે આ – ઔદારિક, તૈજસ, કાર્મણ. બાકી પૂર્વવત્. શરીર શૂચિકલાપ સંસ્થિત, ત્રણ લેશ્યા, સ્થિતિ–જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ત્રણ અહોરાત્ર. તિર્યંચ અને મનુષ્યથી ઉપપાત. બાકી પૂર્વવત્. એક ગતિક, બે આગતિ, પ્રત્યેક શરીરી અને અસંખ્યાતા કહ્યા છે. આ રીતે તેઉકાયિકનું વર્ણન પૂરું થયું.

### સૂત્ર–૩૪

ભગવન્ ! તે વાયુકાયિકો શું છે ? તે બે ભેદે છે – સૂક્ષ્મ વાયુકાયિકો અને બાદર વાયુકાયિકો. સૂક્ષ્મ વાયુકાયિકોને તેઉકાયિકવત્ કહેવા. વિશેષ એ કે શરીર પતાકા સંસ્થિત છે, એક ગતિક, બે આગતિક છે, તે પ્રત્યેક શરીરી અને અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. આ સૂક્ષ્મ વાયુકાયિકનું વર્ણન પૂરું થયું.

ભગવન્ ! તે બાદર વાયુકાયિકો શું છે ? તે અનેક ભેદે છે. તે આ – પૂર્વી વાયુ, પશ્ચિમ વાયુ ઇત્યાદિ. આવા પ્રકારના અન્ય વાયુકાય છે. તે સંક્ષેપથી બે ભેદે છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા.

ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો કહ્યા છે ? ગૌતમ ! ચાર શરીરો છે. તે આ – ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ. શરીર, પતાકા સંસ્થાને છે.

તે જીવોને ચાર સમુદ્‌ઘાતો છે–વેદના, કષાય, મારણાંતિક,વૈક્રિય સમુદ્‌ઘાત. નિર્વ્યાઘાતથી આહાર છ દિશાથી અને વ્યાઘાતને આશ્રીને કદાચ ત્રણ દિશાથી, કદાચ ચાર દિશાથી, કદાચ પાંચ દિશાથી. ઉપપાત દેવ, મનુષ્ય, નૈરયિકોમાં નથી. સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી ૩૦૦૦ વર્ષ, બાકી પૂર્વવત્. તે જીવો એકગતિક, બે આગતિક, પ્રત્યેક શરીરી અને અસંખ્યાતા કહ્યા છે.

હે આયુષ્યમાન્ શ્રમણો ! તે આ બાદર વાયુકાય કહ્યા.

સૂત્ર–૩૫

ભગવન્ ! ઔદારિક ત્રસ પ્રાણી શું છે ? તે ચાર ભેદે કહેલ છે – બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય.

સૂત્ર–૩૬

ભગવન્ ! તે બેઇન્દ્રિયો શું છે ? તે અનેકવિધ છે – પુલાકૃમિક યાવત્ સમુદ્રલિક્ષા, જે આવા બીજા પ્રકારના છે, તે પણ બેઇન્દ્રિય જીવ. સંક્ષેપથી બે ભેદે છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા.

ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો છે ? ગૌતમ ! ત્રણ – ઔદારિક, તૈજસ અને કાર્મણ.

ભગવન્! તે જીવોની શરીર અવગાહના કેટલી મોટી છે ? જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી બાર યોજન. છેવટ્ઠ સંઘયણ અને હુંડ સંસ્થાન સંસ્થિત છે. ચાર કષાયો, ચાર સંજ્ઞા, ત્રણ લેશ્યા, બે ઇન્દ્રિયો, ત્રણ સમુદ્‌ઘાતો–વેદના, કષાય, મારણાંતિક, સંજ્ઞી નથી. અસંજ્ઞી છે. નપુંસક વેદક છે. પાંચ પર્યાપ્તિ, પાંચ અપર્યાપ્તિ, સમ્યક્ દૃષ્ટિ પણ છે, મિથ્યાદૃષ્ટિ પણ છે, પણ સમ્યક્ મિથ્યાદૃષ્ટિ નથી. અવધિદર્શની – ચક્ષુદર્શની કે કેવલ–દર્શની નથી, માત્ર અચક્ષુદર્શની છે.

ભગવન્ ! તે જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! જ્ઞાની પણ છે, અજ્ઞાની પણ છે. જે જ્ઞાની છે, તે નિયમા બે જ્ઞાનવાળા છે – આભિનિબોધિક જ્ઞાની અને શ્રુતજ્ઞાની. જે અજ્ઞાની છે, તે નિયમા બે અજ્ઞાનવાળા છે – મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની. તે મનોયોગી નથી પણ વચનયોગી અને કાયયોગી છે. સાકારોપયુક્ત અને અનાકારોપયુક્ત પણ છે. આહાર નિયમા છ દિશાથી ગ્રહણ કરે છે. ઉપપાત અસંખ્યાત વર્ષાયુ સિવાયના તિર્યંચ અને મનુષ્યમાં હોય તથા દેવ અને નરકથી થાય છે. સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી બાર વર્ષ છે. તે મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત થઈને પણ મરે, અસમવહત થઈને પણ મરે.

ભગવન્ ! તે જીવો મરીને ક્યાં જાય છે ? બેઇન્દ્રિય જીવો મરીને, નૈરયિક, દેવ અને અસંખ્યાત વર્ષાયુ વર્જીને તિર્યંચો અને મનુષ્યોમાં જાય છે. આ જીવો બે ગતિક, બે આગતિક, પ્રત્યેક શરીરી અને અસંખ્યાતા છે.

તે આ બેઇન્દ્રિય જીવોનું વર્ણન થયું.

સૂત્ર–૩૭

ભગવન્ ! તેઇન્દ્રિય જીવો શું છે ? તે જીવો અનેક ભેદે કહ્યા છે – ઔપયિક, રોહિણીક યાવત હસ્તિશૌંડ. બીજા પણ આવા પ્રકારના તેઇન્દ્રિય જીવ છે. તે સંક્ષેપથી બે ભેદે કહ્યા – પર્યાપ્તા અને અપર્યાપ્તા. બાકી બધું બેઇન્દ્રિયવત્ કહેવું. માત્ર શરીર અવગાહના ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉ કહેવી. ઇન્દ્રિયો ત્રણ કહી છે, સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૪૯–અહોરાત્રિ છે. બાકી પૂર્વવત્. બે ગતિ – બે આગતિ, પ્રત્યેક શરીરી અને અસંખ્યાતા કહ્યા છે. આ રીતે તેઇન્દ્રિયનું વર્ણન થયું.

સૂત્ર–૩૮

તે ચઉરિન્દ્રિય શું છે ? તે અનેક ભેદે છે – અંધિકા, પુત્રિકા યાવત્ ગોમયકીડા. આ પ્રકારના અન્ય જીવો પણ છે. તે સંક્ષેપથી બે ભેદે કહ્યા છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા.

ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો કહ્યા છે ? ગૌતમ ! ત્રણ શરીરો છે, બાકી બધું પૂર્વવત્ કહેવું. વિશેષ આ – શરીરાવગાહના ઉત્કૃષ્ટથી ચાર ગાઉ, ઇન્દ્રિયો ચાર, ચક્ષુદર્શની–અચક્ષુદર્શની, સ્થિતિ ઉત્કૃષ્ટથી છ માસ, બાકી તેઇન્દ્રિયવત્ કહેવું, યાવત્ અસંખ્યાતા કહ્યા છે. તે આ ચઉરિન્દ્રિય કહ્યા.

સૂત્ર–૩૯

ભગવન્ ! તે પંચેન્દ્રિયો શું છે ? તે ચાર ભેદે છે, તે આ – નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય, દેવ.

સૂત્ર–૪૦

તે નૈરયિકો શું છે ? તે સાત ભેદે છે – રત્નપ્રભા પૃથ્વી નૈરયિક યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક. તે સંક્ષેપથી બે ભેદે છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા.

ભગવન્! તે જીવોને કેટલા શરીરો છે ? ગૌતમ ! ત્રણ છે – વૈક્રિય, તૈજસ, કાર્મણ.

ભગવન્! તે જીવોની શરીરાવગાહના કેટલી મોટી છે ? ગૌતમ ! શરીરાવગાહના બે ભેદે છે – ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીય છે, તે જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ અને ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ. તેમાં જે ઉત્તર–વૈક્રિય છે, તે જઘન્યથી અંગુલનો સંખ્યાતભાગ, ઉત્કૃષ્ટથી હજાર ધનુષ.

ભગવન્ ! તે જીવોના શરીર કયા સંઘયણે છે ? ગૌતમ! છ સંઘયણમાંથી એક પણ નહીં, તે અસંઘયણી છે. તેમના શરીરમાં હાડકા નથી, નાડી નથી, સ્નાયુ નથી, સંઘયણ નથી. જે પુદ્‌ગલો છે તે અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમણામ છે. તે તેમને સંઘાતપણાએ પરિણમે છે.

ભગવન્! તે જીવોના શરીર કયા આધારે છે ? ગૌતમ ! સંસ્થાન બે ભેદે છે – ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાં ભવધારણીય છે તે હુંડ સંસ્થિત છે, જે ઉત્તરવૈક્રિય છે, તે પણ હુંડ સંસ્થિત છે.

તે જીવોને ચાર કષાયો, ચાર સંજ્ઞાઓ, ત્રણ લેશ્યા, પાંચ ઇન્દ્રિયો, પહેલા ચાર સમુદ્‌ઘાતો, તેઓ સંજ્ઞી પણ છે – અસંજ્ઞી પણ છે, નપુંસકવેદ છે, છ પર્યાપ્તિ – છ અપર્યાપ્તિ, ત્રણ દૃષ્ટિ, ત્રણ દર્શન છે, તે જીવો જ્ઞાની પણ છે – અજ્ઞાની પણ છે. જે જ્ઞાની છે, તે નિયમા ત્રણ જ્ઞાની છે– આભિનિબોધિક જ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની. જે અજ્ઞાની છે તેમાં કેટલાક બે અજ્ઞાની છે, કેટલાક ત્રણ અજ્ઞાની છે. જે બે અજ્ઞાની છે, તે નિયમા મતિ અજ્ઞાની અને શ્રુત અજ્ઞાની છે. જે ત્રણ અજ્ઞાની છે, તે નિયમા મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની અને વિભંગજ્ઞાની છે. તે જીવોને ત્રણ યોગ અનેબે ઉપયોગ હોય છે. આહાર છ દિશાથી, પ્રાયઃ કરીને વર્ણથી કાળા યાવત્ આહારને આહારે છે.

તે જીવોનો ઉપપાત તિર્યંચ અને મનુષ્યોમાંથી છે. તેમની સ્થિતિ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩–સાગરોપમ. તેઓ સમવહત થઈને કે અસમવહત થઈને બંને રીતે મરે છે. ઉદ્‌વર્તના મનુષ્ય અને તિર્યંચમાં છે પણ સંમૂર્ચ્છિમોમાં જતા નથી. આ જીવોને બે ગતિ – બે આગતિ કહી છે , હે આયુષ્યમાન્ શ્રમણ ! તેઓ પ્રત્યેક શરીરી, અસંખ્યાત કહ્યા છે. આ પ્રમાણે નૈરયિક કહ્યા.

સૂત્ર–૪૧

ભગવન્ ! તે પંચેન્દ્રિય તિર્યંચયોનિકો શું છે ? તે બે ભેદે છે – સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને ગર્ભવ્યુત્ક્રાંતિક પંચેન્દ્રિય તિર્યંચયોનિક.

સૂત્ર–૪૨, ૪૩

**૪૨.** તે સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ યોનિક શું છે ? તે ત્રણ ભેદે છે – જલચર, સ્થલચર, ખેચર.

૪૩. તે જલચર શું છે ? તે પાંચ ભેદે છે – મત્સ્ય, કાચબા, મગર, ગાહ, સુંસુમાર.

ભગવન્ ! તે મત્સ્ય શું છે ? જેમ પ્રજ્ઞાપનામાં કહ્યું તેમ અનેક પ્રકારે છે યાવત્ જે આ પ્રકારના અન્ય છે તે. તે સંક્ષેપથી બે ભેદે – પર્યાપ્તા અને અપર્યાપ્તા.

ભગવન્ ! તે જીવોને કેટલા શરીર છે ? ગૌતમ ! ત્રણ – ઔદારિક, તૈજસ, કાર્મણ. શરીરાવગાહના – જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી હજાર યોજન. છેવટનું સંઘયણ, હુંડ સંસ્થાન.

તે જીવોને ચાર કષાયો, ચાર સંજ્ઞા, છ લેશ્યા, પાંચ ઈન્દ્રિયો, સમુદ્ઘાત ત્રણ છે, તેઓ સંજ્ઞી નથી પણ અસંજ્ઞી છે. તેમને નપુંસક વેદ, પાંચ પર્યાપ્તિ અને પાંચ અપર્યાપ્તિ, બે દૃષ્ટિ, બે દર્શન, બે જ્ઞાન, બે અજ્ઞાન, બે યોગ, બે ઉપયોગ. આહાર છ દિશામાંથી હોય છે. તેમનો ઉપપાત–તિર્યંચ અને મનુષ્યમાંથી થાય, દેવ કે નારકથી નહીં. તિર્યંચમાં પણ અસંખ્યાત વર્ષાયુવાળાને વર્જીને. મનુષ્યોમાં પણ તેમની ઉત્પત્તિ અકર્મભૂમિજ અને અંતર્દ્વીપજ, અસંખ્યાત વર્ષાયુવાળાને વર્જીને જાણવી.

તેઓની સ્થિતિ–જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી છે, મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત થઈને અને સમવહત થયા વિના બંને રીતે મરે છે.

ભગવન્ ! સંમૂર્ચ્છિમ જળચર અનંતર ઉદ્વર્તીને(મારીને) ક્યાં જાય ? નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય, દેવો– ચારેમાં પણ જાય. નૈરયિકમાં માત્ર રત્નપ્રભામાં જાય, બાકીનાનો પ્રતિષેધ છે. બધા જ સંખ્યાત વર્ષાયુવાળા સર્વ પ્રકારના તિર્યંચોમાં અને અસંખ્યાત વર્ષાયુવાળા ચતુષ્પદ અને પક્ષીઓમાં પણ તે ઉત્પન્ન થઇ શકે. મનુષ્યોમાં બધી કર્મભૂમિમાં ઉપજે. અકર્મભૂમિમાં ન ઉપજે, અંતર્દ્વીપોમાં પણ ઉપજે, સંખ્યાત વર્ષાયુ કે અસંખ્યાત વર્ષાયુવાળામાં પણ ઉપજે. દેવોમાં વ્યંતરો સુધી ઉપજે.

તે જીવો ચાર ગતિક, બે આગતિક છે. પ્રત્યેક શરીરી અને અસંખ્યાતા કહ્યા છે. આ જલચર સંમૂર્ચ્છિમ જીવોનું વર્ણન પૂરું થયુ.

સૂત્ર–૪૪

ભગવન્ ! તે સ્થલચર સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? તેઓ બે ભેદે છે– ચતુષ્પદ સ્થલચર સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય અને પરિસર્પ સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય.

તે સ્થલચર ચતુષ્પદ સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય શું છે ? તેઓ ચાર ભેદે છે. તે આ – એકખુર, દ્વિખુર, ગંડીપદ, સનખપદ યાવત્ આવા પ્રકારના બીજા પણ. તે સંક્ષેપથી બે ભેદે છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા.

તેઓના શરીર ત્રણ છે, અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાતભાગ અનેઉત્કૃષ્ટથી ગાઉ પૃથક્ત્વ છે. સ્થિતિ–જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી ૮૪,૦૦૦ વર્ષ છે. બાકી બધું જલચર મુજબ જાણવું યાવત્ તે જીવો ચતુર્ગતિક, બે આગતિ. પ્રત્યેક શરીરી અને અસંખ્યાતા કહ્યા છે. સ્થલચર ચતુષ્પદ તિર્યંચ પંચેન્દ્રિયનું વર્ણન થયું.

ભગવન્ ! તે સ્થલચર પરિસર્પ સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય શું છે ? તે બે ભેદે છે – ઉરગ પરિસર્પ સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય અને ભુજગ પરિસર્પ સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય.

તે ઉરગ પરિસર્પ સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય શું છે ? ગૌતમ ! તેઓ ચાર ભેદે છે. સર્પ, અજગર, આસાલિક અને મહોરગ.

ભગવન્ ! તે સર્પ શું છે ? ગૌતમ ! તેબે ભેદે છે – દર્વીકર(ફેણવાળા અને મુકુલિક(ફેણ વગરના).

ભગવન્ ! તે દર્વીકર શું છે ? ગૌતમ ! તે અનેક ભેદે છે – આશીવિષ સર્પ વગેરે યાવત્ તે દર્વીકર સર્પ છે.

ભગવન્ ! તે મુકુલિક શું છે ? ગૌતમ ! તે અનેક પ્રકારે છે – દિવ્ય, ગોનસ વગેરે યાવત્ મુકુલિક.

ભગવન્ ! તે અજગરો શું છે ? ગૌતમ ! એક પ્રકારના કહ્યા છે.

ભગવન્ ! તે આસાલિક શું છે ? ગૌતમ ! પ્રજ્ઞાપન સૂત્રાનુસાર કહેવું. આસાલિકનું વર્ણન પૂરું થયું.

ભગવન્ ! તે મહોરગ શું છે ? ગૌતમ ! પ્રજ્ઞાપના સૂત્ર મુજબ કહેવું. આવા પ્રકારના અન્ય પણ કહેવા. તે સંક્ષેપથી બે ભેદે છે. પર્યાપ્તા અને અપર્યાપ્તા. બાકીનું કથન પૂર્વવત્ જાણવું.

વિશેષ એ કે – શરીરાવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી યોજન પૃથક્ત્વ. સ્થિતિ – જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૫૩,૦૦૦ વર્ષ. બાકી બધું જલચર મુજબ જાણવુ. યાવત્ મહોરાગો ચાર ગતિક, બે આગતિ, પ્રત્યેક શરીરી અને અસંખ્યાતા છે. ઉરગ પરિસર્પનું વર્ણન પૂરું થયું.

ભગવન્ ! તે ભુજગ પરિસર્પ સંમૂર્ચ્છિમ સ્થલચર શું છે ? તે અનેક ભેદે છે – ગોધા, નોળિયા યાવત્ તેવા અન્ય પ્રકારના. તે સંક્ષેપથી બે ભેદે કહ્યા છે, તે આ – પર્યાપ્તા અને અપર્યાપ્તા.

તેઓની શરીરાવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ધનુષ પૃથક્ત્વ. સ્થિતિ–ઉત્કૃષ્ટથી ૪૨,૦૦૦ વર્ષ. બાકી જલચર મુજબ. યાવત્ તેઓ ચારગતિક, બે આગતિ. પ્રત્યેક શરીરી અને અસંખ્યાત કહ્યા છે.

આ ભુજગપરિસર્પ સંમૂર્ચ્છિમ કહ્યા. આ રીતે તે આ સ્થલચર જીવોનું વર્ણન થયું.

ભગવન્ ! તે ખેચર શું છે ? ગૌતમ ! તે ચાર ભેદે કહ્યા છે. તે આ છે – ચર્મપક્ષી, રોમપક્ષી, સમુદ્‌ગપક્ષી, વિતતપક્ષી.

ભગવન્ ! તે ચર્મપક્ષી શું છે ? તે અનેક ભેદે છે – વલ્ગુલી યાવત્ આવા પ્રકારના બીજા પણ.

ભગવન્ ! તે રોમપક્ષી શું છે ? તે અનેક ભેદે છે – ઢંક, કંક, આવા પ્રકારના અન્ય પણ.

ભગવન્ ! તે સમુદ્‌ગ પક્ષી શું છે ? તે એક પ્રકારના છે, જેમ પ્રજ્ઞાપનામાં કહ્યા. એ રીતે વિતત પક્ષી પણ જાણવા ખેચર પક્ષી સંક્ષેપથી બે ભેદે છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા. વિશેષ એ કે તેઓની – શરીરાવગાહના, જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ધનુષ પૃથક્ત્વ છે. સ્થિતિ– ઉત્કૃષ્ટથી ૭૨,૦૦૦ વર્ષ છે. બાકી જળચર મુજબ જાણવું યાવત્ ચાર ગતિ, બે આગતિ, પ્રત્યેક શરીરી અને અસંખ્યાતા કહ્યા છે. તે ખેચર સંમૂર્ચ્છિમ તિર્યંચ કહ્યા.

### સૂત્ર–૪૫

ભગવન્ ! ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? ગૌતમ! તે ત્રણ ભેદે કહ્યા છે – જલચર, સ્થલચર, ખેચર.

### સૂત્ર–૪૬

ભગવન્ ! તે જલચરો શું છે ? ગૌતમ ! તે પાંચ ભેદે છે – મત્સ્ય, કચ્છપ, મગર, ગ્રાહ, સુંસુમાર. પ્રજ્ઞાપના સૂત્ર મુજબ, તે બધા ભેદો કહેવા. યાવત્ આવા પ્રકારના જે ગર્ભજ જલચર છે, તે સંક્ષેપથી બે ભેદે કહ્યા છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા.

ભગવન્ ! તે જીવોના કેટલા શરીરો છે ? ગૌતમ ! ચાર શરીરો કહ્યા છે – ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ.

તે જીવોની શરીરની અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી હજાર યોજન છે. સંઘયણ છ ભેદે કહ્યા છે – વજ્રઋષભ નારાચ સંઘયણી, ઋષભનારાચ સંઘયણી, નારાચ સંઘયણી, અર્દ્ધનારાચ સંઘયણી, કીલિકા સંઘયણી, સેવાર્ત્ત સંઘયણી છે. તે જીવોના સંસ્થાન છ પ્રકારે કહ્યા છે– સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડલ, સાદિ, કુબ્જ, વામન અને હુંડ.

ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચજીવોને ચાર કષાયો, ચાર સંજ્ઞા, છ લેશ્યા, પાંચ ઇન્દ્રિયો, પહેલાના પાંચ સમુદ્‌ઘાતો, હોય, તેઓ સંજ્ઞી છે, અસંજ્ઞી નહીં. તેમને ત્રણ વેદ, છ પર્યાપ્તિ – છ અપર્યાપ્તિ, ત્રણે દૃષ્ટિ, ત્રણ દર્શન હોય છે, તેઓ જ્ઞાની પણ છે – અજ્ઞાની પણ. જે જ્ઞાની છે તેમાં કોઈક બે જ્ઞાનવાળા છે, કોઈક ત્રણ જ્ઞાનવાળા છે. જે બે જ્ઞાનવાળા છે, તે નિયમા આભિનિબોધિક, શ્રુતજ્ઞાની છે. જે ત્રણ જ્ઞાનવાળા છે, તે નિયમા આભિનિબોધિક જ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની છે. આ પ્રમાણે અજ્ઞાની પણ છે.

તે જીવોમાં ત્રણ યોગ, બે ઉપયોગ હોય. છએ દિશાથી આહાર યોગ્ય પુદ્ગલ ગ્રહણ કરે છે. તેમની ઉત્પત્તિ નૈરયિકમાં યાવત્ અધઃસપ્તમી સુધીના નૈરયિકોથી થાય, તિર્યંચ યોનિકોમાં અસંખ્યાત વર્ષાયુષ્કને વર્જીને બધા તિર્યંચોમાંથી પણ થાય, અકર્મભૂમગ–અંતર્દ્વીપક–અસંખ્યાત વર્ષાયુષ્કને વર્જીને બાકી બધા મનુષ્યોમાંથી આવીને પણ થાય અને દેવોમાં–સહસ્રાર કલ્પ સુધીના દેવોમાંથી આવીને પણ થાય.

તેમની સ્થિતિ–જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી છે. સમુદ્ઘાત યુક્ત અને સમુદ્ઘાત રહિત બંને રીતે મરે છે. અનંતર ઉદ્વર્તીને(મરીને) નૈરયિકમાં યાવત્ અધઃસપ્તમી સુધી, બધા તિર્યંચયોનિકોમાં, બધા મનુષ્યોમાં, અને દેવોમાં સહસ્રારકલ્પ દેવલોક સુધી છે. તે ચાર ગતિમાં જાય છે. ચાર ગતિમાંથી આવે છે. તેઓ પ્રત્યેક શરીરી, અસંખ્યાતા કહ્યા છે. આ રીતે જલચરો કહ્યા છે.

### સૂત્ર–૪૭, ૪૮

૪૭. ભગવન્ ! તે સ્થલચરો શું છે ? સ્થલચરો બે ભેદે છે – ચતુષ્પદો અને પરિસર્પો.

ભગવન્ ! તે ચતુષ્પદો શું છે ? તે ચાર ભેદે છે – એક ખુરવાળા આદિ ભેદો પ્રજ્ઞાપના સૂત્રાનુસારકહેવા યાવત્ જે આવા પ્રકારના બીજા પણજીવો છે, તે સંક્ષેપથી બે ભેદે કહ્યા છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા.

તે જીવોને ચાર શરીરો હોય, તેમની અવગાહના–જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી છ ગાઉ હોય. સ્થિતિ–ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ હોય. વિશેષ એ કે – મરીને નૈરયિકોમાં ચોથી પૃથ્વી સુધી જાય છે. બાકી બધું જલચર સમાન છે યાવત્ ચાર ગતિ, ચાર આગતિ. પ્રત્યેક શરીરી અને, અસંખ્યાતા કહ્યા છે. આ ચતુષ્પદ વર્ણન

ભગવન્ ! તે પરિસર્પો શું છે ? ગૌતમ ! પરિસર્પો બે ભેદે કહ્યા છે – ઉર પરિસર્પ અને ભુજગ પરિસર્પ.

ભગવન્ ! તે ઉરપરિસર્પ શું છે ? પૂર્વવત્ આસાલિક સિવાયના ભેદો કહેવા. વિશેષ એ કે તેના શરીર–ત્રણ, અવગાહના–જઘન્યથી અંગુલનો અસંખ્યાત–ભાગ, ઉત્કૃષ્ટથી હજાર યોજન, સ્થિતિ–જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી પૂર્વકોડી. મરીને નૈરયિકોમાં યાવત્ પાંચમી પૃથ્વી સુધી જાય છે. બધા તિર્યંચ–મનુષ્યોમાં, દેવોમાં સહસ્રાર કલ્પ સુધી જાય છે. બાકી બધું જલચર મુજબ જાણવું યાવત્ ચાર ગતિ, ચાર આગતિ છે. પ્રત્યેક શરીરી અને અસંખ્યાતા છે. તે આ ઉરપરિસર્પોનું વર્ણન છે.

ભગવન્ ! તે ભુજગ પરિસર્પ શું છે ? ગૌતમ ! ભેદો પૂર્વવત્ જાણવા. તેમઓને શરીર–ચાર. અવગાહના–જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ. ઉત્કૃષ્ટથી ગાઉ પૃથક્ત્વ. સ્થિતિ–જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી. બાકીના સ્થાનોમાં ઉરઃપરિસર્પવત્ કહેવું. વિશેષ એ કે –તે બીજી પૃથ્વી સુધી જાય. આ ભુજગ પરિસર્પ કહ્યા.

તે આ સ્થલચરનું કથન કર્યું.

૪૮. ભગવન્ ! તે ખેચર શું છે ? ખેચર ચાર ભેદે છે – ચર્મપક્ષી આદિ ભેદો પૂર્વવત્ છે. તેની અવગાહના – જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ધનુષ પૃથક્ત્વ. તેની સ્થિતિ–જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. બાકી બધું જલચર મુજબ છે. વિશેષ એ કે – યાવત્ ત્રીજી પૃથ્વી સુધી જાય છે. આ ખેચર ગર્ભ વ્યુત્ક્રાંતિક પંચેન્દ્રિય તિર્યંચ યોનિક કહ્યા. એ રીતે આ તિર્યંચયોનિક કહ્યા.

### સૂત્ર–૪૯

ભગવન્ ! તે મનુષ્યો શું છે ? મનુષ્યો બે ભેદે કહ્યા છે. સંમૂર્ચ્છિમ મનુષ્યો અને ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યો.

ભગવન્ ! સંમૂર્ચ્છિમ મનુષ્યો ક્યાં સંમૂર્છે છે ? ગૌતમ ! મનુષ્ય ક્ષેત્રની અંદર ઉત્પન્ન થાય છે યાવત્ અંતર્મુહુર્તનું આયુષ્ય પૂર્ણ કરીને મૃત્યુ પામે છે.

ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો કહ્યા છે ? ગૌતમ ! ત્રણ શરીરો છે, તે આ – ઔદારિક, તૈજસ, કાર્મણ.

તે આ સંમૂર્ચ્છિમ મનુષ્યો છે.

ભગવન્ ! તે ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યો શું છે ? ગર્ભજ મનુષ્યો ત્રણ ભેદે કહ્યા છે – કર્મભૂમક, અકર્મભૂમક અને અંતર્દ્વીપજ. એ પ્રમાણે મનુષ્યના ભેદો, જેમ પ્રજ્ઞાપનામાં કહ્યાછે, તેમ છદ્મસ્થ અને કેવલી સુધી નિરવશેષ કહેવા. તે સંક્ષેપથી બે ભેદે કહ્યા છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા.

ભગવન્ ! તે જીવોના કેટલા શરીરો છે ? ગૌતમ ! પાંચ શરીરો છે. ઔદારિક યાવત્ કાર્મણ. શરીરાવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ અને ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉ. તેમને છ સંઘયણ અને છ સંસ્થાન છે.

ભગવન્ ! તે જીવો શું ક્રોધકષાયી યાવત્ લોભકષાયી છે કે અકષાયી ? ગૌતમ ! બધા જ હોય છે.

ભગવન્ ! તે જીવો શું આહારસંજ્ઞોપયુક્ત યાવત્ લોભસંજ્ઞોપયુક્ત છે કે નોસંજ્ઞોપયુક્ત છે ? ગૌતમ! પાંચે છે.

ભગવન્ ! તે જીવો શું કૃષ્ણલેશ્યી છે કે યાવત્ અલેશ્યી છે ? ગૌતમ ! તે સાતે છે. શ્રોત્રેન્દ્રિયોપયુક્ત યાવત્ નોઇન્દ્રિયોપયુક્ત છે. બધા સમુદ્‌ઘાતો – વેદના યાવત્ કેવલી સમુદ્‌ઘાત છે.

સંજ્ઞી પણ છે, નોસંજ્ઞી પણ છે, અસંજ્ઞી પણ છે. સ્ત્રીવેદવાળા યાવત્ અવેદી પણ છે. પાંચે પર્યાપ્તિ, ત્રણે દષ્ટિ, ચાર દર્શનો છે, જ્ઞાની પણ છે – અજ્ઞાની પણ છે. જે જ્ઞાની છે, તેમાં કોઈક બે જ્ઞાની, કોઈક ત્રણ જ્ઞાની, કોઈક ચાર જ્ઞાની, કોઈક એક જ્ઞાની છે તેમાં જે બે જ્ઞાનવાળા છે, તે નિયમા આભિનિબોધિક જ્ઞાની અને શ્રુતજ્ઞાની છે. જે ત્રણ જ્ઞાનવાળા છે તે આભિનિબોધિક જ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની છે અથવા આભિનિબોધિક જ્ઞાની, શ્રુતજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની છે. જે ચાર જ્ઞાની છે તે – આભિનિબોધિક, શ્રુત, અવધિ, મનઃપર્યવજ્ઞાની છે જે એક જ્ઞાની છે તે નિયમા કેવળજ્ઞાની છે. એ પ્રમાણે અજ્ઞાની પણ જાણવા. બે અજ્ઞાની કે ત્રણ અજ્ઞાની છે.

તેઓ મનોયોગી, વચનયોગી, કાયયોગી અને, અયોગી પણ છે. તેમને ઉપયોગ બે ભેદે છે. આહાર છ દિશાથી ગ્રહણ કરે છે. ઉપપાત – અધઃસપ્તમીને વર્જીન બાકીના નૈરયિકોમાંથી આવે. અસંખ્યાત વર્ષાયુષ્કને વર્જીને બાકીના તિર્યંચોમાંથી, અકર્મભૂમિજ–અંતર્દ્વીપજ–અસંખ્યાત વર્ષાયુ સિવાયના મનુષ્યોમાંથી આવે, બધા દેવોમાંથી આવીને ઉપજે. સ્થિતિ–જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ, બંને રીતે મરે છે. ઉદ્વર્તીને નૈરયિકાદિમાં યાવત્ અનુત્તરોપપાતિકોમાં ઉપજે, કોઈક સિદ્ધ થાય યાવત્ દુઃખોનો અંત કરે છે.

ભગવન્ ! તે જીવોની કેટલી ગતિ, કેટલી આગતિ છે ? ગૌતમ ! તેમને પાંચ ગતિ અને ચાર આગતિ છે, તેઓ પ્રત્યેક શરીરી અને સંખ્યાતા કહ્યા છે.

સૂત્ર–૫૦

ભગવન્ ! તે દેવો શું છે ? દેવો ચાર ભેદે કહ્યા છે, તે આ રીતે – ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક.

ભગવન્ ! તે ભવનવાસી શું છે ? તે ભવનવાસી દશ ભેદે કહ્યા છે. તે આ પ્રમાણે – અસુરકુમારો યાવત્ સ્તનિતકુમાર. તે ભવનવાસી કહ્યા.

ભગવન્ ! તે વ્યંતરો શું છે ? અહી સર્વે દેવોના ભેદો કહેવા. યાવત્ તે સંક્ષેપથી બે ભેદે કહ્યા છે. તે આ – પર્યાપ્તા અને અપર્યાપ્તા.

તેમને ત્રણ શરીરો છે– વૈક્રિય, તૈજસ, કાર્મણ. તેની અવગાહના બે ભેદે છે – ભવધારણીય અને ઉત્તર વૈક્રિયક. તેમાં જે તે ભવધારણીય છે તે જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ અને ઉત્કૃષ્ટથી સાત હાથ છે. ઉત્તર વૈક્રિયિક શરીરની અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી એક લાખ યોજન છે. શરીરો–છ સંઘયણમાના કોઈપણ સંઘયણ રહિત એવા અસંઘયણી છે, કેમ કે તેમના હાડકા, શિરા, સ્નાયુ ન હોવાથી સંઘયણ પણ નથી. જે ઈષ્ટ, કાંત યાવત્ પુદ્‌ગલો છે, તે પુદ્‌ગલો જ સંઘાતપણે પરિણમે છે.

ભગવન્ ! દેવો કયા સંસ્થાને સંસ્થિત છે ? ગૌતમ ! બે ભેદે છે – તે આ પ્રમાણે – ભવધારણીય અને ઉત્તરવૈક્રિયિક. તેમાં જે ભવધારણીય છે, તે સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત છે, તેમાં જે ઉત્તર વૈક્રિય છે, તે વિવિધ

સંસ્થાને સંસ્થિત કહેલ છે.

તે દેવોને ચાર કષાયો, ચાર સંજ્ઞા, છ લેશ્યા, પાંચ ઇન્દ્રિયો, પાંચ સમુદ્દ્ઘાતો છે, તેઓ સંજ્ઞી પણ છે, અસંજ્ઞી પણ છે, તેઓ સ્ત્રીવેદી પણ પુરુષવેદી પણ છે, નપુંસકવેદી નથી. તેમને પાંચ પર્યાપ્તિ અને પાંચ અપર્યાપ્તિઓ છે, તેમને ત્રણ દૃષ્ટિ, ત્રણ દર્શન છે, તેઓ જ્ઞાની પણ છે, અજ્ઞાની પણ છે. જે જ્ઞાની છે, તે નિયમા ત્રણ જ્ઞાની છે. અજ્ઞાની ભજનાએ છે.

તેમને બે ઉપયોગ અને ત્રણ યોગ છે, આહાર નિયમા છ દિશાથી ગ્રહણ કરે છે. અવસન્ન કારણને આશ્રીને વર્ણથી પીળો અને શ્વેત યાવત્ આહાર આહારે છે. ઉપપાત–તિર્યંચ, મનુષ્યોમાં છે. સ્થિતિ–જઘન્યથી દશ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩–સાગરોપમ.

બંને રીતે મરે છે. ઉદ્વર્તીને નૈરયિકમાં જતા નથી. યથા સંભવ તિર્યંચ અને મનુષ્યોમાં જાય છે, દેવોમાં જતા નથી. બે ગતિક, બે આગતિક છે. પ્રત્યેક શરીરી અને અસંખ્યાતા કહ્યા છે.

તે દેવો કહ્યા, તે પંચેન્દ્રિય કહ્યા. ઉદાર–ત્રસ–પ્રાણ કહ્યા.

સૂત્ર–૫૧

ભગવન્ ! સ્થવિરની કેટલો કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ સ્થિતિ કહી છે.

ભગવન્ ! ત્રસની કેટલો કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૩૩–સાગરોપમ સ્થિતિ કહી છે.

ભગવન્ ! સ્થાવર, સ્થાવરત્વમાં કાળથી ક્યાં સુધી રહે ? જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અનંતકાળ સુધી રહે છે. કાળથી અનંતી ઉત્સર્પિણી–અવસર્પિણી કાળ સુધી, ક્ષેત્રથી અનંતલોક પ્રમાણ અને અસંખ્યાત પુદ્ગલ પરાવર્ત સુધી રહી શકે છે. આવલિકાના અસંખ્યાતમા ભાગમાં જેટલા સમય છે તેટલા પુદ્ગલ પરાવર્ત સુધી સ્થાવર જીવો સ્થાવરપણે રહી શકે છે.

ભગવન્ ! ત્રસ, ત્રસત્વથી કાળથી કેટલો કાળ હોય? જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ. તે અસંખ્યાતકાળ, કાળ અપેક્ષાએ અસંખ્ય ઉત્સર્પિણી–અવસર્પિણી કાળ પ્રમાણ હોય. ક્ષેત્રથી અસંખ્યાતલોક પ્રમાણ

ભગવન્ ! સ્થાવરનું કેટલા કાળનું અંતર હોય છે ? ત્રસની કાયસ્થિતિ મુજબ કહેવું. ભગવન્ ! ત્રસને કેટલા કાળનું અંતર હોય છે ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.

ભગવન્ ! આ ત્રસ અને સ્થાવરમાં કોણ, કોનાથી અલ્પ–બહુ, તુલ્ય–વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા ત્રસ છે, સ્થાવરો અનંતગણા છે. **તે આ દ્વિવિધા સંસાર સમાપન્ન જીવો કહ્યા.**

## પ્રતિપત્તિ–૧.નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# પ્રતિપત્તિ–૨ ' ત્રિવિધા'

સૂત્ર–૫૨, ૫૩

**૫૨.** તેમાં જે એવું કહે છે કે સંસાર સમાપન્નક જીવો ત્રણ ભેદે છે, તેઓ એમ કહે છે કે તે – સ્ત્રી, પુરુષ, નપુંસક છે.

**૫૩.** ભગવન્ ! તે સ્ત્રીઓ કેટલા ભેદે છે ? ત્રણ ભેદે – તિર્યંચ સ્ત્રી, માનુષી સ્ત્રી અને દેવસ્ત્રી.

ભગવન્ ! તે તિર્યંચયોનિક સ્ત્રી કેટલા ભેદે છે ? ત્રણ ભેદે – જલચરી, સ્થલચરી, ખેચરી.

ભગવન્ ! તે જલચરી કેટલી છે ? પાંચ ભેદે છે – માછલી યાવત્ સુંસુમારી.

ભગવન્ ! તે સ્થલચરી કેટલી છે ? બે ભેદે – ચતુષ્પદી અને પરીસર્પી.

ભગવન્ ! તે ચતુષ્પદી કેટલી છે ? ચાર ભેદે – એકખુરી યાવત્ સનખપદી.

ભગવન્ ! તે પરીસર્પી કેટલી છે ? બે ભેદે – ઉરઃપરિસર્પી અને ભુજગપરિસર્પી.

ભગવન્ ! તે ઉરઃપરિસર્પી કેટલી છે ? ત્રણ ભેદે – સાપણ, અજગરી, મહોરગી.

ભગવન્ ! તે ભુજગપરિસર્પી સ્ત્રી કેટલા ભેદે છે ? ગૌતમ ! તે અનેક ભેદે છે –ગોધી, નકુલી, સેધા, સલ્લી, સરડી, સસલી, સેરંધી, સારા, ખારા, પાંચલૌકિકા, ચતુષ્પદિકા, મૂષિકા, મુગુસિકા, ઘરોલિકા, ગોલ્હિકા, યોધિકા, છીરબિરાલિકા. આ રીતે ભુજગપરિસર્પી સ્ત્રીઓ કહી છે.

ભગવન્ ! તે ખેચરી કેટલી છે ? ગૌતમ ! ખેચરી ચાર ભેદે કહી છે – ચર્મપક્ષિણી યાવત્ વિતત પક્ષિણી. તે આ ખેચરી સ્ત્રીઓ કહી. તે આ તિર્યંચયોનિકી સ્ત્રીઓ કહી.

ભગવન્ ! તે માનુષી સ્ત્રી કેટલી છે ? ગૌતમ ! માનુષી સ્ત્રી ત્રણ ભેદે કહી છે. કર્મભૂમિજા, અકર્મભૂમિજાઅને અંતર્દ્વીપિકા.

ભગવન્ ! તે અંતર્દ્વીપિકા સ્ત્રી કેટલી છે ? અંતર્દ્વીપિકા સ્ત્રી અટ્ઠાવીસ ભેદે છે – એકોરૂપદ્વીપજા, આભાષિકા યાવત્ શુદ્ધદંતદ્વીપજા. તે આ અંતર્દ્વીપજા સ્ત્રીઓ કહી.

ભગવન્ ! તે અકર્મભૂમિજા સ્ત્રી કેટલી છે ? ગૌતમ ! અકર્મભૂમિજા સ્ત્રી ત્રીસ ભેદે કહી છે – પાંચ હૈમવત, પાંચ ઐરણ્યવત, પાંચ હરિવંશ, પાંચ રમ્યગ્વાસ, પાંચ દેવકુરુ, પાંચ ઉત્તરકુરુ. એ ત્રીશમાં ઉત્પન્ન થયેલી સ્ત્રીઓ. તે અકર્મભૂમિજા સ્ત્રીઓ કહી.

ભગવન્ ! તે કર્મભૂમિજા કેટલી છે ? ગૌતમ ! કર્મભૂમિજા સ્ત્રીઓ પંદર ભેદે કહી – પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહમાં ઉત્પન્ન. તે કર્મભૂમિજા કહી, તે માનુષી સ્ત્રી કહી.

ભગવન્ ! તે દેવસ્ત્રીઓ શું છે ? ગૌતમ ! દેવસ્ત્રીઓ ચાર ભેદે કહી છે– ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકની દેવી સ્ત્રીઓ.

ભગવન્ ! તે ભવનવાસી દેવ સ્ત્રી કેટલી છે ? ગૌતમ ! ભવનવાસી દેવ સ્ત્રી દશ ભેદે છે – અસુરકુમાર યાવત્ સ્તનિતકુમાર ભવનવાસી દેવી–સ્ત્રીઓ છે.

ભગવન્ ! તે વ્યંતરદેવી સ્ત્રી કેટલી છે ? ગૌતમ ! વ્યંતરદેવી સ્ત્રી આઠ ભેદે કહી છે – પિશાચ વ્યંતર દેવી સ્ત્રીઓ યાવત્ ગંધર્વ વ્યંતર દેવ સ્ત્રી. તે વ્યંતરદેવી સ્ત્રીઓ કહી.

ભગવન્ ! તે જ્યોતિષ્ક દેવી સ્ત્રી કેટલી છે ? ગૌતમ ! જ્યોતિષ્ક દેવી સ્ત્રી પાંચ ભેદે કહી છે– ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા, વિમાન જ્યોતિષ્ક દેવી સ્ત્રીઓ.

ભગવન્ ! તે વૈમાનિક દેવી સ્ત્રીઓ કેટલી છે ? ગૌતમ ! વૈમાનિક દેવી સ્ત્રીઓ બે ભેદે કહી છે– સૌધર્મ અને ઈશાન કલ્પ વૈમાનિક દેવી સ્ત્રીઓ. તે આ વૈમાનિક સ્ત્રીઓનું કથન કર્યું.

સૂત્ર–૫૪

ભગવન્ ! સ્ત્રીઓની કેટલી કાળસ્થિતિ છે ? ગૌતમ ! એક અપેક્ષાએ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પંચાવન પલ્યોપમ. એક અપેક્ષાએ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી નવ પલ્યોપમ. એક અપેક્ષાએ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી સાત પલ્યોપમ. એક અપેક્ષાએ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પચાશ પલ્યોપમ સ્થિતિ છે.

સૂત્ર–૫૫

ભગવન્ ! તિર્યંચયોનિ–સ્ત્રીઓની સ્થિતિ કેટલો કાળ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ છે.

ભગવન્ ! જલચર તિર્યંચયોનિ–સ્ત્રીની સ્થિતિ કેટલો કાળ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી. ભગવન્ ! ચતુષ્પદ સ્થલચર તિર્યંચ–સ્ત્રીની સ્થિતિ કેટલી છે ? ગૌતમ ! તિર્યંચ સ્ત્રી માફક કહેવું.

ભગવન્ ! ઉરગપરિસર્પ સ્થલચર તિર્યંચિણીની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી. એ રીતે ભુજપરિસર્પ સ્ત્રીની પણ કહેવી. એ રીતે ખેચર તિર્યંચિણીની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ.

ભગવન્ ! મનુષ્ય સ્ત્રીની સ્થિતિ કેટલો કાળ છે ? ગૌતમ ! ક્ષેત્ર આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ. ચારિત્રધર્મને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી.

ભગવન્ ! કર્મભૂમિજ મનુષ્યસ્ત્રીની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! ક્ષેત્રને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ, ચારિત્રધર્મને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી.

ભગવન્ ! ભરત–ઐરવત કર્મભૂમગ સ્ત્રીની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! ક્ષેત્રને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ. ધર્મચરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી.

ભગવન્ ! પૂર્વવિદેહ અનેપશ્ચિમવિદેહ કર્મભૂમિજ–સ્ત્રીઓની કેટલી કાળસ્થિતિ છે ? ગૌતમ ! ક્ષેત્રની અપેક્ષાએ જઘન્ય અંતર્મુહુર્ત અને ઉત્કૃષ્ટ કરોડ પૂર્વ વર્ષની સ્થિતિ છે. ચારિત્ર ધર્મની અપેક્ષાએ જઘન્ય અંતર્મુહુર્ત અને ઉત્કૃષ્ટ કંઈક ન્યૂન કરોડ પૂર્વ વર્ષની છે.

ભગવન્ ! અકર્મભૂમિની–સ્ત્રીઓની કેટલી કાળસ્થિતિ છે ? ગૌતમ ! જન્મને આશ્રીને જઘન્ય દેશોન પલ્યોપમ અર્થાત્ પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ, સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી સ્થિતિ છે.

ભગવન્ ! હેમવત્ અને ઐરણ્યવત્ ક્ષેત્રની સ્ત્રી–જન્મને આશ્રીને દેશોન પલ્યોપમ અર્થાત પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન એકપલ્યોપમ. સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન–પૂર્વકોડી.

ભગવન્ ! હરિવર્ષ અને રમ્યકવર્ષ ક્ષેત્રની માનુષી સ્ત્રીની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જન્મને આશ્રીને જઘન્યથી દેશોન બે પલ્યોપમ(પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન બે પલ્યોપમ), ઉત્કૃષ્ટ બે પલ્યોપમ. સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી.

ભગવન્ ! દેવકુરુ–ઉત્તરકુરુ અકર્મભૂમગ મનુષ્ય સ્ત્રીની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જન્મને આશ્રીને જઘન્યથી દેશોન ત્રણ પલ્યોપમ–(પલ્યોપમનો અસંખ્યાતભાગન્યૂન ત્રણ પલ્યોપમ). ઉત્કૃષ્ટ ત્રણ–પલ્યોપમ. સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી.

ભગવન્ ! અંતર્દ્વીપજ અકર્મભૂમગ મનુષ્ય સ્ત્રીની કેટલી કાળસ્થિતિ છે ? ગૌતમ ! જન્મને આશ્રીને જઘન્ય પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન એક પલ્યોપમનો અસંખ્યાત ભાગ. ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાત ભાગ. સંહરણને આશ્રીને અંતર્મુહૂર્ત્ત. ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી.

ભગવન્ ! દેવીની કેટલી કાળ–સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ પંચાવન પલ્યોપમ.

ભગવન્ ! ભવનવાસી દેવીની સ્થિતિ કેટલી છે ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ સાડા ચાર પલ્યોપમ. એ રીતે અસુરકુમારોની દેવીની પણ છે. નાગકુમાર ભવનવાસી દેવીની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ દેશોન પલ્યોપમ છે. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.

ભગવન્ ! વ્યંતરદેવીની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ સ્થિતિ અર્ધ પલ્યોપમ છે.

ભગવન્ ! જ્યોતિષ્ક દેવીની સ્થિતિ કેટલા કાળની છે ? ગૌતમ ! જઘન્યથી પલ્યોપમનો આઠમો ભાગ, ઉત્કૃષ્ટથી ૫૦,૦૦૦ વર્ષ અધિક અર્ધપલ્યોપમ. ચંદ્રવિમાન જ્યોતિષ્કદેવીની સ્થિતિ જઘન્ય ચતુર્ભાગ પલ્યોપમ. ઉત્કૃષ્ટ ૫૦,૦૦૦ વર્ષ અધિક અર્ધપલ્યોપમ છે. સૂર્યાભવિમાન દેવીની સ્થિતિ જઘન્ય ચતુર્ભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ અર્ધ પલ્યોપમ અને ૫૦૦ વર્ષાધિક છે. ગ્રહવિમાનની દેવીની સ્થિતિ જઘન્ય ચતુર્ભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ સાતિરેક ચતુર્ભાગ પલ્યોપમ. તારાવિમાનની દેવીની સ્થિતિ જઘન્ય અષ્ટભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટ સ્થિતિ સાતિરેક અષ્ટભાગ પલ્યોપમ છે.

ભગવન્ ! વૈમાનિક દેવીઓની સ્થિતિ કેટલી છે ? ગૌતમ ! જઘન્ય પલ્યોપમ, ઉત્કૃષ્ટ પંચાવન પલ્યોપમ. ભગવન્! સૌધર્મકલ્પવાસી દેવીની સ્થિતિ કેટલી છે ? જઘન્ય એક પલ્યોપમ, ઉત્કૃષ્ટ સાત પલ્યોપમ. ઈશાનકલ્પ–વાસી દેવીની સ્થિતિ જઘન્યથી સાતિરેક એક પલ્યોપમ, ઉત્કૃષ્ટ નવ પલ્યોપમ છે.

સૂત્ર–૫૬

ભગવન્ ! સ્ત્રી, સ્ત્રીરૂપે કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! એક અપેક્ષાએ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી પૃથક્ત્વ અધિક ૧૧૦ પલ્યોપમ સુધી સ્ત્રી, સ્ત્રીરૂપે રહી શકે છે.

બીજી અપેક્ષાએ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી પૃથક્ત્વ અધિક ૧૮–પલ્યોપમ સુધી રહે.

ત્રીજી અપેક્ષાએ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી પૃથક્ત્વ અધિક ૧૪–પલ્યોપમ સુધી રહે.

ચોથી અપેક્ષાએ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી પૃથક્ત્વ અધિક ૧૦૦ પલ્યોપમ સુધી રહે.

પાંચમી અપેક્ષાએ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અનેક પૂર્વકોડી પૃથક્ત્વ અધિક પલ્યોપમ સુધી સ્ત્રી, સ્ત્રીરૂપે રહી શકે છે .

ભગવન્ ! તિર્યંચ સ્ત્રી, તિર્યંચ સ્ત્રીરૂપે કાળથી કેટલો સમય રહે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથક્ત્વ–અધિક ત્રણ પલ્યોપમ.

ભગવન્ ! જલચરી તિર્યંચ સ્ત્રી જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથક્ત્વ. ચતુષ્પદ સ્થલચર તિર્યંચી ઔઘિક મુજબ જાણવી. ઉરગ પરિસર્પી–ભુજગપરિસર્પી સ્ત્રી જલચરી સ્ત્રીવત્ જાણવી. ખેચરી તિર્યંચી જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથક્ત્વ અધિક પલ્યોપમનો અસંખ્યાત ભાગ છે.

ભગવન્ ! માનુષી સ્ત્રી કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! ક્ષેત્ર આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથક્ત્વાધિક ત્રણ પલ્યોપમ. ચારિત્રધર્મ આશ્રીને જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. એ રીતે કર્મભૂમિજા પણ, ભરત–ઐરવતની પણ સ્ત્રીઓ કહેવી. વિશેષ આ – ક્ષેત્રને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી અધિક ત્રણ પલ્યોપમ. ચારિત્રધર્મ આશ્રીને જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી.

ભગવન્ ! પૂર્વ–પશ્ચિમ વિદેહની સ્ત્રી, ક્ષેત્રને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથક્ત્વ. ચારિત્રધર્મને આશ્રીને જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી.

ભગવન્ ! અકર્મભૂમિજ મનુષ્ય સ્ત્રી, અકર્મભૂમિની મનુષ્ય સ્ત્રીરૂપે કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જન્મને આશ્રીને જઘન્ય દેશોન પલ્યોપમ, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. સંહરણ આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ

ત્રણ પલ્યોપમ અને દેશોન પૂર્વકોડી સુધી મનુષ્ય સ્ત્રીરૂપે રહી શકે.

ભગવન્ ! હિમવત–ઐરણ્યવત અકર્મભૂમગ મનુષ્યસ્ત્રી, હૈમવંત આદિમાં કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ! જન્મને આશ્રીને જઘન્ય દેશોન પલ્યોપમમાં (પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન એક પલ્યોપમ). ઉત્કૃષ્ટ એક પલ્યોપમ. સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમ અને દેશોન પૂર્વકોડી અધિક.

ભગવન્ ! હરિવર્ષ અને રમ્યક્ અકર્મભૂમગ માનુષી સ્ત્રી કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જન્મને આશ્રીને જઘન્ય દેશોન બે પલ્યોપમ, પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન બે પલ્યોપમ અને ઉત્કૃષ્ટ બે પલ્યોપમ. સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ બે પલ્યોપમ, દેશોન પૂર્વકોડી અધિક માનુષી સ્ત્રીરૂપે રહે છે.

ભગવન્ ! ઉત્તરકુરુ–દેવકુરુ અકર્મભૂમગ માનુષી સ્ત્રી કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જન્મને આશ્રીને જઘન્ય દેશોન ત્રણ પલ્યોપમ, પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન ત્રણ પલ્યોપમ અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ છે. સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ–દેશોન પૂર્વકોડી અધિક.

ભગવન્ !અંતર્દ્વીપ અકર્મભૂમક મનુષ્ય સ્ત્રી કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જન્મને આશ્રીને જઘન્ય દેશોન પલ્યોપમનો અસંખ્યાત ભાગ. ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાત ભાગ. સંહરણ આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાત ભાગ, દેશોન પૂર્વકોડી અધિક.

ભગવન્ ! દેવ સ્ત્રી, દેવ સ્ત્રી રૂપે કેટલો કાલ સુધી રહે ? ગૌતમ ! તેની ભવસ્થિતિ એ જ અવસ્થાનકાળ અર્થાત કાયસ્થિતિ છે.

સૂત્ર–૫૭

ભગવન્ ! સ્ત્રીને ફરી સ્ત્રીત્વ પ્રાપ્તિમાં કેટલા કાળનું અંતર હોય છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ અર્થાત વનસ્પતિકાળ. આ જ રીતે બધી તિર્યંચ સ્ત્રીઓના વિષયમાં પણ કહેવું.

ભગવન્ ! મનુષ્યસ્ત્રીનું અંતર ક્ષેત્રને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. ચારિત્ર ધર્મને આશ્રીને જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અનંતકાળ યાવત્ દેશોન અપાર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત. આ પ્રમાણે યાવત્ પૂર્વ–પશ્ચિમ વિદેહિકાનું જાણવુ.

ભગવન્ ! અકર્મભૂમક મનુષ્યસ્ત્રીનું કેટલા કાળનું અંતર હોય છે ? ગૌતમ ! જન્મને આશ્રીને જઘન્ય દશ હજાર વર્ષ–અંતર્મુહૂર્ત્ત અધિક. ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ. સંહરણ આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. એ રીતે અંતર્દ્વીપિકા સ્ત્રી સુધી જાણવું. સર્વ દેવી સ્ત્રીનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.

સૂત્ર–૫૮

ભગવન્! આ તિર્યંચયોનિક, મનુષ્ય, દેવ સ્ત્રીઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી ઓછી મનુષ્યસ્ત્રી છે, તિર્યંચસ્ત્રી અસંખ્યાતગણી છે, તેનાથી દેવી અસંખ્યાતગણી છે.

ભગવન્ ! આ તિર્યંચસ્ત્રીમાં જલચરી, સ્થલચરી, ખેચરીમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? ગૌતમ ! સૌથી થોડી ખેચરી, સ્થલચરી તેનાથી સંખ્યાતગણી, જલચરી તેનાથી સંખ્યાતગણી છે.

ભગવન્ ! આ માનુષીસ્ત્રીમાં કર્મભૂમિજા, અકર્મભૂમિજા, અંતર્દ્વીપજામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે છે ? ગૌતમ ! સૌથી થોડી અંતર્દ્વીપજા અકર્મભૂમિજા મનુષ્ય સ્ત્રીઓ છે, દેવકુરુ–ઉત્તરકુરુ અકર્મ–ભૂમગા સ્ત્રી બંને તુલ્ય અને સંખ્યાતગણી છે, તેથી હરિવર્ષ–રમ્યકવાસ અકર્મભૂમગા બંને તુલ્ય અને સંખ્યાતગણી છે, તેથી હેમવત–ઐરણ્યવર્ષ અકર્મભૂમગા ની બંને તુલ્ય અને સંખ્યાતગણી છે, તેથી ભરત–ઐરવત કર્મભૂમગા બંને તુલ્ય અને સંખ્યાતગણી છે, પૂર્વ–પશ્ચિમ વિદેહ કર્મભૂમગા મનુષ્યસ્ત્રી બંને તુલ્ય અને તેથી સંખ્યાતગણી છે.

ભગવન્ ! આ દેવીસ્ત્રીમાં ભવનવાસી, વ્યંતરી, જ્યોતિષ્કી, વૈમાનિકી સ્ત્રીઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ,

તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડી વૈમાનિકી દેવી, ભવનવાસી દેવી તેથી અસંખ્યાતગણી, વ્યંતરદેવી તેથી અસંખ્યાતગણી, તેથી જ્યોતિષ્ક દેવી સંખ્યાતગણી છે.

ભગવન્ ! આ તિર્યંચસ્ત્રીમાં જલચરી, સ્થલચરી, ખેચરી, મનુષ્યસ્ત્રીમાં કર્મભૂમિજા, અકર્મભૂમિજા, અંતર્દ્વીપજા, દેવીમાં ભવનવાસિણી,વ્યંતરી, જ્યોતિષ્કી, વૈમાનિકી દેવીમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે છે ?

ગૌતમ ! સૌથી થોડી અંતર્દ્વીપજ અકર્મભૂમગા માનુષી સ્ત્રી છે, દેવકુરુ–ઉત્તરકુરુ અકર્મભૂમગા માનુષી સ્ત્રી બંને તુલ્ય અને સંખ્યાતગણી છે, તેનાથી હરિવર્ષ–રમ્યકવાસ અકર્મભૂમિજા મનુષ્ય સ્ત્રી તુલ્ય અને સંખ્યાતગણી છે, તેનાથી હેમવત –ઐરણ્યવત અકર્મભૂમિજા મનુષ્ય સ્ત્રી તુલ્ય અને સંખ્યાતગણી છે, તેનાથી ભરત–ઐરવત કર્મભૂમગા માનુષી સ્ત્રી બંને તુલ્ય અને સંખ્યાતગણી છે, તેનાથી પૂર્વ–પશ્ચિમ વિદેહ વર્ષ કર્મભૂમિજા માનુષીસ્ત્રી બંને તુલ્ય અને સંખ્યાતગણી છે, તેનાથી વૈમાનિક દેવીસ્ત્રીઓ અસંખ્યાતગણી છે, ભવનવાસી દેવી અસંખ્યાતગણી, ખેચર તિર્યંચસ્ત્રી અસંખ્યાતગણી, સ્થલચર તિર્યંચસ્ત્રી સંખ્યાતગણી, જલચર તિર્યંચસ્ત્રી સંખ્યાતગણી, વ્યંતરદેવી સંખ્યાત ગણી અને તેથી જ્યોતિષ્ક દેવી સંખ્યાતગણી છે.

### સૂત્ર–૫૯

ભગવન્ ! સ્ત્રીવેદ કર્મની કેટલા કાળની બંધસ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન દોઢ સાગરોપમનો સાતમો ભાગ છે. ઉત્કૃષ્ટ–પંદર કોડાકોડી સાગરોપમ સ્ત્રીવેદ બંધની સ્થિતિ છે. ૧૫૦૦ વર્ષનો અબાધાકાળ છે, અબાધાકાળ રૂપ જે કર્મ સ્થિતિ છે, તેમાં કર્મનિષેક રચના થતી નથી.

ભગવન્ ! સ્ત્રીવેદ કયા પ્રકારે હોય છે ? ગૌતમ ! સ્ત્રીવેદનો ઉદય બકરીની લીંડીની અગ્નિ સમાન છે.

### સૂત્ર–૬૦

ભગવન્ ! તે પુરુષોના પ્રકાર કેટલા છે ? ત્રણ ભેદે – તિર્યંચયોનિક પુરુષ, મનુષ્ય પુરુષ, દેવપુરુષ.

ભગવન્ ! તે તિર્યંચપુરુષ કેટલા ભેદે છે ? ત્રણ ભેદે – જલચર, સ્થલચર, ખેચર. સ્ત્રી અધિકારવત્ ભેદો ખેચર સુધી કહેવા. આ રીતે ખેચરો અને ખેચર તિર્યંચ પુરુષોનું વર્ણન કહ્યું.

ભગવન્ ! તે મનુષ્ય પુરુષો કેટલા ભેદે છે ? કર્મભૂમકા, અકર્મભૂમકા અને અંતર્દ્વીપકા, તે મનુષ્યપુરુષો છે.

ભગવન્ ! તે દેવપુરુષો કેટલા ભેદે છે ? ચાર ભેદે છે. સ્ત્રીભેદ વત્ કહેવા સર્વાર્થસિદ્ધ સુધી કહેવા.

### સૂત્ર–૬૧

ભગવન્ ! પુરુષોની કેટલી કાળસ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ.

ભગવન્ ! તિર્યંચયોનિક પુરુષો અને મનુષ્ય સ્ત્રીઓની સ્થિતિવત્ પુરુષોની સ્થિતિ જાણવી. દેવપુરુષોની સ્થિતિ યાવત્ સર્વાર્થસિદ્ધ, પ્રજ્ઞાપના સૂત્ર અનુસાર કહેવી.

### સૂત્ર–૬૨

ભગવન્ ! પુરુષ, પુરુષરૂપે કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી સાતિરેક ૧૦૦ સાગરોપમ પૃથક્ત્વ.

ભગવન્ ! તિર્યંચયોનિક પુરુષ કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી પૃથક્ત્વ અધિક ત્રણ પલ્યોપમ. એ રીતે પૂર્વવત્. આ પ્રમાણે જેવી રીતે સ્ત્રીઓની કાયસ્થિતિ કહી તેમ યાવત્ ખેચર તિર્યંચયોનિક પુરુષની કાયસ્થિતિ કહેવી.

ભગવન્ ! મનુષ્ય પુરુષ કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! ક્ષેત્રને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથક્ત્વાધિક ત્રણ પલ્યોપમ. ચારિત્રધર્મ આશ્રીને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી એ પ્રમાણે સર્વત્ર યાવત્ પૂર્વ–

પશ્ચિમ વિદેહ. અકર્મભૂમક પુરુષો અકર્મભૂમક સ્ત્રી સમાન જાણવા યાવત્ અંતર્દ્વીપકોની જે સ્થિતિ કહી તે જ કાય સ્થિતિ સર્વાર્થસિદ્ધ સુધી કહેવું.

સૂત્ર–૬૩

ભગવન્ ! પુરુષને કેટલા કાળનું અંતર હોય અર્થાત પુરુષ પુરુષપર્યાય છોડીને ફરીથી કેટલા સમય પછી પુરુષ પર્યાયને પ્રાપ્ત કરે? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.

ભગવન્ ! તિર્યંચયોનિક પુરુષોને કેટલા કાળનું અંતર હોય? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિ–કાળ, એ રીતે યાવત્ ખેચર તિર્યંચ પુરુષો સુધીજાણવું.

ભગવન્ ! મનુષ્ય પુરુષોનું કેટલો કાળ અંતર છે ? ગૌતમ ! ક્ષેત્રને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ, ધર્મચરણને આશ્રીને જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અનંતકાળ, અનંત ઉત્સર્પિણી યાવત્ દેશોન અર્ધપુદ્‌ગલ પરાવર્ત્ત.

કર્મભૂમકોના પુરુષોનું અંતર યાવત્ વિદેહક્ષેત્રના પુરુષોનું અંતર યાવત્ ધર્મચરણની અપેક્ષાએ જઘન્ય એક સમયનું અંતર છે, શેષ કથન સ્ત્રીઓ સમાન કરવું યાવત્ અંતર્દ્વીપકોના પુરુષોની સ્થિતિ જાણવી.

દેવપુરુષોનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે, આ જ રીતે ભવનવાસી દેવપુરુષોનું યાવત્ સહસ્રાર કલ્પ સુધીના દેવોના વિષયમાં જઘન્ય અંતર અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અંતર વનસ્પતિકાળ જાણવું.

ભગવન્ ! આનતદેવ–પુરુષોને કેટલા કાળનું અંતર હોય છે ? ગૌતમ ! જઘન્ય વર્ષ પૃથક્ત્વ, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળનું અંતર છે. એ રીતે યાવત્ ગ્રૈવેયક દેવપુરુષ સુધીનું અંતર જાણવું. અનુત્તરોપપાતિક દેવપુરુષોનું અંતર જઘન્ય વર્ષ પૃથક્ત્વ અને ઉત્કૃષ્ટ સાતિરેક સંખ્યાત સાગરોપમ છે.

સૂત્ર–૬૪

સ્ત્રીઓના અલ્પબહુત્વ માફક પુરુષોનું અલ્પબહુત્વ પણ દેવો પર્યંત કહેવું

હે ભગવન્ ! આ દેવપુરુષોમાં ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા વૈમાનિક દેવપુરુષો છે, તેનાથી ભવનપતિ દેવો અસંખ્યાતા છે, તેનાથી વ્યંતર દેવો અસંખ્યાતા છે, તેનાથી જ્યોતિષ્ક દેવપુરુષો સંખ્યાતગણા છે.

ભગવન્ ! આ તિર્યંચયોનિક પુરુષોમાં જલચર–સ્થલચર–ખેચરોના મનુષ્ય પુરુષો, કર્મભૂમક–અકર્મભૂમક–અંતર્દ્વીપક, દેવપુરુષોમાં ભવનવાસી–વ્યંતર–જ્યોતિષ્ક–વૈમાનિકોમાં સૌધર્મ યાવત્ સર્વાર્થસિદ્ધક દેવોમાં કોણ કોનાથી અલ્પ બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ગૌતમ ! સૌથો થોડા અંતર્દ્વીપજ મનુષ્ય પુરુષો છે, દેવકુરુ–ઉત્તરકુરુ અકર્મભૂમક મનુષ્ય પુરુષો બંને તુલ્ય અને સંખ્યાતગણા છે. હરિવર્ષ–રમ્યક્‌વર્ષ અકર્મભૂમક મનુષ્ય પુરુષો બંને તુલ્ય અને સંખ્યાતગણા છે. હેમવત–હેરણ્યવત અકર્મભૂમક મનુષ્ય પુરુષો તુલ્ય અને સંખ્યાતગણા છે, ભરત–ઐરવત કર્મભૂમગા મનુષ્ય પુરુષો બંને તુલ્ય અને સંખ્યાતગણા છે, તેનાથી પૂર્વ–પશ્ચિમ વિદેહ કર્મભૂમગા મનુષ્ય પુરુષો બંને તુલ્ય અને સંખ્યાતગણા છે.

તેનાથી અનુત્તરોપપાતિક દેવપુરુષો અસંખ્યાતગણા છે, તેનાથી ઉપરના ગ્રૈવેયકદેવો સંખ્યાતગણા, મધ્યમ ગ્રૈવેયક દેવો સંખ્યાતગણા, હેઠ્ઠિમ ગ્રૈવેયક દેવો સંખ્યાતગણા છે, તેનાથી અચ્યુતદેવો સંખ્યાતગણા યાવત્ આનત દેવો સંખ્યાતગણા છે, તેનાથી સહસ્રાર દેવો અસંખ્યાતગણા છે, તેનાથી મહાશુક્ર દેવો અસંખ્યાતગણા યાવત્ માહેન્દ્ર દેવો અસંખ્યાતગણા છે, તેનાથી સનત્કુમાર દેવો અસંખ્યાતગણા છે, તેનાથી ઈશાન દેવો અસંખ્યાતગણા છે, તેનાથી સૌધર્મદેવો અસંખ્યાતગણા છે,

તેથી ભવનવાસી દેવો અસંખ્યાતગણા, ખેચરતિર્યંચ પુરુષો તેથી અસંખ્યાતગણા, સ્થલચર તિર્યંચયોનિકો

સંખ્યાતગણા, જલચર તિર્યંચપુરુષો અસંખ્યાત–ગણા, વ્યંતર દેવો સંખ્યાતગણા, જ્યોતિષ્ક દેવો સંખ્યાતગણા છે.

સૂત્ર–૬૫

ભગવન્ ! પુરુષવેદ કર્મની કેટલો કાળ બંધસ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય આઠ વર્ષ, ઉત્કૃષ્ટ દશ સાગરોપમ કોડાકોડી પુરુષવેદનીબંધ સ્થિતિ છે. ૧૦૦૦વર્ષ તેનો અબાધાકાળ છે, અબાધાકાળને છોડીને પછીની કર્મસ્થિતિમાં કર્મનિષેક રચના થાય છે.

ભગવન્ ! પુરુષવેદ કેવા પ્રકારે છે ? ગૌતમ ! વનની અગ્નિજ્વાલા સમાન છે. પુરુષ અધિકાર પૂરો થયો.

સૂત્ર–૬૬

ભગવન્ ! તે નપુંસકો કેટલા છે? ત્રણ ભેદે છે– નૈરયિક નપુંસક, તિર્યંચયોનિક નપુંસક, મનુષ્યયોનિક નપુંસક

ભગવન્ ! તે નૈરયિક નપુંસક શું છે ? તે સાત ભેદે છે – રત્નપ્રભા પૃથ્વી નૈરયિક નપુંસક યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક નપુંસક. તે આ નૈરયિક નપુંસક કહ્યા.

ભગવન્ ! તે તિર્યંચયોનિક નપુંસક શું છે ? તે પાંચ ભેદે છે – એકેન્દ્રિય તિર્યંચ નપુંસક યાવત્ પંચેન્દ્રિય તિર્યંચ નપુંસકો છે.

ભગવન્ ! એકેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસકો કેટલા ભેદે છે ? પાંચ ભેદે છે – પૃથ્વીકાયિક યાવત્ વાયુકાયિક.

ભગવન્ ! બેઇન્દ્રિય તિર્યંચયોનિક નપુંસકો કેટલા ભેદે છે ? તે અનેક ભેદે છે. એ રીતે તેઇન્દ્રિય અને ચતુરિન્દ્રિયો પણ જાણવા.

ભગવન્ ! તે પંચેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસકો કેટલા ભેદે છે ? તે ત્રણ ભેદે છે – જલચર, સ્થલચર, ખેચર.

ભગવન્ ! તે જલચરો કેટલા ભેદે છે ? તે આસાલિક સિવાયના બધા તિર્યંચ ભેદો જાણવા.

તે મનુષ્ય નપુંસકો શું છે ? ત્રણ ભેદે છે – કર્મભૂમક, અકર્મભૂમક, અંતર્દ્વીપક. પૂર્વોક્ત ભેદો યાવત્ કહેવા.

સૂત્ર–૬૭

ભગવન્ ! નપુંસકોની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ.

ભગવન્ ! નૈરયિક નપુંસકની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ! જઘન્ય દશ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ. બધા નારકોની સ્થિતિ અહીં કહેવી.

ભગવન્ ! તિર્યંચયોનિક નપુંસકની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી.

ભગવન્ ! એકેન્દ્રિય તિર્યંચ નપુંસકની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ બાવીશ હજાર વર્ષ છે,

ભગવન્ ! પૃથ્વીકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસકની કેટલી કાળ સ્થિતિ છે ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૨૨,૦૦૦ વર્ષ. બધા એકેન્દ્રિય નપુંસકોની સ્થિતિ કહેવી. બેઇન્દ્રિયથી ચઉરિન્દ્રિયની સ્થિતિ કહેવી.

ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસકોની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વ કોડી. આ પ્રમાણે જલચર તિર્યંચ, ચતુષ્પદ–સ્થલચર, ઉરગ પરિસર્પ, ભુજગ પરિસર્પ, ખેચર તિર્યંચ બધાને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી કહેવા.

ભગવન્ ! મનુષ્ય નપુંસકની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! ક્ષેત્રને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી. ધર્મચરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. કર્મભૂમજ ભરત–ઐરવત–પૂર્વવિદેહ–પશ્ચિમવિદેહ મનુષ્ય નપુંસકની પણ તેમજ છે.

ભગવન્! અકર્મભૂમજ મનુષ્ય નપુંસકની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જન્મને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત. સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી, એ પ્રમાણે અંતર્દ્વીપક મનુષ્ય નપુંસકો સુધી કહેવું.

ભગવન્ ! નપુંસક, નપુંસકપણે કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.

ભગવન્ ! નૈરયિક નપુંસક કાળથી કેટલો કાળ રહે? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩–સાગરોપમ એ પ્રમાણે પ્રત્યેક નરકપૃથ્વીની સ્થિતિ જાણવી.

ભગવન્ ! તિર્યંચયોનિક નપુંસકની સ્થિતિ કેટલો કાળ કહી ?

ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિ–કાળ. આ પ્રમાણે એકેન્દ્રિય નપુંસકની અને વનસ્પતિકાયિક ની પણ એમજ જાણવી. બાકીનાની જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ અર્થાત અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી કાળથી અને ક્ષેત્રથી અસંખ્યાત લોક જાણવી. બે–ત્રણ–ચાર ઇન્દ્રિય નપુંસકોની જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ સ્થિતિ છે.

ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસક, પંચેન્દ્રિય તિર્યંચ નપુંસકરૂપે કેટલો કાલ રહે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથક્ત્વ. આ પ્રમાણે જલચર તિર્યંચ–ચતુષ્પદ, સ્થલચર, ઉરગપરિસર્પ, ભુજગપરિસર્પ, મહોરગોને પણ કહેવા.

ભગવન્ ! મનુષ્ય નપુંસક, મનુષ્ય નપુંસકરૂપે કેટલો કાલ રહે ? ક્ષેત્રને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથક્ત્વ. ધર્માચરણને આશ્રીને જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. આ પ્રમાણે કર્મભૂમક, ભરત–ઐરવત અને પૂર્વ પશ્ચિમ વિદેહમાં પણ કહેવું.

ભગવન્ ! અકર્મભૂમક મનુષ્ય નપુંસક કાળથી કેટલો કાલ રહે ? જન્મને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ મુહૂર્ત્ત પૃથક્ત્વ. સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. એ રીતે અંતર્દ્વીપજ સુધી જાણવું.

ભગવન્ ! નપુંસકને કેટલા કાળનું અંતર હોય ? ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાતિરેક શત સાગરોપમ પૃથક્ત્વ.

ભગવન્ ! નૈરયિક નપુંસકને કેટલા કાળનું અંતર હોય ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. રત્નપ્રભા પૃથ્વી આદિ નૈરયિકોનું પણ એમજ જાણવુ.

તિર્યંચયોનિક નપુંસકનું જઘન્ય અંતર અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમ શત પૃથક્ત્વ. એકેન્દ્રિય તિર્યંચ યોનિક નપુંસકનું જઘન્ય અંતર અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૨૦૦૦ સાગરોપમ, સંખ્યાત વર્ષો અધિક. પૃથ્વી–અપ્–તેઉ–વાયુનું જઘન્ય અંતર અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. વનસ્પતિકાયિકનું જઘન્ય અંતર અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ યાવત્ અસંખ્યાત લોક. બાકીના બેઇન્દ્રિયાદિ યાવત્ ખેચરનું જઘન્ય અંતર અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંતર વનસ્પતિકાળ છે.

ભગવન્ ! મનુષ્ય નપુંસકનું અંતર કેટલા કાળનું હોય છે ? મનુષ્ય નપુંસકનું અંતર, ક્ષેત્રને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. ચારિત્ર ધર્મને આશ્રીને જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અનંતકાળ. યાવત્ દેશોન અર્દ્ધપુદ્‌ગલ પરાવર્ત, એ પ્રમાણે કર્મભૂમજ મનુષ્ય નપુંસકનું, તથા ભરત–ઐરવત, પૂર્વવિદેહ અને પશ્ચિમવિદેહના મનુષ્ય નપુંસકનું અંતર પણ જાણવું.

ભગવન્ ! અકર્મભૂમજ મનુષ્ય નપુંસકનું અંતર કેટલો કાળ હોય ? જન્મને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. સંહરણને આશ્રીને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. આ જ પ્રમાણે અંતર્દ્વીપજ મનુષ્ય નપુંસક સુધી જાણવું.

સૂત્ર–૬૮

ભગવન્ ! આ નૈરયિક–તિર્યંચ–મનુષ્ય નપુંસકોમાં કોણ કોનાથી યાવત્ અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? ગૌતમ ! સૌથી ઓછા મનુષ્ય નપુંસકો, નૈરયિક નપુંસક અસંખ્યાતગણા, તિર્યંચ નપુંસક અનંતગણા છે.

ભગવન્! આ રત્નપ્રભાપૃથ્વી નારક નપુંસક યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નારક નપુંસકમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ગૌતમ ! સૌથી ઓછા અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક નપુંસક છે. છઠ્ઠી પૃથ્વીના નૈરયિક નપુંસક અસંખ્યાતગણા, યાવત્ બીજી પૃથ્વીના નૈરયિક નપુંસક અસંખ્યાતગણા છે. તેનાથી રત્નપ્રભા પૃથ્વીના નૈરયિક નપુંસક અસંખ્યાતગણા છે.

ભગવન્ ! આ તિર્યંચ નપુંસકોમાં એકેન્દ્રિય તિર્યંચ નપુંસકોમાં પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક, એકેન્દ્રિય તિર્યંચ નપુંસકોમાં, બે–ત્રણ–ચાર–પાંચ ઇન્દ્રિય તિર્યંચ નપુંસક, જલચર–સ્થલચર–ખેચર તિર્યંચ નપુંસકોમાં આ બધામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ગૌતમ ! સૌથી થોડા ખેચર તિર્યંચ નપુંસકો છે, સ્થલચર તિર્યંચ નપુંસક સંખ્યાતગણા, જલચર તિર્યંચ નપુંસક સંખ્યાતગણા, ચઉરિન્દ્રિય તિર્યંચ નપુંસક વિશેષ અધિક, તેઇન્દ્રિય તિર્યંચ નપુંસક વિશેષાધિક, બેઇન્દ્રિય તિર્યંચ નપુંસક વિશેષાધિક, તેઉકાયિક એકેન્દ્રિય તિર્યંચ અસંખ્યાતગણા, પૃથ્વીકાયિક તિર્યંચ નપુંસક વિશેષાધિક, એ પ્રમાણે અપ્–વાયુ–વનસ્પતિ તિર્યંચ નપુંસક અનંતગણા છે.

ભગવન્ ! આ મનુષ્ય નપુંસકોમાં કર્મભૂમિક–અકર્મભૂમિક–અંતર્દ્વીપકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ગૌતમ ! સૌથી ઓછા અંતર્દ્વીપજ અકર્મભૂમક નપુંસકો છે. દેવકુરુ–ઉત્તરકુરુજ મનુષ્ય નપુંસક બંને તુલ્ય અને સંખ્યાતગણા છે, એ પ્રમાણે યાવત્ પૂર્વ–પશ્ચિમ વિદેહકર્મભૂમિજા મનુષ્ય નપુંસકો બંને તુલ્ય અને સંખ્યાતગણા છે.

ભગવન્ ! આ નૈરયિક નપુંસકોમાં રત્નપ્રભા પૃથ્વી નૈરયિક નપુંસકો યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક નપુંસકો, તિર્યંચયોનિક નપુંસકોમાં–એકેન્દ્રિય તિર્યંચયોનિકોમાં પૃથ્વીકાયિક૦ યાવત્ વનસ્પતિકાયિક એકેન્દ્રિય તિર્યંચ યોનિક નપુંસકો, બે–ત્રણ–ચાર ઇન્દ્રિયયો૦ પંચેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસકોમાં જલચર–સ્થલચર–ખેચર૦, મનુષ્ય નપુંસકોમાં કર્મભૂમિજા–અકર્મભૂમિજા–અંતર્દ્વીપકા૦ નપુંસકોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે?

ગૌતમ ! સૌથી થોડા અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક નપુંસકો છે, છઠ્ઠી પૃથ્વી૦ અસંખ્યાતગુણા યાવત્ બીજી પૃથ્વી૦ અસંખ્યાતગુણા અંતર્દ્વીપક મનુષ્ય નપુંસક અસંખ્યાતગણા. દેવકુરુ–ઉત્તરકુરુ નૈરયિક નપુંસકો બંને તુલ્ય અને સંખ્યાતગણા છે યાવત્ પૂર્વવિદેહ–પશ્ચિમવિદેહ૦ મનુષ્ય નપુંસકો બંને તુલ્ય અને સંખ્યાતગણા છે, રત્નપ્રભા૦ નૈરયિક અસંખ્યાતગણા, ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસકો અસંખ્યાતગણા, સ્થલચર૦ સંખ્યાતગણા, જલચર૦ સંખ્યાતગણા, ચઉરિન્દ્રિય૦ વિશેષાધિકા, તેઇન્દ્રિય૦ વિશેષાધિકા, બેઇન્દ્રિય૦ વિશેષાધિકા, તેઉકાયિક૦ અસંખ્યાતા, પૃથ્વીકાયિક૦ વિશેષાધિક, અપ્કાયિક૦ વિશેષાધિક, વાયુકાયિક૦ વિશેષાધિક, વનસ્પતિકાયિક એકેન્દ્રિય તિર્યંચ યોનિક નપુંસકો અનંતગુણા છે.

સૂત્ર–૬૯

ભગવન્ ! નપુંસકવેદ કર્મની કેટલા કાળની બંધસ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી બે સપ્તમાંશ સાગરોપમમાં પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન. ઉત્કૃષ્ટ વીશ સાગરોપમ કોડાકોડી. ૨૦૦૦ વર્ષ અબાધાકાળ. આ અબાધાકાળ હીન કર્મસ્થિતિ તે કર્મનિષેક છે.

ભગવન્ ! નપુંસકવેદ કેવા પ્રકારે છે ? ગૌતમ ! નપુંસકવેદ મહાનગરના દાહ સમાન કહ્યો છે.

સૂત્ર–૭૦

ભગવન્ ! આ સ્ત્રી, પુરુષ, નપુંસકમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી

ઓછા પુરુષો છે, તેનાથી સ્ત્રીઓ સંખ્યાતગણી છે, તેનાથી નપુંસકો અનંતગણા છે.

ભગવન્ ! આ તિર્યંચોના સ્ત્રી–પુરુષ–નપુંસકોમાં કોણ કોનાથી અલ્પ બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? ગૌતમ! સૌથી ઓછા તિર્યંચ પુરુષો છે, તિર્યંચ સ્ત્રીઓ અસંખ્યાતગણી, તેથી અનંતગણા તિર્યંચ નપુંસકો છે.

ભગવન્ ! આ મનુષ્યોના સ્ત્રી–પુરુષ–નપુંસકોમાં કોણ કોનાથી અલ્પ બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! મનુષ્ય પુરુષો સૌથી થોડા, તેનાથી મનુષ્ય સ્ત્રીઓ સંખ્યાતગણી, તેનાથી મનુષ્ય નપુંસકો અસંખ્યાતગણા.

ભગવન્ ! આ દેવોના સ્ત્રી–પુરુષ, નૈરયિક નપુંસકોમાં કોણ કોનાથી અલ્પ આદિ છે ? ગૌતમ! સૌથી ઓછા નૈરયિક નપુંસકો છે, દેવ પુરુષો તેનાથી અસંખ્યાતગણા, દેવસ્ત્રીઓ તેનાથી સંખ્યાતગણી છે.

ભગવન્ ! આ તિર્યંચોની સ્ત્રી–પુરુષ–નપુંસકો, મનુષ્યોના સ્ત્રી–પુરુષ–નપુંસકો, દેવસ્ત્રી–પુરુષ, નૈરયિક નપુંસકોમાં કોણ કોનાથી અલ્પ બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ગૌતમ ! સૌથી ઓછા મનુષ્યપુરુષો, મનુષ્યસ્ત્રી સંખ્યાતગણી, મનુષ્યનપુંસકો અસંખ્યાતગણા, નૈરયિક નપુંસકો અસંખ્યાતગણા, તિર્યંચ પુરુષો અસંખ્યાતગણા, તિર્યંચ સ્ત્રી સંખ્યાતગણી, દેવો અસંખ્યાતગણા, દેવીઓ સંખ્યાતગણી, તિર્યંચનપુંસકો અનંતગણા છે.

ભગવન્ ! આ તિર્યંચ સ્ત્રીઓમાં જલચરી, સ્થલચરી, ખેચરી, તિર્યંચપુરુષોમાં જલચર, સ્થલચર, ખેચર, તિર્યંચ નપુંસકોમાં – એકેન્દ્રિય તિર્યંચ નપુંસકોમાં – પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક નપુંસકો, બે–ત્રણ–ચાર ઇન્દ્રિય નપુંસકો, પંચેન્દ્રિય તિર્યંચનપુંસકોમાં–જલચર, સ્થલચર, ખેચરોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષાધિક છે

ગૌતમ ! સૌથી થોડા ખેચર તિર્યંચ પુરુષો, ખેચર તિર્યંચ સ્ત્રી સંખ્યાતગણી, સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ પુરુષો સંખ્યાતગણા, સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ સ્ત્રી સંખ્યાતગણી, જલચર તિર્યંચ પુરુષો સંખ્યાતગણા, જલચર તિર્યંચ સ્ત્રીઓ સંખ્યાતગણી, ખેચર પંચેન્દ્રિય તિર્યંચ નપુંસકો અસંખ્યાતગણા, સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ નપુંસકો સંખ્યાતગણા, જલચર પંચેન્દ્રિય તિર્યંચ નપુંસકો સંખ્યાતગણા, ચઉરિન્દ્રિયો૦ વિશેષાધિક, તેઇન્દ્રિયો૦ વિશેષાધિક, બેઇન્દ્રિયો વિશેષાધિક, તેઉકાયિક૦ અસંખ્યાતા, પૃથ્વીકાયિક૦ વિશેષાધિક, અપ્કાયિક૦ વિશેષાધિક, વાયુકાયિક વિશેષાધિક, વનસ્પતિકાયિક એકેન્દ્રિય તિર્યંચ યોનિક નપુંસકો અનંતગણા છે.

ભગવન્ ! આ મનુષ્ય સ્ત્રીઓમાં કર્મભૂમિકા–અકર્મભૂમિકા–અંતર્દ્વીપિકા, મનુષ્ય પુરુષોમાં કર્મભૂમક–અકર્મભૂમક–અંતર્દ્વીપક, મનુષ્ય નપુંસકોમાં કર્મભૂમક–અકર્મભૂમક–અંતર્દ્વીપકોમાં કોણ કોનાથી અલ્પ બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ગૌતમ ! અંતર્દ્વીપક મનુષ્ય સ્ત્રી અને પુરુષો બંને તુલ્ય અને સૌથી થોડા છે, દેવકુરુ–ઉત્તરકુરુ અકર્મભૂમક મનુષ્ય સ્ત્રી–પુરુષો બંને તુલ્ય અને સંખ્યાતગણા, હરિવર્ષ–રમ્યક્વર્ષ૦ મનુષ્ય સ્ત્રી–પુરુષો બંને તુલ્ય અને સંખ્યાતગણા, હેમવત–હેરણ્યવત્૦ મનુષ્ય સ્ત્રી–પુરુષો બંને તુલ્ય અને સંખ્યાતગણા, ભરત–ઐરવત૦ મનુષ્ય પુરુષો બંને સંખ્યાતગણા, ભરત–ઐરવત૦ મનુષ્ય સ્ત્રી બંને સંખ્યાત ગણી, પૂર્વ–પશ્ચિમ વિદેહ૦ મનુષ્ય પુરુષો બંને સંખ્યાતગણા, પૂર્વ–પશ્ચિમ વિદેહ૦ મનુષ્ય સ્ત્રી બંને સંખ્યાતગણી, અંતર્દ્વીપક મનુષ્ય નપુંસકો અસંખ્યાતગણા, દેવકુરુ–ઉત્તરકુરુ૦ મનુષ્ય નપુંસકો બંને સંખ્યાતગણા, તે પ્રમાણે જ યાવત્ પૂર્વ–પશ્ચિમ વિદેહ૦ મનુષ્ય નપુંસકો સંખ્યાતગણા છે.

ભગવન્ ! આ દેવી સ્ત્રીઓમાં – ભવનવાસીણી, વ્યંતરી, જ્યોતિષ્કીણી, વૈમાનિકી, દેવપુરુષોમાં ભવનવાસી યાવત્ વૈમાનિકમાં સૌધર્મક યાવત્ ગ્રૈવેયક, અનુત્તરોપપાતિકા, નૈરયિક નપુંસકોમાં – રત્નપ્રભા યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિકોમાં કોણ કોનાથી બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? છે ?

ગૌતમ ! સૌથી થોડા અનુત્તરોપપાતિક દેવો, ઉપરી ગ્રૈવેયક દેવો સંખ્યાત–ગણા, યાવત્ તે રીતે આનત દેવો

સંખ્યાતગણા, અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક નપુંસકો અસંખ્યાતગણા, છઠ્ઠી પૃથ્વી નૈરયિક૦ અસંખ્યાત ગણા, સહસ્રારદેવો અસંખ્યાતગણા, મહાશુક્ર દેવો અસંખ્યાતગણા, પાંચમી પૃથ્વી નૈરયિકો૦ અસંખ્યાતગણા, લાંતક દેવો અસંખ્યાતગણા, ચોથી પૃથ્વીનૈરયિક૦ અસંખ્યાત ગણા, બ્રહ્મલોક દેવો અસંખ્યાતગણા, ત્રીજી પૃથ્વી નૈરયિક અસંખ્યાતગણા, માહેન્દ્ર દેવો અસંખ્યાતગણા, ઈશાન દેવો અસંખ્યાતગણા, ઈશાન દેવી સંખ્યાત ગણી, અસંખ્યાતગણા, ભવનવાસી દેવી સંખ્યાતગણી, આ રત્નપ્રભા નૈરયિક૦ અસંખ્યાતગણા, વ્યંતર દેવો અસંખ્યાત ગણા, વ્યંતરદેવી સંખ્યાતગણી, જ્યોતિષ્ક દેવો સંખ્યાતગણા, જ્યોતિષ્ક દેવીઓ સંખ્યાતગણી છે.

ભગવન્ ! આ તિર્યંચ સ્ત્રીઓમાં – જલચરી, સ્થલચરી, ખેચરી, તિર્યંચપુરુષોમાં – જલચર, સ્થલચર, ખેચરો, તિર્યંચનપુંસકોમાં એકેન્દ્રિય તિર્યંચ નપુંસકોમાં – પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક૦ નપુંસકો, બે–ત્રણ–ચાર ઇન્દ્રિય નપુંસકો, પંચેન્દ્રિય તિર્યંચ નપુંસકોમાં – જલચર-સ્થલચર-ખેચર, મનુષ્ય સ્ત્રીઓમાં – કર્મભૂમિકા, અકર્મભૂમિકા, અંતર્દ્વીપિકા તથા મનુષ્યપુરુષોમાં કર્મભૂમિક-અકર્મભૂમિક-અંતર્દ્વીપક, મનુષ્ય નપુંસકોમાં કર્મભૂમિક-અકર્મભૂમિક-અંતર્દ્વીપક, દેવીમાં ભવનવાસિણી-વ્યંતરી-જ્યોતિષ્કી-વૈમાનિકી, દેવપુરુષોમાં ભવનવાસી-વ્યંતર-જ્યોતિષ્ક-વૈમાનિકોમાં સૌધર્મક યાવત્ ગ્રૈવેયક-અનુત્તરોપપાતિક, નૈરયિક નપુંસકોમાં રત્નપ્રભા યાવત્ અધઃસપ્તમીપૃથ્વી નૈરયિકનપુંસકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ગૌતમ ! અંતર્દ્વીપક અકર્મભૂમક મનુષ્ય સ્ત્રી–પુરુષો, બંને તુલ્ય અને સૌથી ઓછા છે. દેવકુરુ–ઉત્તરકુરુ૦ મનુષ્ય સ્ત્રી–પુરુષો બંને તુલ્ય અને સંખ્યાતગણા છે, એ રીતે હરિવર્ષ–રમ્યક્વર્ષ૦ હૈમવત્–હેરણ્યવત્૦ ભરત–ઐરવત મનુષ્ય પુરુષો બંને સંખ્યાતગણા છે, ભરત–ઐરવત૦ મનુષ્ય સ્ત્રીઓ બંને સંખ્યાતગણા, પૂર્વ–પશ્ચિમ વિદેહ૦ મનુષ્યપુરુષો બંને સંખ્યાતગણા, પૂર્વ–પશ્ચિમવિદેહ૦ મનુષ્ય સ્ત્રીઓ બંને સંખ્યાતગણી, અનુત્તરોપપાતિક દેવો અસંખ્યાતગણા, ઉપરી ગ્રૈવેયક દેવો સંખ્યાતગણા યાવત્ આનત દેવો સંખ્યાતગણા,

તેનાથી અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક નપુંસકો અસંખ્યાતગુણા, છઠ્ઠી પૃથ્વી–નૈરયિક૦ અસંખ્યાતગણા, સહસ્રાર દેવો અસંખ્યાતગણા, મહાશુક્ર દેવો અસંખ્યાતગણા, પાંચમી પૃથ્વી નૈરયિક અસંખ્યાતગણા,

તેનાથી લાંતક દેવો અસંખ્યાતગણા, ચોથી પૃથ્વીનૈરયિક૦ અસંખ્યાતગણા, બ્રહ્મલોક દેવો અસંખ્યાતગણા, ત્રીજી પૃથ્વીનૈરયિક૦ અસંખ્યાતગણા, માહેન્દ્ર દેવો અસંખ્યાતગણા, સનત્કુમાર દેવો અસંખ્યાતગણા.

તેનાથી બીજી પૃથ્વી નૈરયિક૦ અસંખ્યાતગણા, અંતર્દ્વીપક૦ મનુષ્ય નપુંસક અસંખ્યાતગણા, દેવકુરુ–ઉત્તરકુરુ૦ મનુષ્ય નપુંસકો સંખ્યાતગણા, એ પ્રમાણે યાવત્ વિદેહ૦

તેનાથી ઈશાન દેવો અસંખ્યાતગણા, ઈશાનદેવી સંખ્યાતગણી, સૌધર્મદેવો સંખ્યાતગણા, સૌધર્મદેવી સંખ્યાતગણી, ભવનવાસી દેવો અસંખ્યાતગણા, ભવનવાસી દેવી સંખ્યાતગણી,

તેનાથી આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિક નપુંસકો અસંખ્યાતગણા, ખેચર તિર્યંચ પુરુષો સંખ્યાતગણા, ખેચર તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગણી, સ્થલચર તિર્યંચપુરુષો સંખ્યાતગણા, સ્થલચર તિર્યંચસ્ત્રી સંખ્યાતગણી, જલચર તિર્યંચપુરુષો સંખ્યાતગણા, જલચર તિર્યંચ સ્ત્રી સંખ્યાતગણી,

તેનાથી વ્યંતર દેવો સંખ્યાતગણા, વ્યંતર દેવીઓ સંખ્યાતગણી, જ્યોતિષ્ક દેવો સંખ્યાતગણા, જ્યોતિષ્ક દેવીઓ સંખ્યાતગણી, ખેચર પંચેન્દ્રિય તિર્યંચ નપુંસકો સંખ્યાતગણા, સ્થલચર નપુંસકો સંખ્યાતગણા, જલચરનપુંસકો સંખ્યાત ગણા,

તેનાથી ચઉરિન્દ્રિયો વિશેષાધિક છે, તેનાથી તેઇન્દ્રિયો વિશેષાધિક છે, તેનાથી બેઇન્દ્રિયો વિશેષાધિક છે, તેનાથી તેઉકાયિકો૦ અસંખ્યાતગણા છે, તેનાથી પૃથ્વીકાયિક વિશેષાધિક, તેનાથી અપ્કાયિક વિશેષાધિક, તેનાથી

વાયુકાયિક વિશેષાધિક, તેનાથી વનસ્પતિકાયિક નપુંસક અનંતગુણા છે.

**સૂત્ર–૭૧**

ભગવન્ ! સ્ત્રીઓની કેટલી કાયસ્થિતિ છે ? ગૌતમ ! એક અપેક્ષાએ ઇત્યાદિ પૂર્વવત્ કહેવું. એ રીતે પુરુષ અને નપુંસક પણ જાણવા. સંચિટ્ઠણા(કાયસ્થિતિ) પણ ત્રણેની પૂર્વવત્ કહેવી. અંતર પણ તેમજ છે.

**સૂત્ર–૭૨, ૭૩**

**૭૨.** તિર્યંચ સ્ત્રીઓ, તિર્યંચ પુરુષોથી ત્રણગણી અને ત્રણ અધિક છે, મનુષ્ય સ્ત્રીઓ – મનુષ્ય પુરુષોથી ૨૭ ગણી અને ૨૭ અધિક છે. દેવસ્ત્રી–દેવપુરુષોથી ૩૨–ગણી, ૩૨ અધિક છે.

**૭૩.** ત્રણ વેદરૂપ આ પ્રતિપત્તિમાં ભેદ, સ્થિતિ, સંચિટ્ઠણા, અંતર, અલ્પબહુત્વ, વેદોની બંધ સ્થિતિ, વેદોનો પ્રકાર કહ્યો. આ રીતે ત્રણ ભેદે સંસારી જીવોનું કથન કર્યું.

**પ્રતિપત્તિ–૨.નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

# પ્રતિપત્તિ–૩ ' ચતુર્વિધ'

સૂત્ર–૭૪

તેમાં જે એમ કહે છે – સંસારી જીવો ચાર ભેદે કહ્યા છે, તે એમ કહે છે – નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવ.

## પ્રતિપત્તિ–૩ ' નૈરયિક' – ઉદ્દેશો–૧

સૂત્ર–૭૫ થી ૮૦

**૭૫.** તે નૈરયિકોના કેટલા ભેદ છે ? ગૌતમ ! તે નૈરયિકો સાત ભેદે છે– પહેલી પૃથ્વી નૈરયિક, બીજી પૃથ્વી નૈરયિક, ત્રીજી પૃથ્વી નૈરયિક, ચોથી પૃથ્વી નૈરયિક, પાંચમી પૃથ્વી નૈરયિક, છઠ્ઠી પૃથ્વી નૈરયિક અને સાતમી પૃથ્વી નૈરયિક.

**૭૬.** ભગવન્ ! પહેલી પૃથ્વીનું શું નામ અને શું ગોત્ર છે ? ગૌતમ ! પહેલી પૃથ્વીનું નામ 'ધમ્મા' છે અને ગોત્ર રત્નપ્રભા છે.

ભગવન્ ! બીજી પૃથ્વીનું શું નામ અને શું ગોત્ર છે ? ગૌતમ ! બીજી પૃથ્વીનું નામ 'વંસા' અને ગોત્ર શર્કરાપ્રભા છે, એ રીતે આ આલાવાથી બધાની પૃચ્છા કરવી. નામો આ પ્રમાણે – ત્રીજી સેલા, ચોથી અંજના, પાંચમી રિષ્ઠા, છઠ્ઠી મઘા, સાતમી માઘવતી.

**૭૭.** સાત પૃથ્વીના ક્રમશઃ નામ છે – ધર્મા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા, મઘા, માઘવતી.

**૭૮.** સાત પૃથ્વીના ગોત્ર ક્રમશઃ છે – રત્ના, શર્કરા, વાલુકા, પંકા, ધૂમા, તમા, તમસ્તમા.

**૭૯.** ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી કેટલી મોટી છે ? ગૌતમ ! તે ૧,૮૦,૦૦૦ યોજન બાહલ્યથી છે. આ આલાવા મુજબ આમ જાણવું –

**૮૦.** ક્રમશઃ સાતેનું બાહલ્ય એક લાખ ઉપરાંત એંશી હજાર, બત્રીશ હજાર, અઠ્ઠાવીશ હજાર, વીશ હજાર, અઢાર હજાર, સોળ હજાર અને આઠ હજાર યોજન છે.

સૂત્ર–૮૧

ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વી કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે – ખરકાંડ, પંકબહુલકાંડ, અપ્‌બહુલકાંડ.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીનો ખરકાંડ કેટલા ભેદે છે ? ગૌતમ ! ૧૬–ભેદે, રત્ન, વજ્ર, વૈડૂર્ય, લોહિતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ, પુલક, સૌગંધિક, જ્યોતિરસ, અંજન, અંજનપુલક, રજત, જાત્યરૂપ, અંક, સ્ફટિક અને રિષ્ટ.

ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વીનો રત્નકાંડ કેટલા ભેદે છે ? ગૌતમ ! એક પ્રકારે છે. એ જ રીતે અપ્‌બહુલકાંડ સુધી એક પ્રકારે છે.

ભગવન્ ! શર્કરાપ્રભા પૃથ્વી કેટલા ભેદે છે ? ગૌતમ ! એક પ્રકારે. આ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું.

સૂત્ર–૮૨ થી ૮૫

**૮૨.** ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલા લાખ નરક–આવાસ છે ? ગૌતમ ! ૩૦ લાખ નરક–આવાસ છે. આ આલાવાથી બધી પૃચ્છા કરવી. આ ગાથા અનુસાર સાતે નરકોના નરાકાવાસની સંખ્યા જાણવી.

**૮૩.** ૧.ત્રીશ, ૨.પચીશ, ૩.પંદર, ૪.દશ, ૫.ત્રણ લાખ, ૬.પાંચ ન્યૂન એક લાખ અને ૭.પાંચ અનુત્તર નરકો.

**૮૪.** યાવત્ અધઃસપ્તમીમાં પાંચ અનુત્તર મહા–મોટા મહાનરકો કહ્યા છે – કાલ, મહાકાલ, રૌરવ, અતિરૌરવ અને અપ્રતિષ્ઠાન.

૮૫ ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વી નીચે ઘનોદધિ, ઘનવાત, તનુવાત, અવકાશાંતર છે ? હા, છે. અધઃસપ્તમી સુધી આ પ્રમાણે કહેવું.

સૂત્ર–૮૬

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ખરકાંડ કેટલી જાડાઈવાળુ છે ? ગૌતમ ! ૧૬,૦૦૦ યોજન.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીનો રત્નકાંડ કેટલી જાડાઈનો છે ? ગૌતમ ! ૧૦૦૦ યોજન. આ રીતે રિષ્ટકાંડ સુધી જાણવું.

ભગવન્ ! આ રત્નપ્રભાનો પંકબહુલ કાંડ કેટલી જાડાઈનો છે ? ગૌતમ ! ૮૪,૦૦૦ યોજન.

ભગવન્ ! આ રત્નપ્રભાનો અપ્‌બહુલ કાંડ કેટલી જાડાઈનો છે ? ગૌતમ ! ૮૦,૦૦૦ યોજન.

ભગવન્ ! આ રત્નપ્રભાનો ઘનોદધિ કેટલી જાડાઈનો છે ? ગૌતમ ! અસંખ્યાત હજાર યોજન. આ પ્રમાણે તનુવાત અને અવકાશાંતર પણ કહેવા.

ભગવન્ ! શર્કરાપ્રભાનો ઘનોદધિ કેટલી જાડાઈનો છે ? ગૌતમ ! ૨૦,૦૦૦ યોજન.

ભગવન્ ! શર્કરાપ્રભાનો ઘનવાત કેટલી જાડાઈનો છે ? ગૌતમ ! અસંખ્યાત હજાર યોજન. એ રીતે તનુવાત અને અવકાશાંતર પણ છે. શર્કરાપ્રભા પૃથ્વી માફક યાવત્ અધઃસપ્તમી કહેવું.

સૂત્ર–૮૭

ભગવન્ ! આ રત્નપ્રભા, જે ૧,૮૦,૦૦૦ યોજન બાહલ્યવાળી અને પ્રતર–કાંડાદિરૂપે વિભક્ત, આ રત્નપ્રભા પૃથ્વીમાં વર્ણથી કાળા–લીલા–લાલ–પીળા–સફેદ, ગંધથી સુગંધી–દુર્ગંધી, રસથી તિક્ત–કટુક–કષાય–અંબિલ–મધુર, સ્પર્શથી કર્કશ–મૃદુ–ગુરુ–લઘુ–શીત–ઉષ્ણ–સ્નિગ્ધ–રૂક્ષ, સંસ્થાનથી પરિમંડલ–વૃત્ત–ત્રસ–ચતુરસ્ર–આયત સંસ્થાન પરિણત અન્યોન્ય બદ્ધ, અન્યોન્ય સ્પૃષ્ટ, અન્યોન્યાવગાઢ. અન્યોન્ય સ્નેહ પ્રતિબદ્ધ, અન્યોન્ય સંબદ્ધ છે ? હા, ગૌતમ ! છે.

ભગવન્ ! આ રત્નપ્રભાના ખરકાંડના ૧૬,૦૦૦ યોજન બાહલ્યવાળા અને બુદ્ધિથી પ્રતરાદિ રૂપમાં વિભક્ત ખરકાંડમાં વર્ણ–આદિમાં પરિણત દ્રવ્ય યાવત્ પરસ્પર સંબદ્ધ છે ? હા, છે.

ભગવન્ ! આ રત્નપ્રભાના રત્નકાંડના ૧૦૦૦ યોજન બાહલ્યવાળા અને પ્રતરાદિ રૂપમાં બુદ્ધિ દ્વારા વિભક્તમાં પૂર્વવત્ દ્રવ્યો છે ? હા, ગૌતમ છે. એ પ્રમાણે રિષ્ટકાંડ સુધી કહેવું.

ભગવન્ ! આ રત્નપ્રભાના પંકબહુલ કાંડના ૮૪,૦૦૦ યોજન બાહલ્યવાળા અને બુદ્ધિ દ્વારા પ્રતરાદિ રૂપમાં વિભક્ત છે, તેમાં પણ શું પૂર્વવર્ણિત દ્રવ્યો છે ? હા, ગૌતમ ! છે એ પ્રમાણે અપ્‌બહુલના ૮૦,૦૦૦ બાહલ્યવાળામાં જાણવુ. એ પ્રમાણે રત્નપ્રભાના ૨૦,૦૦૦ યોજન બાહલ્યવાળા અને બુદ્ધિથી વિભક્ત ઘનોદધિમાં તેમજ છે. એ રીતે અસંખ્યાત હજાર યોજન બાહલ્ય વાળા ઘનવાતમાં, અવકાશાંતરમાં તેમજ છે.

ભગવન્ ! શર્કરાપ્રભાના ૧,૩૨,૦૦૦ યોજનના બુદ્ધિ કલ્પિત વિભાગમાં દ્રવ્યથી વર્ણ યાવત્ સંબદ્ધ છે શું ? હા, ગૌતમ ! છે. એ રીતે ઘનોદધિના ૨૦,૦૦૦ યોજન બાહલ્યમાં અને અસંખ્યાત હજાર યોજન બાહલ્યવાળા ઘનવાત અને આકાશના વિષયમાં જાણવુ. શર્કરાપ્રભા માફક અધઃસપ્તમી પૃથ્વી સુધી કહેવુ.

સૂત્ર–૮૮

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીનો આકાર કેવો છે ? ગૌતમ ! ઝલ્લરી આકાર જેવો છે.

ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીનો ખરકાંડ કયા આકારે છે ? ગૌતમ ! ઝલ્લરી આકાર જેવો છે.

ભગવન્ ! રત્નપ્રભાનો રત્નકાંડ કયા આકારે છે ? ગૌતમ! ઝલ્લરી આકારે. એ રીતે રિષ્ઠકાંડ સુધી કહેવું . એ પ્રમાણે પંકબહુલ, એ રીતે અપ્‌બહુલ, ઘનોદધિ, ઘનવાત, તનુવાત, અવકાશાંતર એ બધા ઝાલર આકારે જ છે.

ભગવન્ ! શર્કરાપ્રભા પૃથ્વી કયા આકારે છે ? ગૌતમ ! ઝાલર આકારે. ભગવન્ ! શર્કરાપ્રભા ઘનોદધિ કયા આકારે છે ? ગૌતમ ! ઝાલર આકારે. એ રીતે અવકાશાંતર સુધી કહેવું. એ રીતે અધઃસપ્તમી સુધી કહેવું.

સૂત્ર–૮૯

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીની પૂર્વદિશાના ઉપરીમથી કેટલા અપાંતરાલ પછી લોકાંત છે ? ગૌતમ ! બાર યોજનના અંતર પછી લોકાંત છે. આ પ્રમાણે દક્ષિણ, પશ્ચિમ, ઉત્તરમાં પણ જાણવુ.

ભગવન્ ! શર્કરાપ્રભા પૃથ્વીના પૂર્વીય ચરમાંતથી કેટલા અંતરે લોક છે ? ગૌતમ ! ત્રણ ભાગ ન્યૂન ૧૩ યોજનના અંતરે લોકાંત છે. આ રીતે ચારે દિશામાં કહેવું.

ભગવન્ ! વાલુકાપ્રભાની પૂર્વદિશાના ચરમાંતથી કેટલા અંતરે લોક છે ? ગૌતમ ! ત્રિભાગ સહિત તેર યોજન અંતરે લોકાંત છે. એ રીતે ચારે દિશામાં પણ કહેવું. આ પ્રમાણે બધી તરફ ચારે દિશામાં પૂછવું જોઈએ.

પંકપ્રભાના ચરમાંતથી ચૌદ યોજનના અંતરે લોકાંત છે. પાંચમી ધૂમપ્રભાના ચરમાંતથી ત્રિભાગ ન્યૂન પંદર યોજન અંતરે લોકાંત છે. છઠ્ઠી તમ:પ્રભાના ચરમાંતથી ત્રિભાગ સહિત પંદર યોજન અંતરે લોકાંત છે. સાતમી પૃથ્વીના ચરમાંતથી ૧૬ યોજનના અંતરે લોકાંત છે. આ પ્રમાણે ઉત્તરદિશાના ચરમાંત સુધી જાણવુ.

ભગવન્! આ રત્નપ્રભાનું પૂર્વીય ચરમાંત કેટલા પ્રકારે છે ? ગૌતમ ! ત્રણ ભેદે – ઘનોદધિ વલય, ઘનવાત વલય, તનુવાત વલય.

ભગવન્! આ રત્નપ્રભાનું દક્ષિણી ચરમાંત કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે છે. એ પ્રમાણે ઉતરિલ્લ સુધી કહેવું. એ પ્રમાણે અધઃસપ્તમી સુધી બધી પૃથ્વીના ઉત્તરી ચરમાંત સુધી કહેવું.

સૂત્ર–૯૦

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીનું ઘનોદધિ વલય બાહલ્ય(જાડાઈ)થી કેટલું છે ? ગૌતમ ! છ યોજન.

ભગવન્ ! શર્કરાપ્રભા પૃથ્વીનું ઘનોદધિ વલય કેટલું બાહલ્યવાળું છે ? ગૌતમ ! ત્રિભાગ સહિત છ યોજન.

ભગવન્ ! વાલુકાપ્રભા પૃથ્વીનું ઘનોદધિ વલય કેટલું બાહલ્યવાળું છે ? ગૌતમ ! ત્રિભાગ ન્યૂન સાત યોજન. એ રીતે આ આલાવાથી પંકપ્રભાનું બાહલ્ય સાત યોજન, ધૂમપ્રભાનું ત્રિભાગસહ સાત યોજન, તમપ્રભાનું ત્રિભાગ ન્યૂન આઠ યોજન, તમસ્તમ પ્રભાનું ઘનોદધિ વલય આઠ યોજન બાહલ્યવાળું છે.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીનું ઘનવાતવલય બાહલ્યથી કેટલું છે ? ગૌતમ ! સાડા ચાર યોજન.

ભગવન્ ! શર્કરાપ્રભા પૃથ્વીનું ઘનવાતવલય બાહલ્યથી કેટલું છે ? ગૌતમ કોશ ન્યૂન પાંચ યોજન. એ રીતે આ આલાવાથી વાલુકાપ્રભાનું પાંચ યોજન, પંકપ્રભાનું એક કોશ સહિત પાંચ યોજન, ધૂમપ્રભાનું સાડા પાંચ યોજન, તમસ્પ્રભાનું કોશ ન્યૂન છ યોજન, અધઃસપ્તમીનું છ યોજન બાહલ્ય છે.

ભગવન્ ! આ રત્નપ્રભાનું તનુવાત વલય બાહલ્યથી કેટલું છે ? ગૌતમ ! છ કોશ, એ રીતે આ આલાવાથી શર્કરાપ્રભાનું ત્રિભાગ સહ છ કોશ, વાલુકાપ્રભાનું સાત કોશ, પંકપ્રભાનું સાત કોશ, ધૂમપ્રભાનું ત્રિભાગ સહ સાત કોશ, તમ:પ્રભાનું ત્રિભાગ ન્યૂન આઠ કોશ, અધઃસપ્તમી–પૃથ્વીનું આઠ કોશ બાહલ્ય કહ્યું છે.

ભગવન્ ! આ રત્નપ્રભાના છ યોજન બાહલ્યવાળા અને બુદ્ધિ કલ્પિત પ્રતરાદિ વિભાગવાળા ઘનોદધિ વલયમાં વર્ણથી કાળા નીલા, લાલ, પીળા અને સફેદ વર્ણવાળા દ્રવ્યો શું પરસ્પર બંધાયેલા યાવત અવિભક્ત છે ? હા, ગૌતમ છે.

ભગવન્ ! શર્કરાપ્રભાના ત્રિભાગ સહિત છ યોજન બાહલ્ય અને પ્રતરાદિ વિભાગયુક્ત ઘનોદધિ વલયમાં વર્ણથી કાળા, નીલા, લાલ, પીળા અને સફેદ વર્ણવાળા દ્રવ્યો શું પરસ્પર બંધાયેલા યાવત અવિભક્ત છે ? હા, છે. આ રીતે અધઃસપ્તમી સુધી કહેવું.

ભગવન્ ! આ રત્નપ્રભાના સાડા ચાર યોજન બાહલ્યવાળા અને પ્રતરાદિ રૂપે વિભક્ત ઘનવાત વલયમાં વર્ણાદિ પરિણત દ્રવ્ય છે શું ? હા, છે. એ રીતે અધઃસપ્તમી સુધી કહેવું. એ રીતે તનુવાત વલય સંબંધે પોતપોતાના

બાહલ્યથી અધઃસપ્તમી સુધી છે.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીનું ઘનોદધિ વલય કયા આકારે છે ? ગૌતમ ! વૃત્ત, વલયાકાર સંસ્થાન સંસ્થિત છે. જે આ રત્નપ્રભા પૃથ્વીને ચોતરફથી ઘેરીને રહેલ છે. એ રીતે સાતે પૃથ્વીના ઘનોદધિ વલયને કહેવું. વિશેષ એ કે તે પોત–પોતાની પૃથ્વીને ઘેરીને રહેલ છે.

ભગવન્ ! આ રત્નપ્રભાનું ઘનવાત વલય કયા આકારે છે ? ગૌતમ ! વૃત્ત, વલયાકાર, પૂર્વવત્. યાવત્ જેમ આ રત્નપ્રભાનું ઘનોદધિ વલય ચોતરફથી ઘેરીને રહેલ છે, તેમ અધઃસપ્તમી સુધી કહેવું.

ભગવન્ ! આ રત્નપ્રભાનું તનુવાત વલય કયા આકારે છે ? વૃત્ત–વલાકાર સંસ્થાન સંસ્થિત યાવત્ જેમ આ રત્નપ્રભાનું ઘનવાત વલય ચોતરફથી ઘેરીને રહેલ છે, અધઃસપ્તમી સુધી કહેવું.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી કેટલી લાંબી–પહોળી છે ? ગૌતમ ! અસંખ્યાત હજાર યોજન લાંબી–પહોળી, અસંખ્યાત હજાર યોજન પરિક્ષેપથી છે. એ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી અંતે અને મધ્યે સર્વત્ર સમાન બાહલ્યવાળી છે ? હા, ગૌતમ ! છે. આ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું.

સૂત્ર–૯૧

ભગવન્ ! શું આ રત્નપ્રભામાં બધા જીવો પૂર્વે ઉત્પન્ન થયેલ છે ? તથા યુગપત્ ઉત્પન્ન થયા છે ? ગૌતમ ! સર્વે જીવો કાળક્રમે ઉત્પન્ન થયા છે, એક સાથે નહીં, રત્નપ્રભા પૃથ્વીની માફક યાવત્ અધઃસપ્તમી પૃથ્વી સુધી કહેવું.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી સર્વે જીવો દ્વારા પૂર્વે પરિત્યક્ત છે ? યુગપત્ પરિત્યક્ત છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વી કાળક્રમે સર્વે જીવો દ્વારા પૂર્વે પરિત્યક્ત છે, યુગપત્ પરિત્યક્ત નથી. આ પ્રમાણે અધઃસપ્તમી પૃથ્વી સુધી કહેવું.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં સર્વે પુદ્‌ગલ પૂર્વે પ્રવેશેલ છે ? યુગપત્ પ્રવેશેલ છે ? ગૌતમ ! રત્નપ્રભામાં સર્વે પુદ્‌ગલો પૂર્વે પ્રવેશ્યા છે, પણ યુગપત્ નહીં. એ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી સર્વે પુદ્‌ગલો દ્વારા પૂર્વે પરિત્યક્ત છે ? યુગપત્ પરિત્યક્ત છે ? ગૌતમ ! રત્નપ્રભા કાળક્રમે સર્વે પુદ્‌ગલોથી પરિત્યક્ત છે, યુગપત્ નહીં. આ રીતે અધઃસપ્તમી સુધી કહેવું.

સૂત્ર–૯૨

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી શું શાશ્વત છે કે અશાશ્વત ? ગૌતમ ! કંઈક શાશ્વત–કંઈક અશાશ્વત છે.

ભગવન્ ! એવું કેમ કહ્યું ? ગૌતમ ! દ્રવ્યાર્થતાથી શાશ્વત, વર્ણ–ગંધ–રસ–સ્પર્શ પર્યાયોથી અશાશ્વત છે, તેથી હે ગૌતમ ! એવું કહ્યું કે – કંઈક શાશ્વત – કંઈક અશાશ્વત છે. એ રીતે અધઃસપ્તમી સુધી કહેવું.

ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વી કાળથી કેટલો કાળ રહેશે ? ગૌતમ ! કદી ન હતી તેમ નહીં, કદી નથી તેમ નહીં, કદી નહીં હશે તેમ નહીં. રત્નપ્રભાપૃથ્વી હતી, છે અને રહેશે. ધ્રુવ, નિત્ય, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત, નિત્ય છે, આ પ્રમાણે અધઃસપ્તમી સુધી જાણવુ.

સૂત્ર–૯૩

ભગવન્ ! આ રત્નપ્રભાના ઉપરના ચરમાંતથી નીચેના ચરમાંતનું કેટલું અબાધા અંતર કહ્યું છે ? ગૌતમ ! ૧,૮૦,૦૦૦ યોજન.

ભગવન્ ! આ રત્નપ્રભાના ઉપરના ચરમાંતથી ખરકાંડના નીચેના ચરમાંત સુધી અબાધા અંતર કેટલું છે ? ગૌતમ ! ૧૬,૦૦૦ યોજન.

ભગવન્! આ રત્નપ્રભાના ઉપરના ચરમાંતથી રત્નકાંડના નીચેના ચરમાંત સુધી કેટલું અબાધા અંતર છે?

ગૌતમ! ૧૦૦૦ યોજન.

ભગવન્ ! આ રત્નપ્રભાના ઉપરના ચરમાંતથી વજ્રકાંડના ઉપરના ચરમાંત સુધી કેટલું અબાધા અંતર છે ? ગૌતમ! ૧૦૦૦ યોજન. આ રત્નપ્રભાના ઉપરના ચરમાંતથી વજ્રકાંડના નીચેના ચરમાંતનું કેટલું અબાધા અંતર છે ? ગૌતમ ! ૨૦૦૦ યોજન. એ પ્રમાણે રિષ્ટકાંડના ઉપર સુધી ૧૫,૦૦૦ યોજન, નીચેના ચરમાંત સુધી ૧૬,૦૦૦ યોજન અબાધા અંતર કહેલ છે.

ભગવન્ ! આ રત્નપ્રભા ઉપરના ચરમાંતથી પંકબહુલ કાંડના ઉપરના ચરમાંત સુધી અબાધાથી કેટલું અંતર છે? ગૌતમ ! ૧૬,૦૦૦ યોજન. નીચેના ચરમાંત સુધી એક લાખ યોજન અપ્‌બહુલ કાંડની ઉપર એક લાખ યોજન, નીચેના ચરમાંતે ૧,૮૦,૦૦૦ યોજન.

ઘનોદધિની ઉપરે ૧,૮૦,૦૦૦ યોજન, નીચેના ચરમાંત સુધી બે લાખ યોજન. ભગવન્! આ રત્નપ્રભાના ઘનવાતના ઉપરના ચરમાંતથી? બે લાખ યોજન. નીચેના ચરમાંતે અસંખ્યાત લાખ યોજન. રત્નપ્રભાના તનુવાતના ઉપરના ચરમાંતે અસંખ્યાત લાખ યોજન અબાધા અંતર. નીચેનું પણ અસંખ્યાત લાખ યોજન અબાધા અંતર છે. એ પ્રમાણે અવકાશાંતરમાં પણ જાણવુ.

ભગવન્ ! બીજી પૃથ્વીના ઉપરના ચરમાંતથી નીચેના ચરમાંતે કેટલું અબાધા અંતર કહ્યું છે ? ગૌતમ ! ૧,૩૨,૦૦૦ યોજન. શર્કરાપ્રભાના ઉપરના ઘનોદધિથી નીચેના ચરમાંત સુધી ૧,૫૨,૦૦૦ યોજન અબાધા અંતર. ઘનવાતનું અસંખ્યાત લાખ યોજન છે. એ પ્રમાણે યાવત્ અવકાશાંતર યાવત્ અધઃસપ્તમી, વિશેષ એ – જે પૃથ્વીનું જેટલું બાહલ્ય છે, તેનો ઘનોદધિથી સંબંધ બુદ્ધિથી જોડવો. શર્કરાપ્રભા અનુસાર ઘનોદધિ સહિત આ પ્રમાણ છે.

જેમ કે – ત્રીજીનું ૧,૪૮,૦૦૦ યોજન, પંકપ્રભાનું ૧,૪૪,૪૪૪ યોજન, ધૂમપ્રભાનું ૧,૩૮,૦૦૦ યોજન, તમાનું ૧,૩૬,૦૦૦ યોજન, અધઃસપ્તમીનું ૧,૨૮,૦૦૦ યોજન અંતર યાવત્ અધઃસપ્તમીમાં ઉપરના ચરમાંતથી અવકાશાંતર થી નીચેના ચરમાંત સુધી કેટલું અબાધા અંતર કહ્યું છે? ગૌતમ! અસંખ્યાત લાખ યોજન અબાધા અંતર કહ્યું છે.

સૂત્ર–૯૪

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી, બીજી પૃથ્વીની અપેક્ષાથી બાહલ્યથી શું તુલ્ય, વિશેષાધિક કે સંખ્યાતગણી છે ? વિસ્તાર અપેક્ષાએ તુલ્ય, વિશેષહીન કે સંખ્યાતગુણ હીન છે ? ગૌતમ ! રત્નપ્રભા, શર્કરાપ્રભા અપેક્ષાથી બાહલ્ય થકી તુલ્ય નથી, વિશેષાધિક છે, સંખ્યાતગુણ નથી. વિસ્તારથી તુલ્ય નથી, વિશેષ હીન છે. સંખ્યાતગુણ હીન નથી.

ભગવન્ ! બીજી પૃથ્વી, ત્રીજી પૃથ્વી અપેક્ષાએ બાહલ્યથી શું તુલ્ય છે ? પૂર્વવત્ કહેવું. એ રીતે ચોથી, પાંચમી, છઠ્ઠી કહેવી. ભગવન્ ! છઠ્ઠી પૃથ્વી, સાતમી પૃથ્વીની અપેક્ષાએ શું તુલ્ય વિશેષાધિક, સંખ્યાતગુણ બાહલ્યથી છે ? પૂર્વવત્ કહેવું.

## પ્રતિપત્તિ–૩ 'નૈરયિક' – ઉદ્દેશો–૨

સૂત્ર–૯૫

ભગવન્ ! પૃથ્વી કેટલી છે ? ગૌતમ ! સાત. તે આ – રત્નપ્રભા યાવત્ અધઃસપ્તમી.

ભગવન્ ! આ ૧,૮૦,૦૦૦ યોજન બાહલ્યની રત્નપ્રભાની ઉપર કેટલા દૂર જવાથી અને નીચે કેટલો ભાગ છોડીને મધ્યના કેટલા ભાગમાં કેટલા લાખ નરકાવાસ કહ્યા છે ? ગૌતમ ! ૧,૮૦,૦૦૦ના ઉપરના અને નીચેના એક–એક હજાર યોજન છોડીને મધ્યના ૧,૭૮,૦૦૦ યોજનમાં રત્નપ્રભા પૃથ્વીના ત્રીશ લાખ નરકાવાસો હોય છે. એમ કહ્યું છે. તે નરકો અંદરથી વૃત્ત, બાહ્ય ચતુરસ્ર યાવત્ અશુભ વેદનાવાળા છે. આ આલાવા મુજબ 'સ્થાન' પદ અનુસાર બધી વક્તવ્યતા કહેવી. જ્યાં જેટલું બાહલ્ય, જ્યાં જેટલા લાખ નરકાવાસ છે, તે મુજબ અધઃસપ્તમી સુધી

કહેવું. અધઃસપ્તમીના મધ્યવર્તી કેટલા ક્ષેત્રમાં કેટલા અનુત્તર મોટા–મોટા મહાનરકાવાસો છે ?, આ પ્રમાણે પ્રશ્ન કરીને તેના ઉત્તર ઉપર પ્રમાણે કહેવા.

### સૂત્ર–૯૬, ૯૭

૯૬. ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વીના નરકાવાસોનો આકાર શો છે ? ગૌતમ ! બે ભેદે – આવલિકા પ્રવિષ્ટ, આવલિકા બાહ્ય. તેમાં જે આવલિકા પ્રવિષ્ટ છે તે ત્રણ ભેદે છે – વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર. તેમાં જે આવલિકા બાહ્ય છે, તે વિવિધ સંસ્થાન સંસ્થિત છે. તે આ રીતે – લોઢાની કોઠી, પિષ્ટ પાચનક , કંડૂ , લોઢી, કડાહ , થાળી, પિઠરક, કૃમિક, કીર્ણ પુટક, ઉટજ, મુરજ, મુયંગ, નંદિમુયંગ, આલિંગક, સુઘોસ, દર્દરક, પણવ, પટહ, ભેરી, ઝલ્લરી, કુતુંબક કે નાલિ આકારે સંસ્થિત છે. આ પ્રમાણે તમપ્રભા સુધી કહેવું.

ભગવન્! અધઃસપ્તમી પૃથ્વી નરકાવાસ કયા આકારે છે ? ગૌતમ ! બે ભેદે કહ્યા છે, તે આ– વૃત્ત અને ત્ર્યસ્ર.

૯૭. ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વીના નરકાવાસો બાહલ્યથી કેટલા છે ? ગૌતમ ! ત્રણ લાખ યોજન બાહલ્યથી છે તે આ રીતે – નીચે ૧૦૦૦ યોજન ઘન, મધ્યે ૧૦૦૦ યોજન સુધી પોલી, ઉપર ૧૦૦૦ યોજન સંકુચિત છે. એ રીતે અધઃસપ્તમી સુધી કહેવું.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નરકો આયામ–વિષ્કંભ થકી કેટલા પરિક્ષેપથી કેટલું કહેલ છે ? ગૌતમ ! બે ભેદે – સંખ્યાત વિસ્તૃત અને અસંખ્યાત વિસ્તૃત. તેમાં જે સંખ્યાત વિસ્તૃત છે, તે સંખ્યાત હજાર યોજન આયામ–વિષ્કંભથી અને સંખ્યાત હજાર યોજન પરિક્ષેપથી કહેલ છે. તેમાં જે તે અસંખ્યાત વિસ્તૃત છે, તે અસંખ્યાત હજાર યોજન આયામ–વિષ્કંભથી, અસંખ્યાત હજાર યોજન પરિક્ષેપથી કહેલ છે. એ પ્રમાણે તમસ્પ્રભા સુધી કહેવું.

ભગવન્ ! અધઃસપ્તમીની પૃચ્છા. ગૌતમ ! બે ભેદે કહેલ છે, તે આ – સંખ્યાત વિસ્તૃત અને અસંખ્યાત વિસ્તૃત. તેમાં જે તે સંખ્યાત વિસ્તૃત છે, તે એક લાખ યોજન આયામ–વિષ્કંભથી છે, તેની પરિધિ ૩,૧૬,૨૨૭ યોજન, ત્રણ કોશ, ૧૨૮ ધનુષ, ૧૩॥ અંગુલ કરતા કંઈક અધિક છે. તેમાં જે અસંખ્યાત વિસ્તૃત છે, તે અસંખ્યાત લાખ યોજન આયામ–વિષ્કંભથી, અસંખ્યાત યાવત્ પરિધિ છે.

### સૂત્ર–૯૮ અધૂરું...

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસ વર્ણથી કેવા છે ? ગૌતમ ! કાળા–કાળી આભાવાળા, ગંભીર, રુંવાડા ઊભા કરી દે તેવા, ભયાનક, ત્રાસદાયી, પરમકૃષ્ણ વર્ણથી કહ્યા છે. એ રીતે યાવત્ અધઃસપ્તમી કહેવું.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસો કેવી ગંધવાળા છે ? ગૌતમ ! જેમ કોઈ સર્પ–ગાય–કૂતરા–બિલાડા–મનુષ્ય–ભેંસ–ઉંદર–ઘોડો–હાથી–સિંહ–વાઘ–વૃક–દ્વીપિકનું મૃત કલેવર હોય, જે ધીમે–ધીમે સૂઝી, ફૂલી, સડી ગયું હોય, દુર્ગંધ ફૂટતી હોય, માંસ સડી ગયું હોય, અત્યંત અશુચિ અને બિભત્સ દર્શનીય હોય, જેમાં કીડા ખદબદતા હોય, શું તેવી દુર્ગંધ ત્યાં હોય ? ના, આ અર્થ સમર્થ નથી. ગૌતમ ! આ રત્નપ્રભાના નારકો આનાથી અનિષ્ટતર અને અકાંતતર યાવત્ અમણામતર ગંધથી કહેલા છે. એ રીતે યાવત્ અધઃસપ્તમી પૃથ્વી કહેવું.

ભગવન્ ! આ રત્નપ્રભાના નરકાવાસો કેવા સ્પર્શવાળા છે ? ગૌતમ ! જેમ અસિપત્ર, ક્ષુરપત્ર, કદંબચીરિકા પત્ર, શક્તિ–કુંત–તોમર–નારાચ–શૂલ–લગુડ–ભિંડિમાલનો અગ્રભાગ, સોયનો સમૂહ, કપિકચ્છુ, વિંછીના કાંટા કે અંગારા, જ્વાલા, મુર્મુર, અર્ચી, અલાત કે શુદ્ધાગ્નિ જેવો તે સ્પર્શ હોય ? ના, તે અર્થ સમર્થ નથી. ગૌતમ ! આ રત્નપ્રભાના નરકાવાસ આનાથી અનિષ્ટતર યાવત્ અમણામતર સ્પર્શવાળા કહ્યા છે. એ રીતે અધઃસપ્તમી પૃથ્વી સુધી કહેવું.

### સૂત્ર–૯૮ અધૂરેથી...

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસ કેટલા મોટા કહ્યા છે ?

ગૌતમ ! આ જંબૂદ્વીપ દ્વીપ બધા દ્વીપ–સમુદ્રોમાં સૌથી અભ્યંતર, સૌથી નાનો, વૃત્ત–તેલમાં તળેલ પૂડલા આકારે છે, વૃત્ત–રથના ચક્રાકારે છે, વૃત્ત–પુષ્કર કર્ણિકા આકારે છે, વૃત્ત–પ્રતિપૂર્ણ ચંદ્ર આકારે છે, એક લાખ યોજન લંબાઈ–પહોળાઈથી યાવત્ કિંચિત્ વિશેષાધિક પરિધિથી છે.

મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ દેવ યાવત્ હમણા–હમણા કહેતા, આ સંપૂર્ણ જંબૂદ્વીપને ત્રણ ચપટી વગાડતા થતા સમયમાં એકવીશ વખત પ્રદક્ષિણા કરીને જલદી આવી જાય, તે દેવ તેવી ઉત્કૃષ્ટા–ત્વરિતા–ચપલા–ચંડા–શીઘ્રા–ઉદ્ધૃતા–જય કરનારી– નિપુણ દિવ્ય દેવગતિ વડે જતાં–જતાં જઘન્યથી એક, બે કે ત્રણ દિવસમાં, ઉત્કૃષ્ટ છ માસ સુધી ચાલે છે, તો પણ તે નરકાવાસોમાં કેટલાકને પાર કરી શકે, કેટલાકને ન કરી શકે,

હે ગૌતમ ! આટલા મોટા આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસો છે. આમ અધઃસપ્તમી સુધી કહેવું. વિશેષ એ – અધઃસપ્તમીના કેટલાક નરકાવાસનો પાર પામે છે, કેટલાકનો પાર પામી શકાતો નથી.

### સૂત્ર–૯૯

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસ શેના બનેલા છે ? ગૌતમ ! સર્વવજ્રમય કહ્યા છે. તે નરકાવાસોમાં ઘણા જીવો અને પુદ્‌ગલો ચ્યવે છે અને ઉપજે છે – અવક્રમે વ્યુત્ક્રમે છે. દ્રવ્યાર્થિક નયથી તે નરકો શાશ્વત, વર્ણ–ગંધ–રસ–સ્પર્શ પર્યાયથી અશાશ્વત છે. એ રીતે યાવત્ અધઃસપ્તમી સુધી કહેવું.

### સૂત્ર–૧૦૦ થી ૧૦૨

**૧૦૦.** ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિકો ક્યાંથી આવીને ઉપજે છે ? અસંજ્ઞીથી ? સરિસૃપોથી ? પક્ષીથી ? ચતુષ્પદથી ? ઉરગથી ? સ્ત્રીઓથી ? મત્સ્ય અને મનુષ્યોથી આવીને ઉપજે છે ?

ગૌતમ! અસંજ્ઞીથી યાવત્ મત્સ્ય–મનુષ્યોથી આવીને ઉપજે છે.

**૧૦૧.** અસંજ્ઞી પહેલીનરક સુધી, સરિસર્પ બીજી સુધી, પક્ષી ત્રીજી સુધી, સિંહ ચોથી, ઉરગો પાંચમી સુધી.

**૧૦૨.** સ્ત્રીઓ છઠ્ઠી સુધી, મત્સ્ય અને મનુષ્ય સાતમી સુધી ઉપજે છે. યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક અસંજ્ઞીથી આવીને ન ઉપજે, યાવત્ સ્ત્રીઓથી આવીને ન ઉપજે. મત્સ્ય–મનુષ્યોથી આવીને ઉપજે છે.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિક એક સમયમાં કેટલા આવીને ઉપજે છે ? ગૌતમ ! જઘન્યથી એક–બે કે ત્રણ, ઉત્કૃષ્ટ સંખ્યાત કે અસંખ્યાત નારકીઓ પણ ઉપજે છે. એ રીતે યાવત્ અધઃસપ્તમી નારકી સુધી કહેવું.

ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વીના નૈરયિક સમયે સમયે અપહાર કરાતા કેટલા કાળે ખાલી થાય ? ગૌતમ ! તે અસંખ્યાત છે. સમયે–સમયે અપહાર કરાતા અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણી વીત્યા પછી પણ ખાલી ન થાય. અધઃ સપ્તમી સુધી આ પ્રમાણે કહેવું.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોની કેટલી મોટી શરીરાવગાહના છે ? ગૌતમ ! શરીરાવગાહના બે પ્રકારે છે – ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીયા છે, તે જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટ થી સાત ધનુષ–ત્રણ હાથ અને છ આંગળ છે. ઉત્તર વૈક્રિય અવગાહના જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ થી ૧૫ ધનુષ અને ૨॥ હાથ છે.

બીજી શર્કરાપ્રભામાં નારકોની ભવધારણીય અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ અને ઉત્કૃષ્ટથી ૧૫–ધનુષ અને ૨॥ હાથ છે. ઉત્તરવૈક્રિયા જઘન્ય અંગુલનો સંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ૩૧–ધનુષ એક હાથ છે.

ત્રીજીમાં ભવધારણીય ૩૧–ધનુષ અને ૧–હાથ. ઉત્તરવૈક્રિય ૬૨–ધનુષ અને બે હાથ છે. ચોથીમાં ભવધારણીય ૬૨ ધનુષ અને બે હાથ, ઉત્તરવૈક્રિય–૧૨૫ ધનુષ છે. પાંચમીમાં ભવધારણીય ૧૨૫ ધનુષ, ઉત્તરવૈક્રિય–૨૫૦ ધનુષ છે. છઠ્ઠીમાં ભવધારણીય ૨૫૦ ધનુષ, ઉત્તરવૈક્રિય–૫૦૦ ધનુષ છે. સાતમીમાં ભવધારણીય અવગાહના–૫૦૦ ધનુષ અને ઉત્તરવૈક્રિય–૧૦૦૦ ધનુષ છે.

સૂત્ર–૧૦૩

ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વીના નૈરયિકોનું શરીર કયા સંઘયણથી કહેલ છે ? ગૌતમ ! છ સંઘયણોમાંથી એક પણ નહીં – તેઓ અસંઘયણી છે. તેમને હાડકા, શિરા, સ્નાયુ કે સંઘયણ નથી. જે અનિષ્ટ યાવત્ અમણામ પુદ્‌ગલો છે. તે તેઓને શરીર સંઘાતપણે પરિણમે છે. એ પ્રમાણે યાવત્ અધઃસપ્તમી કહેવું.

ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વીના નૈરયિકોનું શરીર કયા સંસ્થાને કહ્યું છે ? ગૌતમ ! તે બે ભેદે છે – ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીય છે, તે હુંડ સંસ્થિત છે, જે તે ઉત્તરવૈક્રિય છે, તે પણ હુંડ સંસ્થિત છે. એ રીતે અધઃસપ્તમી સુધી જાણવું.

ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વી નૈરયિકોનું શરીર કેવા વર્ણથી છે ? ગૌતમ ! કાળા–કાળી આભાવાળા યાવત્ પરમ કૃષ્ણ વર્ણથી કહ્યા છે. આ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું.

ભગવન્ ! રત્નપ્રભાપૃથ્વી નૈરયિકોનું શરીર કેવી ગંધથી યુક્ત છે ? ગૌતમ ! જેમ કોઈ સર્પનું મૃતક હોય ઇત્યાદિ પૂર્વવત્ યાવત્ અધઃસપ્તમી.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિકોનું શરીર સ્પર્શથી કેવું છે ? ગૌતમ ! ફાટેલ ચામડી અને કડચલીઓને કારણે તેમના શરીર કાંતિ રહિત છે. કર્કશ, કઠોર, છેદવાળી, બળેલી વસ્તુ માફક ખરબચડું છે, આ પ્રમાણે સાતમી પૃથ્વી સુધી કહેવું.

સૂત્ર–૧૦૪

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિકોના શ્વાસોચ્છ્‌વાસ રૂપે કેવા પુદ્‌ગલો પરિણમે છે ? ગૌતમ ! જે પુદ્‌ગલો અનિષ્ટ યાવત્ અમણામ છે, તે તેમને શ્વાસોચ્છ્‌વાસ રૂપે પરિણમે છે. આ પ્રમાણે યાવત્ અધઃસપ્તમી કહેવું. સાતે નારકીમાં આહારકથન કરવું.

ભગવન્ ! આ રત્નપ્રભાના નૈરયિકોને કેટલી લેશ્યા કહી છે ? ગૌતમ ! એક જ કાપોતલેશ્યા. એમ શર્કરાપ્રભામાં પણ છે, વાલુકાપ્રભાની પૃચ્છા–તેમાં બે લેશ્યા છે – નીલ અને કાપોત લેશ્યા. તેમાં જે કાપોતલેશ્યી છે, તે ઘણા છે, જે નીલલેશ્યી છે, તે થોડાં છે. પંકપ્રભાનો પ્રશ્ન – એક નીલલેશ્યી છે. ધૂમપ્રભાનો પ્રશ્ન – ગૌતમ ! બે લેશ્યા છે – કૃષ્ણ અને નીલ લેશ્યા. નીલલેશ્યી ઘણા જ છે અને કૃષ્ણલેશ્યી થોડા છે. તમઃપ્રભાનો પ્રશ્ન – ગૌતમ ! એક કૃષ્ણલેશ્યા છે, અધઃસપ્તમીમાં એક જ પરમકૃષ્ણલેશ્યી છે.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિકો શું સમ્યક્ દૃષ્ટિ છે, મિથ્યા દૃષ્ટિ કે સમ્યક્ મિથ્યાદૃષ્ટિ ? ગૌતમ ! સમ્યક્ દૃષ્ટિ, મિથ્યા દૃષ્ટિ, સમ્યક્ મિથ્યાદૃષ્ટિ પણ છે. આ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું.

ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વીના નૈરયિકો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! જ્ઞાની પણ, અજ્ઞાની પણ. જે જ્ઞાની છે, તે નિયમા ત્રણ જ્ઞાની છે– આભિનિબોધિક, શ્રુત, અવધિજ્ઞાની. જે અજ્ઞાની છે, તેમાં કેટલાક બે અજ્ઞાન વાળા, કેટલાક ત્રણ અજ્ઞાનવાળા છે. જે બે અજ્ઞાની છે તે નિયમા મતિ – શ્રુતઅજ્ઞાની છે. જે ત્રણ અજ્ઞાની છે, તે નિયમા મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની અને વિભંગજ્ઞાની છે. બાકી અધઃસપ્તમી સુધી ત્રણે જ્ઞાન–અજ્ઞાનવાળા છે.

ભગવન્ ! રત્નપ્રભા નૈરયિકો મનોયોગી છે, વચનયોગી છે કે કાયયોગી ? ત્રણે યોગી છે. આ પ્રમાણે અધઃ–સપ્તમી નૈરયિક સુધી કહેવું.

ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વી નૈરયિકો સાકાર ઉપયુક્ત છે કે અનાકારોપયુક્ત ? ગૌતમ ! સાકારોપયુક્ત પણ છે, અનાકારોપયુક્ત પણ. આ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું.

ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વી નૈરયિકો અવધિ વડે કેટલા ક્ષેત્રને જાણે છે ? જુએ છે ? ગૌતમ ! જઘન્યથી સાડા ત્રણ ગાઉ, ઉત્કૃષ્ટથી ચાર ગાઉ. શર્કરાપ્રભાના જઘન્ય ત્રણ ગાઉ, ઉત્કૃષ્ટ સાડા ત્રણ ગાઉ. એ રીતે અડધો–

અડધો ગાઉ ઘટે છે યાવત્ અધઃસપ્તમીમાં જઘન્ય અર્ધ ગાઉ, ઉત્કૃષ્ટ એક ગાઉ.

ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિકોને સમુદ્‌ઘાતો કેટલા છે ? ગૌતમ ! ચાર – વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય સમુદ્‌ઘાત. એ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું.

સૂત્ર–૧૦૫

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિકો કેવી ભૂખ–તરસ અનુભવતા રહે છે ? ગૌતમ ! અસત્ કલ્પનાથી માનો કે જો કોઈ એક રત્નપ્રભા પૃથ્વી નૈરયિકને બધાં સમુદ્રોનું જળ તથા બધા ખાદ્ય પુદ્‌ગલો તેના મુખમાં નાંખવામાં આવે, તો પણ તે રત્નપ્રભા પૃથ્વી નૈરયિકની ભૂખ કે તરસ શાંત ન થઈ શકે. ગૌતમ ! રત્નપ્રભા નૈરયિકો આવી ભૂખ–તરસ અનુભવે છે. આ રીતે સાતમી અધઃસપ્તમી પૃથ્વી સુધી જાણવું.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિક, એક રૂપ વિકુર્વવા કે પૃથક્ રૂપ વિકુર્વવા સમર્થ છે ? ગૌતમ ! એક અને પૃથક્ બંને પ્રકારે વિકુર્વવા સમર્થ છે. એક રૂપ વિકુર્વતા એક મોટું મુદ્‌ગર રૂપ વિકુર્વવા સમર્થ છે. એ પ્રમાણે મુસુંઢી, કરવત, તલવાર, શક્તિ, હળ, ગદા, મૂસલ, ચક્ર, બાણ, તોમર, શૂલ, લાઠી, ભિંડમાલ રૂપ વિકુર્વે છે. ઘણા રૂપ વિકુર્વતા મુદ્‌ગર યાવત્ ભિંડમાલરૂપ વિકુર્વે છે. વિકુર્વણા કરતા તેઓ સંખ્યાતની કરે – અસંખ્યાતની નહીં, સંબદ્ધની કરે – અસંબદ્ધની નહીં, સદૃશની કરે – અસદૃશની નહીં. વિકુર્વીને પરસ્પર કાયાને હણતા–હણતા વેદનાને ઉદીરે છે, તે વેદના ઉજ્જ્વલ, વિપુલ, પ્રગાઢ, કર્કશ, કટુક, કઠોર, નિષ્ઠુર, ચંડ, તીવ્ર, દુઃખ, દુર્ગ, દુરાધ્યાસ હોય છે. આ પ્રમાણે પાંચમી ધૂમપ્રભા પૃથ્વી સુધી જાણવું.

છઠ્ઠી–સાતમી પૃથ્વીમાં નૈરયિકો ઘણા મોટા લાલ કૂંથુ રૂપોને વિકુર્વે છે. જે વજ્રમય મુખવાળા, છાણના કીડા જેવા હોય છે. તે વિકુર્વીને એકબીજાના શરીરની ઉપર ચઢતા, ખાતા–ખાતા સો પર્વવાળા ઇક્ષુના કીડાની માફક અંદર જ અંદર પ્રવેશ કરતા કરતા ઉજ્જ્વલ યાવત્ અસહ્ય વેદના ઉત્પન્ન કરે છે.

ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વી નૈરયિક શું શીત વેદના વેદે છે, ઉષ્ણ વેદના વેદે છે કે શીતોષ્ણ વેદના વેદે છે? ગૌતમ ! ઉષ્ણ વેદના વેદે છે, શીત કે શીતોષ્ણ વેદના નહીં. તેઓ અલ્પતર ઉષ્ણયોનિક વેદે છે એ પ્રમાણે ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વી સુધી જાણવુ.

પંકપ્રભાની વેદનાની પૃચ્છા – ગૌતમ ! તેઓ શીત અને ઉષ્ણ વેદના વેદે છે, શીતોષ્ણ વેદના નહીં. તેમાં ઉષ્ણ વેદના ઘણા વેદે છે, શીત વેદના વેદનાર થોડા છે.

ધૂમપ્રભાની વેદનાની પૃચ્છા – ગૌતમ ! શીત વેદના પણ વેદે, ઉષ્ણ પણ વેદે. શીતોષ્ણ ન વેદે. શીત વેદના વેદનાર વધુ છે, ઉષ્ણ વેદના વેદક થોડાં છે.

તમસ્‌પ્રભા વેદનાની પૃચ્છા– માત્ર શીત વેદના વેદે છે, ઉષ્ણ કે શીતોષ્ણ વેદના નહીં, અને તમસ્તમપ્રભા નામક સાતમી પૃથ્વીના નૈરયિકો પરમ શીત વેદના વેદે છે, ઉષ્ણ કે શીતોષ્ણ વેદના નહીં.

ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વી નૈરયિક કેવા નરક ભવને અનુભવતા વિચરે છે ? ગૌતમ ! તેઓ ત્યાં નિત્ય ડરેલ, નિત્ય ત્રસિત, નિત્ય ભૂખ્યા, નિત્ય ઉદ્વિગ્ન, નિત્ય ઉપદ્રવગ્રસ્ત, નિત્ય વધિક, નિત્ય પરમ અશુભ–અતુલ–અનુબદ્ધ નરક ભવને અનુભવતા વિચરે છે. એ રીતે સાતમી અધઃસપ્તમી પૃથ્વી સુધી કહેવું.

સાતમી પૃથ્વીમાં પાંચ અનુત્તરો – અતિ વિશાળ મહાનરકો કહ્યા છે – કાળ, મહાકાળ, રૌરવ, મહારૌરવ, અપ્રતિષ્ઠાન. તેમાં આ પાંચ મહાપુરુષો અનુત્તર દંડ સમાદાન(સર્વોત્કૃષ્ટ હિંસાદિ પાપકર્મો)થી કાળ માસે કાળ કરીને અપ્રતિષ્ઠાન નરકમાં નૈરયિકપણે ઉત્પન્ન થયા છે. જમદગ્નિપુત્ર રામ, લેચ્છવિપુત્ર દઢાયુ, ઉપરિચર વસુ, કૌરવ્ય સુભૂમ, ચુલનિપુત્ર બ્રહ્મદત્ત. તેઓ ત્યાં કાળા, કાળી આભાવાળા યાવત્ વર્ણથી પરમકૃષ્ણ છે. તેઓ ત્યાં ઉજ્જ્વલ–વિપુલ–અસહ્ય વેદના વેદે છે.

ભગવન્ ! ઉષ્ણ વેદનાવાળા નરકોમાં નૈરયિકો કેવી ઉષ્ણ વેદના અનુભવતા રહે છે ?

ગૌતમ ! જેમ કોઈ કર્મારપુત્ર હોય, જે તરુણ–બળવાન–યુગવાન હોય, અલ્પાતંકી–સ્થિરાગ્રહસ્ત–દઢ હાથ–પગ–પાંસળી–પીઠ–ઉરુ સંઘાત પરિણત, લંઘન–પ્લવન–જવણ–વલ્ગન–પ્રમર્દણસમર્થ, તલ–યમલ–યુગલ–બહુ સ્ફટિક–પુષ્ટબાહુવાળા, ઘન–નિચિત–વલિત–વૃત્ત સ્કંધવાળા, ચર્મેષ્ટક–દ્રુઘણ–મૌષ્ટિક સમાહત નિચિત ગાત્રયુક્ત, અંતરના બળથી યુક્ત, છેક, દક્ષ, પ્રષ્ઠ, કુશલ, નિપુણ, મેધાવી, નિપુણ શિલ્પોપગત એક મોટા લોહપીંડને–પાણીના ઘડા સમાનને લઈને તેને તપાવી–તપાવી, કૂટી–કૂટી, કાપી–કાપીને, ચૂર્ણ બનાવી–બનાવીને યાવત્ એક, બે કે ત્રણ દિનમાં, ઉત્કૃષ્ટથી અર્ધમાસ આવું કરતા રહે. તે તેને ઠંડા કરે, તે ઠંડા લોહ ઘડાને સાણસીથી ગ્રહણ કરી અસત્ર કલ્પનાથી ઉષ્ણ વેદનાવાળા નરકમાં રાખી દે. તે વિચારે કે તેને ઉન્મેષ–નિમેષ અંતરમાં ફરી બહાર કાઢી લઈશ. પણ તે ક્ષણમાત્રમાં જ તેને ફૂટતો એવો જુએ છે. પીગળતો જુએ છે, ભસ્મીભૂત થતો જુએ છે પણ તેને અસ્ફુટિત, અગલિત અને અવિધ્વસ્ત રૂપે ફરી કાઢવામાં સમર્થ થતો નથી.

જેમ કોઈ મત્ત માતંગ હાથી કુંજર જે સાંઈઠ વર્ષનો છે. પ્રથમ શરદકાળ સમયમાં કે ચરમ નિદાઘ કાળ સમયમાં ગરમી–તૃષ્ણા કે દવાગ્નિ જ્વાલાથી હણાઈને આતુર, શુષિત, પિપાસીત, દુર્બળ, કલાંત થઈને એક મોટી પુષ્કરિણીને જુએ, જે ચતુષ્કોણ, સમતીર, અનુક્રમે સુજાત–વપ્ર–ગંભીર–શીતળ જળયુક્ત, કમળપત્ર–કંદ–મૃણાલથી ઢાંકેલ, ઘણા ઉત્પલ–કુમુદ–નલિન–સુભગ–સૌગંધિક–પુંડરીક–મહાપુંડરીક–શતપત્ર–સહસ્રપત્ર–કેસરાદિ યુક્ત છે, જેના કમળો ઉપર ભ્રમર રસપાન કરે છે. જે સ્વચ્છ–નિર્મળ–જળથી પૂર્ણ, જેમાં ઘણા કાચબા–મત્સ્ય અહીં–તહીં ઘૂમે છે, અનેક પક્ષીગણ મિથુનક વિરચિત શબ્દોથી જે મધુર સ્વરે શબ્દાયમાન થઈ રહેલી પુષ્કરિણીને જુએ છે, જોઈને પ્રવેશે છે. પછી ત્યાં ગરમી–તૃષા–ભૂખ–જ્વર–દાહને શાંત કરે. ત્યાં નિદ્રા લે, વધુ નિદ્રા લે, સ્મૃતિ–રતિ–ધૃતિ–મતિને પ્રાપ્ત કરે, ઠંડો થઈને અતિ શાંતિને અનુભવતા, ઘણા શાતા સૌખ્યને અનુભવતા વિચરે

આ પ્રમાણે હે ગૌતમ ! અસત્ કલ્પનાથી ઉષ્ણ વેદનીય નરકોથી નીકળી કોઈ નૈરયિક જીવ અહીં મનુષ્યલોકમાં ગોળ પકાવવાની, શરાબ બનાવવાની, બકરીની લીંડીવાળી ભઠ્ઠીમાં લોઢું–તાંબું–તરવા–સીસુ–રૂપું–સુવર્ણ–હિરણ્ય–કુંભારની ભઠ્ઠીમાં, મૂસ–ઈંટ–કવેલુ પકાવવાની ભઠ્ઠીનો અગ્નિ, લુહારની ભઠ્ઠી–શેરડીના વાડની ચુલ્લી – તલ તુષ કે વાંસ, આ બધાની અગ્નિનું જે સ્થાન છે, જે તપ્ત છે, તપીને અગ્નિ તુલ્ય થઈ ગયું છે, ફૂલેલા પલાશના ફૂલ માફક લાલ છે, જેમાંથી હજારો ઉલકા નીકળી રહી છે. હજારો જ્વાલા કે અંગારા નીકળે છે, અતિ જાજ્વલ્યમાન છે, અંદર–અંદર ધગધગે છે. તેવા સ્થાનને જોઈને તેમાં નૈરયિક જીવ પ્રવેશ કરે, તો પ્રવેશીને પોતાની ઉષ્ણતા–તૃષા–ક્ષુધા–તાહ આદિને દૂર કરી દે છે, પછી ત્યાં નિદ્રા, ગાઢ નિદ્રા લેતો સ્મૃતિ–રતિ–ધૃતિ–મતિને પામે છે. શીત–શીતીભૂત થઈ, ધીમે–ધીમે ત્યાંથી નીકળતા અત્યંત સુખ–શાંતાનો અનુભવ કરે છે.

હે ભગવન્ ! શું નારકોની આવી ઉષ્ણ વેદના છે ? ના, આ અર્થ સમર્થ નથી. ગૌતમ ! નરકમાં નૈરયિકની ઉષ્ણ વેદના આનાથી અનિષ્ટતરક આદિને અનુભવતો વિચરે છે.

ભગવન્ ! શીત વેદનીય નરકોમાં નૈરયિક જીવ કેવી શીત વેદનાનો અનુભવ કરે છે? ગૌતમ ! જેમ કોઈ કર્મારપુત્ર તરુણ, યુગવાન, બલવાન હોય યાવત્ કુશળ શિલ્પી નિર્મિત એક મોટા પાણીના ઘડા સમાન લોહપીંડને તપાવી–તપાવી, કુટ્ટી–કુટ્ટી જઘન્યથી એક–બે કે ત્રણ દિન, ઉત્કૃષ્ટથી એક માસ સુધી પૂર્વવત્ બધી ક્રિયા કરે, પછી તે ઉષ્ણ–ઉષ્ણીભૂત ગોળાને લોઢાની સાણસીથી પકડી, અસત્ કલ્પનાથી તેને શીત વેદનીય નરકમાં નાંખે, 'હું હમણા ઉન્મેષ–નિમેષ સમય માત્રમાં તેને કાઢી લઈશ.' એમ વિચારે પણ યાવત્ તેને અસ્ફૂટિત રૂપે કાઢવામાં સફળ થતો નથી. ઈત્યાદિ પૂર્વવત્. મત્ત હાથીનું દૃષ્ટાંત પણ પૂર્વવત્.

આ પ્રમાણે હે ગૌતમ ! અસત્ કલ્પનાથી શીત વેદનાવાળા નરકોથી નીકળેલ નૈરયિક આ મનુષ્યલોકમાં જે

શીતપ્રધાન સ્થાન છે. જેમ કે – હિમ–હિમપુંજ–હિમ પટલ–હિમપટલપુંજ, તુષાર–તુષારપુંજ, હિમકુંડ–હિમકુંડપુંજ આદિને જુએ, જોઈને તેમાં પ્રવેશ કરે. પ્રવેશીને ત્યાં તે પોતાની શીત–તૃષા–ભૂખ–જ્વર–દાહને દૂર કરી શાંતિ અનુભવી નિદ્રા–ગાઢ નિદ્રા લેતો ઉષ્ણ – અતિ ઉષ્ણ થઈ, ત્યાંથી ધીમે–ધીમે નીકળીને શાતા–સુખને અનુભવે છે. હે ગૌતમ ! શીતવેદનીય નરકોમાં નૈરયિક આનાથી પણ અનિષ્ટતર શીતવેદનાને અનુભવે છે.

### સૂત્ર–૧૦૬, ૧૦૭

**૧૦૬.** ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિકોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પ્રજ્ઞાપના સૂત્રના ચોથા સ્થિતિ પદ અનુસાર અધઃસપ્તમીપૃથ્વી સુધી સ્થિતિ કહેવી.

**૧૦૭.** ભગવન્! આ રત્નપ્રભા નૈરયિક અનંતર ઉદ્વર્તીને(મરીને) ક્યાં જાય છે ક્યાં ઉપજે છે ? શું નૈરયિકોમાં કે તિર્યંચયોનિકોમાં ઉપજે છે ?. જેમ વ્યુત્ક્રાંતિ પદમાં છે તેમ અહીં પણ અધઃસપ્તમી પૃથ્વી સુધી ઉદ્વર્તના કહેવી.

### સૂત્ર–૧૦૮ થી ૧૧૬

**૧૦૮.** ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વી નૈરયિક કેવા પૃથ્વી સ્પર્શને અનુભવતા વિચરે છે ? ગૌતમ ! અનિષ્ટ યાવત્ અમણામ. આ પ્રમાણે અધઃસપ્તમી પૃથ્વી સુધી જાણવું.

ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વી નૈરયિક કેવા જળ સ્પર્શ અનુભવતા વિચરે છે ? ગૌતમ ! અનિષ્ટ યાવત્ અમણામ. એ રીતે અધઃસપ્તમી સુધી જાણવું. આ પ્રમાણે અગ્નિ, વાયુ અને વનસ્પતિના સ્પર્શના વિષયમાં રત્નપ્રભા પૃથ્વીથી અધ:સપ્તમી પૃથ્વી સુધીના નૈરયિકના વિષયમાં કહેવું.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી, બીજી પૃથ્વી અપેક્ષાએ બાહલ્ય(જાડાઈ)માં સૌથી મોટી અને સર્વ અંતોમાં અર્થાત લંબાઈ–પહોળાઈમાં સૌથી નાની છે ? હા, ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વી, બીજી પૃથ્વીની અપેક્ષાએ જાડાઈમાં બીજી પૃથ્વી કરતા અધિક અને લંબાઈ–પહોળાઈમાં સૌથી નાની છે.

ભગવન્ ! બીજી પૃથ્વી, ત્રીજી પૃથ્વીની અપેક્ષાથી યાવત્ સર્વાંતથી સૌથી ક્ષુદ્ર છે? હા, ગૌતમ ! તેમજ છે. આ આલાવાથી યાવત્ છઠ્ઠી પૃથ્વીની જાડાઈ સાતમી પૃથ્વીથી અધિક અને લંબાઈ–પહોળાઈમાં સૌથી નાની છે.

**૧૦૯.** ભગવન્ ! આ રત્નપ્રભાના નરકાવાસોના અંતર્વર્તી પ્રદેશોમાં જે પૃથ્વી યાવત્ વનસ્પતિકાયિક જીવ છે, તે મહાકર્મી–મહાક્રિયાવાળા, મહાઆસ્રવવાળા, મહાવેદનાવાળા છે શું ? હા, ગૌતમ ! તેમ જ છે, આ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું.

**૧૧૦.** ભગવન્ ! આ રત્નપ્રભાના ૩૦ લાખ નરકાવાસોમાં એક એક નરકાવાસમાં બધા પ્રાણો(**વિકલેન્દ્રીય**), બધા ભૂતો(**વનસ્પતિ**), બધા જીવો(**પંચેન્દ્રિય**), બધા સત્ત્વો(**પૃથ્વી–અપ–તેઉ–વાયુ**) પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિકપણે અને નૈરયિકપણે પૂર્વે ઉત્પન્ન થયા છે શું ? હા, ગૌતમ ! અનેકવાર કે અનંતવાર ઉત્પન્ન થયા છે, એ પ્રમાણે યાવત્ અધઃસપ્તમી પૃથ્વી સુધી કહેવું. વિશેષ એ કે – જેને જેટલા નરકાવાસ છે, તેનો ઉલ્લેખ કરવો.

આ ઉદ્દેશામાં (**ગાથા ૧૧૧ થી ૧૧૫ મુજબ**) આટલા વિષયો પ્રતિપાદિત થયા છે–

**૧૧૧.** પૃથ્વીની સંખ્યા, કેટલા ક્ષેત્રમાં અવગાહિત છે ? નરકનું સંસ્થાન, બાહલ્ય, વિષ્કંભ, પરિક્ષેપ, વર્ણ, ગંધ અને સ્પર્શ.

**૧૧૨.** નરકોની વિસ્તીર્ણતા બતાવવા દેવની ઉપમા, જીવ અને પુદ્‌ગલોની વ્યુત્ક્રાંતિ, શાશ્વતાદિ પ્રરૂપણા.

**૧૧૩.** ઉપપાત, પરિમાણ, અપહાર, ઉચ્ચત્વ, સંઘયણ, સંસ્થાન, વર્ણ–ગંધ–સ્પર્શ, ઉચ્છ્‌વાસ, આહાર.

**૧૧૪.** લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગ, સમુદ્‌ઘાત, ક્ષુધા, તૃષા, વિકુર્વણા, વેદના, ભય.

**૧૧૫.** પાંચ મહાપુરુષોનો ઉપપાત, બે પ્રકારની વેદના, ઉદ્વર્તના, પૃથ્વીનો સ્પર્શ, સર્વે જીવોનો ઉપપાત.

**૧૧૬.** આ સંગ્રહણી ગાથાઓ છે.

## પ્રતિપત્તિ–૩ 'નૈરયિક' – ઉદ્દેશો–૩

### સૂત્ર–૧૧૭ થી ૧૨૯

**૧૧૭.** ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નૈરયિક કેવા પ્રકારના પુદ્‌ગલ પરિણામોને અનુભવતા વિચરે છે ? ગૌતમ ! અનિષ્ટ યાવત્ અમણામ. એ રીતે અધઃસપ્તમી સુધી જાણવું.

**૧૧૮.** આ સાતમી પૃથ્વીમાં પ્રાયઃ નરવૃષભ, વાસુદેવ, જલચર, માંડલિક, રાજા અને મહારંભી ગૃહસ્થ ઉત્પન્ન થાય છે.

**૧૧૯.** નારકોમાં અંતર્મુહૂર્ત, તિર્યંચ અને મનુષ્યોમાં ચાર અંતર્મુહૂર્ત, દેવોમાં અર્ધમાસ ઉત્કૃષ્ટ વિકુર્વણા કાળ કહ્યો છે.

**૧૨૦.** જે પુદ્‌ગલ અનિષ્ટ છે, તે નિયમા તેઓ આહાર કરે છે તેમનું સંસ્થાન નિયમા જઘન્ય અને હુંડ જાણવું.

**૧૨૧.** બધા નૈરયિકોની વિકુર્વણા અશુભ જ હોય છે. વૈક્રિય શરીર પણ અસંહનનયુક્ત અને હુંડ સંસ્થાન હોય છે.

**૧૨૨.** સર્વે નરક પૃથ્વીઓમાં અને કોઈપણ સ્થિતિવાળા નૈરયિકનો જન્મ અને નરકભવ અશાતાવાળો અને દુઃખમય હોય છે.

**૧૨૩.** નૈરયિક જીવમાં કોઈ જીવ ઉપપાત સમયે, પૂર્વ સાંગતિક દેવના નિમિત્તે, કોઈ શુભ અધ્યવસાયથી અથવા કર્માનુભાવથી સાતાનું વેદન કરે છે.

**૧૨૪.** સેંકડો વેદનાથી અવગાઢ હોવાથી દુઃખોથી વ્યાપ્ત નારક ઉત્કૃષ્ટ ૫૦૦ યોજન ઉછળે છે.

**૧૨૫.** રાત–દિન દુઃખોથી પચતા નૈરયિકોને નરકમાં પલક ઝપકાવવા માત્ર કાળ પણ સુખ નથી, સદા દુઃખી જ રહે છે.

**૧૨૬.** તૈજસ–કાર્મણ શરીર, સૂક્ષ્મ શરીર અને અપર્યાપ્તા જીવો દ્વારા મૂકાતા શરીર હજારો ખંડોમાં ખંડિત થઈ વિખરાય છે.

**૧૨૭.** નરકોમાં નૈરયિકોને અતિશીત–અતિઉષ્ણ–અતિ તૃષા, અતિ ભૂખ, અતિ ભય અને સેંકડો દુઃખ નિરંતર રહે છે.

**૧૨૮.** આ ગાથાઓમાં ભિન્ન મુહૂર્તો, પુદ્‌ગલ, અશુભ, અશાતા, ઉપપાત, ઉત્પાત, અક્ષી, શરીરનું વર્ણન છે.

**૧૨૯.** તે આ નૈરયિકોનું વર્ણન થયું.

પ્રતિપત્તિ-૩-નરકોદ્દેશક નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# પ્રતિપત્તિ–૩ ' તિર્યંચ અધિકાર'

## પ્રતિપત્તિ-૩ 'તિર્યંચ' - ઉદ્દેશો-૧

સૂત્ર–૧૩૦

ભગવન્ ! તે તિર્યંચયોનિક શું છે ? ગૌતમ ! તે પાંચ ભેદે છે – એકેન્દ્રિય તિર્યંચયોનિક, બેઇન્દ્રિય તિર્યંચ યોનિક, તેઇન્દ્રિય તિર્યંચયોનિક, ચઉરિન્દ્રિય તિર્યંચયોનિક, પંચેન્દ્રિય તિર્યંચયોનિક.

ભગવન્ ! તે એકેન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? ગૌતમ ! તે પાંચ ભેદે છે, તે આ– પૃથ્વીકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક યાવત્ વનસ્પતિકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક.

ભગવન્ ! તે પૃથ્વીકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? ગૌતમ ! તે બે ભેદે છે, તે આ – સૂક્ષ્મ પૃથ્વી એકેન્દ્રિય તિર્યંચ યોનિક અને બાદર પૃથ્વી એકેન્દ્રિય તિર્યંચયોનિક છે.

ભગવન્ ! તે સૂક્ષ્મ પૃથ્વી એકેન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? ગૌતમ ! તે બે ભેદે છે, તે આ – પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી એકેન્દ્રિય તિર્યંચ યોનિક, અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી એકેન્દ્રિય તિર્યંચ યોનિક. તે સૂક્ષ્મ કહ્યા.

ભગવન્ ! તે બાદર એકેન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? ગૌતમ ! તે બે ભેદે છે, તે આ – પર્યાપ્ત બાદર એકેન્દ્રિય તિર્યંચયોનિક, અપર્યાપ્ત બાદર એકેન્દ્રિય તિર્યંચયોનિક. તે બાદર પૃથ્વીકાય કહ્યા. તે એકેન્દ્રિય કહ્યા.

ભગવન્ ! તે અપ્કાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? ગૌતમ ! તે બે ભેદે છે. એ પ્રમાણે પૃથ્વીકાયિકવત્ કહેવું. એમ વાયુકાયિક૦ યાવત્ વનસ્પતિકાયિકના ભેદો કહેવા. આ વનસ્પતિકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક કહ્યા.

ભગવન્ ! તે બેઇન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? ગૌતમ ! તે બે ભેદે છે, તે આ – પર્યાપ્તક બેઇન્દ્રિય તિર્યંચયોનિક અને અપર્યાપ્તક બેઇન્દ્રિય તિર્યંચયોનિક. એ રીતે ચઉરિન્દ્રિય સુધી કહેવું.

ભગવન્ ! તે પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? ત્રણ ભેદે છે, તે આ – જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો, સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો અને ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો.

ભગવન્ ! તે જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો શું છે ? ગૌતમ ! તે બે ભેદે છે – સંમૂર્છિમ જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને ગર્ભજ જલચર તિર્યંચયોનિક. તે સંમૂર્છિમ જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? ગૌતમ ! તે બે ભેદે છે. તે આ – પર્યાપ્ત સંમૂર્છિમ૦ અપર્યાપ્ત સંમૂર્છિમ૦ આ સંમૂર્છિમ જલચર પંચેન્દ્રિય તિર્યંચ કહ્યા.

ભગવન્ ! તે ગર્ભવ્યુત્ક્રાંતિક જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? ગૌતમ ! તે બે ભેદે છે, તે આ – પર્યાપ્ત ગર્ભજ૦ અપર્યાપ્ત–ગર્ભજ૦ તે ગર્ભવ્યુત્ક્રાંતિક જલચર પંચેન્દ્રિય તિર્યંચ કહ્યા. આ જલચર પંચેન્દ્રિય તિર્યંચ કહ્યા.

ભગવન્ ! તે આ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ શું છે ? ગૌતમ ! ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ બે ભેદે છે, તે આ – સંમૂર્છિમ૦ અને ગર્ભ વ્યુત્ક્રાંતિક ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક. જલચરોની માફક તે રીતે ચાર ભેદો કહેવા. તે આ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ કહ્યા.

ભગવન્ ! તે પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? ગૌતમ ! તે બે ભેદે છે, તે આ – ઉરગ પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને ભુજગ પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક. તે ઉરગ પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? ગૌતમ ! તે બે ભેદે છે, તે આ – જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક ની માફક ચાર ભેદો કહેવા. આ રીતે ભુજગ પરિસર્પને પણ કહેવા. તે ભુજગ પરિસર્પ કહ્યા. તે સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક કહ્યા.

ભગવન્ ! તે ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? બે ભેદે છે – સંમૂર્છિમ૦ અને ગર્ભ વ્યુત્ક્રાંતિક ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક. તે સંમૂર્છિમ ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? તે બે ભેદે છે, તે આ – પર્યાપ્તા અને અપર્યાપ્તા સંમૂર્છિમ ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક. એ પ્રમાણે ગર્ભવ્યુત્ક્રાંતિક પણ જાણવા યાવત્ પર્યાપ્ત ગર્ભ

વ્યુત્ક્રાંતિક યાવત્ અપર્યાપ્ત ગર્ભ વ્યુત્ક્રાંતિક.

ભગવન્ ! ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોનો યોનિસંગ્રહ, કેટલા પ્રકારે છે ? ગૌતમ ! ત્રણ ભેદે છે, તે આ – અંડજ, પોતજ, સંમૂર્ચ્છિમ. અંડજ ત્રણ ભેદે છે – સ્ત્રી, પુરુષ, નપુંસક. પોતજ ત્રણ ભેદે છે – સ્ત્રી, પુરુષ, નપુંસક. તેમાં જે સંમૂર્ચ્છિમો છે, તે બધાં નપુંસકો છે.

સૂત્ર–૧૩૧

ભગવન્ ! આ ખેચર પંચેન્દ્રિય તિર્યંચ જીવોને કેટલી લેશ્યાઓ કહી છે ? ગૌતમ ! છ લેશ્યાઓ કહી છે, તે આ – કૃષ્ણ યાવત્ શુક્લ લેશ્યા.

ભગવન્ ! ખેચર પંચેન્દ્રિય તિર્યંચ જીવો શું સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે ? ગૌતમ ! તેઓ સમ્યગ્દૃષ્ટિ પણ છે, મિથ્યાદૃષ્ટિ પણ છે, સમ્યગ્મિથ્યાદૃષ્ટિ પણ છે.

ભગવન્ ! ખેચર પંચેન્દ્રિય તિર્યંચ જીવો જ્ઞાની છે કે અજ્ઞાની છે ? ગૌતમ ! તેઓ જ્ઞાની પણ છે, અજ્ઞાની પણ છે. ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ છે.

ભગવન્ ! ખેચર પંચેન્દ્રિય તિર્યંચ જીવો મનોયોગી – વચનયોગી – કાયયોગી છે? ગૌતમ! ત્રણે પણ છે.

ભગવન્ ! ખેચર પંચેન્દ્રિય તિર્યંચ જીવો સાકારોપયુક્ત છે કે અનાકારોપયુક્ત ? ગૌતમ ! સાકાર–અનાકાર બંને ઉપયુક્ત છે.

ભગવન્ ! ખેચર પંચેન્દ્રિય તિર્યંચ જીવો ક્યાંથી આવીને ઉપજે છે ? નૈરયિકથી કે તિર્યંચયોનિકથી આવીને ઉપજે ? ગૌતમ ! અસંખ્યાત વર્ષાયુષ્ક, અકર્મભૂમક, અંતર્દ્વીપકને વર્જીને ઉપજે છે.

ભગવન્ ! ખેચર પંચેન્દ્રિય તિર્યંચ જીવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાત ભાગ.

ભગવન્ ! ખેચર પંચેન્દ્રિય તિર્યંચ જીવોને કેટલા સમુદ્‌ઘાતો કહ્યા છે ? ગૌતમ ! પાંચ સમુદ્‌ઘાતો કહ્યા છે. તે આ – વેદના યાવત્ તૈજસ સમુદ્‌ઘાત.

ભગવન્ ! ખેચર પંચેન્દ્રિય તિર્યંચ જીવો મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત થઈ મરે છે કે અસમવહત થઈ મરે છે ? ગૌતમ ! તેઓ બંને રીતે મરે છે.

ભગવન્ ! ખેચર પંચેન્દ્રિય તિર્યંચ જીવો અનંતર ઉદ્વર્તીને(મરીને) ક્યાં જાય છે ? ક્યાં ઉપજે છે ? શું નૈરયિકોમાં ઉપજે છે કે તિર્યંચયોનિકોમાં ? ગૌતમ ! એ પ્રમાણે ઉદ્વર્તના કહેવી જેમ વ્યુત્ક્રાંતિપદમાં કહી છે.

ભગવન્ ! ખેચર પંચેન્દ્રિય તિર્યંચ જીવોની કેટલી લાખ જાતિ કુલ કોડી યોનિ પ્રમુખ કહ્યા છે ? ગૌતમ ! બાર લાખ જાતિકુલ કોડી પ્રમુખ છે.

ભગવન્ ! ભુજ પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોનો કેટલા ભેદે યોનિસંગ્રહ કહ્યો છે ? ગૌતમ ! ત્રણ ભેદે છે, તે આ– અંડજ, પોતજ, સંમૂર્ચ્છિમ. એ પ્રમાણે ખેચરોમાં કહ્યા મુજબ અહીં કહેવું. વિશેષ એ – સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી. ઉદ્વર્તીને બે નરક સુધી જાય છે. તેની નવ લાખ જાતિ કુલકોડી કહી છે, બાકી પૂર્વવત્.

ભગવન્ ! ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકની પૃચ્છા. ભુજગ પરિસર્પવત્ કહેવું. વિશેષ એ – સ્થિતિ, જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી. ઉદ્વર્તીને પાંચમી પૃથ્વી સુધી જાય. તેમની દશ લાખ જાતિ કુલકોડી છે.

ભગવન્ ! ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકની પૃચ્છા. ગૌતમ ! તે બે ભેદે છે – જરાયુજ (પોતજ) અને સંમૂર્ચ્છિમ. તે જરાયુજ શું છે ? ત્રણ ભેદે છે – સ્ત્રી, પુરુષ, નપુંસક. સંમૂર્ચ્છિમો નપુંસક છે.

ભગવન્ ! ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચજીવોને કેટલી લેશ્યાઓ કહી છે ? ગૌતમ ! સર્વ કથન ખેચર (પક્ષી)ની માફક કહેવું. વિશેષ એ કે – સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ, ઉદ્વર્તીને ચોથી નરક સુધી

જાય છે. દશ લાખ જાતિ કુલકોડી છે.

ભગવન્ ! જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની પૃચ્છા. ગૌતમ !ભુજપરિસર્પ મુજબ કહેવું. વિશેષ એ – ઉદ્વર્તીને અધઃસપ્તમી નરક સુધી જાય. સાડા બાર લાખ કુલકોડી યોનિ પ્રમુખ યાવત્ કહી છે.

ભગવન્ ! ચતુરિન્દ્રિયની કેટલી જાતિ કુલ કોડી યોનિ પ્રમુખ કહી છે ? ગૌતમ! નવ લાખ જાતિ કુલ કોડી પ્રમુખ યાવત્ કહી છે.

ભગવન્ ! તેઈન્દ્રિયોની પૃચ્છા૦ ગૌતમ ! આઠ લાખ જાતિ કુલ કોડી પ્રમુખ યાવત્ કહી છે.

ભગવન્! બેઈન્દ્રિયોની પૃચ્છા૦? ગૌતમ ! સાત લાખ જાતિ કુલકોડી પ્રમુખ યાવત્ કહી છે.

સૂત્ર–૧૩૨

ભગવન્ ! ગંધાંગ કેટલા કહ્યા છે ? ગંધશત કેટલા છે ? ગૌતમ ! સાત ગંધાંગ, સાત ગંધશત કહેલ છે.

ભગવન્ ! ફૂલોની કેટલા લાખ જાતિકુલ કોડી યોનિ પ્રમુખ કહી છે ? ગૌતમ ! ૧૬ લાખ. તે આ – ચાર લાખ જલજ પુષ્પોની, ચાર લાખ સ્થલજ પુષ્પોની, ચાર લાખ મહાવૃક્ષોના ફૂલોની, ચાર લાખ મહાગુલ્મિક ફૂલોની.

ભગવન્ ! વલ્લી અને વલ્લીશત કેટલા પ્રકારે છે ? ગૌતમ ! ચાર વલ્લી, ચાર વલ્લીશત છે.

ભગવન્ ! લતા કેટલી છે, લતાશત કેટલા છે ? આઠ લતા અને આઠ લતાશત છે.

ભગવન્ ! હરિતકાય અને હરિતકાયશત કેટલા છે ? ગૌતમ ! ત્રણ હરિતકાય, ત્રણ હરિતકાયશત કહેલ છે. બિંટબદ્ધ ફળના હજાર પ્રકાર, નાલબદ્ધ ફળના હજાર પ્રકાર, એ બધાં હરિતકાયમાં સમાવિષ્ટ છે. આ પ્રમાણે સૂત્ર દ્વારા સ્વયં સમજવાથી, બીજા દ્વારા સૂત્રમાં સમજાવવાથી, ચિંતન કરવાથી, પુનઃ પર્યાલોચન કરવાથી આ બધા ત્રસ અને સ્થાવર કાયોમાં સમાવિષ્ટ થાય છે. આ પ્રમાણે પૂર્વાપર વિચારણાથી આજીવિક દૃષ્ટાંતથી ૮૪–લાખ જાતિ કુલ કોડી યોનિ પ્રમુખ થાય છે, તેમ જિનવરોએ કહેલ છે.

સૂત્ર–૧૩૩

ભગવન્ ! શું સ્વસ્તિક, સ્વસ્તિકાવર્ત્ત, સ્વસ્તિકપ્રભ, સ્વસ્તિકકાંત, સ્વસ્તિકવર્ણ, સ્વસ્તિકલેશ્ય, સ્વસ્તિક–ધ્વજ, સ્વસ્તિકશૃંગાર, સ્વસ્તિકકૂટ, સ્વસ્તિકશિષ્ટ, સ્વસ્તિકોત્તરાવતંસક નામક વિમાન છે ? હા, ગૌતમ ! છે.

ભગવન્ ! તે વિમાનો કેટલા મોટા છે ? ગૌતમ ! જેટલે દૂર સૂર્ય ઉદિત થાય છે, જેટલે દૂર સૂર્ય અસ્ત થાય છે. એવા ત્રણ અવકાશાંતર પ્રમાણ ક્ષેત્ર, કોઈ દેવનો એક પદ ન્યાસ હોય અને તે દેવ તે ઉત્કૃષ્ટ, ત્વરિત યાવત્ દિવ્ય દેવગતિથી ચાલતા–ચાલતા યાવત્ એક કે બે દિવસ, ઉત્કૃષ્ટ છ માસ ચાલે, તો કેટલાક વિમાનો પાર કરી શકે છે અને કેટલાક વિમાનો પાર પામી શકતા નથી. ગૌતમ ! આટલા મોટા તે વિમાનો કહ્યા છે.

ભગવન્ ! શું અર્ચિ, અર્ચિરાવર્ત્ત આદિ યાવત્ અર્ચિરાવતંસક નામ વિમાન છે ? હા, છે. તે વિમાન કેટલા મોટા છે ? ગૌતમ ! સ્વસ્તિકાદિ વિમાનવત્ કહેવું. વિશેષ એ–અહી દેવનું પગલું પાંચ અવકાશાંતર કહેવો. બાકી પૂર્વવત્.

ભગવન્ ! શું કામ, કામાવર્ત્ત યાવત્ કામોત્તરાવતંસક વિમાનો છે ? હા, ગૌતમ ! છે.

ભગવન્ ! તે વિમાનો કેટલા મોટા છે? ગૌતમ! સ્વસ્તિકાદિ વિમાનવત્ કહેવું. વિશેષ આ – સાત અવકાશાંતર પદન્યાસ કહેવો. બાકી પૂર્વવત્.

ભગવન્! વિજય, વૈજયંત, જયંત, અપરાજિત નામક વિમાનો છે ? હા, છે.

ભગવન્! તે વિમાનો કેટલા મોટા છે ? ગૌતમ ! યાવત્ જેટલા દૂરથી સૂર્ય ઉદય૦ એટલા નવ અવકાશાંતર કહેવા. બાકી પૂર્વવત્. કેટલાક વિમાનોને પાર કરી શકાતા નથી.

હે આયુષ્યમાન્ શ્રમણ! આટલા મોટા તે વિમાનો કહ્યા છે.

## પ્રતિપત્તિ–૩ ' તિર્યંચ' – ઉદ્દેશો–૨

સૂત્ર–૧૩૪

હે ભગવન્ ! સંસારી જીવો કેટલા ભેદે છે ? ગૌતમ ! છ ભેદે છે, તે આ – પૃથ્વીકાયિક યાવત્ ત્રસકાયિક.

ભગવન્ ! તે પૃથ્વીકાયિકો શું છે ? તે બે ભેદે છે – સૂક્ષ્મ પૃથ્વીકાયિક. અને બાદર પૃથ્વીકાયિક.

ભગવન્ ! તે સૂક્ષ્મ પૃથ્વીકાયિક શું છે ? તે બે ભેદે છે– પર્યાપ્તક અને અપર્યાપ્તક. તે સૂક્ષ્મ પૃથ્વીકાયિક કહ્યા.

ભગવન્ ! તે બાદર પૃથ્વીકાયિક શું છે ? તે બે ભેદે છે – પર્યાપ્તક અને અપર્યાપ્તક. એ પ્રમાણે પ્રજ્ઞાપનાપદમાં કહ્યા મુજબ કહેવું. શ્લક્ષ્ણ પૃથ્વીકાય સાત ભેદે છે. ખર પૃથ્વીકાયિક અનેક ભેદે છે. યાવત્ તે પૃથ્વીકાય પ્રત્યેક શરીરી અને અસંખ્યાત છે. તે બાદર પૃથ્વીકાયિક કહ્યા. તે પૃથ્વીકાયિક કહ્યા.

એ પ્રમાણે વનસ્પતિકાયિક સુધીનું સંપૂર્ણ વર્ણન પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે તેમ જ બધું કહેવું. એ પ્રમાણે યાવત્ જ્યાં એક વનસ્પતિકાય છે, ત્યાં કદાચ સંખ્યાત, કદાચ અસંખ્યાત, કદાચ અનંત વનસ્પતિકાયિક જાણવા. તે બાદર વનસ્પતિકાયિક કહ્યા. તે વનસ્પતિકાયિક કહ્યા.

ભગવન્ ! તે ત્રસકાયિક શું છે ? તે ચતુર્વિધ છે. તે આ – બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય.

ભગવન્ ! તે બેઈન્દ્રિયો શું છે ? તે અનેક ભેદે છે. એ પ્રમાણે જેમ પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું, તે બધું સર્વાર્થસિદ્ધ દેવો સુધી સંપૂર્ણ કહેવું. તે અનુત્તરોપપાતિક કહ્યા.

આ પ્રમાણે દેવો કહ્યા, એ રીતે પંચેન્દ્રિયોનું વર્ણન પૂરું થયું.

સૂત્ર–૧૩૫, ૧૩૬

**૧૩૫.** ભગવન્ ! પૃથ્વી કેટલા ભેદે છે ? ગૌતમ ! છ ભેદે છે – શ્લક્ષ્ણ પૃથ્વી, શુદ્ધ પૃથ્વી, વાલુકા પૃથ્વી, મનોશિલા પૃથ્વી, શર્કરા પૃથ્વી અને ખર પૃથ્વી.

ભગવન્ ! શ્લક્ષ્ણ પૃથ્વીની કેટલી કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૧૦૦૦ વર્ષ.

શુદ્ધ પૃથ્વીનો પ્રશ્ન. ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૧૨,૦૦૦ વર્ષ.

વાલુકા પૃથ્વીનો પ્રશ્ન. ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૧૪,૦૦૦ વર્ષ.

મનોશિલા પૃથ્વીનો પ્રશ્ન. ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૧૬,૦૦૦ વર્ષ.

શર્કરા પૃથ્વીનો પ્રશ્ન. ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૧૮,૦૦૦ વર્ષ.

ખર પૃથ્વીનો પ્રશ્ન. ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષની સ્થિતિ જાણવી.

ભગવન્ ! નૈરયિકોની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩–સાગરોપમ સ્થિતિ. એ પ્રમાણે સર્વાર્થસિદ્ધ દેવ સુધી બધું જ પ્રજ્ઞાપના સૂત્રાનુસાર કહેવું.

ભગવન્ ! જીવ, જીવરૂપે કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! સર્વકાળ રહે.

ભગવન્ ! પૃથ્વીકાય, પૃથ્વીકાયરૂપે કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ! સર્વકાળ. એમ ત્રસકાયિક સુધી કહેવું.

**૧૩૬.** ભગવન્ ! પ્રત્યુત્પન્ન પૃથ્વીકાયિક કેટલા કાળમાં નિર્લેપ થઈ શકે છે ? ગૌતમ ! જઘન્ય પદે અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણી, ઉત્કૃષ્ટપદે પણ અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણી. અહીં જઘન્યપદથી ઉત્કૃષ્ટપદમાં અસંખ્યાતગણી અધિકતા જાણવી. આ પ્રમાણે પ્રત્યુત્પન્ન વાયુકાયિક સુધી કહેવું.

ભગવન્ ! પ્રત્યુત્પન્ન વનસ્પતિકાયિક કેટલા કાળે નિર્લેપ થાય ? ગૌતમ ! જઘન્ય પદે કે ઉત્કૃષ્ટ પદે તેઓ કદિ ખાલી થતા નથી. , પ્રત્યુત્પન્ન વનસ્પતિકાયિકનો નિર્લેપન કાળ નથી – તે કદી નિર્લેપ ન થાય.

પ્રત્યુત્પન્ન ત્રસકાયિકનો પ્રશ્ન. જઘન્ય પદે સાગરોપમ શત–પૃથક્ત્વ, ઉત્કૃષ્ટ પદે પણ સાગરોપમ શત–પૃથક્ત્વ. પરંતુ જઘન્ય પદથી ઉત્કૃષ્ટ પદને વિશેષાધિક જાણવું.

સૂત્ર–૧૩૭

ભગવન્ ! અવિશુદ્ધ લેશ્યી અણગાર અસમવહત આત્માથી અવિશુદ્ધલેશ્યી દેવ, દેવી અણગારને જાણે છે? જુએ છે ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

ભગવન્ ! અવિશુદ્ધલેશ્યી અણગાર અસમવહત આત્મા દ્વારા વિશુદ્ધલેશ્યી દેવ, દેવી, અણગારને જાણે છે ? જુએ છે ? ગૌતમ! આ અર્થ સમર્થ નથી.

ભગવન્ ! અવિશુદ્ધલેશ્યી અણગાર સમવહત થઈ આત્મા દ્વારા અવિશુદ્ધલેશ્યી દેવ, દેવી, અણગારને જુએ છે? જાણે છે? ગૌતમ! આ અર્થ સમર્થ નથી. અવિશુદ્ધલેશ્યી અણગાર સમવહત થઈ આત્મા વડે વિશુદ્ધલેશ્યી દેવ, દેવી, અણગારને જુએ છે ? જાણે છે ? ના, તે અર્થ સમર્થ નથી.

ભગવન્ ! અવશુદ્ધલેશ્યી અણગાર સમવહત કે અસમવહત થઈ આત્મા વડે અવિશુદ્ધલેશ્યી દેવ, દેવી, અણગાર ને જાણે છે ? જુએ છે ? ના, તે અર્થ સમર્થ નથી.

અવિશુદ્ધ લેશ્યી અણગાર સમવહત કે અસમવહત થઈ, આત્મા વડે વિશુદ્ધલેશ્યી દેવ, દેવી, અણગારને જુએ છે ? જાણે છે ? તે અર્થ સમર્થ નથી.

ભગવન્ ! વિશુદ્ધ લેશ્યી અણગાર અસમવહત થઈ આત્મા વડે અવિશુદ્ધ લેશ્યી દેવ, દેવી, અણગારને જાણે છે ? જુએ છે ? હા, જાણે છે, જુએ છે. જે રીતે અવિશુદ્ધ લેશ્યાના આલાવા કહ્યા એ રીતે વિશુદ્ધલેશ્યીના પણ છ આલાવા કહેવા. યાવત્ ભગવન્ ! વિશુદ્ધલેશ્યી અણગાર સમવહત–અસમવહત થઈ આત્મા વડે વિશુદ્ધલેશ્યી દેવ, દેવી, અણગારને જાણે–જુએ ? હા, જાણે–જુએ છે.

સૂત્ર–૧૩૮, ૧૩૯

**૧૩૮.** ભગવન્ ! અન્યતીર્થિકો એમ કહે છે, ભાસે છે, પ્રજ્ઞાપે છે અને પ્રરૂપે છે કે – એક જીવ એક સમયે બે ક્રિયાઓ કરે છે. તે આ – સમ્યક્ત્વ ક્રિયા અને મિથ્યાત્વ ક્રિયા. જે સમયે સમ્યક્ત્વ ક્રિયા કરે છે, તે સમયે મિથ્યાત્વ ક્રિયા કરે છે અને જે સમયે મિથ્યાત્વ ક્રિયા કરે છે, તે સમયે સમ્યક્ત્વ ક્રિયા કરે છે. સમ્યક્ત્વ ક્રિયાને કરતી વેળા સાથે મિથ્યાત્વ ક્રિયા કરે છે, મિથ્યાત્વ ક્રિયા કરતી વેળાએ સાથે સમ્યક્ત્વ ક્રિયા પણ કરે છે. એ પ્રમાણે એક જીવ એક સમયે બે ક્રિયા કરે છે – સમ્યક્ત્વ ક્રિયા અને મિથ્યાત્વ ક્રિયા.

ભગવન્ ! આમ કઈ રીતે બને ? ગૌતમ ! અન્યતીર્થિકો જે આમ કહે છે, ભાસે છે, પ્રજ્ઞાપે છે, પ્રરૂપે છે કે – એક જીવ એક સમયે બે ક્રિયાઓ કરે છે આદિ પૂર્વવત્ યાવત્ સમ્યક્ત્વ ક્રિયા અને મિથ્યાત્વ ક્રિયા, તે જેઓ આમ કહે છે, તે મિથ્યા છે. હે ગૌતમ ! હું આ પ્રમાણે કહું છું યાવત્ પ્રરૂપણા કરું છું કે –

નિશ્ચે એક જીવ એક સમયે એક ક્રિયા કરે છે. તે આ – સમ્યક્ત્વ ક્રિયા કે મિથ્યાત્વ ક્રિયા. જે સમયે સમ્યક્ત્વ ક્રિયા કરે છે, તે સમયે મિથ્યાત્વ ક્રિયા કરતા નથી અને જે સમયે મિથ્યાત્વ ક્રિયા કરે છે, તે સમયે સમ્યક્ત્વ ક્રિયા કરતા નથી. એ રીતે એક જીવ એક સમયે એક ક્રિયા કરે છે, સમ્યક્ત્વ ક્રિયા કે મિથ્યાત્વ ક્રિયા.

**૧૩૯.** તિર્યંચયોનિક અધિકારનો બીજો ઉદ્દેશો પૂર્ણ થયો.

પ્રતિપત્તિ-૩-તિર્યંચ ઉદ્દેશક નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# પ્રતિપત્તિ-૩ 'મનુષ્યાધિકાર'

સૂત્ર-૧૪૦

ભગવન્ ! તે મનુષ્યો કેટલા છે ? મનુષ્યો બે પ્રકારે છે – સંમૂર્ચ્છિમ મનુષ્યો અને ગર્ભ વ્યુત્ક્રાંતિક મનુષ્યો.

ભગવન્ ! તે સંમૂર્ચ્છિમ મનુષ્યો કેટલા છે ? તે એક જ પ્રકારના હોય છે.

ભગવન્ ! તે સંમૂર્ચ્છિમ મનુષ્યો ક્યાં ઉત્પન્ન થાય છે ? ગૌતમ ! મનુષ્ય ક્ષેત્રમાં, પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યા અનુસાર બધું કહેવું. યાવત્ તે આ સંમૂર્ચ્છિમ મનુષ્યોનું કથન કર્યું.

સૂત્ર-૧૪૧, ૧૪૨

**૧૪૧.** ભગવન્ ! તે ગર્ભજ મનુષ્યો કેટલા ભેદે છે ? ત્રણ ભેદે – કર્મભૂમજ, અકર્મભૂમજ, અંતર્દ્વીપજ.

**૧૪૨.** ભગવન્ ! તે અંતર્દ્વીપજ મનુષ્યો કેટલા ભેદે છે ? ૨૮ ભેદે. તે આ પ્રમાણે – એકોરુકા, આભાષિકા, વૈષાણિકા, નાંગોલિકા, હયકર્ણા, ગજકર્ણા, ગોકર્ણા, શષ્કુલીકર્ણા, આદર્શમુખા, મેઢમુખા,અયોમુખા, ગોમુખા, અશ્વમુખા, હસ્તિમુખા, સિંહમુખા, વ્યાઘ્રમુખા, અશ્વકર્ણા, સિંહકર્ણા, અકર્ણા, કર્ણપ્રાવરણા, ઉલ્કામુખા,મેઘમુખા, વિદ્યુત્મુખા, વિદ્યુંત્કન્તા, ઘનદંતા, લષ્ટદંતા, ગૂઢદંતા, શુદ્ધદંતા.

સૂત્ર-૧૪૩

ભગવન્ ! એકોરુક મનુષ્યોનો એકોરુક નામે દ્વીપ ક્યાં આવેલ છે ? ગૌતમ ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણે લઘુ હિમવંત વર્ષધર પર્વતના ઈશાન ચરમાંતથી લવણસમુદ્રમાં ૩૦૦ યોજન ગયા પછી દક્ષિણ દિશામાં એકોરુક મનુષ્યોનો એકોરુક નામે દ્વીપ કહ્યો છે.

તે દ્વીપની લંબાઈ-પહોળાઈ ૩૦૦ યોજન છે, ૯૫૦ યોજનથી કંઈક અધિક પરિધિયુક્ત છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફથી ઘેરાયેલ છે. તે પદ્મવર વેદિકા આઠ યોજન ઉચ્ચત્વથી ઉર્ધ્વ છે, ૫૦૦ ધનુષ વિષ્કંભથી એકોરુક દ્વીપને ઘેરીને રહી છે. તે પદ્મવર વેદિકાનું આવા પ્રકારે વર્ણન છે – તેની નિમ્મા વજ્રમય છે. એ પ્રમાણે વેદિકા વર્ણન રાજપ્રશ્નીય સૂત્રમાં જેમ કરેલ છે, તેમ કહેવું.

સૂત્ર-૧૪૪

તે પદ્મવર વેદિકા એક વનખંડ વડે ચોતરફથી ઘેરાયેલ હતી. તે વનખંડ દેશોન બે યોજન ચક્રવાલ વિષ્કંભથી વેદિકાસમ પરિધિથી કહેલ છે. તે વનખંડ કૃષ્ણ, કૃષ્ણાવભાસ ઇત્યાદિ જેમ રાજપ્રશ્નીયમાં વનખંડ વર્ણન છે, તેમ સંપૂર્ણ કહેવું. તૃણોના વર્ણ, ગંધ, સ્પર્શ, શબ્દ તથા વાવડી, ઉત્પાત પર્વત, પૃથ્વી શિલાપટ્ટક કહેવા યાવત્ ત્યાં ઘણા વ્યંતર દેવ-દેવીઓ યાવત્ વિચરે છે.

સૂત્ર-૧૪૫

એકોરુકદ્વીપ દ્વીપનો અંદરનો ભૂમિભાગ ચર્મમઢિત મૃદંગ સમાનબહુસમ રમણીય કહેલ છે. એ રીતે શયનીય કહેવું યાવત્ પૃથ્વીશિલાપટ્ટકનું પણ વર્ણન કરવું જોઈએ. ત્યાં ઘણા એકોરુકદ્વીપક મનુષ્યો અને સ્ત્રીઓ બેસે છે સુવે છે, યાવત્ વિચરે છે.

હે આયુષ્યમાન્ શ્રમણ ! એકોરુક દ્વીપમાં તે-તે દેશમાં, ત્યાં-ત્યાં ઘણા ઉદ્દાલક, કોદ્દાલક, કૃતમાલ, નયમાલ, નૃત્ય-માલ, શૃંગમાલ, શંખમાલ, દંતમાલ, શેલમાલક નામે દ્રુમગણ કહ્યા છે. તે કુસ-વિકુસ-વિસુદ્ધ-વૃક્ષ મૂળવાળા, મૂલમંત યાવત્ બીજમંત, પત્ર અને પુષ્પોથી આચ્છન્ન પ્રતિચ્છન્ન છે,શ્રી વડે અતિ-અતિ શોભાયમાન છે.

તે એકોરુક દ્વીપમાં ઘણા વૃક્ષો છે – તેમાં હેરુતાલ-ભેરુતાલ-મેરુતાલ-સેરુતાલ-સાલ-સરલ-સપ્તપર્ણ-સોપારી-ખજૂર-નારિયેલના વનો છે. તે દર્ભ-ઘાસાદિ રહિત યાવત્ અતિ શોભાયમાન છે.

તે એકોરુક દ્વીપમાં ત્યાં ત્યાં ઘણા તિલક, લવક, ન્યગ્રોધ યાવત્ રાજવૃક્ષ, નંદીવૃક્ષ છે. જે દર્ભ-કાંસથી

રહિત છે, યાવત્ શોભે છે. એકોરુક દ્વીપમાં ત્યાં ઘણી પદ્મલતા યાવત્ શ્યામલતા છે. જે નિત્ય કુસુમિત છે ઇત્યાદિ લતા વર્ણન ઉવવાઈ સૂત્ર મુજબ યાવત્ પ્રતિરૂપ સુધી કહેવું.

એકોરુક દ્વીપમાં ત્યાં ઘણા સેરિકાગુલ્મ યાવત્ મહાજાતિ ગુલ્મ છે. તે ગુલ્મો પંચવર્ણી ફૂલોથી કુસુમિત રહે છે. તેની શાખા પવનથી હલતી રહે છે, તેથી તેના ફૂલો એકોરુક દ્વીપના ભૂમિભાગને આચ્છાદિત કરતા રહે છે.

એકોરુક દ્વીપમાં ત્યાં ઘણી વનરાજીઓ છે. તે વનરાજી કૃષ્ણા, કૃષ્ણાવભાસા યાવત્ રમ્યા, મહામેઘ નિકુરંબ રૂપ યાવત્ મહાન ગંધને મુકતી તથા પ્રાસાદિયાદિ છે.

**૧.** એકોરુક દ્વીપમાં ત્યાં ઘણા મત્તાંગ નામે વૃક્ષગણો કહ્યા છે. જેમ ચંદ્રપ્રભા, મણિશલાકા, શ્રેષ્ઠ સીધુ, પ્રવર વારુણી, જાતિવંત ફળ–પત્ર–પુષ્પ, સુગંધિત દ્રવ્યોથી કાઢેલ સારભૂત રસ અને વિવિધ દ્રવ્યોથી યુક્ત અને ઉચિત કાળે સંયોજિત કરીને બનાવેલ આસવ, મધુ, મેરક, રિષ્ટાભ, દુગ્ધતુલ્ય સ્વાદવાળી પ્રસન્ના, મેલક, શતાયુ, ખજૂર અને દ્રાક્ષનો રસ, કપિશ વર્ણનો ગોળનો રસ, સુપક્વ ક્ષોદરસ, વરસૂરાદિ વિવિધ મદ્ય પ્રકારોમાં જેવો વર્ણ–રસ–ગંધ–સ્પર્શ તથા બળવીર્ય પરિણામી છે. તે રીતે જ તે મત્તાંગ વૃક્ષ વિવિધ પ્રકારે વિવિધ સ્વાભાવિક પરિણામવાળી મદ્યવિધિથી યુક્ત, ફળોથી પરિપૂર્ણ અને વિકસિત છે. તે કુશ–કાંસરહિત યાવત્ અતિ શોભાયમાન છે.

**૨.** એકોરુક દ્વીપમાં ત્યાં ઘણા ભૃત્તાંગ નામે વૃક્ષગણ કહેલા છે. જેમ વારક, ઘટ, કરક, કળશ, કર્કરી, પાદ–કંચનિકા, ઉદંક, વદ્ધણિ, સુપ્રતિષ્ઠક, પારી, ચષક, ભૃંગારક, કરોટી, શરક, થરક, પાત્રી, થાળી, પાણી ભરવાનો ઘડો, વિચિત્ર વર્તક, મણીના વર્તક, સોના અને મણિરત્નના બનેલા શુક્તિ આદિ વાસણ કે જેના ઉપર વિવિધ ચિત્રકારી કરેલ છે, તેવા આ ભૃત્તાંગ વૃક્ષ ભાજન વિધિમાં વિવિધ પ્રકારના વિસ્રસા પરિણત ભાજનોથી યુક્ત હોય છે. ફળોથી પરિપૂર્ણ અને વિકસિત હોય છે. કુશ–કાસ રહિત યાવત્ અતિ શોભાયમાન છે.

**૩.** એકોરુક દ્વીપમાં ત્યાં ત્યાં ઘણા ત્રુટિતાંગ નામે વૃક્ષગણો કહ્યા છે. જેમ કોઈ મુરજ, મૃદંગ, પ્રણવ, પટહ, દર્દરક, કરટી, ડિંડિમ, ભંભા, હોરંભ, કવણિત, ખરમુખી, મુકુંદ, શંખિકા, પરિણી, પરિવાદિની, વંશ, વીણા, સુઘોષા, વિપંચી, મહતી, કચ્છપી, રિગસકા, તલતાલ, કાંસ્યતાલ આદિ વાજિંત્ર, જે સમ્યક્ પ્રકારે વગાડાય છે. વાદ્યકળામાં નિપુણ અને ગંધર્વશાસ્ત્રમાં કુશળ વ્યક્તિ દ્વારા જે સ્પંદિત કરાય છે. જે આદિ–મધ્ય–અવસાનરૂપ ત્રણ સ્થાનોથી શુદ્ધ છે, તે રીતે આ ત્રુટિતાંગ વૃક્ષ વિવિધ પ્રકારે સ્વાભાવિક પરિણામ થકી પરિણત થઈ તત–વિતત–ઘન–શુષિર રૂપ ચાર પ્રકારની વાદ્ય વિધિથી યુક્ત હોય છે. ફળોથી પરિપૂર્ણ અને વિકસિત હોય છે. કુશ–વિકુશથી રહિત યાવત્ અતિ શોભાયમાન છે.

**૪.** એકોરુક દ્વીપમાં ઘણા દીપશિખા નામના વૃક્ષગણો કહ્યા છે. જેમ સંધ્યા વિરાગ સમયે નવનિધિપતિને ત્યાં દીપિકાઓ હોય છે. જેનું પ્રકાશમંડલ ચોતરફ ફેલાયેલ હોય છે. જેમાં ઘણી બત્તી અને ભરપૂર તેલ ભરેલ હોય છે. જે પોતાના ઘન પ્રકાશથી અંધકારનું મર્દન કરે છે, જેનો પ્રકાશ કનકનિકા જેવા પ્રકાશયુક્ત કુસુમોવાળા પારિજાતના વનના પ્રકાશ જેવો હોય છે. સુવર્ણ–મણિરત્નથી બનેલ, વિમલ, બહુમૂલ્ય કે મહોત્સવોમાં સ્થાપ્ય, તપનીય અને વિચિત્ર દંડયુક્તછે, જેનું તેજ ખૂબ પ્રદીપ્ત થઈ રહેલ છે. જે નિર્મળ ગ્રહગણો માફક પ્રભાસિત તથા અંધકારને દૂર કરનાર સૂર્યની ફેલાયેલ પ્રભા જેવી ચમકે છે. પોતાની ઉજ્જ્વલ જ્વાલાથી જાણે હસી રહી હોય, એવી તે દીપિકાઓ શોભિત છે. એ જ રીતે દીપશિખા વૃક્ષ પણ વિવિધ વિસ્રસા પરિણામી ઉદ્યોત વિધિથી યુક્ત છે. ફળોથી પૂર્ણ અને વિકસિત છે યાવત્ શ્રી વડે અતિ શોભાયમાન છે.

**૫.** એકોરુક દ્વીપમાં ત્યાં ઘણા જ્યોતિશિખા નામે વૃક્ષગણો કહ્યા છે. જેમ તત્કાળનું ઉદિત શરત્કાલીન સૂર્યમંડલ, ખરતી એવી હજારો ઉલ્કા, ચમકતી વીજળી, જ્વાલા સહિત નિર્ધૂમ અગ્નિ, અગ્નિથી શુદ્ધ તપનીય સુવર્ણ, વિકસિત કિંશૂકના ફૂલો, અશોક અને જપા પુષ્પોનો સમૂહ, મણિરત્નોના કિરણો, શ્રેષ્ઠ હિંગલોક સમુદાય, પોત–

પોતાના વર્ણ અને આભારૂપ તેજસ્વી લાગે છે. એ રીતે જ્યોતિશિખા વૃક્ષ પોતાના ઘણા પ્રકારના અનેક વિસ્રસા પરિણામથી ઉદ્યોત વિધિથી યુક્ત હોય છે. તેનો પ્રકાશ સુખકારી, મંદ, મંદ આતાપ છે. પોતાને સ્થાને સ્થિત હોય છે, એકબીજામાં મિશ્ર થઈ પોતાના પ્રકાશથી પોતાના પ્રદેશમાં રહેલ પદાર્થોને ચોતરફથી પ્રકાશિત–ઉદ્યોતિત–પ્રભાસિત કરે છે. કુશ–વિકુશ આદિથી રહિત યાવત્ અતિ શોભાયમાન છે.

૬. એકોરુક દ્વીપમાં ત્યાં–ત્યાં ઘણા ચિત્રાંગ નામે વૃક્ષગણો કહેલા છે. જેમ કોઈ પ્રેક્ષાગૃહ, વિવિધ પ્રકારના ચિત્રોથી ચિત્રિત, રમ્ય, શ્રેષ્ઠ ફૂલોની માળાથી ઉજ્જ્વલ, વિકસિત–વિખરાયેલા પુષ્પ પુંજોથી સુંદર, પૃથક્રૂપે સ્થાપિત અને વિવિધ પ્રકારની ગૂંથેલ માળાઓની શોભના પ્રકર્ષથી અતીવ મોહક હોય છે. ગ્રંથિમ–વેષ્ટિમ–પૂરિમ–સંઘાતિમ માળા, જે છેક શિલ્પી દ્વારા ગૂંથી છે. સારી રીતે સજાવવાથી જેનું સૌંદર્ય વધી ગયેલ છે. વિવિધ રૂપે દૂર લટકતી પંચવર્ણી ફૂલમાલા થી સજાવેલ હોય, તેનાથી દીપ્તિમાન એવા પ્રેક્ષાગૃહ સમાન, તે ચિત્રાંગ વૃક્ષ પણ વિવિધ પ્રકારના વિસ્રસા પરિણામથી માલ્યવિધિથી યુક્ત છે. તે કુશ–વિકુશ રહિત યાવત્ અતિ શોભાયમાન છે.

૭. એકોરુક દ્વીપમાં ત્યાં ઘણા ચિત્રરસ નામે વૃક્ષો કહેલા છે. જેમ સુગંધી શ્રેષ્ઠ કલમ જાતિના ચોખા અને વિશિષ્ટ ગાય થકી નિસૃત, દોષ રહિત શુદ્ધ દૂધથી પકાવેલ શરદઋતુના ઘી, ગોળ, ખાંડ અને મધથી મિશ્રિત અતિ સ્વાદિષ્ટ અને ઉત્તમ વર્ણ–ગંધયુક્ત પરમાન્ન નિષ્પન્ન કરાય છે અથવા જેમ ચક્રવર્તી રાજાના કુશળ સૂપકારો દ્વારા નિષ્પાદિત ચાર ઉકાળાથી શેકેલ, કલમ ઓદન–જેનો એક એક દાણો વરાળથી સીઝીને મૃદુ થઈ ગયેલ છે. જેમાં અનેક મેવાદિ નાંખેલ છે, સુગંધિત દ્રવ્યોથી સંસ્કારિત છે. જે શ્રેષ્ઠ વર્ણ–ગંધ–રસ–સ્પર્શથી યુક્ત થઈ બળ–વીર્યરૂપે પરિણત થાય છે. ઇન્દ્રિયની શક્તિને વધારનાર, ભૂખ–તરસને શાંત કરનાર, પ્રધાન ગોળ–સાકર–ખાંડ આદિથી યુક્ત, ગરમ કરેલ ઘી નાંખેલ, અંદરના ભાગે મુલાયમ અને સ્નિગ્ધ, અત્યંત પ્રિયકારી દ્રવ્યોથી યુક્ત, એવો પરમ આનંદદાયક પરમાન્ન હોય છે. એવી ભોજન વિધિ સામગ્રીથી યુક્ત ચિત્રરસ નામક વૃક્ષ હોય છે. તે વૃક્ષોમાં આ સામગ્રી વિવિધ પ્રકારના વિસ્રસા પરિણામથી થાય છે. તે વૃક્ષ કુશ–કાશાદિથી રહિત યાવત્ અતિ શોભાયમાન છે.

૮. એકોરુક દ્વીપમાં ઘણા મણ્યંગ નામે વૃક્ષગણો કહેલા છે. જેમ હાર, અર્ધહાર, વેષ્ટનક, મુગટ, કુંડલ, વામોત્તક, હેમજાલ, મણિજાલ, સૂત્રક, ઉચ્ચયિત કટક, મુદ્રિકા, એકાવલી, કંઠસૂત્ર, મકરાકાર આભૂષણ, ઉરઃસ્કંધ ગ્રૈવેયક, શ્રોણીસૂત્ર, ચૂડામણી, સુવર્ણતિલક, બિંદિયા, સિદ્ધાર્થક, કર્ણવાલી, ચંદ્ર–સૂર્ય–વૃષભ–ચક્રાકાર ભૂષણ, તલ ભંગક, ત્રુટિક, માળાકાર હસ્તાભૂષણ, વલક્ષ, દીનાર માલિકા, મેખલા, કલાપ, પ્રતરક, પ્રાતિહારિક, ઘુંઘરુ, કિંકિણી, રત્નમય કંદોરા, નુપૂર, ચરણમાળા, કનકનિકર માળા આદિ સોના-મણિ-રત્નાદિ રચનાથી ચિત્રિત, સુંદર આભૂષણોના પ્રકાર છે, તેની જેમ આ મણ્યંગ વૃક્ષ અનેક બહુવિધ વિસ્રસા પરિણામથી પરિણત ભૂષણવિધિથી યુક્ત છે. કુશાદિ રહિત યાવત્ અતિ શોભાયમાન છે.

૯. એકોરુક દ્વીપમાં ત્યાં–ત્યાં ઘણા ગેહાકાર નામક વૃક્ષો કહેલા છે. જેમાં પ્રાકાર, અટ્ટાલક, ચરિકા, દ્વાર, ગોપુર, પ્રાસાદ, આકાશતલ, મંડપ, એક–બે–ત્રણ–ચાર ખંડવાળા મકાન, ગર્ભગૃહ, મોહનગૃહ, વલભીઘર, ચિત્રશાળાથી સજ્જિત પ્રકોષ્ઠ ગૃહ, ભોજનાલય, ગોળ–ત્રિકોણ–ચોરસ–નંદાવર્તાકારના ગૃહ, પાંડુર તલમુંડમાળા, હર્મ્ય અથવા ધવલ–અર્ધ–માગધ–વિભ્રમ ગૃહ, પહાડ–પહાડનો અર્ધભાગ–પર્વત શિખરના આકારનું ગૃહ, સુવિધિ કોષ્ટક ગૃહ, અનેક ગૃહ, શરણ–લયન–આપમ–વિડંગ–જાલ–ચંદ નિર્યૂહ, અપવરક, દ્વારવાળા ગૃહ, ચાંદની આદિથી યુક્ત વિવિધ પ્રકારના ભવન હોય છે, એ જ રકારે તે ગેહાકાર વૃક્ષ પણ વિવિધ પ્રકારના, ઘણા વિસ્રસા પરિણત સુખારોહણ, સુખોત્તારક, સુખ નિષ્ક્રમણ પ્રવેશ, દર્દર–સોપાન–પંક્તિયુક્ત, સુખવિહારક, મનો અનુકૂલ ભવન વિધિથી યુક્ત, કુસાદિ રહિત યાવત્ અતિ શોભાયમાન છે.

**૧૦.** એકોરુક દ્વીપમાં ત્યાં–ત્યાં ઘણા અનગ્ન નામક વૃક્ષગણો કહેલા છે. જેમ – અનેક પ્રકારના ચર્મ વસ્ત્ર, ક્ષૌમ વસ્ત્ર, કંબલ વસ્ત્ર, દુકૂલ વસ્ત્ર, કોશેયક, કાલમૃગપટ્ટ, ચીનાંશુક, વરણાત, વરવાણિગયતુ, આભરણ ચિત્રિત, શ્લક્ષ્ણ, કલ્યાણક, ભંવરી–નીલ–કાજળ જેવા વર્ણના વસ્ત્ર, બહુવર્ણ, લાલ–પીળા–સફેદ વર્ણના વસ્ત્ર, અક્ષત મૃગરોમના વસ્ત્ર, સોના–ચાંદીના તારના વસ્ત્ર, પશ્ચિમ કે ઉત્તર દેશનું વસ્ત્ર, સિંધુ–ઋષભ–તામિલ–બંગ–કલિંગ દેશનું સૂક્ષ્મ તંતુમય બારીક વસ્ત્ર ઈત્યાદિ વસ્ત્રો, જે શ્રેષ્ઠ નગરોમાં કુશળ કારીગરો વડે બનાવાયેલ છે, સુંદર વર્ણવાળા છે, તે પ્રકારે આ અનગ્ન વૃક્ષ પણ અનેક પ્રકારે અને બહુવિધ વિસ્રસા પરિણામથી પરિણત વિવિધ વસ્ત્ર યુક્ત છે, તે કુશ–કાશથી રહિત યાવત્ અતિ શોભાયમાન છે.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં મનુષ્યોનો આકાર–પ્રાકાર આદિ સ્વરૂપ કેવા છે ?

હે ગૌતમ! તે મનુષ્ય અનુપમ સૌમ્ય અને સુંદર રૂપવાળા છે. ઉત્તમ ભોગસૂચક લક્ષણવાળા, ભોગજન્ય શોભાથી યુક્ત છે. તેમના અંગો જન્મથી જ શ્રેષ્ઠ અને સર્વાંગ સુંદર છે. તેમના પગ સુપ્રતિષ્ઠિત અને કાચબા માફક સુંદર છે. તેમના પગના તળિયા લાલ અને ઉત્પલ પત્ર સમાન મૃદુ, મુલાયમ, કોમળ છે. તેમના ચરણમાં પર્વત, નગર, સમુદ્ર, મગર, ચક્ર, ચંદ્રમા આદિના ચિહ્ન છે. તેમના ચરણની આંગળી ક્રમશઃ મોટી–નાની અને મળેલી છે. તેમની આંગળીના નખ ઉન્નત, પાતળા, તામ્રવર્ણી, સ્નિગ્ધ છે. તેમના ગુલ્ફ, પિંડલિકા ક્રમશઃ સ્થૂળ, સ્થૂળતર અને ગોળ છે, તેમના ઘૂંટણ સંપુટમાં રાખેલની જેમ ગૂઢ છે. તેમની જાંઘ હાથીની સૂંઢની માફક સુંદર, ગોળ અને પુષ્ટ છે. શ્રેષ્ઠ મદોન્મત્ત હાથીની ચાલ જેવી ચાલ છે. શ્રેષ્ઠ ઘોડા માફક તેમનો ગુહ્ય દેશ સુગુપ્ત છે.

તેઓ આકીર્ણક અશ્વ માફક મળમૂત્રાદિ લેપથી રહિત છે. તેમની કમર યૌવન પ્રાપ્ત શ્રેષ્ઠ ઘોડા અને સિંહની કમર જેવી પાતળી અને ગોળ છે. સંકોચેલી ત્રિપાઈ, મૂસલી દર્પણનો દંડ અને શુદ્ધ કરેલ સોનાની મૂંઠ વચ્ચેથી પાતળી હોય છે, તેવી પાતળી તેમની કમર છે. તેની રોમરાજિ સરળ–સમ–સઘન–સુંદર–શ્રેષ્ઠ–પાતળી–કાળી–સ્નિગ્ધ–આદેય–લાવણ્યમય–સુકુમાર–સુકોમળ અને રમણીય છે, તેમની નાભિ ગંગાના આવર્ત્ત સમાન દક્ષિણાવર્ત, તરંગની જેમ વક્ર અને સૂર્યના ઉગતા કિરણોથી ખીલેલા કમળની માફક ગંભીર અને વિશાળ છે. તેમની કુક્ષિ મત્સ્ય અને પક્ષી માફક સુંદર અને પુષ્ટ છે, તેમનું પેટ માછલી માફક કૃશ છે.

તેમની ઇન્દ્રિયો પવિત્ર છે. તેમની નાભિ કમળ સમાન વિશાળ છે. તેમના પાર્શ્વભાગ નીચે નમેલ છે. પ્રમાણોપેત છે. સુંદર છે, પરિમિત માત્રાયુક્ત, સ્થૂળ અને આનંદદાયી છે. તેમના પીઠની હડ્ડી માંસલ હોવાથી અનુપલક્ષિત હોય છે. તેમના શરીર કંચનની કાંતિવાળા નિર્મળ, સુંદર અને નિરુપહત હોય છે. તેઓ શુભ બત્રીશ લક્ષણોથી યુક્ત હોય છે. તેમનું વક્ષઃસ્થળ કંચનના શિલાતલ જેવું ઉજ્જ્વલ, પ્રશસ્ત, સમતલ, પુષ્ટ, વિસ્તીર્ણ અને મોટું હોય છે. તેમની છાતી ઉપર શ્રીવત્સનું ચિહ્ન અંકિત હોય છે, તેમની ભૂજા નગરની અર્ગલા સમાન લાંબી હોય છે. તેમના બાહુ નાગના વિપુલ શરીર તથા આઠાવેલ અર્ગલા સમાન લાંબી હોય છે. તેમના હાથની કલાઈ યૂપ સમાન દઢ, આનંદદાયી, પુષ્ટ, સુસ્થિત, સુશ્લિષ્ટ, વિશિષ્ટ, ઘન, સ્થિર, સુબદ્ધ, નિગૂઢ પર્વ સંધિવાળી છે.

તેમની હથેળી લાલ વર્ણની, પુષ્ટ, કોમળ માંસલ, પ્રશસ્ત, લક્ષણયુક્ત, સુંદર છિદ્ર જાળ રહિત આંગળીવાળી છે. તેમના હાથની આંગળી પુષ્ટ, ગોળ, સુજાત અને કોમળ છે. તેમના નખ તામ્રવર્ણીય, પાતળા, સ્વચ્છ, મનોહર અને સ્નિગ્ધ છે. તેમના હાથોમાં ચંદ્ર–સૂર્ય–શંખ–ચક્ર રેખા, દક્ષિણાવર્ત્ત સ્વસ્તિક રેખા અને ચંદ્રાદિની સંયુક્ત રેખા હોય છે. અનેક શ્રેષ્ઠ લક્ષણયુક્ત ઉત્તમ, પ્રશસ્ત, સ્વચ્છ, આનંદપ્રદ રેખાઓથી યુક્ત હાથ છે. તેમના સ્કંધ શ્રેષ્ઠ ભેંસ, વરાહ, સિંહ, શાર્દૂલ, બળદ, હાથીના સ્કંધ માફક પ્રતિપૂર્ણ વિપુલ અને ઉન્નત છે. તેમની ડોક ચાર આંગળ પ્રમાણ અને શ્રેષ્ઠ શંખ સમાન છે. તેમની દાઢી અવસ્થિત, સુવિભક્ત, વાળથી યુક્ત, માંસલ, સુંદર સંસ્થાન યુક્ત, પ્રશસ્ત અને વાઘની વિપુલ દાઢી સમાન છે. તેમના હોઠ પરિકર્મિત શિલાપ્રવાલ અને બિંબફળ સમાન લાલ છે. તેમના દાંત

સફેદ ચંદ્રમાના ટૂકડા જેવા વિમલ છે અને શંખ, ગાયના દૂધના ફીણ, જલકણ, મૃણાલિકાના તંતુ સમાન સફેદ છે. તેમના દાંત અખંડિત હોય છે, અલગ-અલગ હોતા નથી, તેઓ સુંદર દાંતવાળા છે. તેમની જીભ અને તાળવું અગ્નિમાં તપાવી ધોયેલ અને તપાવેલ સ્વર્ણ સમાન લાલ છે.

તેમની નાસિકા ગરુડ જેવી લાંબી, સીધી અને ઊંચી હોય છે. તેમની આંખો સૂર્યકિરણોથી વિકસિત પુંડરીક કમળ જેવી, ખીલેલા શ્વેત કમળ જેવી, ખૂણામાં લાલ, વચ્ચે કાળી અને ધવલ તથા પશ્મપુટવાળી હોય છે. તેમની ભંવર કંઈક આરોપેલ ધનુષ સમાન વક્ર, રમણીય, કૃષ્ણ મેઘરાજિ સમાન કાળી, સંગત, દીર્ઘ, સુજાત, પાતળી, સ્નિગ્ધ હોય છે. તેમના કાન મસ્તકના ભાગ સુધી કંઈક ચોંટેલા અને પ્રમાણોપેત છે. તેઓ સુંદર કાનોવાળા છે.

તેમના કપોળ પીની અને માંસલ હોય છે. તેમના લલાટ નવીન ઉદિત બાલચંદ્ર જેવું પ્રશસ્ત, વિસ્તીર્ણ અને સમતલ હોય છે. તેમનું મુખ પૂર્ણિમાના ચંદ્રમાં જેવું સૌમ્ય છે, મસ્તક છત્રાકાર અને ઉત્તમ હોય છે. તેમનું સિર ઘન-નિબિડ-સુબદ્ધ-પ્રશસ્ત લક્ષણવાળુ, કૂટાકાર માફક ઉન્નત અને પાષાણના પિંડ માફક ગોળ અને મજબૂત હોય છે. તેમની કેશાંતભૂમિ દાડમના પુષ્પવત્ લાલ, તપનીય સુવર્ણ સમાન નિર્મલ અને સુંદર હોય છે. મસ્તકના વાળ શાલ્મલિ ફળ માફક ઘન અને નિબડ હોય છે. તે બાલ મૃદુ, નિર્મળ, પ્રશસ્ત, સૂક્ષ્મ, લક્ષણયુક્ત, સુગંધિત, સુંદર, ભુજભોજક, નીલમણિ, ભ્રમરી, નીલ અને કાજળ સમાન કાળ, હર્ષિત ભ્રમર સમાન અતિ કાળા, સ્નિગ્ધ, નિચિત હોય છે. ઘુંઘરાલા અને દક્ષિણાવર્ત હોય છે.

તે મનુષ્યો લક્ષણ, વ્યંજન અને ગુણયુક્ત હોય છે. તેઓ સુંદર, સુવિભક્ત સ્વરૂપવાળા હોય છે. તેઓ પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ હોય છે. આ મનુષ્યો હંસ-ક્રૌંચ-સિંહ-મંજુ-સુસ્વરવાળા, નંદિ-સિંહ-મંજુ-સુસ્વર ઘોષવાળા, અંગ-અંગમાં કાંતિવાળા, વજ્રઋષભનારાચ સંઘયણી, સમચતુરસ્ર સંસ્થાનવાળા, સ્નિગ્ધ-ત્વચાવાળા, નિરાંતક, ઉત્તમ પ્રશસ્ત અતિશય યુક્ત અને નિરુપમ શરીરવાળા, સ્વેદાદિ મેલ કલંકથી રહિત, સ્વેદ-રજાદિ દોષોથી રહિત, ઉપલેપ રહિત, અનુકૂળ વાયુવેગ વાળા, કંકપક્ષીવત્ નિર્લેપ ગુદાભાગ વાળા, કબૂતર માફક બધું પચાવી લેનાર, પક્ષી માફક નિર્લેપ અપાનદેશ વાળા, સુંદર પૃષ્ઠભાગ, ઉદર અને જંઘાવાળા, ઉન્નત અને મુષ્ટિગ્રાહ્ય કુક્ષિવાળા, પદ્મ-ઉત્પલ સમાન સુગંધી શ્વાસોચ્છ્વાસ અને મુખવાળા છે.

આ મનુષ્યોની ઊંચાઈ ૮૦૦ ધનુષ હોય છે, તે મનુષ્યોને ૬૪-પાંસળી હોય છે. તેઓ સ્વભાવથી જ ભદ્ર, વિનીત, શાંત, સ્વાભાવિક પાતળા ક્રોધ-માન-માયા-લોભયુક્ત, મૃદુ-માર્દવ સંપન્ન, અલ્લીન, ભદ્ર, વિનીત, અલ્પેચ્છા, અસંનિધિ સંચય, અચંડ, વૃક્ષોની શાખામાં રહેનાર, ઈચ્છાનુસાર વિચરણ કરનારા એવા તે મનુષ્યગણને હે આયુષ્યમાન્ શ્રમણો ! કહેલા છે.

તે મનુષ્યોને કેટલા કાળે આહારેચ્છા થાય છે ? હે ગૌતમ ! ચતુર્થભક્તે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

ભગવન્ ! તે એકોરુક દ્વીપની સ્ત્રીઓનો આકાર-પ્રકાર-ભાવ કેવો કહ્યો છે ?

તે સ્ત્રીઓ સુજાત સર્વાંગ સુંદરી છે, પ્રધાન મહીલા ગુણોથી યુક્ત, અત્યંત વિકસિત પદ્મકમળ માફક સુકોમળ અને કાચબા માફક ઉન્નત ચરણવાળા છે, તેમના પગની આંગળીઓ સીધી, કોમળ, સ્થૂળ, નિરંતર, પુષ્ટ અને મળેલી છે. તેમના નખ ઉન્નત, રતિ દેનારા, પાતળા, તામ્રવર્ણી, સ્વચ્છ અને સ્નિગ્ધ છે. તેમની પીંડીઓ રોમરહિત, ગોળ, સુંદર, સંસ્થિત, ઉત્કૃષ્ટ શુભ લક્ષવાળી અને પ્રીતિકર હોય છે. તેમના ઘૂંટણ સુગૂઢ, સુનિર્મિત, સુબદ્ધ સંધિવાળા છે. તેમની જાંઘ કેળના સ્તંભથી અધિક સુંદર, વ્રણાદિ રહિત, સુકોમલ, મૃદુ, નીકટ, સમાન પ્રમાણવાળી, મળેલી, સુજાત, ગોળ, મોટી અને નિરંતર છે. તેમનો નિતંબ ભાગ અષ્ટાપદ દ્યુતના પટ્ટ આકારે, શુભ, વિસ્તીર્ણ અને મોટો છે,

તેમના મુખ પ્રમાણથી બમણુ, વિશાળ, માંસલ અને સુબદ્ધ તેમનો જઘન પ્રદેશ છે, તેમનું પેટ વજ્ર માફક સુશોભિત, શુભ લક્ષણોવાળુ અને પાતળુ છે. તેમની કમર ત્રિવલીથી યુક્ત, પાતળી, લચીલી હોય છે. તેમની

રોમરાજિ સરળ, સમ, મળેલી, જન્મજાત પાતળી, કાળી, સ્નિગ્ધ, શોભતી, સુંદર, સુવિભક્ત, સુજાત, કાંત, શોભાયુક્ત, રુચિર અને રમણીય છે, તેમની નાભિ ગંગાઆવર્ત માફક દક્ષિણાવર્ત, તરંગ, ભંગુર, સૂર્યવિકાસી કમળ જેવી ગંભીર છે

તેમની કુક્ષિ ઉગ્રતારહિત, પ્રશસ્ત અને સ્થૂળ છે, પડખાં કંઈક ઝૂકેલ અને પ્રમાણોપેત, જન્મજાત સુંદર છે. પરિમિત માત્રાવાળા, સ્થૂળ અને આનંદદાયી છે. શરીર માંસલ હોવાથી તેમાં પીઠની હડ્ડી અને પાંસળી દેખાતી નથી. શરીર સુવર્ણ જેવી કાંતિવાળુ, નિર્મળ, જન્મજાત સુંદર, જ્વરાદિ ઉપદ્રવોથી રહિત છે. તેમના સ્તનો સુવર્ણકળશ સમાન પ્રમાણોપેત, બરાબર મળેલા, સુજાત અને સુંદર છે. સ્તનોની ડીંટડી સ્તનો ઉપર મુગટ જેવી લાગે છે, બંને સ્તનો ગોળ–ઉન્નત–રતિક સંસ્થિત છે. તેની બંને બાહુ સર્પની જેમ નીચેની તરફ અને પાતળી ગોપુચ્છવત્, પરસ્પર સમાન, પોતપોતાની સંધીથી જોડાયેલી, નમ્ર, અતિ આદેય તથા સુંદર હોય છે. નખો તામ્રવર્ણી, પંજા માંસલ, પુષ્ટ, આંગળીઓ કોમળ અને શ્રેષ્ઠ હોય છે. હાથની રેખાઓ સ્નિગ્ધ, હાથમાં સૂર્ય–ચંદ્ર–શંખ–ચક્ર–સ્વસ્તિકની અલગ–અલગ અને સુવિરચિત હોય છે, તેમની કાંખ અને બસ્તી ભાગ પીન, ઉન્નત છે. તેમનું કપોલ ભર્યુ–ભર્યુ હોય છે.

તેમની ગરદન ચાર અંગુલ પ્રમાણ અને શ્રેષ્ઠ શંખ જેવી હોય છે. દાઢી માંસલ, સુંદર આકારની અને શુભ હોય છે. નીચેનો હોઠ દાડમના ફૂલ જેવો લાલ અને પ્રકાશમાન, પુષ્ટ અને કંઈક વળેલ હોય છે. ઉપરનો હોઠ સુંદર હોય છે. તેમના દાંત દહીં–જલકણ–ચંદ્ર–કુંદ–વાસંતીકલી સમાન સફેદ અને અક્ષત હોય છે. તેમનું તાલુ, જીભ લાલ કમળના પત્ર સમાન, મૃદુ અને કોમળ હોય છે. તેમના નાક કણેરની કળી સમાન સીધી, ઉન્નત, ઋજુ અને તીક્ષ્ણ હોય છે. તેમના નેત્ર શરદઋતુના કમળ અને ચંદ્રવિકાસી નીલકમળથી વિમુક્ત પત્ર દલ સમાન કંઈક શ્વેત, કંઈક લાલ અને કંઈક કાળા અને વચ્ચે કાળી કીકીથી અંકિત હોવાથી સુંદર લાગે છે. તેમના લોચન પક્ષ્મપુટયુક્ત, ચંચળ, કાન સુધી લાંબા અને કંઈક રક્ત હોય છે. તેમની ભ્રમર કંઈક નમેલ ધનુષવત વાંકી, સુંદર, કાળી અને મેઘરાજી સમાન પ્રમાણોપેત, લાંબી, સુજાત, કાળી, સ્નિગ્ધ હોય છે. તેમના કાન મસ્તકથી કંઈક જોડાયેલા અને પ્રમાણયુક્ત હોય છે. તેમની ગંડલેખા માંસલ, ચીકણી, રમણીય હોય છે. તેમનું લલાટ ચોરસ, પ્રશસ્ત અને સમતલ હોય છે, મુખ કાર્તિક પૂનમના ચંદ્ર માફક નિર્મળ અને પરિપૂર્ણ હોય છે. મસ્તક છત્ર સમાન ઉન્નત, વાળ ઘુંઘરાળા, સ્નિગ્ધ, લાંબા હોય છે.

તે સ્ત્રીઓ આ બત્રીશ લક્ષણધારી હોય છે – છત્ર, ધ્વજ, યુગ, સ્તૂપ, દામિની, કમંડલ, કળશ, વાપી, સ્વસ્તિક, પતાકા, યવ, મત્સ્ય, કુંભ, શ્રેષ્ઠ રથ, મકર, શુકસ્થાલ, અંકુશ, અષ્ટાપદવીચિદ્યુત ફલક, સુપ્રતિષ્ઠક, મયૂર, શ્રીદામ, અભિષેક, તોરણ, મેદીનિપતિ, સમુદ્ર, ભવન, પ્રાસાદ, દર્પણ, મનોજ્ઞ હાથી, બળદ, સિંહ અને ચમર.

તે એકોરુક દ્વીપની સ્ત્રીઓ હંસ સમાન ચાલવાળી, કોયલ સમાન સ્વરવાળી, કમનીય, બધાને પ્રિય છે. તેમના શરીરમાં કડચલીઓ પડતી નથી, વાળ સફેદ થતા નથી. તેઓ વ્યંગ્ય, વર્ણવિકાર, વ્યાધિ, દૌર્ભાગ્ય, શોકથી મુક્ત હોય છે. તેઓ ઊંચાઈમાં પુરુષ અપેક્ષાએ કંઈક નીચી હોય છે. તેઓ સ્વાભાવિક શૃંગાર અને શ્રેષ્ઠ વેશવાળી હોય છે. તેઓ સુંદર ચાલ, હાસ્ય, બોલ, ચેષ્ટા, વિલાસ, સંલાપમાં ચતુર, યોગ્ય ઉપચાર કુશળ હોય છે. તેમના સ્તન–જઘન–મુખ–હાથ–પગ–નેત્ર ઘણા સુંદર હોય છે. તેઓ સુંદર વર્ણવાળી, લાવણ્યવાળી, યૌવનવાળી, વિલાસયુક્ત હોય છે. નંદનવનમાં વિચરણ કરનારી અપ્સરા માફક તેઓ આશ્ચર્યથી દર્શનીય છે. તે સ્ત્રીઓ પ્રાસાદિયાદી છે.

ભગવન્ ! તે સ્ત્રીઓને કેટલા કાળના અંતરે આહાર–અભિલાષા થાય છે ? ગૌતમ ! ચતુર્થભક્ત પછી થાય.

ભગવન્ ! તે મનુષ્યો કેવો આહાર કરે છે ? તેઓ પૃથ્વી–પુષ્પ–ફળોનો આહાર કરે છે.

ભગવન્ ! તે પૃથ્વીનો સ્વાદ કેવો છે ? જેમ કે – ગોળ, ખાંડ, સાકર, મિશ્રી, કમલકંદ, પર્પટમોદક, પુષ્પ વિશેષની શર્કરા, કમલ વિશેષની શર્કરા, અકોશિતા, વિજયા, મહાવિજયા, આદર્શોપમા, અનોપમાના સ્વાદ જેવો તેનો સ્વાદ હોય છે અથવા ચતુઃસ્થાન પરિણત, ગોળ–ખાંડ–મિશ્રી યુક્ત ગાયનું દૂધ, જે મંદાગ્નિ ઉપર પકવાયેલ તથા શુભ વર્ણાદિથી યુક્ત હોય, એવો ગોક્ષીર જેવો તે સ્વાદ હોય છે ? ના, આ અર્થ સંગત નથી. તે પૃથ્વીનો સ્વાદ તેનાથી

ઇષ્ટતર યાવત્ મણામતર છે.

ભગવન્ ! ત્યાંના પુષ્પો અને ફળોનો સ્વાદ કેવો હોય છે ? ગૌતમ ! જેમ કોઈ ચાતુરંત ચક્રવર્તીનું ભોજન, જે કલ્યાણ ભોજનના નામે પ્રસિદ્ધ છે, જે લાખ ગાયોથી નિષ્પન્ન થાય છે. જે શ્રેષ્ઠ વર્ણ–ગંધ–રસ–સ્પર્શથી યુક્ત છે, આસ્વાદનીય છે. જે દીપનીય, બૃંહણીય, દર્પણીય, મદનીય, સમસ્ત ઇન્દ્રિય અને શરીરને આનંદદાયક હોય છે. શું તે પુષ્પાદિનો આવો સ્વાદ છે ? ના, આ અર્થ સંગત નથી. તે પુષ્પ–ફળોનો સ્વાદ આનાથી અધિકતર યાવત્ કહેલો છે.

ભગવન્ ! તે મનુષ્યો તે આહારનો ઉપભોગ કરીને કેવા નિવાસોમાં રહે છે ? ગૌતમ ! તે મનુષ્યો ગેહાકાર પરિણત વૃક્ષોમાં રહે છે,

તે વૃક્ષોનો આકાર કેવો છે ? ગૌતમ ! તે કૂટાકાર–પ્રેક્ષાગૃહ–છત્રાકાર–ધ્વજ–સ્તૂપ–તોરણ–ગોપુરચૈત્ય–પાલક–અટ્ટાલક–પ્રાસાદ–હર્મ્યતલ–ગવાક્ષ–વાલાગ્રહપોત્તિય અને વલભી આકારે છે. બીજા પણ ત્યાં ઘણા ઉત્તમ ભવન, શયન, આસન, વિશિષ્ટ સંસ્થાન સંસ્થિત સુખશીલ છાયાવાળા વૃક્ષગણો, આયુષ્યમાન્ શ્રમણ! ત્યાં કહ્યા છે

ભગવન્ ! એકોરુકદ્વીપમાં ઘર અને માર્ગ છે ? ના, તે અર્થ સંગત નથી. તે મનુષ્યો ગૃહાકાર વૃક્ષમાં રહે છે.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં ગામ, નગર યાવત્ સન્નિવેશ છે ? ના, તે અર્થ સંગત નથી. તે મનુષ્યો ઇચ્છાનુસાર ગમન કરનારા કહ્યા છે.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં અસિ–મસિ–કૃષિ–પણ્ય અને વાણિજ્યાદિ છે ? ના, તે અર્થ સમર્થ નથી. તે મનુષ્યો અસિ, મસિ, કૃષિ, પણ્ય, વાણિજ્યાદિ રહિત કહેલા છે.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં હિરણ્ય, સુવર્ણ, કાંસ્ય, વસ્ત્ર, મણિ, મોતી, વિપુલ ધન–કનક–રત્ન–મણિ–મોતી–શંખ–શિલ–પ્રવાલ–સંતસાર દ્રવ્ય છે ? હા, છે. પણ તે મનુષ્યોને તેમાં તીવ્ર મમત્વભાવ ઉપજતો નથી.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં યુવરાજ, ઇશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહાદિ છે? ના, તે અર્થ સંગત નથી. તે મનુષ્ય ઋદ્ધિ સત્કાર રહિત છે.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં દાસ, પ્રેષ્ય, શિષ્ય, ભૃતક, ભાગીયા, કર્મકર પુરુષો છે ? ના, તે અર્થ સંગત નથી. તે મનુષ્યો આભિયોગ્યાદિ વ્યવહાર રહિત કહેલા છે.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં માતા, પિતા, ભાઈ, બહેન, ભાર્યા, પુત્ર, પુત્રી, પુત્રવધૂ છે શું ? હા, છે. પરંતુ મનુષ્યોને તીવ્ર પ્રેમબંધન હોતું નથી. તેઓ અલ્પ પ્રેમબંધન વાળા કહ્યા છે.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં અરિ, વૈરી, ઘાતક, વધક, પ્રત્યનીક, પ્રત્યમિત્ર છે શું ? ના, તે અર્થ સંગત નથી. તે મનુષ્યો વૈરાનુબંધ રહિત કહેલા છે.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં મિત્ર, વ્યસ્ક, પ્રેમી, સખા, સુહૃદ, મહાભાગ, સંગતિક છે ? ના, તે અર્થ સમર્થ નથી. તે મનુષ્યગણ પ્રેમના અનુબંધથી રહિત હોય છે.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં આબાહ, વિવાહ, યજ્ઞ, શ્રદ્ધા, સ્થાલિપાક, ચોલોપનયન, સીમંતોન્નયન, પિતૃ પિંડદાનાદિ સંસ્કાર છે ? ના, તે અર્થ સમર્થ નથી. તે મનુષ્યો આબાધા, વિવાહ, યજ્ઞ, શ્રાદ્ધ, ભોજ, ચોલોપનયન, પિતૃ–પિંડદાનાદિ વ્યવહાર રહિત છે.

ભગવન્ ! એકોરુકદ્વીપમાં ઇન્દ્ર–સ્કંદ–રુદ્ર–શિવ–વૈશ્રમણ–મુકુંદ–નાગ–યક્ષ–ભૂત–કૂપ–તળાવ–નદી–દ્રહ–પર્વત–વૃક્ષારોપણ–ચૈત્ય કે સ્તૂપ મહોત્સવ છે ? ના, તે અર્થ સંગત નથી. હે શ્રમણો ! તે મનુષ્યગણ મહોત્સવાદિ રહિત છે.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં નટ–નાટ્ય–મલ્લ–મૌષ્ટિક–વિડંબક–કથક–પ્લવક–અક્ષાટક–લાસક–લંખ–મંખ–તૂણઇલ્લ–તુંબવીણ–કાયણ–માગધ–જલ્લપ્રેક્ષક છે ? ના, તે અર્થ સંગત નથી. હે શ્રમણો ! તે મનુષ્યો વ્યપગત

કુતૂહલવાળા છે.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં શકટ, રથ, યાન, યુગ્ય, ગિલ્લી, થિલ્લી, પિપિલ્લી, પ્રવહણ, શિબિકા, સ્યંદમાનિકા છે? ના, તે અર્થ સમર્થ નથી. તે મનુષ્યો પગે ચાલનારા કહેલા છે.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં અશ્વ, હાથી, ઊંટ, બળદ, પાડા, ખર, ઘોડા, બકરા, ઘેંટા છે ? હા, છે. પણ તે મનુષ્યોના પરિભોગપણે આવતા નથી.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં સિંહ, વાઘ, વૃક, દ્વીપિકા, અચ્છ, પરચ્છ, પરાશર, તરચ્છ, બિડાલ, શુનક, કોલશુનક, કોકંતિક, શશક, ચિત્તલ, ચિલ્લલગ છે ? હા, છે. પરંતુ તે પરસ્પર કે તે મનુષ્યોને કંઈ આબાધા, પ્રબાધા ઉત્પન્ન કરતા નથી કે છવિચ્છેદ કરતા નથી. તે શ્વાપદગણ પ્રકૃતિભદ્રક છે.

ભગવન્! એકોરુકદ્વીપમાં શાલી, વ્રીહી, ગોધૂમ, યવ, તિલ, ઇક્ષુ છે? હા, છે. તે મનુષ્યના પરિભોગમાં ન આવે.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં ગર્તા, દરી, ઘંસ, ભૃગુ, ઉપાત, વિષમ, વિજ્જલ, ધૂળ, રેણુ, પંક કે ચલણી છે ? ના, તે અર્થ સંગત નથી. એકોરુક દ્વીપમાં બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં સ્થાણુ, કંટક, હીરક, શર્કરા, તૃણ કચરો, પત્ર કચરો, અશુચિ, પૂતિ, દુરભિગંધ, અચોક્ષ છે ? ના, તે અર્થ સમર્થ નથી. સ્થાણુ, કંટક, હીરકાદિથી રહિત આ દ્વીપ છે.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં ડાંસ, મશક, પિસુક, જૂ, લીખ, ઢંકુણ છે ? ના, તે અર્થ સમર્થ નથી. ડાંસ, મશકાદિ રહિત દ્વીપ છે.

ભગવન્! એકોરુક દ્વીપમાં સર્પ, અજગર, મહોરગ છે ? હા, છે. પણ તેઓ પરસ્પર કે તે મનુષ્યોને કંઈ આબાધા, પ્રબાધા, છવિચ્છેદ કરતા નથી. તે વ્યાલ ગણ પ્રકૃતિભદ્રક કહેલ છે.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં ગ્રહદંડ, ગ્રહમૂસલ, ગ્રહ ગર્જિત, ગ્રહયુદ્ધ, ગ્રહસંઘાટક, ગ્રહાપસવ, અભ્ર, અભ્રવૃક્ષ, સંધ્યા, ગંધર્વનગર, ગર્જિત, વિદ્યુત, ઉલ્કાપાત, દિશાદાહ, નિર્ઘાત, પાંસુ વૃષ્ટિ, યૂપક, યક્ષાલિપ્ત, ધૂમિત, મહિત, રજોદ્‌ઘાત, ચંદ્રોપરાગ, સૂર્યોપરાગ, ચંદ્ર પરિવેશ, સૂર્ય પરિવેશ, પ્રતિચંદ્ર પ્રતિસૂર્ય, ઇન્દ્રધનુષ, ઉદક મત્સ્ય, અમોઘ, કપિહસિત, પૂર્વ વાયુ–પશ્ચિમ વાયુ યાવત્ શુદ્ધ વાયુ, ગામ–નગર યાવત્ સન્નિવેશ દાહ, પ્રાણ–જન–કુળ કે ધનક્ષય, વસનભૂત અનાર્યાદિ ત્યાં છે ? ના, તે અર્થ સમર્થ નથી.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં ડિંબ, ડમર, કલહ, બોલ, ખાર, વૈર, વિરુદ્ધ રાજ્યાદિ છે શું ? ના, તે અર્થ સમર્થ નથી. તે મનુષ્યગણ ડિંબ, ડમરાદિથી રહિત છે.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં મહાયુદ્ધ, મહાસંગ્રામ, મહા શસ્ત્રનિપાત, મહાપુરુષોના બાણ, મહારુધિર બાણ, નાગ બાણ, આકાશ બાણ, તામસ બાણ, દુર્ભૂતિક, કુળ રોગ, ગ્રામ–નગર–મંડલ રોગ, શિર–અક્ષિ–કર્ણ–નાક–દાંત–નાંખની વેદના, કાશ–શ્વાસ, જરા–દાહ–કચ્છુ–દાદર–કોઢ–ડમરુવાત–જલોદર–અર્શ–અજીર્ણ–ભગંદર કે ઇન્દ્ર–સ્કંદ–કુમાર–નાગ–યક્ષ–ભૂત–ઉદ્વેગ–ધનુષ–ગ્રહ હોય કે એક–બે–ત્રણ–ચાર અંતરીયો તાવ, હૃદય–મસ્તક–પાર્શ્વ–કુક્ષિ–યોનિશૂળ કે ગામ મારી યાવત્ સન્નિવેશ મારી, કે પ્રાણક્ષય યાવત્ વસનભૂત અનાર્યતા છે ? ના, તે અર્થ સમર્થ નથી. તે મનુષ્યગણ રોગાંતકાદિથી રહિત છે.

ભગવન્ ! એકોરુક દ્વીપમાં અતિ વર્ષા, મંદ વર્ષા, સુવૃષ્ટિ, મંદવૃષ્ટિ, ઉદ્‌વાહ, પ્રવાહ, ઉદકભેદ, ઉદકપીડા, ગામવાહ યાવત્ સંનિવેશવાહ, પ્રાણક્ષય યાવત્ દુઃખરૂપાદિ ઉપદ્રવ છે શું ? ના, તે અર્થ સમર્થ નથી. તે મનુષ્યગણ ઉદક ઉપદ્રવાદિ રહિત કહેલા છે.

ભગવન્! એકોરુક દ્વીપમાં લોઢા–તાંબા–શીશા–સુવર્ણ–રત્ન–વજ્રની ખાણો કે વસુધારા કે હિરણ્ય–સુવર્ણ–રત્ન–વજ્ર–આભરણ–પત્ર–પુષ્પ–ફળ–બીજ–માલ્ય–ગંધ–વર્ણ–ચૂર્ણની વર્ષા કે ક્ષીર–રત્ન–હિરણ્ય–

સુવર્ણાદિ યાવત્ ચૂર્ણ વૃષ્ટિ, સુકાળ–દુષ્કાળ, સુભિક્ષ–દુર્ભિક્ષ, અલ્પાર્ઘ–મહાર્ઘ, ક્રય–વિક્રય, સંનિધિ–સંચય, નિધિ–નિધાન, ઘણી જૂની, પ્રહીણ સ્વામી, પ્રહીણ સેચનક, પ્રહીણ ગોત્રાગાર એવા જે આ ગામ, આકર, નગર, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, સંબાહ, સંનિવેશમાં શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ, પથોમાં તથા નગર–નિદ્ધમણ, સ્મશાન, ગિરિકંદર, સંતિશૈલ, ઉપસ્થાન, ભવનગૃહોમાં રાખેલ ધન હોય છે શું ? ના, ગૌતમ ! તે અર્થ સંગત નથી.

ભગવન્ ! એકોરુકદ્વીપમાં મનુષ્યોની કેટલી કાળ–સ્થિતિ કહી છે? ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો અસંખ્યાત ભાગ અને અસંખ્યાતભાગ ન્યૂન. ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ.

ભગવન્ ! તે મનુષ્યો કાળ માસે કાળ કરીને ક્યાં જાય છે ? ક્યાં ઉપજે છે ? ગૌતમ ! તે મનુષ્યો છ માસ આયુ શેષ રહેતા એક મિથુનને જન્મ આપે છે, ૭૯ રાતદિવસ તેમનું સંરક્ષણ, સંગોપન કરે છે, પછી ઉચ્છ્વાસ કે નિઃશ્વાસ લેતા અથવા ખાંસીને, છીંકીને, કોઈ કષ્ટ–દુઃખ–પરિતાપ વિના સુખપૂર્વક, મૃત્યુના અવસરે મરીને કોઈ પણ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે. હે આયુષ્યમાન્ શ્રમણ ! તે મનુષ્યગણ દેવલકોમાં જનારા જ છે.

ભગવન્ ! દક્ષિણદિશાના આભાષિક મનુષ્યોનો આભાષિકદ્વીપ ક્યાં છે? ગૌતમ! જંબૂદ્વીપના લઘુહિમવંતના વર્ષધરપર્વતના અગ્નિકોણ ચરમાંતથી લવણસમુદ્રમાં ત્રણ યોજન. શેષ કથન બધું એકોરુક દ્વીપ મુજબ કરવું.

ભગવન્ ! દાક્ષિણાત્ય લાંગૂલિક મનુષ્યોનો દ્વીપ ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતના દક્ષિણમાં લઘુ હિમવંત વર્ષધર પર્વતના ઇશાન ચરમાંતથી લવણ સમુદ્રમાં ૩૦૦ યોજન ગયા પછી લાંગૂલિક દ્વીપ છે. શેષ કથન એકોરુક દ્વીપવત્ છે.

ભગવન્ ! દાક્ષિણાત્ય વૈષાણિક મનુષ્યોની પૃચ્છા. ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે લઘુ હિમવંત વર્ષધર પર્વતના નૈઋત્ય ખૂણાના ચરમાંતથી લવણ સમુદ્રમાં ૩૦૦ યોજન૦ શેષ કથન એકોરુક દ્વીપ મુજબ કરવું.

### સૂત્ર–૧૪૬ થી ૧૫૧

૧૪૬. ભગવન્ ! દાક્ષિણાત્ય હયકર્ણ મનુષ્યોનો હયકર્ણ નામક દ્વીપ ક્યાં છે ? ગૌતમ ! એકોરુકદ્વીપના ઇશાન ચરમાંતથી લવણસમુદ્રમાં ૪૦૦ યોજન ગયા પછી દાક્ષિણાત્ય હયકર્ણ મનુષ્યોનો હયકર્ણ નામે દ્વીપ કહ્યો છે. ૪૦૦ યોજન લંબાઈ–પહોળાઈથી, ૧૨૬૫ યોજનથી અધિક તેની પરિધિ છે. તે એક પદ્મવરવેદિકાથી મંડિત છે. શેષ સર્વ કથન એકોરુક દ્વીપ અનુસાર કરવુ.

ભગવન્ ! દાક્ષિણાત્ય ગજકર્ણ મનુષ્ય દ્વીપનો પ્રશ્ન – ગૌતમ ! આભાષિકદ્વીપના દક્ષિણ–પશ્ચિમ ચરમાંતથી લવણસમુદ્રમાં ૪૦૦ યોજન જતાં૦ શેષ બધું હયકર્ણ મુજબ કહેવું.

એ પ્રમાણે ગોકર્ણ મનુષ્યની પૃચ્છા. વેશાલિક દ્વીપના દક્ષિણ–પશ્ચિમ ચરમાંતથી લવણ સમુદ્રમાં ૪૦૦ યોજન જતા. બાકી હયકર્ણવત્ જાણવું.

શષ્કુલિકર્ણની પૃચ્છા. ગૌતમ! નંગોલિક દ્વીપના ઉત્તરપશ્ચિમ ચરમાંતથી લવણસમુદ્રમાં ૪૦૦ યોજન જઈને૦ શેષ બધું હયકર્ણ મુજબ કહેવું.

આદર્શમુખની પૃચ્છા. હયકર્ણ દ્વીપના ઉત્તર–પૂર્વી ચરમાંતથી ૫૦૦ યોજન જઈને દાક્ષિણાત્ય આદર્શમુખ મનુષ્યોનો આદર્શમુખ નામક દ્વીપ છે. ૫૦૦ યોજન લંબાઈ–પહોળાઈથી છે. અશ્વમુખાદિ ચાર દ્વીપ ૬૦૦ યોજન આગળ જવાથી, અશ્વકર્ણાદિ ચાર દ્વીપ ૭૦૦ યોજન જવાથી, ઉલ્કામુખાદિ ચાર દ્વીપ ૮૦૦ યોજન જવાથી, ઘનદંતાદિ ચાર દ્વીપ ૯૦૦ યોજન જવાથી ત્યાં આવે છે.

૧૪૭. એકોરુકદ્વીપાદિની પરિધિ સાધિક ૯૪૯ યોજન અને હયકર્ણાદિની પરિધિ સાધિક ૧૨૬૫ યોજન છે.

૧૪૮. આદર્શમુખાદિની પરિધિ સાધિક ૧૫૮૧ યોજન છે. એ રીતે આ ક્રમથી ચાર–ચાર દ્વીપ એક સમાન

પ્રમાણવાળા છે. અવગાહના, વિષ્કંભ, પરિધિમાં ભેદ જાણવો. પહેલા–બીજા–ત્રીજા ચતુષ્કનું અવગાહન, વિષ્કંભ અને પરિધિનું કથન કરેલ છે. ચોથા ચતુષ્કમાં ૬૦૦ યોજનનો આયામ–વિષ્કંભ, ૧૮૯૭ યોજનથી કંઈક અધિક પરિધિ છે. પાંચમાં ચતુષ્કમાં ૭૦૦ યોજન આયામ–વિષ્કંભ અને ૨૨૧૩ યોજનથી અધિકની પરિધિ છે. છઠ્ઠા ચતુષ્કમાં ૮૦૦ યોજન આયામ–વિષ્કંભ અને ૨૫૨૯ યોજનથી અધિકની પરિધિ છે. સાતમાં ચતુષ્કમાં ૯૦૦ યોજન આયામ–વિષ્કંભ, ૨૮૪૫ યોજનથી કંઈક અધિકની પરિધિ છે.

**૧૪૯.** જેનો જે વિષ્કંભ છે, તે તેની અવગાહના છે. પ્રથમથી બીજાની અધિક–૩૧૬ યોજન, બાકી એ રીતે અધિક જાણવી.

**૧૫૦.** આયુષ્યમાન્ શ્રમણ ! શેષ વર્ણન એકોરુકદ્વીપ માફક શુદ્ધદંતદ્વીપ પર્યન્ત સમજવું યાવત્ તે મનુષ્યો, દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

ભગવન્ ! ઉત્તરીય એકોરુક મનુષ્યોનો એકોરુક નામક દ્વીપ ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની ઉત્તરમાં શિખરી વર્ષધર પર્વતના ઉત્તર–પૂર્વી ચરમાંતથી લવણ સમુદ્રમાં ૩૦૦ યોજન જઈને, એ પ્રમાણે જેમ દક્ષિણમાં કહ્યું તેમ ઉત્તરમાં પણ કહેવું. વિશેષ એ કે અહીં શિખરી વર્ષધરની વિદિશામાં સ્થિત છે, એમ કહેવું. એ રીતે શુદ્ધદંત દ્વીપ સુધી કહેવું.

**૧૫૧.** તે અકર્મભૂમક શું છે ? ત્રીશ ભેદે કહ્યા છે. તે આ – પાંચ હૈમવતમાં ઇત્યાદિ, જેમ 'પ્રજ્ઞાપના પદ'માં છે, તેમ કહેવું યાવત્ પાંચ ઉત્તરકુરુ. આ અકર્મભૂમિકો કહ્યા.

તે કર્મભૂમિક શું છે ? તે ૧૫–ભેદે છે, તે આ – પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ. તે સંક્ષેપથી બે ભેદે છે – આર્ય અને મ્લેચ્છ. એ રીતે 'પ્રજ્ઞાપનાપદ' મુજબ બધું જ કહેવું. યાવત્ તે આર્યો કહ્યા.

આ રીતે ગર્ભજ મનુષ્યોનું કથન થયું, તે આ મનુષ્યોનું કથન પૂરું થયું.

**પ્રતિપત્તિ-૩-મનુષ્ય ઉદ્દેશક નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## પ્રતિપત્તિ-૩ 'દેવાધિકાર'

### સૂત્ર–૧૫૨ થી ૧૫૫

**૧૫૨.** તે દેવો કોણ છે ? ચાર ભેદે છે, તે આ – ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક.

**૧૫૩.** તે ભવનવાસી શું છે ? દશ ભેદે કહેલા છે – અસુરકુમાર આદિ, જેમ પ્રજ્ઞાપના સૂત્રમાં દેવોના ભેદો કહ્યા છે, તેમ કહેવા યાવત્ અનુત્તરોપપાતિકો પાંચ ભેદે કહ્યા છે – વિજય, વૈજયંત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધ. આ અનુત્તરોપપાતિક કહ્યા.

**૧૫૪.** ભગવન્ ! તે ભવનવાસી દેવોના ભવનો ક્યાં કહ્યા છે ? ભગવન્ ! ભવનવાસી દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આ ૧,૮૦,૦૦૦ યોજન બાહલ્યવાળી રત્નપ્રભા પૃથ્વીમાં ઇત્યાદિ પ્રજ્ઞાપના સૂત્રાનુસાર ભવનાવાસ સુધી બધું જ કહેવું. ત્યાં ભવનવાસી દેવોના ૭,૭૨,૦૦,૦૦૦ ભવનાવાસો કહેલા છે. ત્યાં ઘણા ભવનવાસી દેવો વસે છે – અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર આદિનું વર્ણન પ્રજ્ઞાપના મુજબ કહેવું.

**૧૫૫.** ભગવન્ ! અસુરકુમાર દેવોના ભવનો ક્યાં કહ્યા છે ? એ પ્રમાણે પ્રજ્ઞાપનાના 'સ્થાનપદ'માં કહ્યા મુજબ જાણવું યાવત્ તે દેવો સુખપૂર્વક વિચરે છે.

ભગવન્ ! દક્ષિણના અસુરકુમાર દેવોના ભવનોની પૃચ્છા. સ્થાનપદ મુજબ 'ચમર' સુધી કહેવું. ત્યાં અસુર–કુમારરાજ અસુરકુમારેન્દ્ર વસે છે યાવત્ દિવ્ય સુખોપભોગ કરતો વિચરે છે.

### સૂત્ર–૧૫૬

ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજની કેટલી પર્ષદા છે ? ગૌતમ ! ત્રણ – સમિતા, ચંડા, જાતા. અભ્યંતર તે સમિતા, મધ્યા તે ચંડા અને બાહ્યા તે જાતા કહેવાય છે.

ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરની અભ્યંતર પર્ષદાના કેટલા હજાર દેવો કહ્યા છે ? મધ્યમ પર્ષદાના કેટલા હજાર દેવો કહ્યા છે ? અને બાહ્ય પર્ષદાના કેટલા હજાર દેવો કહ્યા છે ? ગૌતમ ! અસુરેન્દ્ર ચમરની અભ્યંતર પર્ષદામાં ૨૪,૦૦૦, મધ્યમ પર્ષદામાં ૨૮,૦૦૦ અને બાહ્ય પર્ષદામાં ૩૨,૦૦૦ દેવો કહેલ છે.

ભગવન્ ! અસુરરાજ અસુરેન્દ્ર ચમરની અભ્યંતર–મધ્યમ અને બાહ્ય પર્ષદામાં કેટ–કેટલા સો દેવીઓ છે ? ગૌતમ! અસુરરાજ અસુરેન્દ્ર ચમરની અભ્યંતર પર્ષદામાં ૩૫૦, મધ્યમ પર્ષદામાં–૩૦૦ અને બાહ્ય પર્ષદામાં ૨૫૦ દેવીઓ કહેલી છે.

ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરની અભ્યંતર પર્ષદાના દેવોની–મધ્યમ પર્ષદાના દેવોની–બાહ્ય પર્ષદાના દેવોની કેટલો કાળ સ્થિતિ કહી છે? અભ્યંતર–મધ્યમ–બાહ્ય પર્ષદાની દેવીની કેટલો કાળ સ્થિતિ કહી છે ?

ગૌતમ! અસુરેન્દ્ર ચમરની અભ્યંતર પર્ષદાના દેવોની સ્થિતિ અઢી પલ્યોપમ, મધ્યમ પર્ષદાના દેવોની બે પલ્યોપમ, બાહ્ય પર્ષદાના દેવોની દોઢ પલ્યોપમ સ્થિતિ છે. દેવીઓમાં આભ્યંતરની દોઢ, મધ્યમની એક અને બાહ્ય પર્ષદાની અડધો પલ્યોપમની છે.

ભગવન્ ! એમ કેમ કહેવાય છે કે – અસુરેન્દ્ર ચમરની ત્રણ પર્ષદા કહી છે – સમિતા, ચંડા, જાયા ઇત્યાદિ?

ગૌતમ ! અસુરરાજ અસુરેન્દ્ર ચમરની અભ્યંતર પર્ષદાના દેવો બોલાવતા જલદી આવે છે, બોલાવ્યા વિના નહીં, મધ્યમ પર્ષદાના દેવો બોલાવતા પણ આવે, ન બોલાવતા પણ આવે છે. બાહ્ય પર્ષદાના દેવો ન બોલાવવા છતાં જલદી આવે છે.

ગૌતમ! બીજું એ કે – અસુરેન્દ્ર અસુરરાજ ચમર કોઈ ઊંચ–નીચ કુટુંબ કાર્ય ઉત્પન્ન થતા અભ્યંતર પર્ષદા સાથે વિચારણા કરે છે, તેમની સંમતિ લે છે. મધ્યમ પર્ષદાને પોતે નિશ્ચિત કરેલ કાર્યની સૂચના આપીને તેમને સ્પષ્ટતા સહિત કારણાદિ સમજાવે છે, બાહ્ય પર્ષદાને આજ્ઞા આપતા વિચરે છે. તેથી હે ગૌતમ! એમ કહેવાય છે કે

અસુરેન્દ્ર અસુરરાજ ચમરની ત્રણ પર્ષદા છે. ઇત્યાદિ.

સૂત્ર–૧૫૭

ભગવન્ ! ઉત્તર દિશાના અસુરકુમારના ભવનો ક્યાં કહ્યા છે ? 'સ્થાનપદ' અનુસાર જાણવું યાવત ત્યાં વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિ નિવાસ કરે છે, યાવત્ વિચરે છે.

ભગવન્ ! વૈરોચનેન્દ્ર વૈરોચન રાજ બલિની કેટલી પર્ષદા કહી છે ? ગૌતમ ! ત્રણ–સમિતા, ચંડા, જાયા. અભ્યંતરિકા–સમિતા, મધ્યમિકા–ચંડા અને બાહ્યા–જાયા.

વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિની અભ્યંતર પર્ષદાના કેટલા હજાર દેવો છે ? મધ્યમા પર્ષદાના કેટલા હજાર દેવો છે ? યાવત્ બાહ્ય પર્ષદાની કેટલી સો દેવીઓ છે ?

ગૌતમ! વૈરોચનેન્દ્ર બલિની અભ્યંતર પર્ષદાના ૨૦,૦૦૦ દેવો છે, મધ્યમા પર્ષદાના ૨૪,૦૦૦ દેવો છે, બાહ્ય પર્ષદાના ૨૮,૦૦૦ દેવો છે. દેવીઓ અભ્યંતર પર્ષદામાં ૪૫૦, મધ્યમા પર્ષદામાં ૪૦૦, બાહ્ય પર્ષદામાં ૩૫૦ કહી છે

બલિની સ્થિતિની પૃચ્છા યાવત્ બાહ્ય પર્ષદાની દેવીની કેટલા કાળની સ્થિતિ છે ?

ગૌતમ! વૈરોચનેન્દ્ર બલિની અભ્યંતર પર્ષદાના દેવોની સાડા ત્રણ પલ્યોપમ, મધ્યમા પર્ષદાના દેવોની સ્થિતિ ત્રણ પલ્યોપમ અને બાહ્ય પર્ષદાની અઢી પલ્યોપમ સ્થિતિ કહી છે. દેવીઓમાં અભ્યંતર પર્ષદાની અઢી પલ્યોપમ, મધ્યમા પર્ષદાની બે પલ્યોપમ અને બાહ્ય પર્ષદાની દોઢ પલ્યોપમ સ્થિતિ કહી છે, શેષ કથન અસુરકુમાર રાજ અસુરેન્દ્ર ચમર મુજબ જાણવું.

સૂત્ર–૧૫૮

નાગકુમાર દેવોના ભવનો ક્યાં કહ્યા છે ? ગૌતમ ! 'સ્થાનપદ' મુજબ જાણવું યાવત્ દક્ષિણ દિશાવર્તી નાગકુમારોના આવાસ સંબંધી પ્રશ્ન પણ પૂછવા જોઈએ. યાવત્ ત્યાં ધરણ. અહીં નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજા ધરણ વસે છે, યાવત્ તે દિવ્ય સુખોપભોગ કરતો વિચરે છે.

ભગવન્ ! નાગકુમાર રાજા નાગકુમારેન્દ્ર ધરણની કેટલી પર્ષદાઓ છે ? ગૌતમ! ત્રણ. ચમરમા કહ્યા મુજબ બધુ કહેવું.

ભગવન્ ! ધરણેન્દ્રની અભ્યંતર પર્ષદામાં કેટલા હજાર દેવો છે ? યાવત્ બાહ્ય પર્ષદામાં કેટલી દેવી છે ? ગૌતમ ! નાગકુમારરાજ નાગકુમારેન્દ્ર ધરણની અભ્યંતર પર્ષદામાં ૬૦,૦૦૦ દેવો, મધ્યમ પર્ષદામાં ૭૦,૦૦૦ દેવો, બાહ્ય પર્ષદામાં ૮૦,૦૦૦ દેવો છે. આભ્યંતર પર્ષદામાં ૧૭૫ દેવીઓ, મધ્યમમાં ૧૫૦, બાહ્યમાં ૧૨૫ દેવીઓ છે.

ધરણેન્દ્રની આભ્યંતર પર્ષદામાં દેવોની કેટલી કાળ સ્થિતિ કહી છે ? મધ્યમ પર્ષદામાં દેવોની કેટલી કાળ સ્થિતિ છે ? બાહ્ય પર્ષદાના દેવોની કેટલી કાળ સ્થિતિ છે ? આભ્યંતર–મધ્યમ–બાહ્ય પર્ષદાની દેવીની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! ધરણેન્દ્રની અભ્યંતર પર્ષદાના દેવોની સાતિરેક અર્ધ પલ્યોપમની સ્થિતિ છે. મધ્યમ પર્ષદાના દેવોની અર્દ્ધ પલ્યોપમ સ્થિતિ છે, બાહ્ય પર્ષદાના દેવોની દેશોન અર્ધ પલ્યોપમ સ્થિતિ છે, અભ્યંતર પર્ષદાની દેવીની સ્થિતિ દેશોન અર્ધપલ્યોપમ છે. મધ્યમ પર્ષદાની સાતિરેક ચતુર્ભાગ પલ્યોપમ, બાહ્ય પર્ષદાની દેવીની ચતુર્ભાગ પલ્યોપમ સ્થિતિ છે. શેષ કથન ચમરેન્દ્ર સમાન છે.

ઉત્તર દિશાના નાગકુમારોના ભવનો આદિ વર્ણન સ્થાનપદ મુજબ કહેવું યાવત ત્યાં ભૂતાનેન્દ્ર નાગકુમારેન્દ્ર દિવ્ય સુખોપભોગ કરતો વિચરે છે.

ભગવન્ ! નાગકુમારરાજ નાગકુમારેન્દ્ર ભૂતાનંદની અભ્યંતરપર્ષદામાં કેટલા હજાર દેવો છે ? મધ્યમપર્ષદામાં કેટલા હજાર દેવો છે ? બાહ્યપર્ષદામાં કેટલા હજાર દેવો છે ? અભ્યંતર–મધ્યમ–બાહ્યપર્ષદામાં કેટલા સો દેવી છે ? ગૌતમ ! નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજા ભૂતાનંદની અભ્યંતર પર્ષદામાં ૫૦,૦૦૦ દેવો છે, મધ્યમા પર્ષદામાં ૬૦,૦૦૦

દેવો છે, બાહ્ય પર્ષદામાં ૭૦,૦૦૦ દેવો છે. અભ્યંતર પર્ષદામાં ૨૨૫ દેવી, મધ્યમાં પર્ષદામાં ૨૦૦ દેવી, બાહ્ય પર્ષદામાં ૧૭૫ દેવીઓ કહેલી છે.

ભગવન્ ! નાગકુમારરાજ નાગકુમારેન્દ્ર ભૂતાનંદની અભ્યંતર પર્ષદાના દેવોની કેટલો કાળ સ્થિતિ છે ? યાવત્ બાહ્ય પર્ષદાની દેવીની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! ભૂતાનંદેન્દ્રની અભ્યંતર પર્ષદાના દેવોની સ્થિતિ દેશોન પલ્યોપમ છે, મધ્યમ પર્ષદાના દેવોની સાતિરેક અર્દ્ધપલ્યોપમ સ્થિતિ છે. બાહ્ય પર્ષદાના દેવોની અર્ધપલ્યોપમ સ્થિતિ છે, બાહ્ય પર્ષદાના દેવીની સ્થિતિ સાતિરેક ચતુર્ભાગ પલ્યોપમ છે, મધ્યમા પર્ષદાના દેવીની દેશોન અર્ધ પલ્યોપમ સ્થિતિ છે, અભ્યંતર પર્ષદાની દેવીની અર્ધપલ્યોપમ સ્થિતિ છે. શેષ કથન ચમરેન્દ્ર મુજબ જાણવું.

બાકીના વેણુદેવથી મહાઘોષ પર્યન્તનું કથન સ્થાનપદની વક્તવ્યતા મુજબ સંપૂર્ણ કહેવું. ધરણ અને ભૂતાનંદની પર્ષદા માફક બાકીના ભવનપતિ કહેવા. ધરણ માફક દક્ષિણ દિશાના, ભૂતાનંદ માફક ઉત્તર દિશાના ઈન્દ્રો કહેવા. પરિમાણ–સ્થિતિ પણ જાણવા.

## હવે વ્યંતરની વક્તવ્યતા

**સૂત્ર–૧૫૯**

ભગવન્ ! વ્યંતર દેવોના ભવન ભૌમેય નગરો ક્યાં કહ્યા છે ? ‘સ્થાનપદ’ મુજબ કહેવું. યાવત્ વિચરે છે.

ભગવન્ ! પિશાચ દેવોના ભવનો ક્યાં છે ? સ્થાનપદમાં કહ્યા મુજબ જાણવું યાવત્ વિચરે છે. ત્યાં કાલ અને મહાકાલ નામે બે પિશાચકુમાર રાજા વસે છે યાવત્ વિચરે છે.

ભગવન્! દાક્ષિણિહ્ન પિશાચકુમારના ભવનો ક્યાં છે ? યાવત્ વિચરે છે. અહીં પિશાચકુમારરાજ, પિશાચ–કુમારેન્દ્ર કાલ વસે છે. તે મહર્દ્ધિક છે યાવત્ વિચરે છે.

ભગવન્ ! પિશાચકુમારરાજ પિશાચકુમારેન્દ્ર કાળની કેટલી પર્ષદા છે ? ગૌતમ! ત્રણ – ઈશા, ત્રુટિતા, દઢરથા, અભ્યંતરિકા–ઈસા, મધ્યમિકા–ત્રુટિતા, બાહ્યા–દઢરથા.

ભગવન્ ! પિશાચકુમારેન્દ્ર કાલની અભ્યંતર પર્ષદામાં કેટલા હજાર દેવો છે ? યાવત્ બાહ્ય પર્ષદામાં કેટલા સો દેવીઓ છે ? ગૌતમ ! પિશાચેન્દ્ર કાળની અભ્યંતર પર્ષદામાં ૮૦૦૦, મધ્યમ પર્ષદામાં ૧૦,૦૦૦, બાહ્ય પર્ષદામાં ૧૨,૦૦૦ દેવો છે. અભ્યંતર–મધ્યમ અને બાહ્ય ત્રણે પર્ષદામાં ૧૦૦–૧૦૦ દેવીઓ છે.

ભગવન્ ! પિશાચેન્દ્ર કાળની અભ્યંતર પર્ષદાના દેવોની કેટલી કાળ સ્થિતિ છે ? મધ્યમ પર્ષદાના દેવોની કેટલી કાળ સ્થિતિ છે ? બાહ્ય પર્ષદાના દેવોની કેટલી કાળ સ્થિતિ છે ? યાવત્ બાહ્ય પર્ષદાની દેવીની કેટલી કાળ સ્થિતિ છે? ગૌતમ ! પિશાચેન્દ્ર કાળની અભ્યંતર પર્ષદાના દેવોની અર્દ્ધપલ્યોપમ, મધ્યમ પર્ષદાના દેવોની દેશોન અર્ધ પલ્યોપમ, બાહ્ય પર્ષદાના દેવોની સાતિરેક ચાતુર્ભાગ પલ્યોપમ સ્થિતિ છે. અભ્યંતર પર્ષદાની દેવીની સાતિરેક ચતુર્ભાગ પલ્યોપમ, મધ્યમ પર્ષદાની દેવીની ચતુર્ભાગ પલ્યોપમ, બાહ્ય પર્ષદાની દેવીની દેશોન ચાતુર્ભાગ પલ્યોપમ સ્થિતિ કહી છે. શેષ કથન ચમરવત્ કહેવું. એ પ્રમાણે ઉત્તરના વ્યંતરો પણ કહેવા. એ પ્રમાણે ગીતયશ પર્યન્ત કહેવું.

## હવે જ્યોતિષ્કોને કહે છે

**સૂત્ર–૧૬૦**

ભગવન્ ! જ્યોતિષ્ક દેવોના વિમાનો ક્યાં કહેલા છે ? ભગવન્! જ્યોતિષ્ક દેવો ક્યાં વસે છે ?

ગૌતમ ! દ્વીપ સમુદ્રોથી ઉપર, આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી ૭૯૦ યોજન ઉપર ગયા પછી ૧૧૦ યોજન પ્રમાણ ઊંચાઈરૂપ ક્ષેત્રમાં તિરછા જ્યોતિષ્ક દેવોના અસંખ્યાત લાખ વિમાનાવાસ કહ્યા છે. તે વિમાનો અર્દ્ધ કપિષ્ઠક સંસ્થાન સંસ્થિત છે. એ રીતે સ્થાનપદમાં કહ્યા મુજબ યાવત્ ત્યાં ચંદ્ર અને સૂર્ય જ્યોતિષેન્દ્ર, જ્યોતિષરાજ નિવાસ કરે છે. તેઓ મહર્દ્ધિક યાવત્ દિવ્ય ભોગ ભોગવતા વિચરે છે.

ભગવન્ ! જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ સૂર્યની કેટલી પર્ષદાઓ કહી છે ? ગૌતમ ! ત્રણ પર્ષદા – તુંબા, ત્રુટિતા, પ્રેત્યા. અભ્યંતરિકા–તુંબા, મધ્યમિકા–ત્રુટિતા, બાહ્યા–પ્રેત્યા. બાકી બધું ‘કાલ’ ઈન્દ્ર મુજબ જાણવું. પરિમાણ (દેવ– દેવી સંખ્યા) અને સ્થિતિ પણ તેમજ જાણવા. બાકી બધું ‘ચમર’વત્ જાણવું. ચંદ્ર વિશે પણ તેમજ કહેવું.

# પ્રતિપત્તિ–૩ ' દ્વીપસમુદ્રાધિકાર'

સૂત્ર–૧૬૧

ભગવન્ ! દ્વીપ–સમુદ્રો ક્યાં છે ? ભગવન્! દ્વીપસમુદ્રો કેટલા છે ? ભગવન્ ! દ્વીપસમુદ્રો કેટલા મોટા છે? ક્યા સંસ્થાને છે ? ક્યા આકાર–ભાવ પ્રત્યાવતારથી છે ?

ગૌતમ! જંબૂદ્વીપ આદિ દ્વીપો છે. લવણ આદિ સમુદ્રો છે. સંસ્થાનથી એકવિધ વિધાનવાળા, વિસ્તારથી અનેકવિધ પ્રકારે છે. બમણાં–બમણાં છે, પ્રત્યુત્પદ્યમાન–પ્રવિસ્તારમાણ–અવભાસમાન તરંગવાળા, ઘણા ઉત્પલ, પદ્મ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પોંડરીક, મહાપોંડરીક, શતપત્ર, સહસ્રપત્ર, પ્રફૂલ્લ કેસરાયુક્ત, પ્રત્યેકે પ્રત્યેક પદ્મવરવેદિકાથી ઘેરાયેલા, પ્રત્યેકે પ્રત્યેક વનખંડથી પરિક્ષિપ્ત છે. હે આયુષ્યમાન્ શ્રમણ ! તિર્છાલોકમાં અસંખ્યાત દ્વીપ સમુદ્રો સ્વયંભૂરમણ સમુદ્ર પર્યન્ત કહેલા છે.

સૂત્ર–૧૬૨

તેમાં આ જંબૂદ્વીપ નામક દ્વીપ બધા દ્વીપસમુદ્રોમાં અભ્યંતર, સૌથી નાનો, વૃત્ત–તેલના પૂડલા જેવા આકારે રહેલ, વૃત્તરથ ચક્રવાલ સંસ્થાન સંસ્થિત, વૃત્ત–પુષ્કર કર્ણિકા સંસ્થાન સંસ્થિત, વૃત્ત–પ્રતિપૂર્ણ ચંદ્ર સંસ્થાન સંસ્થિત, એક લાખ યોજન લંબાઈ–પહોળાઈથી, ૩,૧૬,૨૨૭ યોજન, ત્રણ કોશ, ૧૨૮ ધનુષ, ૧૩ાા અંગુલથી કંઈક અધિક પરિધિવાળું છે. તે એક જગતી વડે ચોતરફથી ઘેરાયેલો છે.

તે જગતી આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચપણે, મૂળમાં ૧૨–યોજન વિષ્કંભથી, મધ્યે આઠ યોજન, ઉપર ચાર યોજન વિષ્કંભથી છે. મૂળમાં વિસ્તીર્ણ, મધ્યે સંક્ષિપ્ત, ઉપર તનુક, ગોપુચ્છ સંસ્થાન સંસ્થિત, સર્વ વજ્રમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, લષ્ટ, ધૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિર્મળ, નિષ્પંક, નિષ્કંટક છાયા, સપ્રભા, સકિરણ, સઉદ્યોત્, તથા પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હતી. તે જગતી એક જાલકટક વડે ચોતરફથી ઘેરાયેલી છે. તે જાલકટક અર્ધયોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી ૫૦૦ ધનુષ વિષ્કંભથી સર્વ રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે.

સૂત્ર–૧૬૩

તે જગતીની ઉપર બહુમધ્ય દેશભાગમાં અહીં એક મોટી પદ્મવર વેદિકા છે. તે પદ્મવર વેદિકા ઉર્ધ્વ ઉચ્ચત્વથી અર્દ્ધ યોજન, ૫૦૦ ધનુષ વિષ્કંભથી, સર્વરત્નમય, જગતી સમાન પરિધિથી છે. તથા સર્વ રત્નમયી, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે પદ્મવર વેદિકાનું વર્ણન આ પ્રમાણે છે – વજ્રમય નેમ, રિષ્ટરત્નમય પ્રતિષ્ઠાન, વૈડૂર્યમય સ્તંભ, સોના–રૂપામય ફલક, વજ્રમય સંધિ, લોહિતાક્ષમય શૂચિઓ, વિવિધ મણિમય કલેવર અને કલેવર સંઘાત, વિવિધ મણિમય રૂપ અને રૂપ સંઘાત, અંકમય પક્ષ અને પક્ષબાહા, જ્યોતિરસમય વંશ અને વંશ કવેલ્લુક, રજતમય પટ્ટિકા, જાત્યરૂપમયી અવઘાટની, વજ્રમયી ઉપરની પુંછણીઓ, સર્વ શ્વેત રજતમય કવેલૂના આચ્છાદન છે.

તે પદ્મવર વેદિકા એક હેમજાલ, એક ગવાક્ષજાલ, એક ખિંખિણિજાલ યાવત્ મણિજાલ, કનકજાલ, રત્નજાલ, એક શ્રેષ્ઠ પદ્મજાલ આ બધાં વડે ચોતરફથી ઘેરાયેલી છે. તે જાલો તપનીય ઝૂમખાં, સુવર્ણ પ્રતર મંડિત, વિવિધ મણિ રત્ન, વિવિધ હાર–અર્ધહાર વડે ઉપશોભિત સમુદય કંઈક અન્યોન્યસંપત્ત પૂર્વ–પશ્ચિમ–દક્ષિણ ઉત્તરાગત વાયુ વડે મંદ–મંદ હલતી–ચલતી, કંપતી–કંપતી, લંબાતી, ટકરાતી, શબ્દો કરતી, તે ઉદાર મનોજ્ઞ, કાન અને મનને સુખકારી શબ્દો વડે ચોતરફથી પૂરતી, શ્રી વડે અતીવ શોભતી રહેલી છે.

તે પદ્મવર વેદિકામાં તે–તે દેશમાં, ત્યાં–ત્યાં ઘણા અશ્વ–હાથી–મનુષ્ય–કિંનર–કિંપુરુષ–મહોરગ–ગંધર્વ–વૃષભ સંઘાટકો છે, જે સર્વરત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિર્મળ, નિષ્પંક, નિષ્કંટક છાયા, પ્રભા–કિરણો–ઉદ્યોત સહિત છે તેમજ પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.

તે પદ્મવર વેદિકાના તે-તે દેશમાં, ત્યાં-ત્યાં ઘણી અશ્વપંક્તિઓ આદિ પૂર્વવત્ યાવત્ પ્રતિરૂપ છે. એ રીતે અશ્વ-વીથી, અશ્વયુગલ આદિ યાવત્ પ્રતિરૂપ છે,

તે પદ્મવર વેદિકામાં ત્યાં-ત્યાં, તે-તે દેશમાં ઘણી જ પદ્મલતા, નાગલતા, અશોક-ચંપક-ચૂતવન-વાસંતિ-અતિમુક્તક-કુંદ અને શ્યામલતા નિત્ય કુસુમિત યાવત્ સુવિભક્ત પિંડમંજરી વસંતકધરી છે. તે સર્વે રત્નમય, શ્લક્ષ્ણ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિર્મળ, નિષ્પંક, નિષ્કંટક છાયા, પ્રભા-કિરણો-ઉદ્યોત સહિત છે, પ્રાસાદીય-દર્શનીય-અભિરૂપ-પ્રતિરૂપ છે.

તે પદ્મવર વેદિકામાં તે-તે દેશમાં ત્યાં-ત્યાં ઘણા અક્ષય સ્વસ્તિક કહ્યા છે. તે સર્વે રત્નમય, સ્વચ્છ ઇત્યાદિ છે.

ભગવન્ ! એવું કેમ કહે છે કે પદ્મવરવેદિકા પદ્મવર-વેદિકા છે ? ગૌતમ ! પદ્મવરવેદિકાના તે-તે દેશમાં ત્યાં-ત્યાં વેદિકામાં, વેદિકાબાહામાં, વેદિકા શીર્ષફલકમાં, વેદિકા પુટંતરમાં, સ્તંભ-સ્તંભની બાહા, શીર્ષ અને પુંડતરમાં, શૂચિ-શૂચિમુખ ફલક અને પુટંતરમાં, પક્ષ-પક્ષબાહા અને પક્ષ પેરંતરમાં ઘણા જ ઉત્પલ, પદ્મ યાવત્ શતસહસ્ર પત્રો છે. તે સર્વે રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, લષ્ટ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિર્મળ, નિષ્પંક, નિષ્કંટક છાયા, પ્રભા-કિરણો-ઉદ્યોત સહિત પ્રાસાદીય-દર્શનીય-અભિરૂપ-પ્રતિરૂપ છે. મોટા-મોટા વર્ષાકાળ સમયે લગાડેલા છત્રાકાર છે. તે કારણથી હે ગૌતમ ! એમ કહ્યું કે પદ્મવરવેદિકા એ પદ્મવર-વેદિકા છે.

ભગવન્ ! પદ્મવરવેદિકા શાશ્વત છે કે અશાશ્વત ? ગૌતમ ! કિંચિત્ શાશ્વત છે- કિંચિત્ અશાશ્વત છે.

ભગવન્! એમ કેમ કહ્યું કે કિંચિત્ શાશ્વત-કિંચિત્ અશાશ્વત છે ? ગૌતમ! દ્રવ્યાર્થપણે શાશ્વત છે. વર્ણ-ગંધ-રસ-સ્પર્શ પર્યાયથી અશાશ્વત છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું છે કે કિંચિત્ શાશ્વત-કિંચિત્ અશાશ્વત છે.

ભગવન્ ! પદ્મવરવેદિકા કાળથી કેટલો કાળ રહેશે ? ગૌતમ ! કદી ન હતી તેમ નથી, કદી નથી તેમ નથી, કદી નહીં હોય તેમ નથી. તે હતી – છે – રહેશે. તે ધ્રુવ, નિત્ય, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત, નિત્ય એવી પદ્મવર વેદિકા છે.

સૂત્ર-૧૬૪

તે જગતીની ઉપર બહારની પદ્મવરવેદિકામાં અહીં એક મોટું વનખંડ કહ્યું છે. તે દેશોન બે યોજન ચક્રવાલ વિષ્કંભથી છે અને તેની પરિધિ જગતી સમાન છે. તે વનખંડ કૃષ્ણ, કૃષ્ણ આભાવાળું યાવત્ અનેક શકટ-રથ-યાન-યુગ્ય પરિમોચન, સુરમ્ય, પ્રાસાદીય, શ્લક્ષ્ણ, લષ્ટ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિષ્પંક, નિર્મળ, નિષ્કંટકછાયા, પ્રભા-કિરણ-ઉદ્યોત સહિત, પ્રાસાદિયાદિ છે.

તે વનખંડની અંદર બહુસમ રમણીય ભૂમિભાગ છે. જેમ કે – આલિંગપુષ્કર, મૃદંગપુષ્કર, સરતલ, કરતલ, આદર્શમંડલ, ચંદ્રમંડલ, સૂર્યમંડલ, ઘેટાં-વૃષભ-વરાહ-સિંહ-વાઘ-વૃક કે દીપડાનું ચામડું હોય. તે જ્યારે શંકુ પ્રમાણ હજારો ખીલીથી તાડિત હોય ત્યારે તે સંપૂર્ણ સમતલ થઈ જાય છે. તે વનખંડ આવર્ત્ત, પ્રત્યાવર્ત્ત, શ્રેણી, પ્રશ્રેણી, સ્વસ્તિક, સૌવસ્તિક, પુષ્યમાણવ, વર્ધમાનક, મત્સ્યકંડક, મકરંડક, જારમાર લક્ષણવાળી પુષ્પાવલી, પદ્મપત્ર, સાગરતરંગ, વાસંતી-લતા, પદ્મલતાદિ વિવિધ ચિત્રયુક્ત મણિ અને તૃણોથી સુશોભિત છે.

તે મણિઓ છાયા-કિરણ-ઉદ્યોત સહિત, વિવિધ પંચવર્ણી તૃણ અને મણિથી શોભે છે. તે આ પ્રમાણે – કૃષ્ણ યાવત્ શુક્લ.

તેમાં જે તે કૃષ્ણ તૃણ અને મણિ છે તેનું વર્ણન આ પ્રમાણે છે – જેમ કોઈ જળ ભરેલ વાદળ, અંજન, ખંજન, કાજલ, મસી, ગુલિકા, ગવલ, ગવલગુલિકા, ભ્રમર, ભ્રમરાવલિ, ભ્રમર પત્રગતસાર, જાંબુના ફળ, આર્દ્ર અરીઠો, પરિ-પુષ્ઠક, ગજ, ગજકલભ, કૃષ્ણસર્પ, કૃષ્ણ કેસરા, આકાશ થિગ્ગલ, કૃષ્ણાશોક, કૃષ્ણકણવીર કે કૃષ્ણબંધુજીવક હોય.

તેના જેવો કાળો વર્ણ તેનો હોય ? ગૌતમ ! ના, આ અર્થ સમર્થ નથી. તે કૃષ્ણ તૃણ અને મણિ આના કરતા પણ ઇષ્ટતરક, કાંતતરક, પ્રિયતરક, મનોજ્ઞતરક, મણામતરક વર્ણવાળુ કહેલુ છે.

તેમાં જે નીલ, તૃણ અને મણિ તેનું વર્ણન આ પ્રમાણે કહેલ છે – જેમ કોઈ ભૃંગ–ભૃંગપત્ર, ચાસ–ચાસપિચ્છ, શુક–શુકપિચ્છ, નીલી–નીલીભેદ–નીલીગુલિકા, શ્યામાક, ઉચ્ચાંતક, વનરાજી, બળદેવનું વસ્ત્ર, મોરની ગ્રીવા, પારેવાની ગ્રીવા, અતસીકુસુમ, અંજનકેશિકા કુસુમ, નીલોત્પલ, નીલાશોક, નીલકણવીર કે નીલબંધુજીવક હોય. શું તેના જેવા નીલવર્ણ આ તરુ અને મણિનો હોય? ના, તે અર્થ સમર્થ નથી. તે નીલ, તૃણ અને મણિ આના કરતા પણ ઇષ્ટતરક યાવત્ મણામતરક વર્ણથી કહેવાયેલા છે.

તેમાં જે લોહીતક તૃણ અને મણિ છે, તેનું વર્ણન આ પ્રમાણે છે – જેમ કોઈ સસલાનું લોહી, ઘેટા–મનુષ્ય–વરાહ કે મહિસનું લોહી, બાલ ઇન્દ્રગોપ, બાલસૂર્ય, સંધ્યાના વાદળનો રંગ, અર્ધ ચણોઠીનો રંગ, જાતિહીંગલોક, શિલપ્રવાલ, પ્રવાલાંકુર, લોહીતાક્ષમણિ લાક્ષારસ, કૃમિરાગ, રક્તકંબલ, ચણાના લોટનો ઢગલો, જાસૂદનું ફૂલ, કિંશૂકનું ફૂલ, પારિજાત ના ફૂલ, રક્તોત્પલ, રક્તાશોક, રક્ત કણેર, રક્ત બંધુજીવક આ બધા જેવો લાલ રંગ તેનો હોય ? ના, તે અર્થ સમર્થ નથી. તે લોહિતક લાલ તૃણ અને મણિ આનાથી પણ ઇષ્ટતરક ઇત્યાદિ યાવત્ વર્ણથી કહ્યા છે.

તેમાં જે પીળા તૃણ અને મણિનું આવું વર્ણન છે – જેમ કોઈ ચંપક – ચંપકની છાલ–ચંપકખંડ, હળદર–હળદર ખંડ–હળદરની ગોળી, હરિતાલ–હરિતાલખંડ–હળદરની ગોળી, હરિતાલ–હરિતાલખંડ–હરિતાલ ગુલિકા ચિકુર–ચિકુરંગ–રાગ, વરકનક–વરકનકનિઘસ, સુવર્ણશિપ્રિય, ઉત્તર પુરુષનું વસ્ત્ર, શલ્લકી કુસુમ, ચંપક કુસુમ, કુહંડિકા–કોરંટક–તડપુટ–ઘોષાડિયા–સુવર્ણયૂથિકા–સુહરણિયકા કે બીજગ કુસુમ, પીતાશોક, પીત કણેર, પ્રિયબંધુજીવ. એ બધા જેવો પીળો વર્ણ છે શું ? ના, આ અર્થ સમર્થ નથી. તે પીળા તૃણ અને મણિ આના કરતા પણ ઇષ્ટતર યાવત્ વર્ણથી કહેલ છે.

તેમાં જે શ્વેત તૃણ અને મણિ છે, તેનું આવું વર્ણન છે – અંક, શંખ, ચંદ્ર, કુંદ, કુસુમ, દકરજ, ઘનદહીં, ક્ષીર, ક્ષીરપૂર, હંસ–ક્રૌંચ–હાર–બલાક–ચંદ્ર–શારદીય બલાહકની શ્રેણી, ધંતધોત–રૂપ્યપટ્ટ, ચોખાના લોટનો ઢગલો, કુંદપુષ્પરાશિ, કુમુદરાશિ, શુક્રછિવાડી, પેહુણમિંજ, બિસ, મૃણાલિકા, ગજદંત, લવંગદલ, પુંડરીક દલ, સિંદુવાર માલ્યદામ, શ્વેત અશોક, શ્વેત કણવીર, શ્વેત બંધુજીવક, શું આ બધા જેવો શ્વેત વર્ણ છે ? ના, આ અર્થ સમર્થ નથી. તેનાથી પણ તે શુક્લ તૃણ અને મણિ ઇષ્ટતરકાદિ યાવત્ વર્ણથી છે.

ભગવન્ ! તે તૃણ અને મણિની કેવી ગંધ કહી છે? જેમ કે – કોષ્ઠપુટ, પત્ર–ચોય–તગર–એલચી–કિરિમેરી–ચંદન–કુંકુમ–ઉસીર–ચંપક–મરુતક–દમનક–જાતિ–જૂહિકા–મલ્લિય–નોમાલિય–વાસંતિક–કેતકી કે કર્પૂરનું પુટ હોય. અનુવાતમાં ઉઘાડતા, ભેદ કરતા, કૂટતા, નાના ખંડ કરતા, ઉડાડતા–વિખેરતા, પરિભોગ કરાતા, એક ભાંડથી બીજા ભાંડમાં સંહરતા, જેવી મનોજ્ઞ અને ઉદાર, ઘ્રાણ અને મનને સુખકારી, ચોતરફથી ગંધ ફેલાય છે, આવી ગંધ તેની હોય છે? ના, તે અર્થ સમર્થ નથી. તે તૃણ અને મણીની ગંધ આનાથી પણ ઇષ્ટતર યાવત્ મણામતર કહી છે.

ભગવન્ ! તે તૃણ અને મણિનો કેવો સ્પર્શ કહ્યો છે ? જેમ કોઈ આજિન, રૂ, બૂર, નવનીત, હંસગર્ભતુલી, શિરીષ–કુસુમનો સમૂહ, બાલકુમુદ પત્રનો ઢગલો હોય. આ બધા જેવો સ્પર્શ તેનો છે ? ના, તે અર્થ સમર્થ નથી. તે તૃણો અને મણિઓ આના કરતા પણ ઇષ્ટતરક યાવત્ મણામતર સ્પર્શથી કહેલ છે.

ભગવન્ ! તે તૃણ અને મણિઓ, પૂર્વ–પશ્ચિમ–દક્ષિણ–ઉત્તર દિશાથી આવતા વાયુથી મંદ–મંદ એજિત–વેજિત–કંપિત–ક્ષોભિત–ચાલિત–સ્પંદિત–ઘટ્ટિત–ઉદીરિત કરાતા કેવો શબ્દ થાય છે ? જેમ કોઈ શિબિકા, સ્યંદમાનિકા, શ્રેષ્ઠ રથ જે છત્ર–ધ્વજ–ઘંટ–શ્રેષ્ઠ તોરણ–નંદિઘોષ–ઘંટિકાથી યુક્ત એવી સુવર્ણની માળા સમૂહોથી ચોતરફથી વ્યાપ્ત છે. જે હિમવંત પર્વતના ચિત્ર–વિચિત્ર–તિનિશ લાકડીથી બનેલ, સોનાથી ખચિત છે. જેના આરા

સારી રીતે લાગેલ છે, જેની ધૂરા મજબૂત છે. જેના પૈડા ઉપર લોઢાની પટ્ટી ચઢાવેલ હોય, ગુણયુક્ત શ્રેષ્ઠ ઘોડા જોડેલ હોય. કુશળ અને દક્ષ સારથી હોય. પ્રત્યેકમાં સો–સો બાણવાળા બત્રીશ તૂણીર જેમાં લાગેલ હોય, કવચ જેનો મુગટ હોય, ધનુષ સહિત બાણ અને ભાલા આદિ શસ્ત્રો તથા આવરણોથી પરિપૂર્ણ હોય, યુદ્ધ નિમિત્તે સજાવાયેલ હોય, રાજાંગણ કે અંતઃપુરમાં મણિથી જડેલ ભૂમિતલમાં વારંવાર વેગથી ચાલતો હોય, આવતો–જતો હોય, ત્યારે જે ઉદાર, મનોજ્ઞ, મન અને કાનને તૃપ્ત કરનાર શબ્દ ચોતરફથી નીકળે, તેના જેવો શું તૃણો અને મણિનો શબ્દ હોય છે ? હે ગૌતમ! આ અર્થ સમર્થ નથી.

જેમ કોઈ વૈતાલિકા, વીણા, ઉત્તરમંદા મૂર્ચ્છનાથી યુક્ત, ખોળામાં સારી રીતે રાખેલ હોય, ચંદનસારથી નિર્મિત કોણ વડે ઘર્ષિત કરાતી હોય, વગાડવામાં કુશળ નર–નારી વડે સંગૃહીત હોય, પ્રાતઃકાળ અને સંધ્યાકાળે મંદ–મંદ અને વિશેષરૂપે કંપિત કરાતી, વગાડાતી, ક્ષોભિત, ચાલિત, સ્પંદિત, ઘર્ષિત અને ઉદિરિત કરવાથી જેવો ઉદાર, મનોજ્ઞ, કાન અને મનને તૃપ્તિકર શબ્દ ચોતરફથી નીકળતો હોય, શું તેવો તે તૃણ–મણિનો શબ્દ છે ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

જેમ કોઈ કિંનર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ હોય. તે ભદ્રશાલ–નંદન–સોમનસ–પાંડુક વનમાં ગયેલ હોય, હિમવંત–મલય–મેરુ–ગિરિગુફામાં બેઠેલ હોય, એક સ્થાને એકઠા થયા હોય, પરસ્પર સંમુખ બેઠા હોય, સુખપૂર્વક આસીન હોય, સમસ્થાને સ્થિત હોય, જે પ્રમુદિત અને ક્રીડામાં મગ્ન હોય, ગીતરતિ હોય, ગંધર્વ નાટ્યાદિથી જેનું મન હર્ષિત થઈ રહ્યું હોય, તે ગંધર્વાદિના ગદ્ય, પદ્ય, કથ્ય પદબદ્ધ, પાદબદ્ધ, ઉત્ક્ષિપ્ત, પ્રવર્તક, મંદાક એ આઠ પ્રકારના ગેયને, રોચિતા–વસાનને, સાત સ્વરોથી યુક્ત ગેયને, આઠ રસ સુસંપ્રયુક્ત, છ દોષ વિપ્રમુક્ત, અગિયાર ગુણાલંકાર અને આઠ ગુણોથી યુક્ત, વાંસળીની સૂરીલી અવાજથી ગવાતા ગેયને, રાગથી રક્ત, ત્રિસ્થાન–કરણ શુદ્ધ, મધુર–સમ–સુલલિત, વાંસળી અને તંત્રી વગાડાતા બંનેના મેળ સાથે ગવાતું ગેય, તાલ–લય–ગ્રહ સંપ્રયુક્ત, મનોહર, મૃદુ અને રિભિત પદ સંચારવાળા, શ્રોતાને આનંદ દેનાર, અંગોના સુંદર ઝુકાવવાળા, શ્રેષ્ઠ–સુંદર દિવ્ય ગીતો ગાનાર તે કિન્નરાદિના મુખથી નીકળતા શબ્દ જેવા તે તૃણ–મણિના શબ્દ હોય છે શું ? હા, ગૌતમ! આવા પ્રકારે તે શબ્દો હોય.

સૂત્ર–૧૬૫

તે વનખંડના મધ્યમાં તે–તે દેશમાં, ત્યાં–ત્યાં ઘણી જ નાની–નાની ચોખૂણી વાવડીઓ છે. ગોળ–ગોળ કે કમળયુક્ત પુષ્કરિણીઓ છે. સ્થાને–સ્થાને નહેરોવાળી દીર્ઘિકાઓ છે. વાંકી–ચૂંકી ગુંજાલિકાઓ છે. સ્થાને–સ્થાને સરોવર છે, સરોવરની પંક્તિઓ છે. અનેક સરસર પંક્તિઓ અને ઘણા જ કૂવાની પંક્તિઓ છે. તે સ્વચ્છ છે અને મૃદુ પુદ્‌ગલોથી નિર્મિત છે. એના કિનારા સમ છે. તેના કિનારા ચાંદીના બનેલા છે, કિનારે લાગેલ પાષાણ વજ્રમય છે. તેનો તલભાગ તપનીય સુવર્ણનો બનેલો છે.

તેનો તટવર્તી અતિ ઉન્નત પ્રદેશ વૈડૂર્યમણિ અને સ્ફટિકનો બનેલો છે. તેનું તળ માખણ જેવું સુકોમળ છે. રેતી સોના–ચાંદીની છે. આ બધા જળાશય સુખપૂર્વક પ્રવેશ અને નિષ્ક્રમણ યોગ્ય છે. વિવિધ પ્રકારના મણિઓથી તેના ઘાટ મજબૂત બનેલા છે. કૂવા અને વાવડી ચોખૂણા છે. તેના જળસ્થાન ક્રમશઃ નીચે–નીચે ઊંડું હોય છે અને તેનું જળ અગાધ તથા શીતળ છે. પદ્મિનીપત્ર, કંદ, પદ્મનાલથી તે ઢાંકેલ છે.

તે જળાશયમાં ઘણા જ ઉત્પલ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પુંડરીક, શતપત્ર, સહસ્રપત્ર, પુષ્પો રહેલા છે, તે પરાગથી સંપન્ન છે. આ બધા કમળ ભ્રમરો વડે પરિભુજ્યમાન છે. અર્થાત્ ભ્રમર તેનું રસપાન કરતા રહે છે. આ બધા જળાશય સ્વચ્છ અને નિર્મળ જળથી પરિપૂર્ણ છે. પરિહત્થ ઘણા મત્સ્ય અને કચ્છપ અહીં–તહીં ઘૂમતા રહે છે. અનેક પક્ષીયુગલ પણ ભમે છે.

આ જળાશયોમાં પ્રત્યેક જળાશય વનખંડથી ચોતરફથી ઘેરાયેલ છે અને પ્રત્યેક જળાશય પદ્મવરવેદિકાથી

યુક્ત છે. તેમાં કેટલાકનું પાણી આસવ જેવા સ્વાદવાળું છે, કેટલાક વારુણ સમુદ્ર જેવા જળ છે, કોઈકનું જળ દૂધ જેવું, કોઈનું જળ ઘી જેવું, કોઈનું ઇક્ષુરસ જેવું, કોઈનું અમૃતરસ જેવું અને કોઈ જળ સ્વભાવથી ઉદક રસ જેવું છે. આ બધા જળાશય પ્રાસાદિયાદિ છે.

તે નાની વાવડી યાવત્ બિલપંક્તિઓમાં તે–તે દેશમાં ત્યાં–ત્યાં યાવત્ ઘણા ત્રણ ત્રણ પગથીયાવાળી ત્રિસોપાન પ્રતિરૂપકો કહેલા છે. તે ત્રિસોપાન પ્રતિરૂપક(શ્રેણી)નું વર્ણન આ પ્રમાણે છે. તે આ – તેના વજ્રમય નેમા છે, રિષ્ઠમય પાયાઓ છે. વૈડૂર્યમય સ્તંભ છે. પાટિયાઓ સોના અને રૂપાના છે, તેનો સંધીભાગ વજ્રરત્નમય છે, લોહિતાક્ષમય ખીલીઓ, કઠોડા અને કઠોડાની દિવાલો વિવિધ મણિમય છે. આ સોપાન શ્રેણીઓ પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે.

તે ત્રિસોપાન પ્રતિરૂપકોની આગળ પ્રત્યેક–પ્રત્યેકને તોરણો કહેલા છે. તે તોરણો વિવિધ મણિમય સ્તંભો ઉપર ઉપનિવિષ્ટ અને સન્નિવિષ્ટ છે. અનેક પ્રકારની રચનાયુક્ત મોતી તેની વચ્ચે વચ્ચે લાગેલા છે. વિવિધ પ્રકારના તારાઓથી તે તોરણ ઉપચિત છે. તે તોરણોમાં ઇહામૃગ, વૃષભ, ઘોડા, મનુષ્ય, મગર, પક્ષી, વ્યાલ, કિન્નર, રુરુ, સરભ, હાથી, વનલતા અને પદ્મલતાના ચિત્રો બનેલા છે. આ તોરણોના સ્તંભો ઉપર વજ્રમયી વેદિકાઓ છે. સમશ્રેણી વિદ્યાધર યુગલોના યંત્રોના પ્રભાવથી આ તોરણો હજારો કિરણોથી પ્રભાસિત થઈ રહ્યા છે. આ તોરણો દીપ્યમાન છે, વિશેષ દીપ્યમાન છે, જોનારના નેત્રો તેના ઉપર ચોંટી જાય છે. તે તોરણો સુખસ્પર્શવાળા, સશ્રીક રૂપવાળા, પ્રાસાદિય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે.

તે તોરણોની ઉપર અનેક **આઠ–આઠ મંગલો કહેલા છે – સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત, વર્દ્ધમાન, ભદ્રાસન, કલશ, મત્સ્ય, દર્પણ.** તે સર્વે રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે.

તે તોરણોની ઉપર ઘણા કૃષ્ણ–ચામરધ્વજ, નીલ–ચામરધ્વજ, લોહિત–ચામરધ્વજ, હારિદ્ર ચામરધ્વજ, શુક્લ ચામરધ્વજ છે. તે ધ્વજો સ્વચ્છ, શ્લક્ષ્ણ, રૂપ્યપટ્ટ, વજ્રદંડ, કમળ સમાન ગંધવાળા, સુરૂપ અને પ્રાસાદિય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે.

તે તોરણોની ઉપર ઘણા છત્રાતિછત્રો, પતાકા–અતિપતાકા, ઘંટાયુગલ, ચામર યુગલ, ઉત્પલ હસ્તક યાવત્ શત–સહસ્રપત્ર હસ્તક છે, તે સર્વે રત્નમય સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે લઘુ વાવડી યાવત્ બિલપંક્તિઓના તે–તે દેશમાં ત્યાં–ત્યાં ઘણા ઉત્પાત પર્વતો, નિયતિ પર્વતો, જગતિ પર્વતો, દારુ પર્વતો, દકમંડપક, દકમંચક, દકમાલક, દકપ્રાસાદક છે. જેમાં કોઈ ઊંચા છે – કોઈ નાના છે, કોઈક નીચા છે પણ લાંબા છે. ત્યાં ઘણા હીંચકા, પક્ષીઓના હીંચકા છે. તે સર્વરત્નમય યાવત્ પ્રતિરૂપ છે.

તે ઉત્પાત પર્વતોમાં યાવત્ પક્ષીના હીંચકાઓમાં ઘણા હંસાસન, ક્રૌંચાસન, ગરુડાસન, ઉન્નતાસન, પ્રનતાસન, દીર્ઘાસન, ભદ્રાસન, પક્ષાસન, મકરાસન, વૃષભાસન, સિંહાસન, પદ્માસન, દિશાસૌવસ્તિકાસનો છે, તે સર્વે રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરય, નિર્મળ, નિષ્પંક, નિષ્કંટકછાયા, સપ્રભા, સકિરણ, સોદ્યોત, પ્રાસાદીયો, દર્શનીયો, અભિરૂપો અને પ્રતિરૂપો છે.

તે વનખંડમાં તે–તે દેશમાં ત્યાં–ત્યાં ઘણા આલિગૃહો માલિગૃહો, કદલીગૃહો, લતાગૃહો, અચ્છણગૃહો, પ્રેક્ષણગૃહો, મજ્જનગૃહો, પ્રસાધનગૃહો, ગર્ભગૃહો, મોહનગૃહો, શાલગૃહો, જાલગૃહો, કુસુમગૃહો, ચિત્રગૃહો, ગંધર્વગૃહો, આદર્શગૃહો છે. તે બધા સંપૂર્ણ રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિર્મળ, નિષ્પંક, નિષ્કંટક છાયા, સપ્રભા, સકિરણો, સોદ્યોત્, પ્રાસાદિય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે.

તે આલિગૃહો યાવત્ આદર્શગૃહોમાં ઘણા હિંસાસન યાવત્ દિશા સૌવસ્તિકાસન છે. તે સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. તે વનખંડના તે–તે દેશમાં, ત્યાં–ત્યાં ઘણા જાઈ–મંડપ, જૂહિકમંડપ, મલ્લિકામંડપ, નવમાલિકામંડપ,

વાસંતી–મંડપ, દધિવાસુકમંડપ, સૂરિલ્લિમંડપ, તંબોલીમંડપ, મુદ્રિકામંડપ, નાગલતામંડપ, અતિમુક્તમંડપ, આસ્ફોટમંડપ, માલુકા–મંડપ, શ્યામલતામંડપ છે. તે નિત્ય કુસુમીત યાવત્ પ્રતિરૂપ છે.

તે જાઈમંડપાદિમાં ઘણા પૃથ્વીશિલાપટ્ટકો કહેલા છે. તે આ પ્રમાણે – હંસાસન સંસ્થિત, ક્રૌંચાસન સંસ્થિત, ગરુડાસન સંસ્થિત, ઉન્નતાસન સંસ્થિત, પ્રનતાસન સંસ્થિત, દીર્ઘાસન સંસ્થિત, ભદ્રાસન સંસ્થિત, પક્ષાસન સંસ્થિત, મકરાસન સંસ્થિત, વૃષભાસન સંસ્થિત, સિંહાસન સંસ્થિત, પદ્માસન સંસ્થિત, દિશાસૌવસ્તિકાસન સંસ્થિત કહેલા છે. હે આયુષ્યમાન્ શ્રમણ ! ત્યાં ઘણા શ્રેષ્ઠ શયન–આસનો વિશિષ્ટ સંસ્થાન સંસ્થિત કહેલા છે. તેનો સ્પર્શ આજિનક, રૂત, બૂર, નવનીત, તૂલી સમાન છે તે મૃદુ, સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

ત્યાં ઘણા વ્યંતર દેવ–દેવીઓ વિશ્રામ કરે છે, સૂવે છે, ઊભે છે, બેસે છે, પડખા ફેરવે છે, રમે છે, લીલા કરે છે, ક્રીડા કરે છે, મોહન કરે છે. જૂના પુરાણા સુચિર્ણ, સુપરિક્રાંત, શુભ, કલ્યાણ, કૃત કર્મોના કલ્યાણકારી ફળ વૃત્તિ વિશેષને અનુભવતા વિચરે છે.

તે જગતીની ઉપર અંદરના ભાગે પદ્મવરવેદિકામાં ત્યાં એક મોટું વનખંડ કહેલ છે. દેશોન બે યોજન વિષ્કંભથી, વેદિકા સમાન પરિધિથી છે. તે કૃષ્ણ–કૃષ્ણાવભાસ છે ઇત્યાદિ વનખંડ વર્ણન અહી જાણી લેવું જોઈએ. મણિ–તૃણ શબ્દ સિવાયનું બધું પૂર્વવત્ જાણવું.

ત્યાં ઘણા વ્યંતર દેવ–દેવીઓ વિશ્રામ કરે છે, સૂવે છે, ઊભે છે, બેસે છે, પડખાં ફેરવે છે, રમે છે, લીલા કરે છે, ક્રીડા કરે છે, મોહન કરે છે. જૂના–પુરાણા સુચીર્ણ, સુપરિક્રાંત, શુભ, કાંત કર્મોના કલ્યાણકારી ફળ–વૃત્તિ વિશેષને અનુભવતા વિચરે છે.

### સૂત્ર–૧૬૬, ૧૬૭

**૧૬૬.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના કેટલા દ્વારો કહ્યા છે ? ગૌતમ ! ચાર. તે આ – વિજય, વૈજયંત, જયંત, અપરાજિત.

**૧૬૭.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપનું વિજય નામે દ્વાર ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની પૂર્વે ૪૫,૦૦૦ યોજન અબાધાએ ગયા પછી જંબૂદ્વીપ દ્વીપના પૂર્વાંતમાં તથા લવણ સમુદ્રના પૂર્વાર્ધના પશ્ચિમ ભાગમાં સીતા મહાનદી ઉપર જંબૂદ્વીપનું વિજયદ્વાર છે.

આ દ્વાર આઠ યોજન ઊંચું, ચાર યોજન પહોળું અને ચાર યોજન પ્રવેશમાં છે, આ દ્વાર શ્વેતવર્ણી છે, તેનું શિખર શ્રેષ્ઠ સોનાનું છે. આ દ્વાર ઉપર ઇહામૃગ, વૃષભ, અશ્વ, મનુષ્ય, મગર, પક્ષી, સર્પ, કિન્નર, રુરુ, સરભ, ચમર, હાથી, વનલતા અને પદ્મલતાના વિવિધ ચિત્રો બનેલા છે. તેના સ્તંભ ઉપર વજ્રવેદિકા હોવાથી તે રમ્ય લાગે છે. તે વિદ્યાધર યમલ યુગલ યંત્રયુક્તની માફક અર્ચીસહસ્રમાલિનીના હજારો રૂપથી કલિત, દીપ્યમાન, દેદીપ્યમાન, જોતા જ આંખ ચોંટી જાય તેવું, સુખસ્પર્શ વાળુ, સશ્રીકરૂપ છે. તે દ્વારનું વર્ણન આ પ્રમાણે –

આ દ્વારના નેમા વજ્રરત્નમય છે, તેના મૂળ પાયા રિષ્ટરત્નમય છે, સ્તંભ વૈડૂર્યરત્નમય છે, જાત્યરૂપ ઉપચિત પ્રવર પંચવર્ણી મણિ–રત્નોથી જડિત ભૂમિતળ છે, હંસગર્ભમય ઉંબરા, ગોમેજ્જ રત્નની ઇન્દ્રકાલ, લોહિતાક્ષ રત્નમય દ્વારશાખા, દ્વાર પરના ત્રાંસા પાટિયા જ્યોતિરસ રત્નમય, વૈડૂર્યમય કમાડ, વજ્રમય સંધી, લોહિતાક્ષરત્નમય શૂચિ, વિવિધ મણિમય સમુદ્‌ગક, વજ્રમયી અર્ગલા અને અર્ગલાપાસા, વજ્રમયી આવર્તન પીઠિકા, અંકરત્નનું ઉત્તર પાર્શ્વ, નિરંતરિત ઘન કપાટ અને ભીંતોમાં ૧૬૮ ભિત્તીગુલિકા હોય છે. તેટલી જ ગોમાનસી હોય છે.

દ્વાર ઉપર વિવિધ મણિ–રત્ન વ્યાલ રૂપક લીલાસ્થિત શાલભંજિકા, વજ્રમય કૂડ, રજતમય ઉત્સેધ, સર્વ તપનીયમય ઉલ્લોક, વિવિધ મણિરત્નના જાલપંજર મણિવંશક, લોહિતાક્ષ રત્નના પ્રતિવંશક, રજતમય ભૂમિ છે. અંકરત્નમય પક્ષબાહા, જ્યોતિરસમય વંશ અને વંશ કવેલ્લુગ, રજતમયી પટ્ટિકા, જાત્યરૂપમયી અવઘાટની,

વજ્રરત્નમયી ઉપરની પુંછલી, સર્વશ્વેત રજતમય છાદન, અંકરત્નમય કનકકૂટ, તપનીય સ્તૂપિકા, શ્વેત–શંખતલ–વિમલ–નિર્મલ–દધિઘન–ગોક્ષીર–ફીણ–રજત નિકર સમાન છે. તિલકરત્ન અને અર્દ્ધચંદ્રોથી તે વિવિધ મણિમય માળાથી અલંકૃત છે. અંદર અને બહારથી શ્લક્ષ્ણ, તપનીય રુચિર વાલુકા પ્રસ્તટ છે. સુખસ્પર્શ વાળા, સશ્રીકરૂપ, પ્રાસાદિય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ તે દ્વાર છે.

વિજયદ્વારની બંને પડખે બે નિસિધિકા છે. બબ્બે ચંદન કળશની પરિપાટી છે. તે ચંદન કળશો શ્રેષ્ઠ કમળો પર પ્રતિષ્ઠિત છે. સુગંધિત અને શ્રેષ્ઠ જળથી ભરેલા છે. તેના ઉપર ચંદનનો લેપ કરેલો છે. તેના કંઠોમાં મૌલી બાંધેલી છે. પદ્મકમળ વડે ઢાંકેલ છે. તે સર્વરત્નોના બનેલા છે, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે. હે આયુષ્યમાન્ શ્રમણ! તે કળશો મોટા મોટા મહેન્દ્રકુંભની સમાન છે.

તે વિજયદ્વારની બંને બાજુ બે નૈષેધિકાઓમાં બે–બે નાગદંતોની પંક્તિ છે. તે મુક્તાજાળોની અંદર લટકતી સુવર્ણમાળાઓ અને ગવાક્ષની આકૃતિની રત્નમાળાઓ અને નાની–નાની ઘંટિકાઓથી યુક્ત છે. આગળના ભાગમાં કંઈક ઊંચી છે, ઉપરના ભાગે આગળ નીકળેલી છે અને સારી રીતે ઠોકેલી છે. સર્પના નીચલા અર્દ્ધભાગની માફક તેનું રૂપ છે. પન્નગાર્દ્ધ સંસ્થાન સંસ્થિત છે. તે સંપૂર્ણ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. હે આયુષ્યમાન શ્રમણ ! મોટા–મોટા ગજદંત સમાન કહેલ છે. તે નાગદંતાઓ અતીવ સ્વચ્છ યાવત અતીવ મનોહર છે.

તે નાગદંતોમાં ઉપર કાળા, નીલા, લાલ, પીળા, સફેદ દોરામાં ગૂંથેલ ઘણી લાંબી માળાનો સમૂહ લટકી રહ્યો છે. તે માળા સોનાના દડા અને સોનાની પાંદડીઓથી શોભિત અને વિવિધ મણિરત્નોના વિવિધ હાર – અર્દ્ધહારથી ઉપશોભિત છે. પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તર દિશાના વાયુથી તે માળાઓ ધીમે ધીમે હાલે છે, એકબીજા સાથે અથડાય છે.તેમાંથી વિશિષ્ટ, મનોહર, કર્ણપ્રિય અને મધુર ગુંજન થાય છે અને યાવત્ તે માળાઓ શ્રી વડે અતીવ અતીવ શોભતું–શોભતું રહેલ છે.

તે નાગદંતકોની ઉપર બીજી બબ્બે નાગદંત પરિપાટી કહેલી છે. તે નાગદંતક મોતીના જાળમાં લટકતી ઇત્યાદિ પૂર્વવત્ હે આયુષ્યમાન્ શ્રમણ ! કહેલી છે.

તે નાગદંતકોમાં ઘણા રજતમય સિક્કા કહેલ છે. તે રત્નમય સિક્કાઓમાં ઘણી વૈડૂર્યમય ધૂપઘટીઓ કહેલી છે. તે આ રીતે– તે ધૂપઘટિકા કાળો અગરુ, પ્રવર કુંદરુષ્ક, તુરુષ્ક, ધૂપથી ગંધિકા–ગંધવર્તીભૂત એવી ઉદાર, મનોજ્ઞ, ઘ્રાણ–મનને સુખકારી ગંધથી તે પ્રદેશને ચોતરફથી આપૂરીત કરતી–કરતી, અતિ અતિ શોભા વડે યાવત્ રહે છે.

વિજયદ્વારને બંને પડખે, બંને નૈષેધિકામાં બબ્બે શાલભંજિકાની પરિપાટી કહી છે. તે શાલભંજિકા લીલાસ્થિત, સુપ્રતિષ્ઠિત, સુઅલંકૃત, વિવિધ આકાર–વસ્ત્રયુક્ત, વિવિધ માળાઓને ધારણ કરેલી, મુષ્ટીમાં ગ્રાહ્ય મધ્ય ભાગવાળી છે તથા તેના પયોધર સમશ્રેણિક, ચુચુક યુગલથી યુક્ત, કઠિન, ગોળાકાર છે. તે સામે તરફ ઉઠેલા અને પુષ્પ છે, તેથી રતિ–ઉત્પાદક છે. આ પૂતળીના આંખના ખૂણા લાલ છે, વાળ કાળા અને કોમલ છે. વિશદ, પ્રશસ્ત લક્ષણ છે તેનો અગ્રભાગ મુગટથી આવૃત્ત છે. તે અશોકવૃક્ષનો કંઈક સહારો લઈને ઊભેલી છે. ડાબા હાથે તેણે અશોકવૃક્ષનો અગ્રભાગ પકડી રાખેલ છે. પોતાના તિર્છા કટાક્ષથી દર્શકોનું મન આકર્ષી રહી છે. પરસ્પરના તિર્છા અવલોકનથી લાગે છે કે એક–બીજીને ખિન્ન કરી રહી છે.

આ પૂતળી પૃથ્વીકાયના પરિણામરૂપ અને શાશ્વત ભાવને પ્રાપ્ત છે. તેમનું મુખ ચંદ્રમા જેવુ છે. લલાટ અર્ધચંદ્ર સમાન છે, દર્શન ચંદ્રમા કરતા પણ સૌમ્ય છે. ઉલ્કા સમાન ચમકતી છે. તેમનો પ્રકાશ વીજળીના પ્રગાઢ કિરણો અને અનાવૃત્ત સૂર્યના તેજથી પણ અધિક છે. આકૃતિ શૃંગારપ્રધાન છે. વેશભૂષા શોભાવાન છે. તે પ્રાસાદીય–દર્શનીયાદિ છે. તેજથી અતિ શોભતી એવી રહેલી છે.

વિજયદ્વારની બંને પડખે બબ્બે નૈષેધિકીમાં બબ્બે જાલકટકો કહ્યા છે, તે જાલકટકો સંપૂર્ણ રત્નમય, સ્વચ્છ

યાવત્ પ્રતિરૂપ છે. વિજયદ્વારની બંને પડખે બબ્બે નૈષેધિકી, બબ્બે ઘંટા–પરિપાટીઓ કહી છે. તે ઘંટાનો આવા સ્વરૂપે વર્ણક નિવેશ છે. તે આ – જાંબુનદમયી ઘંટા, વજ્રમયી લાલા, વિવિધ મણિમય ઘંટાના પાર્શ્વભાગ તપનીયમયી સાંકળો, રજતમયી રજ્જૂ છે.

તે ઘંટાઓ ઓઘસ્વરા, મેઘસ્વરા, હંસસ્વરા, ક્રૌંચસ્વરા, નંદીસ્વરા, નંદીઘોષા, સિંહસ્વરા, સિંહઘોષા, મંજુસ્વરા, મંજુઘોષા, સુસ્વરા, સુસ્વર નિર્ઘોષા છે. તે પ્રદેશમાં ઉદાર, મનોજ્ઞ, કાન–મનને સુખકારી શબ્દોથી યાવત્ રહેલ છે.

વિજયદ્વારની ઉભય પડખે બબ્બે નૈષેધિકાઓ છે. બબ્બે વનમાલા પરિપાટી કહી છે. તે વનમાલા વિવિધ દ્રુમલતા, કિશલય, પલ્લવ સમાકુલ, ષટ્પદ પરિભુજ્યમાન કમળોથી શોભંત, સશ્રીકો, પ્રાસાદિયાદિ, તે પ્રદેશમાં ઉદાર યાવત્ ગંધથી વ્યાપ્ત કરતી યાવત્ સ્થિત છે.

સૂત્ર–૧૬૮

વિજયદ્વારના બંને પડખે બંને નૈષેધિકીમાં બબ્બે પ્રકંઠકો કહેલા છે. તે પ્રકંઠકો ચાર યોજન આયામ–વિષ્કંભથી, બે યોજન બાહલ્યથી છે, તે સર્વ વજ્રમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે પ્રત્યેક ઓટલા ઉપર પ્રત્યેક–પ્રત્યેક પ્રાસાદાવતંસક કહેલા છે. તે પ્રાસાદાવતંસક ચાર યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, બે યોજન લંબાઈ–પહોળાઈથી છે, અતે સર્વ દિશામાં વ્યાપ્ત પોતાની પ્રભાથી જાને તે હસતા હોય તેવા લાગે છે. સમાન વિવિધ મણિરત્ન વડે ચિત્રિત છે, વાયુ વડે ઉદ્ધૂત વિજય–વૈજયંતી–પતાકા, છત્રાતિછત્ર યુક્ત હતી. તુંગ, ગગનતલને ઉલ્લંઘતી કે સ્પર્શતા શિખરો હતા. તેની જાળીમાં રત્ન જડેલા હતા, તે આવરણથી બહાર નીકળેલ વસ્તુ માફક નવા નવા લાગતા હતા. તેના શિખર મણિ અને સોનાના છે. વિકસિત શતપત્ર, પુંડરીક, તિલકરત્ન, અર્દ્ધચંદ્રોના ચિત્રોથી ચિત્રિત છે. વિવિધ પ્રકારની મણિની માળાથી અલંકૃત છે. અંદર–બહારથી શ્લક્ષ્ણ છે. તપનીય સુવર્ણની રેતી તેના આંગણમાં બિછાવેલી છે. તેનો સ્પર્શ અત્યંત સુખદાયી છે, આકર્ષક રૂપ છે. આ પ્રાસાદાવતંસકો પ્રાસાદીય આદિ વિશેષણથી યુક્ત છે.

તે પ્રાસાદાવતંસકોના ઉપરી ભાગ પદ્મલતા યાવત્ શ્યામલતાના ચિત્રોથી ચિત્રિત છે. તે સર્વે તપનીયમય, સ્વચ્છ, પ્રાસાદિય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે.

તે પ્રાસાદાવતંસકોમાં પ્રત્યેકે પ્રત્યેકનો ઘણો સમ–રમણીય ભૂમિભાગ કહેલ છે. જેમ કોઈ આલીંગ પુષ્કર યાવત્ મણિ વડે ઉપશોભિત હોય. મણિના ગંધ–વર્ણ–સ્પર્શ પૂર્વવત જાણવા.

તે બહુસમ રમણીય ભૂમિભાગોના બહુમધ્ય દેશભાગે પ્રત્યેકે પ્રત્યેકમાં મણિપીઠિકાઓ કહી છે. તે મણિ–પીઠિકા યોજન આયામ વિષ્કંભથી, અષ્ટ યોજન બાહલ્યથી, સર્વરત્નમય યાવત્ પ્રતિરૂપ છે. તે મણિપીઠિકા ઉપર એક એક સિંહાસન કહેલ છે. તે સિંહાસનનું આવા પ્રકારનું વર્ણન છે –

તપનીયમય ચક્રવાલ, રજતમય સિંહો, સુવર્ણના પાદ, વિવિધ મણિમય પાદપીઠક, જંબૂનદ(સુવર્ણ)મય ગાત્રો, વજ્રમય સંધી, વિવિધ મણિમય મધ્યભાગ છે. તે સિંહાસનો ઈહામૃગ–વૃષભ યાવત્ પદ્મલતાદિ ચિત્રોથી ચિત્રિત છે. તે સિંહાસનની આગળ રહેલું પાદપીઠ વિવિધ મૂલ્યવાન મણિ રજતપાદપીઠ, મૃદુ સ્પર્શવાળા આસ્તરક યુક્ત ગાદી, જેમાં નવીન છાલવાળા મુલાયમ–મુલાયમ દર્ભાગ્ર અને અતિ કોમળ કેસરા ભરી છે, ગાદી ઉપર વેલબૂંટાથી યુક્ત સુતરાઉ ચાદર બિછાવેલી છે, તેના ઉપર રજસ્ત્રાણ છે. તે રમણીય લાલ વસ્ત્રથી આચ્છાદિત છે, સુરમ્ય છે, આજિનક, ૠ, બૂર, વનસ્પતિ, માખણ, અર્કતૂલાની સમાન મુલાયમ સ્પર્શવાળા છે. તે સિંહાસન પ્રાસાદિય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે.

તે સિંહાસનની ઉપર પ્રત્યેક–પ્રત્યેકમાં વિજયદૂષ્ય કહેલ છે. તે વિજયદૂષ્ય શ્વેત શંખ–કુંદ–દકરજ–અમૃતમથિત ફીણના પુંજ સદશ સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે વિજયદૂષ્યના બહુમધ્ય દેશભાગમાં

પ્રત્યેક પ્રત્યેક વજ્રમય અંકુશ કહેલ છે. તે વજ્રમય અંકુશમાં પ્રત્યેક–પ્રત્યેકમાં કુંભિકા મુક્તાદામ કહેલ છે. તે કુંભિકા મુક્તાદામ બીજા ચાર–ચાર તેનાથી અર્દ્ધ ઉચ્ચપ્રમાણ માત્રથી અર્દ્ધકુંભીક્ક મુક્તાદામથી ચોતરફથી ઘેરાયેલ છે. તે દામ તપનીય લંબૂસક અને સુવર્ણ પ્રતરકથી મંડિત યાવત્ રહેલ છે. તે પ્રાસાદાવતંસકની ઉપર ઘણા આઠ–આઠ સ્વસ્તિક આદિ મંગલો કહેલ છે.

સૂત્ર–૧૬૯

વિજયદ્વારના બંને પડખે બે પ્રકારની નિષિધિકામાં બબ્બે તોરણો કહ્યા છે. તે તોરણો વિવિધ મણિમય આદિ પૂર્વવત્ કહેવું યાવત્ આઠ અષ્ટમંગલો અને છત્રાતિછત્ર જાણવું. તે તોરણો આગળ બબ્બે શાલભંજિકા કહી છે. વર્ણન પૂર્વવત્. તે તોરણોની આગળ બબ્બે નાગદંતકો કહ્યા છે. તે નાગદંતકો મુક્તાજાલમાં અંદર લટકતી માળાયુક્ત છે. તે નાગદંતકો ઘણી કાળા ઘેરામાં ગૂંથેલ વૃત્ત–લટકતી–માલ્યદામથી યુક્ત યાવત્ રહેલ છે.

તે તોરણોની આગળ બબ્બે શાલભંજિકાઓ કહી છે. તે પૂર્વવત્ કહેવી. તે તોરણોની આગળ બબ્બે નાગદંતકો કહ્યા છે. તે નાગદંતકો મુક્તાજાળની અંદર લટકતી માળાઓથી યુક્ત છે આદિ પૂર્વવત્. તે તોરણોની આગળ બબ્બે અશ્વ સંઘાટકો કહેલા છે. સંપૂર્ણ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. એ પ્રમાણે પંક્તિ, વીથી, મિથુનકો જાણવા. બબ્બે પદ્મલતા યાવત્ પ્રતિરૂપ છે. તે તોરણોની આગળ અક્ષત સૌવસ્તિક, સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે તોરણોની આગળ બબ્બે ચંદનકળશો કહ્યા છે. તે ચંદનકળશો શ્રેષ્ઠ કમળે પ્રતિષ્ઠાન છે. પૂર્વવત્ સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપ છે.

તે તોરણોની આગળ બબ્બે ભૃંગારક કહેલ છે. શ્રેષ્ઠ કમળ પ્રતિષ્ઠિત યાવત્ સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. મોટા મોટા મત્ત ગજ મુખાકૃતિ સમાન હે આયુષ્માન્ શ્રમણ ! કહેલ છે.

તે તોરણોની આગળ બબ્બે આદર્શક કહેલ છે. તે આદર્શકોનું આવું વર્ણન છે. તે આ – તપનીયસુવર્ણમય પ્રકંઠક, વૈડૂર્યમય સ્તંભ, વજ્રમય વરાંગ, વિવિધ મણિમય વલાક્ષ, અંકમય મંડલ, અનવઘર્ષિત નિર્મળ છાયાથી યુક્ત સર્વતઃ સમનુબદ્ધ, ચંદ્રમંડલ સમાન ગોળાકાર છે. આ દર્પણ મોટા–મોટા અને અર્ધકાય સમાન છે.

તે તોરણોની આગળ બબ્બે વજ્રમય સ્થાલ કહ્યા છે. તે થાળા સ્વચ્છ, ત્રણ વખત સૂપ આદિ દ્વારા સાફ કરેલ, મૂસલાદિથી ખાંડેલ શુદ્ધ સ્ફટિક જેવા ચોખાથી ભરેલ છે તે સર્વ સ્વર્ણમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. મોટા–મોટા રથ ચક્રસમાન તે કહ્યા છે.

તે તોરણોની આગળ બબ્બે પાત્રીઓ કહી છે. તે પાત્રીઓ સ્વચ્છ જળથી પરિપૂર્ણ છે. વિવિધ પંચરંગી લીલા ફળોથી ભરેલી હોય એવી લાગે છે. તે પાત્રીઓ સર્વ રત્નમયી યાવત્ પ્રતિરૂપ છે. મોટા–મોટા ગોકલિંજર ચક્રની સમાન હે આયુષ્યમાન્ શ્રમણ ! કહેલી છે.

તે તોરણોની આગળ બબ્બે સુપ્રતિષ્ઠક કહેલ છે. તે સુપ્રતિષ્ઠકો વિવિધ પંચવર્ણી પ્રસાધનક ભાંડ વિરચિત સર્વૌષધિ પ્રતિપૂર્ણ, સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે તોરણોની આગળ બબ્બે મનોગુલિકાઓ કહેલ છે. તે મનોગુલિકામાં ઘણા સોના–રૂપાના ફલકો કહ્યા છે. તે સોના–રૂપાના ફલકોમાં ઘણા વજ્રમય નાગદંતક, મુક્તાજાલની અંદર લટકતા, સુવર્ણ યાવત્ ગજદંતક સમાન કહેલ છે. તે વજ્રમય નાગદંતકોમાં ઘણા રજતમય સિક્કા કહેલ છે. તે રજતમય સિક્કામાં ઘણા વાતકરગો કહેલ છે. તે વાતકરક કાળા દોરના બનેલા ઢાંકણથી યાવત્ સફેદ છત્રના બનેલ ઢાંકણથી આચ્છાદિત છે. બધા વૈડૂર્યમય યાવત્ પ્રતિરૂપ છે.

તે તોરણોની આગળ બબ્બે ચિત્રરત્ન કરંડક છે. જેમ કોઈ ચાતુરંત ચક્રવર્તી રાજાનું ચિત્ર રત્નકરંડક વૈડૂર્યમણિ અને સ્ફટિક મણિઓનું ઢાંકણ લાગેલ હોય, પોતાની પ્રભાથી તે પ્રદેશને ચોતરફથી અવભાસિત કરે છે,

ઉદ્યોતિત–તાપિત–પ્રભાસિત કરે છે. એ પ્રમાણે તે ચિત્રરત્ન કરંડક વૈડૂર્યરત્નના ઢાંકણથી યુક્ત થઈને પોતાની પ્રભાથી તે પ્રદેશને બધી તરફથી અવભાસિત કરે છે.

તે તોરણોની આગળ બબ્બે અશ્વ કંઠકો યાવત્ બબ્બે ઋષભકંઠકો કહ્યા છે તે સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે અશ્વકંઠકો યાવત્ ઋષભ કંઠકોમાં બબ્બે પુષ્પ ચંગેરી, એ પ્રમાણે માલ્ય–ગંધ–ચૂર્ણ–વસ્ત્ર–આભરણ ચંગેરીઓ, સિદ્ધાર્થ ચંગેરી, રોમહસ્ત ચંગેરીઓ છે. તે સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે તોરણોની આગળ બબ્બે પુષ્પ પટલ યાવત્ લોમહસ્ત પટલ છે. તે સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. તે તોરણોની આગળ બબ્બે સિંહાસન કહ્યા છે. તે સિંહાસનોનું વર્ણન બધું પૂર્વવત્ કહેવું યાવત્ પ્રાસાદીય છે.

તે તોરણોની આગળ બબ્બે ચાંદીના આચ્છાદન વાળા છત્ર કહેલ છે. તે છત્રોના દંડ વૈડૂર્યમણિના છે, તે ચમકતા અને નિર્મળ છે. તેની કર્ણિકા સ્વર્ણની છે, તેમની સંધિઓ વજ્રરત્નથી પૂરિત છે. તે છત્ર મોતીની માળાથી યુક્ત છે. તે ૧૦૦૮ શલાકાથી યુક્ત છે, જે શ્રેષ્ઠ સુવર્ણની બનેલ છે. વસ્ત્રથી છણેલ ચંદનની ગંધ સમાન સુગંધિત અને સર્વ ઋતુમાં સુગંધી રહેનારી તેની શીતળ છાયા છે. તે છત્રો ઉપર મંગલ ચિત્રિત છે. તે ચંદ્રાકાર સમવૃત્ત છે.

તે તોરણોની આગળ બબ્બે ચામરો કહી છે. તે ચામર ચંદ્રપ્રભ–વજ્ર–વૈડૂર્યાદિ વિવિધ મણિરત્ન ખચિત દંડ, વિવિધ મણિ–કનક–રત્ન–વિમલ–મહાર્હ–તપનીય–ઉજ્જ્વલ વિચિત્ર દંડ–ચમકતા છે. તે ચામર શંખ, અંક, કુંદ, જળકણ, અમૃત મથિત ફેણના પુંજ સદશ સૂક્ષ્મ રજત દીર્ઘ બાલયુક્ત, સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે તોરણોની આગળ બબ્બે તેલ સમુદ્ગક, કોષ્ઠ સમુદ્ગક, પત્ર સમુદ્ગક, ચોય સમુદ્ગક, તગર સમુદ્ગક, એલ સમુદ્ગક, હરિતાલ સમુદ્ગક, હિંગલોક સમુદ્ગક, મનોશીલ સમુદ્ગક, અંજન સમુદ્ગક છે. તે સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

સૂત્ર–૧૭૦

વિજયદ્વાર ઉપર ૧૦૮ ચક્રધ્વજ, ૧૦૮ મૃગધ્વજ, ૧૦૮–ગરુડધ્વજ, ૧૦૮ વરુધ્વજ, ૧૦૮ છત્રધ્વજ, ૧૦૮ પિચ્છ ધ્વજ, ૧૦૮ શકુનિધ્વજ, ૧૦૮ સિંહધ્વજ, ૧૦૮ વૃષભ ધ્વજ, ૧૦૮ શ્વેત ચાર દાંતવાળા હાથી થી અંકિત ધ્વજા – આ રીતે બધી મળીને ૧૦૮૦ ધ્વજાઓ વિજયદ્વારે કહેલી છે.

વિજયદ્વારે નવ ભોમ કહેલા છે. તે ભોમની અંદર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે યાવત્ મણિનો સ્પર્શ. તે ભોમની ઉપર ઉલ્લોક, પદ્મલતા યાવત્ શ્યામલતાના ચિત્રો યાવત્ સર્વ તપનીયમય સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે ભોમના બહુમધ્ય દેશભાગે જે પાંચમું ભોમ છે, તે ભોમના બહુમધ્ય દેશભાગમાં એક મોટું સિંહાસન કહેલ છે. સિંહાસન વર્ણન વિજયદૂષ્ય યાવત્ અંકુશ યાવત્ માળાઓ રહેલી છે. પૂર્વવત્ જાણવું.

તે સિંહાસનની પશ્ચિમ–ઉત્તરમાં, ઉત્તરમાં, ઉત્તર–પૂર્વમાં આ વિજય દેવના ૪૦૦૦ સામાનિકોના ૪૦૦૦ ભદ્રાસન કહ્યા છે. તે સિંહાસનની પૂર્વે અહીં વિજયદેવની સપરિવાર ચાર અગ્રમહિષીના ચાર ભદ્રાસન કહ્યા છે.

તે સિંહાસનની દક્ષિણ–પૂર્વમાં વિજયદેવની અભ્યંતર પર્ષદાના ૮૦૦૦ દેવોના ૮૦૦૦ ભદ્રાસનો કહેલ છે. તે સિંહાસનની દક્ષિણે વિજય દેવની મધ્યમા પર્ષદાના ૧૦,૦૦૦ દેવોના ૧૦,૦૦૦ ભદ્રાસનો કહ્યા છે.

તે સિંહાસનની દક્ષિણ–પશ્ચિમે વિજયદેવની બાહ્ય પર્ષદાના ૧૨,૦૦૦ દેવોના ૧૨,૦૦૦ ભદ્રાસનો કહ્યા છે.

તે સિંહાસનની પશ્ચિમે આ વિજયદેવના સાત સેનાધિપતિના સાત ભદ્રાસનો કહેલ છે.

તે સિંહાસનની પૂર્વમાં, દક્ષિણમાં, પશ્ચિમમાં, ઉત્તરમાં આ વિજયદેવના ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવોના ૧૬,૦૦૦ ભદ્રાસનો કહ્યા છે.

તે આ રીતે – પૂર્વમાં ૪૦૦૦ એ પ્રમાણે ચારેમાં યાવત્ ઉત્તરમાં ૪૦૦૦ છે. બાકીના ભોમોમાં પ્રત્યેક–પ્રત્યેકમાં ભદ્રાસન કહેલા છે.

સૂત્ર–૧૭૧

વિજયદ્વારનો ઉપરનો ભાગ સોળ પ્રકારના રત્નોથી ઉપશોભિત છે. તે આ પ્રમાણે – રત્ન, વજ્ર, વૈડૂર્ય યાવત્ રિષ્ટ. વિજયદ્વારની ઉપર ઘણા આઠ–આઠ મંગલો કહ્યા છે. તે આ – સ્વસ્તિક, શ્રીવત્સ યાવત્ દર્પણ, સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. વિજયદ્વારની ઉપર ઘણા કૃષ્ણ ચામરધ્વજ છે યાવત્ સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. વિજયદ્વારની ઉપર ઘણા છત્રાતિછત્રો છે. આ બધાનું વર્ણન પૂર્વવત્ જાણવું.

સૂત્ર–૧૭૨

ભગવન્ ! એમ કેમ કહેવાય છે કે વિજયદ્વાર એ વિજયદ્વાર છે ? ગૌતમ ! વિજયદ્વારે વિજય નામક મહર્દ્ધિક, મહાદ્યુતિક યાવત્ મહાનુભાવ એવો પલ્યોપમ–સ્થિતિક દેવ વસે છે. તે ત્યાં ૪૦૦૦ સામાનિક દેવો, સપરિવાર ચાર અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષકદેવ, વિજયદ્વાર, વિજયા રાજધાનીનું, બીજા પણ ઘણા વિજયા રાજધાનીમાં વસતા દેવો, દેવીઓનું આધિપત્ય યાવત્ દિવ્ય ભોગોપભોગને ભોગવતો વિચરે છે. તેથી હે ગૌતમ ! વિજયદ્વારને વિજયદ્વાર કહે છે અથવા હે ગૌતમ ! વિજયદ્વાર એ શાશ્વત નામ છે. જે કદી ન હતું–નથી કે નહીં હશે તેમ નહીં યાવત્ અવસ્થિત છે, નિત્ય છે. એવું આ વિજયદ્વાર છે.

સૂત્ર–૧૭૩

વિજયદેવની વિજયા નામે રાજધાની ક્યાં કહી છે ? ગૌતમ ! વિજયદ્વારના પૂર્વમાં તિર્છા અસંખ્ય દ્વીપ–સમુદ્ર ઓળંગ્યા પછી અન્ય જંબૂદ્વીપ દ્વીપમાં ૧૨,૦૦૦ યોજન ગયા પછી આ વિજયદેવની વિજયા નામે રાજધાની છે. તે ૧૨,૦૦૦ યોજન લાંબી–પહોળી અને ૪૭,૯૪૮ યોજનથી કંઈક વિશેષાધિક પરિધિ કહી છે.

તે એક પ્રાકાર વડે ઘેરાયેલ છે. તે પ્રાકાર ૩૭॥ યોજન ઊંચા છે, તેનો વિષ્કંભ મૂળમાં ૧૨॥ યોજન, મધ્યમાં ૬–યોજન, એક કોસ અને ઉપર ને છેડે ૩ યોજન અને અડધો કોસ છે. એ રીતે મૂળમાં વિસ્તૃત, મધ્યમાં સંક્ષિપ્ત, ઉપર પાતળું છે. તે બહારથી ગોળ, અંદરથી ચોરસ, ગાયની પૂંછના આકારે સંસ્થિત છે. તે સર્વ કનકમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે પ્રાકાર વિવિધ પંચવર્ણી કપિશીર્ષક(કાંગરાઓ)થી શોભે છે. તે આ પ્રમાણે – કૃષ્ણ યાવત્ શુક્લ. તે કપિશીર્ષક અર્દ્ધ કોશ લાંબા, ૫૦૦ ધનુષ વિષ્કંભથી, દેશોન અર્દ્ધ કોશ ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે. તે સર્વે મણિમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

વિજયા રાજધાનીની એક–એક બાહામાં ૧૨૫–૧૨૫ દ્વાર હોય છે, એમ કહેલ છે. તે દ્વારો ૬૨॥ યોજન ઊંચા, ૩૧। યોજન વિષ્કંભ અને તેટલો જ પ્રવેશ છે. તે દ્વાર શ્વેતવર્ણી છે, શ્રેષ્ઠ સ્વર્ણની સ્તૂપિકા છે, તેના ઉપર ઇહામૃગાદિના ચિત્ર બનેલા છે ઇત્યાદિ. યાવત્ તેના પ્રસ્તટમાં સ્વર્ણમય રેતી બિછાવેલી છે. તેનો સ્પર્શ શુભ અને સુખદ છે. તે પ્રાસાદીયાદિ વિશેષણયુક્ત છે.

તે દ્વારોની બંને બાજુ બંને નિષિધિકામાં બબ્બે ચંદન કળશની પરિપાટી છે ઇત્યાદિ વનમાલા સુધી કહેવું.

તે દ્વારની બંને બાજુ બંને નિષિધિકામાં અને ૧૫–યોજન અઢી કોશ બાહલ્યથી છે. સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે પ્રકંઠક ઉપર એકૈક પ્રાસાદાવતંસક છે. તે પ્રાસાદાવતંસક ૩૧। યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૧૫–યોજન અઢી કોશ લંબાઈ–પહોળાઈથી છે. બાકી પૂર્વવત્ યાવત્ સમુદ્ગક. વિશેષ એ કે આ બધું બહુવચનમાં કહેવું.

વિજય રાજધાનીમાં એકૈક દ્વારમાં ૧૦૮ ચક્રધ્વજ યાવત્ ૧૦૮ શ્વેત ચતુર્દંત હાથીની આકૃતિવાળી ધ્વજા છે. એ પ્રમાણે તે બધી મળીને વિજયા રાજધાનીના એકૈક દ્વારમાં ૧૦૮૦ ધ્વજાઓ હોય છે, એમ કહેલ છે.

વિજય રાજધાનીના એકૈક દ્વારે – તે દ્વારની આગળ ૧૭–૧૭ ભૌમ કહ્યા છે. તે ભૌમોનો ભૂમિભાગ, ઉલ્લોક પદ્મ–લતાદિ ચિત્રોથી ચિત્રિત છે. તે ભૌમના બહુમધ્ય દેશભાગમાં જે નવ–નવ ભૌમ છે, તે ભૌમના બહુમધ્ય

દેશભાગમાં પ્રત્યેક પ્રત્યેક સિંહાસન કહેલ છે. સિંહાસન વર્ણન દામ પર્યન્ત પૂર્વે કહ્યા મુજબ જાણવું. અહીં અવશેષ ભૌમમાં પ્રત્યેક પ્રત્યેક ભદ્રાસન છે.

તે દ્વારોના ઉપરનો ભાગ સોળ પ્રકારના રત્નોથી શોભિત છે આદિ પૂર્વવત્ યાવત્ છત્રાતિછત્ર, એ પ્રમાણે બધા મળીને વિજયા રાજધાનીમાં ૫૦૦ દ્વાર છે એમ કહેલ છે.

સૂત્ર–૧૭૪

વિજયા રાજધાનીની ચારે દિશામાં ૫૦૦ યોજન અબાધાએ અહીં ચાર વનખંડો કહ્યા છે. તે આ પ્રમાણે – અશોકવન, સપ્તપર્ણવન, ચંપકવન અને ચૂતવન. પૂર્વમાં અશોકવન, દક્ષિણમાં સપ્તપર્ણવન, પશ્ચિમમાં ચંપકવન, ઉત્તરમાં ચૂતવન છે.

તે વનખંડો સાતિરેક ૧૨,૦૦૦ યોજન લંબાઈથી અને ૫૦૦ યોજન વિષ્કંભથી કહેલ છે. પ્રત્યેક–પ્રત્યેક પ્રાકાર વડે ઘેરાયેલ છે. કૃષ્ણ, કૃષ્ણાવભાસ વનખંડ વર્ણન કહેવું યાવત્ ઘણા વ્યંતર દેવો અને દેવીઓ ત્યાં વિશ્રામ કરે છે, સૂવે છે, રહે છે, બેસે છે, પડખાં બદલે છે, રમણ કરે છે, લીલા કરે છે, ક્રીડા કરે છે, મોહન કરે છે, જૂના–પૂરાણા સુચીર્ણ સુપરિક્રાંત શુભ કર્મોના કરેલા કલ્યાણ–ફળવૃત્તિ વિશેષને અનુભવતા વિચરે છે.

તે વનખંડોના બહુમધ્ય દેશભાગમાં પ્રત્યેકે–પ્રત્યેક પ્રાસાદાવતંસક કહેલ છે. તે પ્રાસાદાવતંસક ૬૨॥ યોજન ઉર્દ્વ ઉચ્ચત્વથી અને ૩૧। યોજન લંબાઈ–પહોળાઈથી અભ્યુદ્‌ગત, ઉચ્છ્રિત આદિ પૂર્વવત્ યાવત્ અંદર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલો છે. ઉલ્લોક અને પદ્મભક્તિચિત્રો કહેવા. તે પ્રાસાદાવતંસકોના બહુમધ્ય દેશભાગમાં પ્રત્યેક–પ્રત્યેકમાં સિંહાસન કહેલ છે. સપરિવાર વર્ણન કરવું. તે પ્રાસાદાવતંસકની ઉપર ઘણા આઠ–આઠ મંગલો, ધ્વજ, છત્રાતિછત્ર છે. તે કહેવું.

ત્યાં ચાર મહર્દ્ધિક દેવો યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવો વસે છે. તે આ રીતે – અશોક, સપ્તપર્ણ, ચંપક, ચૂત. ત્યાં પોત–પોતાના વનખંડોનું, પોત–પોતાના પ્રાસાદાવતંસકોનું, પોત–પોતાના સામાનિક દેવોનું, પોત–પોતાની અગ્રમહિષીઓનું, પોત–પોતાની પર્ષદાનું, પોત–પોતાના આત્મરક્ષક દેવોનું આધિપત્ય કરતા યાવત્ વિચરે છે.

વિજયા રાજધાનીની અંદર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. યાવત્ તે પંચવર્ણી મણિથી ઉપશોભિત છે. તૃણ શબ્દરહિત મણિઓનો સ્પર્શ યાવત્ દેવ–દેવીઓ ત્યાં બેસે છે યાવત્ વિચરે છે.

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે અહીં એક મોટું ઉપકારિકાલયન કહેલ છે. તે ૧૨૦૦ યોજન લાંબુ–પહોળું અને ૩૭૯૫ યોજનથી કંઈક અધિક તેની પરિધિ છે. અડધો કોસ તેની જાડાઈ છે. તે સંપૂર્ણ સુવર્ણનું યાવત્ પ્રતિરૂપ છે.

તે ઉપકારિકાલયન એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફથી ઘેરાયેલ છે. પદ્મવર વેદિકા વર્ણન, વનખંડ વર્ણન યાવત્ વિહરે છે, સુધી કહેવું. તે વનખંડ દેશોન બે યોજન ચક્રવાલ વિષ્કંભથી અને ઉપકારિકાલયનથી પરિધિ તુલ્ય પરિધિવાળુ વનખંડ છે.

તે ઉપકારિકાલયનની ચારે દિશામાં ચાર ત્રિસોપાન–પ્રતિરૂપક કહેલ છે. વર્ણન કરવું. તે ત્રિસોપાન પ્રતિરૂપકની આગળ પ્રત્યેક–પ્રત્યેક તોરણ કહેલ છે. છત્રાત્રિતછત્ર છે. તે ઉપકારિકાલયન ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે યાવત્ મણિ વડે શોભે છે. મણિ વર્ણન કરવું. ગંધ–રસ–સ્પર્શ કહેવા. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં એક મોટું મૂલ પ્રાસાદાવતંસક કહેલ છે તે ૬૨॥ યોજન ઊંચું, ૩૧। યોજન લાંબુ–પહોળું, અભ્યુદ્‌ગત–ઉસ્રિત–પ્રહસિત પૂર્વવત્. તે પ્રાસાદાવતંસકના અંદર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. યાવત્ મણિસ્પર્શ, ઉલ્લોક.

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે અહીં એક મોટી મણિપીઠિકા કહી છે. તે એક યોજન

લાંબી–પહોળી, અર્દ્ધયોજન બાહલ્યથી સર્વ મણિમયી સ્વચ્છ, શ્લક્ષ્ણ છે. તે મણિપીઠિકા ઉપર એક મોટું સિંહાસન કહેલ છે. એ પ્રમાણે સપરિવાર સિંહાસન વર્ણન કરવું.

તે પ્રાસાદાવતંસક ઉપર ઘણા આઠ–આઠ મંગલો, ધ્વજો, છત્રાતિછત્રો છે. તે પ્રાસાદાવતંસક બીજા ચાર, તેનાથી અર્દ્ધ ઉચ્ચત્વ પ્રમાણ માત્ર પ્રાસાદાવતંસકોથી ચોતરફથી ઘેરાયેલ હતું. તે પ્રાસાદાવતંસકો ૩૧| યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી અને સાડા પંદર યોજન અને અર્દ્ધ કોશ લાંબા–પહોળા છે, અભ્યુદ્‌ગત૦ આદિ પૂર્વવત્. તે પ્રાસાદાવતંસકોની અંદર બહુસમ રમણીય ભૂમિભાગ અને ઉલ્લોક છે. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં પ્રત્યેકે પ્રત્યેક સિંહાસન કહેલ છે. વર્ણન કરવું. તેમાં પરિવાર રૂપ ભદ્રાસન કહેલ છે, તેમાં આઠ આઠ મંગલ તથા ધ્વજ, છત્રાતિછત્રો કહેવા.

તે પ્રાસાદાવતંસકો તેનાથી અર્દ્ધ ઉચ્ચત્વ પ્રમાણ માત્ર બીજા ચાર ચાર પ્રાસાદાવતંસકથી ચોતરફથી ઘેરાયેલ છે. તે પ્રાસાદાવતંસકો ૧૫‖ યોજન અને અર્ધકોશ ઉર્ધ્વ ઉચ્ચત્વથી, દેશોન આઠ યોજન લંબાઈ–પહોળાઈથી આદિ પૂર્વવત્ કહેવું. તે પ્રાસાદાવતંસકોની અંદર બહુસમ રમણીય ભૂમિભાગ, ઉલ્લોક છે. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે પ્રત્યેક પ્રત્યેક પદ્માસનો કહેલા છે. તે પ્રાસાદે અષ્ટમંગલો, ધ્વજો, છત્રાતિછત્રો છે.

તે પ્રાસાદાવતંસકો તેનાથી અર્દ્ધ ઉચ્ચત્વ પ્રમાણ બીજા ચાર પ્રાસાદાવતંસકોથી ચોતરફથી ઘેરાયેલા છે. તે પ્રાસાદાવતંસકો દેશોન આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, દેશોન ચાર યોજન લંબાઈ–પહોળાઈથી છે. શેષ પૂર્વવત્. ભૂમિભાગ, ઉલ્લોક, ભદ્રાસનો ઉપર અષ્ટ મંગલો, ધ્વજો, છત્રાતિછત્રો કહેવા.

તે પ્રાસાદાવતંસક, તેનાથી અર્દ્ધ ઉચ્ચત્વ પ્રમાણ બીજા ચાર પ્રાસાદાવતંસકોથી ચોતરફથી ઘેરાયેલ છે. તે પ્રાસાદાવતંસકો દેશોન ચાર યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી અને દેશોન બે યોજન લંબાઈ–પહોળાઈથી છે તે અભ્યુદ્‌ગત૦ આદિ પૂર્વવત્ જાણવું. ભૂમિભાગ, ઉલ્લોક, પદ્માસન, ઉપર અષ્ટમંગલ, ધ્વજ, છત્રાતિછત્રો છે.

સૂત્ર–૧૭૫

તે મૂલ પ્રાસાદાવતંસકની ઉત્તરપૂર્વમાં અહીં વિજયદેવની સુધર્માસભા કહી છે. તે ૧૨‖ યોજન લાંબી, ૬| યોજન પહોળી અને નવ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે. અનેકશત સ્તંભ સંનિવિષ્ટ છે. અભ્યુદ્‌ગત સુકૃત વજ્રવેદિકા, શ્રેષ્ઠ તોરણ ઉપર રતિદાયી શાલભંજિકા, સુશ્લિષ્ટ–વિશિષ્ટ–લષ્ટ–સંસ્થિત–પ્રશસ્ત–વૈડૂર્ય–વિમલ સ્તંભ છે. વિવિધ મણિ–કનક–રત્ન ખચિત ઉજ્જ્વલ–બહુસમ–સુવિભક્ત–ચિત્ર–નિચિત રમણીય કુટ્ટિમતલ, ઈહામૃગ–વૃષભ–અશ્વ–નર–મગર–વિહગ–વ્યાલક–કિન્નર–રુરુ–સરભ–ચમર–કુંજર–વનલતા–પદ્મલતા આદિના ચિત્રો તે સભામાં છે તેના સ્તંભો ઉપર વજ્રવેદિકાથી પરિગત હોવાથી અભિરામ – રમ્ય લાગે છે. સમશ્રેણીના વિદ્યાધરોના યુગલોના યંત્રોના પ્રભાવે આ સભા હજારો કિરણોથી પ્રભાસિત છે.

આ સભા હજારો રૂપકોથી યુક્ત છે. તે દીપ્યમાન છે, વિશેષ દીપ્યમાન છે, જોનારના નેત્ર ચોંટી જાય તેવી છે. સ્પર્શ સુખદ છે, સશ્રીકરૂપ છે, કંચન–મણિ–રત્ન–સ્તૂપિકાગ્ર છે. વિવિધ પંચવર્ણી ઘંટા–પતાકાથી પ્રતિમંડિત શિખરો છે. તે સભા શ્વેત, મરીચિ કવચને છોડતી, લીંપેલી–ચૂનો દીધેલી, ગોશીર્ષ–સરસ–રક્ત ચંદનથી હાથના થાપા ભીંત ઉપરલ લગાવેલ છે, તેમાં ચંદન કળશ સ્થાપિત કરેલ છે, તેના દ્વાર ભાગ ઉપર ચંદનના કળશોથી તોરણ સુશોભિત કરાયેલ છે. ઉપરથી નીચે સુધી વિસ્તૃત, ગોળ, લટકતી એવી પુષ્પમાળાથી તે યુક્ત છે. પંચવર્ણી સરસ સુરભિ ફૂલોના પુંજથી તે સુશોભિત છે. કાળો અગરુ–શ્રેષ્ઠ કુંદુરુષ્ક–તરુષ્કની ધૂપની ગંધથી તે મહેકી રહી છે. શ્રેષ્ઠ સુગંધી દ્રવ્યોની ગંધથી સુગંધી છે. સુગંધની ગુટિકા સમાન છે. અપ્સરાના સમુદાયથી વ્યાપ્ત દિવ્યવાદ્યના શબ્દોથી નિનાદિત, સુરમ્ય, સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ આ સુધર્માસભા છે.

તે સુધર્માસભાની ત્રણ દિશામાં ત્રણ દ્વારો કહ્યા છે, તે દ્વારો પ્રત્યેક પ્રત્યેક બબ્બે યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી,

એક યોજન વિષ્કંભથી, તેટલું જ પ્રવેશથી છે. તે શ્વેત, શ્રેષ્ઠ સુવર્ણ સ્તૂપિકાગ્ર યાવત્ વનમાળા દ્વારનું વર્ણન કરવું.

તે દ્વારની આગળ મુખમંડપો કહ્યા છે. તે મુખમંડપો સાડા બાર યોજન લાંબા, સવા છ યોજન પહોળા, સાતિરેક બે યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે. તે મુખમંડપો અનેકશત સ્તંભ–સંનિવિષ્ટ છે યાવત્ ઉલ્લોક, ભૂમિભાગનું વર્ણન કરવું. તે મુખમંડપોની ઉપર પ્રત્યેક પ્રત્યેક આઠ આઠ મંગલો કહ્યા છે. તે આ રીતે– સૌવસ્તિક યાવત્ મત્સ્ય.

તે મુખમંડપોની આગળ પ્રત્યેક પ્રત્યેક પ્રેક્ષાગૃહમંડપ કહેલ છે. તે પ્રેક્ષાગૃહમંડપ સાડા બાર યોજન લાંબુ, યાવત્ બે યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી યાવત્ મણિના સ્પર્શ સુધી કહેવું. તેના બહુમધ્ય દેશભાગે પ્રત્યેક પ્રત્યેક વજ્રમય અક્ષાટક કહેલ છે. તે વજ્રમય અક્ષાટકના બહુમધ્ય દેશભાગે પ્રત્યેક પ્રત્યેક મણિપીઠિકા કહેલ છે. તે મણિપીઠિકા એક યોજન લાંબી–પહોળી અને અર્દ્ધયોજન બાહલ્યથી છે. સર્વ મણિમયી, સ્વચ્છ, પ્રતિરૂપ છે.

તે મણિપીઠિકાની ઉપર પ્રત્યેક પ્રત્યેક સિંહાસન કહેલ છે. સિંહાસન વર્ણન યાવત્ દામ, પરિવાર કહેવું.

તે પ્રેક્ષાગૃહમંડપની ઉપર આઠ–આઠ મંગલ, ધ્વજો, છત્રાતિછત્રો છે. તે પ્રેક્ષાગૃહમંડપની આગળ ત્રણ દિશામાં ત્રણ મણિપીઠિકા છે. તે મણિપીઠિકા બે યોજન લાંબી–પહોળી અને એક યોજન બાહલ્યથી સર્વ મણિમય યાવત્ પ્રતિરૂપ છે.

તે મણિપીઠિકાની ઉપર પ્રત્યેક પ્રત્યેક ચૈત્યસ્તૂપ કહેલ છે. તે ચૈત્યસ્તૂપો બે યોજન લાંબા–પહોળા, સાતિરેક બે યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે. તે શ્વેત, શંખ–અંક–કુંદ–જલકણ–અમૃતમથિત ફીણના પુંજ સમાન, સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે ચૈત્યસ્તૂપની ઉપર આઠ–આઠ મંગલકો, ઘણા કૃષ્ણચામર ધ્વજો, છત્રાતિછત્ર કહેલા છે.

તે ચૈત્યસ્તૂપની ચારે દિશામાં પ્રત્યેક પ્રત્યેક ચાર મણિપીઠિકાઓ કહી છે. તે મણિપીઠિકાઓ એક યોજન લાંબી–પહોળી, અર્દ્ધયોજન બાહલ્યથી છે. સર્વમણીમયિ છે.

તે મણિપીઠિકાની ઉપર પ્રત્યેક પ્રત્યેકમાં **ચાર જિન – અરિહંત પ્રતિમા, જિનોત્સેધ પ્રમાણ માત્ર(૫૦૦ ધનુષ પ્રમાણ), પલ્યંકાસને બેઠેલી, સ્તૂપ અભિમુખ સન્નિવિષ્ટ રહેલી હતી. તે આ – ઋષભ, વર્દ્ધમાન, ચંદ્રાનન, વારિષેણ.**

તે ચૈત્યસ્તૂપની આગળ ત્રણ દિશામાં પ્રત્યેક પ્રત્યેક મણિપીઠિકા કહી છે. તે મણિપીઠિકા બબ્બે યોજન લાંબી–પહોળી, એક યોજન બાહલ્યથી, સર્વ મણીમયી, સ્વચ્છ, શ્લક્ષ્ણ, લષ્ટ, ઘૃષ્ટ, મૃષ્ટ, નિષ્પંક, નીરજ યાવત્ પ્રતિરૂપ છે.

તે મણિપીઠિકા ઉપર પ્રત્યેક–પ્રત્યેક ચૈત્યવૃક્ષ છે. તે ચૈત્યવૃક્ષ આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, અર્ધયોજન ઉદ્વેધથી, બે યોજન સ્કંધ છે – તે સ્કંધનો વિષ્કંભ અર્ધયોજન છે. છ યોજન વિડિમા, બહુમધ્ય દેશભાગે આઠ અર્ધ યોજન લાંબી–પહોળી છે. તે સર્વાગ્રથી સાતિરેક આઠ યોજન કહેલ છે.

તે ચૈત્યવૃક્ષનું વર્ણન આ પ્રમાણે કહે છે – તેનું મૂળ વજ્રમય છે, તેની સુપ્રતિષ્ઠિત શાખાઓ રજતમય, રિષ્ટમય વિપુલ કંદ, સ્કંધ વૈડૂર્ય રત્નમય અને રુચિર છે. મૂળભૂત વિશાળ શાખા શુદ્ધ અને શ્રેષ્ઠ સ્વર્ણની છે. વિવિધ શાખા–પ્રશાખા વિવિધ મણિરત્નની છે, પાંદડા વૈડૂર્યરત્નના છે, પાંદડાના વૃંત તપનીય સુવર્ણના છે. જાંબુનદ સુવર્ણ સમાન લાલ, મૃદુ, સુકુમાર, પ્રવાલ અને પલ્લવ તથા પહેલાં ઉગનાર અંકુરોને ધારણ કરનારા છે. તેના શિખર તથાવિધ પ્રવાલ પલ્લવ અંકુરોથી સુશોભિત છે. તે ચૈત્યવૃક્ષોની શાખા વિચિત્ર મણિરત્ન, સુગંધી ફૂલ, ફળના ભારથી ઝૂકેલી છે. તે ચૈત્યવૃક્ષ સુંદર છાયા–પ્રભા–કિરણ–ઉદ્યોતથી યુક્ત છે, અમૃતરસ સમાન ફળોનો રસ છે. તે નેત્ર અને મનને અત્યંત તૃપ્તિદાયી, પ્રાસાદીય–દર્શનીય–અભિરૂપ–પ્રતિરૂપ છે.

તે ચૈત્યવૃક્ષ બીજા ઘણા તિલક, લવંગ છત્રોપગ શિરિષ, સપ્તપર્ણ, દધિપર્ણ, લોધ્ર, ધવ, ચંદન, નીપ, કુટજ, કદંબ, પનસ, તાલ, તમાલ, પ્રિયાલ, પ્રિયંગુ, પારાપત, રાજવૃક્ષ અને નંદિવૃક્ષોથી ચોતરફથી ઘેરાયેલ છે. તે તિલક

યાવત્ નંદિવૃક્ષ મૂલવાળા, કંદવાળા યાવત્ સુરમ્ય છે. તે તિલક યાવત્ નંદિવૃક્ષ બીજી ઘણી પદ્મલતા યાવત્ શ્યામલતાથી ચોતરફથી ઘેરાયેલ છે.

તે પદ્મલતા યાવત્ શ્યામલતા નિત્ય કુસુમિત યાવત્ પ્રતિરૂપ છે. તે ચૈત્યવૃક્ષોની ઉપર ઘણા આઠ–આઠ મંગલો, ધ્વજ અને છત્રાતિછત્રો છે.

તે ચૈત્યવૃક્ષોની આગળ ત્રણ દિશામાં ત્રણ મણિપીઠિકા કહી છે. તે મણિપીઠિકા એક યોજન લંબાઈ–પહોળાઈથી અને અડધો યોજન બાહલ્યથી છે. તે સર્વે મણીમયી, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે મણિપીઠિકાની ઉપર પ્રત્યેક પ્રત્યેક મહેન્દ્રધ્વજ છે. તે સાડા સાત યોજન ઉર્ધ્વ–ઉચ્ચત્વથી, અર્દ્ધકોશ ઉદ્વેધ, અર્દ્ધકોશ વિષ્કંભ વજ્રમય, વૃત્ત, લષ્ટ, સંસ્થિત, સુશ્લિષ્ટ, પરિઘૃષ્ટ, મૃષ્ટ, સુપ્રતિષ્ઠિત, વિશિષ્ટ, અનેક શ્રેષ્ઠ પંચવર્ણી લઘુપતાકાથી પરિમંડિત હોવાથી સુંદર લાગે છે. વાયુથી ઊડતી વિજયસૂચક વૈજયંતી પતાકાથી યુક્ત છે. છત્રો પર છત્રોથી યુક્ત છે, ઊંચી છે, તેના શિખરો આકાશને લાંઘી રહ્યા છે. તે પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે. તે મહેન્દ્ર ધ્વજો ઉપર આઠ આઠ મંગલ, ધ્વજ, છત્ર છે.

તે મહેન્દ્ર ધ્વજની આગળ ત્રણ દિશામાં ત્રણ નંદા પુષ્કરિણી છે. તે પુષ્કરિણીઓ ૧૨॥ યોજન લાંબી, ૬॥ યોજન પહોળી, ૧૦ યોજન ઊંડી, સ્વચ્છ, શ્લક્ષ્ણ છે આદિ પુષ્કરિણી વર્ણન કરવું. પ્રત્યેક પ્રત્યેક પુષ્કરિણી પદ્મવર વેદિકાથી ઘેરાયેલી, તે વનખંડોથી ઘેરાયેલ છે. તેનું વર્ણન કરવું યાવત્ તે પ્રતિરૂપ છે.

તે પુષ્કરિણી પ્રત્યેક પ્રત્યેકમાં ત્રણ દિશામાં ત્રિસોપાનક પ્રતિરૂપકો છે. તે ત્રિસોપાન પ્રતિરૂપકોનું વર્ણન કરવું, તોરણો કહેવા યાવત્ છત્રાતિછત્ર કહેવું. સુધર્માસભામાં છ હજાર મનોગુલિકા કહી છે. તે આ રીતે – પૂર્વમાં ૨૦૦૦, પશ્ચિમમાં ૨૦૦૦, દક્ષિણમાં ૧૦૦૦, ઉત્તરમાં ૧૦૦૦. તે મનોગુલિકામાં ઘણા સુવર્ણ–રૂપ્યમય ફલકો કહ્યા છે. તે સુવર્ણ–રૂપ્યમય ફલકોમાં ઘણા વજ્રમય નાગદંતકો કહ્યા છે. તે વજ્રમય નાગદંતકોમાં કાળા દોરામાં બાંધેલ ઘણા વૃત્ત–લટકતા–માલ્યદામ સમૂહો છે. તે દામોમા તપનીય લંબૂસકો છે યાવત્ રહેલા છે.

તે સુધર્માસભામાં ૬૦૦૦ ગોમાનસિકા કહેલી છે. તે આ રીતે – પૂર્વમાં ૨૦૦૦, પશ્ચિમમાં ૨૦૦૦, દક્ષિણમાં ૧૦૦૦, ઉત્તરમાં ૧૦૦૦, તે ગોમાનસીમાં ઘણા સુવર્ણ–રૂપ્યમય ફલકો કહ્યા છે. યાવત્ તે વજ્રમય નાગદંતકોમાં ઘણા રજતમય સિક્કા કહ્યા છે. તે રજતમય સિક્કામાં ઘણી વૈડૂર્યમય ધૂપઘટિકાઓ કહી છે. તે ધૂપઘટિકાઓ કાળો અગરુ, પ્રવર કુંદુરુષ્ક યાવત્ ઘ્રાણ–મનને સુખકર ગંધથી ચોતરફથી ભરી દેતી રહેલી છે.

સુધર્માસભામાં અંદર બહુ સમ રમણીય ભૂમિભાગ કહ્યો છે યાવત્ મણિનો સ્પર્શ, ઉલ્લોક, પદ્મલતાદિના ચિત્રો યાવત્ સર્વ તપનીયમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

સૂત્ર–૧૭૬

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં એક મોટી મણિપીઠિકા કહી છે. તે મણિપીઠિકા બે યોજન લાંબી–પહોળી, એક યોજન જાડી અને સંપૂર્ણ મણિમય છે.

તે મણિપીઠિકાની ઉપર અહીં માણવક નામે ચૈત્યસ્તંભ કહેલ છે. તે સાડા સાત યોજન ઊંચો, અર્દ્ધ કોશ ઉદ્વેધથી – જમીનમાં, અર્દ્ધ કોશ વિષ્કંભથી છે. તેની છ કોટી, છ કોણ, છ ભાગ છે. તે વજ્રમય, વૃત્ત, લષ્ઠ સંસ્થિત છે. એ પ્રમાણે મહેન્દ્ર ધ્વજના વર્ણન મુજબ 'પ્રાસાદીય' સુધી કહેવું.

તે માણવક ચૈત્યસ્તંભની ઉપર છ કોશ ઉલ્લંઘીને અને નીચે પણ છ કોશ વર્જીને વચ્ચેના સાડા ચાર યોજનમાં આ ઘણા સુવર્ણ–રૂપ્યમય ફલકો કહ્યા છે. તે સોના–રૂપાના ફલકોમાં ઘણા વજ્રમય નાગદંતકો કહ્યા છે. તે વજ્રમય નાગદંતકોમાં ઘણા રજતમય સિક્કાઓ કહ્યા છે. તે રજતમય સિક્કામાં ઘણા વજ્રમય ગોળ–વૃત્ત સમુદ્ગકો કહ્યા છે. તે વજ્રમય ગોળવૃત્ત સમુદ્ગકોમાં ઘણા જિનસક્થિઓ સંનિક્ષિપ્ત રહેલા છે. તે વિજયદેવ અને

બીજા ઘણા વ્યંતર દેવ–દેવીઓ માટે અર્ચનીય, વંદનીય, પૂજનીય, સત્કારણીય, સન્માનનીય, કલ્યાણ–મંગલ–દેવત્વ–ચૈત્યરૂપ તથા પર્યુપાસનીય છે. માણવક ચૈત્યસ્તંભની ઉપર આઠ–આઠ મંગલ, ધ્વજ, છત્રાતિછત્ર રહેલ છે.

તે માણવક ચૈત્યસ્તંભની પૂર્વે એક મોટી મણિપીઠિકા કહેલી છે. તે મણિપીઠિકા બે યોજન લાંબી–પહોળી, એક યોજન બાહલ્યથી સર્વમણીમયી યાવત્ પ્રતિરૂપ છે.

તે મણિપીઠિકા ઉપર એક મોટું સિંહાસન કહેલ છે. સિંહાસન વર્ણન કરવું. તે માણવક ચૈત્યસ્તંભની પશ્ચિમે એક મોટી મણિપીઠિકા કહેલ છે. એક યોજન લાંબી–પહોળી, અર્ધયોજન બાહલ્યથી, સર્વમણિમયી, સ્વચ્છ છે.

તે મણિપીઠિકાની ઉપર એક મોટું દેવશયનીય કહેલ છે. તે દેવશયનીયનું આવા સ્વરૂપનું વર્ણન કહેલ છે. વિવિધ મણિમય પ્રતિપાદ, સુવર્ણના પાયા, વિવિધ મણિમય પાદશીર્ષ, જાંબૂનદમય ગાત્રો, વજ્રમય સંધિ, વિવિધ મણિમય તે વર્ણવેલ છે. રજતમય તૂલી, લોહિતાક્ષમય તકીયા, તપનીયમય ગંડોપધાનિકા છે.

તે દેવશયનીયની બંને બાજુ તકીયા, બે બાજુ ઉન્નત્ત, મધ્યે ગંભીર, શાલિંગણવર્તિક, ગંગા નદીના કિનારાથી રેતીમાં પગ રાખતા અંદર ધસી જાય તેવી જ શય્યા છે. તેના ઉપર વેલ–બૂટા કાઢેલ સુતરાઉ વસ્ત્ર બિછાવેલ છે. તેના ઉપર રજસ્રાણ લગાવેલ છે, તે લાલ વસ્ત્રથી ઢાંકેલ, સુરમ્ય, મૃગચર્મ–રૂ–બૂર–વનસ્પતિ અને માખણ સમાન મૃદુ સ્પર્શવાળી, પ્રાસાદીય છે.

તે દેવશયનીયના ઉત્તર પૂર્વમાં એક મોટી મણિપીઠિકા કહેલ છે. તે એક યોજન લાંબી–પહોળી, અર્દ્ધ યોજન બાહલ્યથી, સર્વમણીમયી યાવત્ સ્વચ્છ છે.

તે મણિપીઠિકાની ઉપર એક મોટો ક્ષુલ્લક મહેન્દ્રધ્વજ કહે છે. સાડા સાત યોજન ઉર્ધ્વ–ઉચ્ચત્વથી છે. અર્દ્ધકોશ ઉદ્વેધથી, અર્દ્ધકોશ વિષ્કંભથી, વૈડૂર્યમય–વૃત્ત–લષ્ટ–સંસ્થિત આદિ પૂર્વવત્ યાવત્ મંગલ, ધ્વજ, છત્રાતિછત્ર છે.

તે ક્ષુદ્ર મંગલધ્વજની પશ્ચિમે વિજયદેવનો ચોપ્પાલ નામે પ્રહરણ કોશ કહેલ છે. તે વિજયદેવના પરીઘરત્ન પ્રમુખ ઘણા પ્રહરણ રત્નો સંનિક્ષિપ્ત રહેલ છે. તે શસ્ત્ર ઉજ્જવલ, અતિ તેજ અને તીક્ષ્ણ ધારવાળા છે. તે પ્રાસાદીયાદિ છે. તે સુધર્માસભાની ઉપર ઘણા આઠ–આઠ મંગલ, ધ્વજ, છત્રાતિછત્ર છે.

સૂત્ર–૧૭૭

સુધર્માસભાની ઉત્તરપૂર્વમાં **એક મોટું સિદ્ધાયતન (જિનાલય) કહેલ છે.** તે સાડા બાર યોજન લાંબી, સવા છ યોજન પહોળી, નવ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે યાવત્ ગોમાનસિકની વક્તવ્યતા કહેવી. જે સુધર્માસભાની વક્તવ્યતા છે, તે સંપૂર્ણ પૂર્વવત્. દ્વાર, મુખમંડપ, પ્રેક્ષાઘર મંડપ, ધ્વજ, સ્તૂપ, ચૈત્યવૃક્ષ, માહેન્દ્ર ધ્વજ, નંદા પુષ્કરિણી, પછી સુધર્માની મનોગુલિકાનું પ્રમાણ, ગોમાનસિકા, ધૂપઘટિકા, તે જ પ્રમાણે ભૂમિભાગ, ઉલ્લોક યાવત્ મણીઓનો સ્પર્શ કહેવો.

તે **સિદ્ધાયતનના બહુમધ્ય દેશભાગમાં એક મોટી મણિપીઠિકા કહી છે.** તે બે યોજન લંબાઈ–પહોળાઈથી, એક યોજન બાહલ્યથી છે. સર્વમણીમયી, સ્વચ્છ૦ આદિ છે. તે **મણિપીઠિકાની ઉપર એક મોટો દેવછંદક કહેલ છે.** તે બે યોજન લાંબો–પહોળો છે, સાતિરેક બે યોજન ઉર્ધ્વ ઊંચો, સર્વરત્નમયાદિ છે.

**તે દેવછંદકમાં ૧૦૮ જિન અર્થાત અરિહંતની પ્રતિમા, જિન ઉત્સેધ પ્રમાણ(૫૦૦ ધનુષ પ્રમાણ) રહેલી છે.** તે **જિન પ્રતિમાનું** આવા પ્રકારે વર્ણન કહ્યું છે. જેમ કે **– તે પ્રતિમાની હથેળી અને પગના તળિયા તપનીય સુવર્ણમય છે, નખો અંકરત્નમય છે અને તેનો મધ્યભાગ લોહિતાક્ષ રત્નોથી યુક્ત છે. તે પ્રતિમાના પગ સુવર્ણમય છે, ગુલ્ફ–ઘૂંટણ, જાનૂ, ઉરૂ અને ગાત્રલષ્ટી(દેહલતા અર્થાત શરીર) કનકમય છે. નાભિ તપનીય સુવર્ણમય છે, રોમરાજી રિષ્ટરત્નમય છે. ચુચુક (સ્તનની ડીંટડી) અને શ્રીવત્સ તપનીયમય છે. બાહુ, પાસળીઓ અને ગ્રીવા કનકમયી છે, મૂંછ રિષ્ટરત્નમય છે.**

હોઠ પ્રવાલરત્નમય છે. દાંત સ્ફટિકરત્નમય છે, તપનીય સુવર્ણમય જીભ અને તાળવું તપનીય સુવર્ણમય છે. નાક કનકમયી છે, તેનો મધ્યભાગ લોહિતાક્ષ રત્નની લાલીમાવાળો છે. આંખો અંકરત્નની છે – તેનો મધ્યભાગ લોહિતાક્ષરત્નની લાલાશવાળો છે. દૃષ્ટિ પુલકિત છે. આંખોની કીકી રિષ્ટરત્નમય છે. તેના અક્ષિપત્ર અને ભ્રમર રિષ્ટ રત્નમય છે. કપાળ સુવર્ણમય છે, કાન સુવર્ણમય છે, લલાટ કનકમય છે. શીર્ષ ઘટિકા વૃત્ત–વજ્રરત્નમય છે. કેશાંત ભૂમિ (કેશનો મૂળ ભાગ)તપનીય સુવર્ણની છે. કેશ રિષ્ટરત્નોના છે.

તે જિનપ્રતિમાની પાછળ એક–એક છત્રધારી પ્રતિમા કહી છે. તે છત્રધારી પ્રતિમાઓ લીલાપૂર્વક કોરંટ–પુષ્પની માળાથી યુક્ત હિમ, રજત, કુંદ અને ચંદ્ર સમાન સફેદ આતપત્રોને ધારણ કરીને ઊભી છે. તે જિનપ્રતિમાના બંને પડખે અલગ–અલગ ચામરધારી પ્રતિમા છે. તે ચામરધારી પ્રતિમા ચંદ્રકાંતમણિ, વજ્ર, વૈડૂર્યાદિ વિવિધ મણિ, સુવર્ણ અને રત્નયુક્ત નિર્મળ મહાર્હ, તપનીય, ઉજ્જ્વલ વિચિત્ર દંડો અને શંખ–અંકરત્ન–કુંદ–જલકણ, અમૃત મથિત ફીણના પુંજની સદૃશ સૂક્ષ્મ અને રજતમય દીર્ઘવાળ વાળી ધવલ ચામરોને લીલાપૂર્વક ધારણ કરતી ઊભી છે.

તે જિનપ્રતિમાની આગળ બબ્બે નાગપ્રતિમા, બબ્બે યક્ષપ્રતિમા, બબ્બે ભૂતપ્રતિમા, બબ્બે કુંડધાર પ્રતિમાઓ વિનયપૂર્વક, પગે પડેલી, અંજલિ જોડેલી, ઉભી રહેલ છે. તે સર્વરત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, લષ્ટ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિષ્પંક યાવત્ પ્રતિરૂપ છે.

તે જિનપ્રતિમાની આગળ ૧૦૮ ઘંટા, ૧૦૮ ચંદન કળશો, ૧૦૮ ભૃંગાર, એ પ્રમાણે ૧૦૮–૧૦૮ આદર્શક, થાલા, પાત્રી, સુપ્રતિષ્ઠક, મનોગુલિકા, વાતકરક, ચિત્ર, રત્નકરંડક, હયકંઠક યાવત્ વૃષભ કંઠક, પુષ્પચંગેરી યાવત્ લોમહસ્તચંગેરી, પુષ્પ પટલક, તેલ સમુદ્‌ગક યાવત્ ધૂપકડછા લઈને રહેલી છે.

તે સિદ્ધાયતનની ઉપર ઘણા આઠ–આઠ મંગલો, ધ્વજ, છત્રાતિછત્રો છે. તે ઉત્તમ આકારના સોળ પ્રકારના રત્નોથી ઉપશોભિત છે. તે આ પ્રમાણે – રત્નો યાવત્ રિષ્ટ રત્નો વડે.

સૂત્ર–૧૭૮

તે સિદ્ધાયતનની ઉત્તર–પૂર્વમાં એક મોટી ઉપપાતસભા કહી છે. સુધર્માસભા માફક ગોમાનસી પર્યન્ત બધું વર્ણન અહીં પણ કરી લેવું. ઉપપાતસભામાં પણ દ્વાર, મુખમંડપાદિ બધું વર્ણન. ભૂમિભાગ યાવત્ મણીઓનો સ્પર્શ આદિ કહેવા. સુધર્માસભાની વક્તવ્યતા ભૂમિ અને સ્પર્શ પર્યન્ત કહેવી.

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે એક મોટી મણિપીઠિકા કહી છે. તે એક યોજન લાંબી–પહોળી, અર્દ્ધ યોજન બાહલ્યથી છે. તે સર્વે મણીમયી, સ્વચ્છાદિ છે. તે મણિપીઠિકાની ઉપર એક મોટું દેવશયનીય કહ્યું છે. તે દેવશયનીયનું વર્ણન કરવું. ઉપપાત સભાની ઉપર આઠ–આઠ મંગલો, ધ્વજ, છત્રાતિછત્ર યાવત્ ઉત્તમ આકારે છે.

તે ઉપપાત સભાની ઉત્તરપૂર્વમાં એક મોટો દ્રહ કહેલ છે. તે દ્રહ સાડાબાર યોજન લાંબો, સવા છ યોજન પહોળો, દશ યોજન ઊંડો, સ્વચ્છ–શ્લક્ષ્ણ આદિનું વર્ણન કરવું. જે પ્રમાણે નંદા પુષ્કરિણી યાવત્ તોરણનું વર્ણન છે, તેમ કહેવું.

તે દ્રહના ઉત્તરપૂર્વમાં એક મોટી અભિષેકસભા કહી છે. સુધર્માસભાની માફક સંપૂર્ણ બધું જ ગોમાનસી, ભૂમિભાગ, ઉલ્લોક સુધી પૂર્વવત્ કહેવું. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં એક મોટી મણિપીઠિકા કહેલી છે. તે એક યોજન લાંબી–પહોળી, અર્દ્ધયોજન જાડી, સર્વમણિમયાદિ છે.

તે મણિપીઠિકાની ઉપર એક મોટું સિંહાસન કહેલ છે. સિંહાસનનું વર્ણન પરિવાર રહિત કરવું.

તે વિજયદેવના અભિષેકના ઘણા ભાંડો રાખેલા છે. અભિષેકસભામાં ઉપર આઠ–આઠ મંગલ યાવત્ ઉત્તમાકાર ના સોળ પ્રકારના રત્નોથી સુશોભિત છે.

તે અભિષેકસભાની ઉત્તરપૂર્વમાં અહીં એક મોટી અલંકારિક સભા વક્તવ્યતા યાવત્ ગોમાનસી કહેવી.

મણિપીઠિકા વર્ણન અભિષેકસભા માફક જાણવું. તેની ઉપર સિંહાસનનું વર્ણન સપરિવાર કરવું. ત્યાં વિજયદેવના ઘણા અલંકાર, ભાંડ રહેલા છે. ઉત્તમાકારા અલંકારિક ઉપર મંગલકો, ધ્વજ, છત્રાતિછત્રો છે.

તે અલંકારિક સભાની ઉત્તરપૂર્વમાં અહીં એક મોટી વ્યવસાયસભા કહી છે. પરિવાર સહિત સિંહાસન સુધીની બધી વક્તવ્યતા અભિષેકસભા માફક કહેવી. ત્યાં વિજયદેવનું એક મોટું પુસ્તકરત્ન રહેલ છે. તે પુસ્તકરત્ન વર્ણન આ પ્રમાણે છે –

તે પુસ્તકરત્નની રિષ્ટરત્નમય કંબિકા, રજતમય પત્રક, રિષ્ટરત્નમય અક્ષરો, તપનીયમય દોરા, વિવિધ મણિમય ગ્રંથિઓ, અંકરત્નમય પત્રો, વૈડૂર્યમય લિપ્યાસન, તપનીયમય સાંકળ, રિષ્ટરત્નમય ઢાંકણ, રિષ્ટરત્નમય મષી, વજ્રમયી લેખની, રિષ્ટરત્નમય અક્ષરો તે ધાર્મિક શાસ્ત્રમાં છે. તે વ્યવસાય સભા ઉપર આઠ–આઠ મંગલ, ધ્વજ, છત્રાતિછત્ર છે જે ઉત્તમાકારથી યાવત્ શોભિત છે.

તે વ્યવસાયની ઉત્તરપૂર્વમાં એક મોટી બલિપીઠ કહી છે. તે બે યોજન લાંબી–પહોળી, એક યોજન સર્વ રજતમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

અહીં તે બલિપીઠની ઉત્તરપૂર્વમાં એક મોટી નંદા પુષ્કરિણી કહી છે. તેના પ્રમાણ આદિનું વર્ણન ઉપપાત સભાના હ્રદ માફક કરવું..

## દ્વીપસમુદ્રાંતર્ગત જંબૂદ્વીપ-વિજયદ્વારાધિકારનો
## મુનિ દીપરત્નસાગર કરેલ અનુવાદ પૂર્ણ

# વિજયદેવ–અધિકાર

સૂત્ર–૧૭૯

તે કાળે, તે સમયે વિજયદેવ, વિજયા રાજધાનીમાં ઉપપાતસભામાં દેવશયનીયમાં દેવદૂષ્યથી ઢંકાયેલી અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ શરીરમાં વિજયદેવ રૂપે ઉત્પન્ન થયો.

ત્યારે તે વિજયદેવ ઉત્પત્તિ પછી પાંચ પ્રકારની પર્યાપ્તિથી પૂર્ણ થયો. તે આ રીતે – આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ, ઈન્દ્રિય પર્યાપ્તિ, આનપ્રાણ પર્યાપ્તિ, ભાષામન પર્યાપ્તિ.

ત્યારપછી પાંચ પર્યાપ્તિથી પર્યાપ્ત વિજયદેવને આ પ્રકારે અધ્યવસાય, ચિંતન, પ્રાર્થિત, મનોગત સંકલ્પ થયો કે મારે માટે પહેલાં શું શ્રેયસ્કર છે, પછી શું શ્રેયસ્કર છે ? મારે પહેલાં શું કરવું જોઈએ, પછી શું કરવું જોઈએ ? મારે માટે પહેલાં કે પછી શું હિતકારી, સુખકારી, કલ્યાણકારી, નિઃશ્રેયસકારી અને આનુગામિકપણે થશે ? એ પ્રમાણે વિચારે છે.

ત્યારપછી તે વિજયદેવની સામાનિક પર્ષદામાં ઉત્પન્ન દેવો વિજયદેવના તે પ્રકારના અધ્યવસાય, ચિંતન, પ્રાર્થિત અને મનોગત સંકલ્પને ઉત્પન્ન થયો જાણી જ્યાં વિજયદેવ હતો ત્યાં આવે છે. આવીને વિજયદેવને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી, જય–વિજય વડે વધાવે છે. જય–વિજયથી વધાવીને આ પ્રમાણે કહ્યું

હે દેવાનુપ્રિય ! નિશ્ચે વિજયા રાજધાનીમાં **સિદ્ધાયતનમાં ૧૦૮ જિનપ્રતિમાઓ જિનોત્સેધ પ્રમાણમાત્ર (૫૦૦ ધનુષ પ્રમાણ)રહેલી છે.** સુધર્માસભાના માણવક ચૈત્યસ્તંભ ઉપર વજ્રમય ગોળ–વૃત્ત–સમુદ્‌ગકમાં ઘણા જિન અસ્થિ રાખેલા છે. જે આપ દેવાનુપ્રિયને અને બીજા ઘણા વિજય રાજધાની વાસ્તવ્ય દેવો અને દેવીને અર્ચનીય, વંદનીય, પૂજનીય, સત્કારણીય, સન્માનનીય, કલ્યાણ–મંગલ–દેવ–ચૈત્યરૂપ પર્યુપાસનીય છે. આપ દેવાનુપ્રિયને પૂર્વે પણ શ્રેયસ્કર છે, પછી પણ શ્રેયસ્કર છે. આપને પૂર્વે પણ કરણીય છે, પછી પણ કરણીય છે. આપને પહેલાં કે પછી યાવત્ આનુગામિકપણે થશે. એમ કહી મોટે–મોટેથી મહા શબ્દોથી જય–જય શબ્દને પ્રયોજે છે.

ત્યારે વિજયદેવ તે સામાનિક પર્ષદામાં ઉત્પન્ન દેવોની પાસે આ કથન સાંભળી, અવધારી, હૃષ્ટ–તુષ્ટ યાવત્ હૃદયી થઈ દેવશયનીયથી ઊભો થયો, ઊભો થઈને દિવ્ય દેવદૂષ્ય યુગલ ધારણ કર્યું. કરીને દેવશયનીયથી નીચે ઊતર્યો. ઊતરીને ઉપપાતસભાના પૂર્વદ્વારથી નીકળ્યો. નીકળીને જ્યાં દ્રહ હતું ત્યાં આવ્યો, આવીને દ્રહને અનુપ્રદક્ષિણા કરતા–કરતા પૂર્વના તોરણથી અનુપ્રવેશે છે. પ્રવેશીને પૂર્વ દિશાના ત્રિસોપાન–પ્રતિરૂપકથી ઊતરે છે, ઊતરીને દ્રહમાં પ્રવેશે છે, પ્રવેશીને જલ અવગાહન કરે છે, કરીને જલમજ્જન કરે છે, જલક્રીડા કરે છે.

ત્યારપછી અત્યંત પવિત્ર અને શુચિભૂત થઈને દ્રહની બહાર નીકળે છે અને જ્યાં અભિષેકસભા છે, ત્યાં જાય છે. જઈને અભિષેકસભાને પ્રદક્ષિણા કરીને પૂર્વ દિશાના દ્વારથી પ્રવેશે છે, પ્રવેશીની જ્યાં પોતાનું સિંહાસન છે, ત્યાં આવે છે. આવીને તે શ્રેષ્ઠ સિંહાસને જઈ પૂર્વાભિમુખ બેસે છે.

ત્યારપછી તે વિજયદેવના સામાનિક પર્ષદામાં ઉત્પન્ન દેવોએ આભિયોગિક દેવોને બોલાવ્યા, બોલાવીને આમ કહ્યું – જલદીથી ઓ દેવાનુપ્રિયો ! વિજયદેવના મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, વિપુલ ઈન્દ્રાભિષેક સામગ્રી ઉપસ્થાપિત કરો. ત્યારે તે આભિયોગિક દેવો સામાનિક પર્ષદાના દેવોએ આમ કહેતા હર્ષિત–સંતુષ્ટ યાવત્ હૃદયી થઈ બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી, હે દેવ! 'તહત્તિ' કહી આજ્ઞા અને વિનયથી વચનને સ્વીકાર્યુ, સ્વીકારીને ઉત્તર–પૂર્વ દિશામાં જાય છે, જઈને વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થાય છે, થઈને સંખ્યાત યોજન દંડ કાઢે છે. તે આ પ્રમાણે રત્નોનો યાવત્ રિષ્ટ રત્નોનો યથા બાદર પુદ્‌ગલોને છોડે છે અને યથાસૂક્ષ્મ પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. પછી બીજી વખત વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થાય છે.

સમવહત થઈને ૧૦૦૮ સુવર્ણના કળશો, ૧૦૦૮ રૂપાના કળશો, ૧૦૦૮ મણીમય કળશો, ૧૦૦૮ સુવર્ણ

રૂપ્યમય કળશો, ૧૦૦૮ સુવર્ણ–મણીમય કળશો, ૧૦૦૮ રૂપા–મણીમય કળશો, ૧૦૦૮ સોના રૂપા મણીના કળશો, ૧૦૦૮ માટીના કળશો એમ ૮૦૬૪ કળશો લે છે.

તથા ૧૦૦૮–૧૦૦૮ ભૃંગાર, આદર્શ, થાલા, પાત્રી, સુપ્રતિષ્ઠક, ચિત્ર, રત્નકરંડક, પુષ્પચંગેરી યાવત્ રોમહસ્ત ચંગેરી, પુષ્પપડલક યાવત્ રોમહસ્ત પડલક તથા ૧૦૮ સિંહાસન, એ રીતે છત્ર, ચામર ધ્વજા, વર્તક, તપસિપ્ર, ક્ષીરક, પીનક, તૈલ સમુદ્ગક, ૧૦૦૮ ધૂપ કડછા વિકુર્વે છે.

તે સ્વાભાવિક અને વિકુર્વિત કળશો યાવત્ ધૂપ કડછાને ગ્રહણ કરે છે, કરીને વિજયા રાજધાનીથી નીકળે છે, નીકળીને તેવી ઉત્કૃષ્ટી યાવત્ તેજ દિવ્ય દેવગતિથી તિર્છા અસંખ્યાતા દ્વીપ સમુદ્રની વચ્ચોવચ્ચ થઈને જ્યાં ક્ષીરોદ સમુદ્ર છે, ત્યાં આવે છે. આવીને ક્ષીરોદક લઈને, જે ત્યાંના ઉત્પલો યાવત્ શત સહસ્ર પત્રો છે, તેને ગ્રહણ કરે છે. કરીને જ્યાં પુષ્કરોદ સમુદ્ર છે, ત્યાં આવે છે, આવીને પુષ્કરોદક ગ્રહણ કરે છે. કરીને ત્યાંના જે ઉત્પલો યાવત્ શતસહસ્રપત્રો છે તેને લે છે.

ત્યારપછી તે દેવો જ્યાં સમયક્ષેત્ર છે, તેમાં જ્યાં ભરત–ઐરવત વર્ષક્ષેત્ર છે, તેમાં જ્યાં માગધ–વરદામ–પ્રભાસ તીર્થો છે, ત્યાં આવે છે, આવીને તીર્થોદકને ગ્રહણ કરે છે, કરીને તીર્થની માટીને ગ્રહણ કરે છે, કરીને જ્યાં ગંગા–સિંધુ–રક્તા–રક્તવતી નદીઓ છે, ત્યાં આવે છે. આવીને નદીનું જળ ગ્રહણ કરે છે, કરીને ઉભય તટની માટીને ગ્રહણ કરે છે.

ત્યારપછી જ્યાં ચુલ્લ હિમવંત અને શિખરી વર્ષધર પર્વત છે, ત્યાં આવે છે, આવીને સર્વે તૂવર, સર્વપુષ્પ, સર્વ ગંધ, સર્વ માલ્ય, સર્વૌષધિ–સિદ્ધાર્થક ગ્રહણ કરે છે. – × -

ત્યારપછી જ્યાં પદ્મદ્રહ અને પુંડરીકદ્રહ છે ત્યાં આવે છે, આવીને ત્યાં–ત્યાંના દ્રહ(સરોવર)ના ઉદકને ગ્રહણ કરે છે. ત્યાં જે ઉત્પલો યાવત્ શત–સહસ્રપત્રો છે, તેને ગ્રહણ કરે છે.

ત્યારપછી જ્યાં હૈમવત–હૈરણ્યવત વર્ષક્ષેત્ર છે, તેમાં જ્યાં રોહિત–રોહિતાંશા–સુવર્ણકૂલા–રૂપ્યકૂલા નદી છે ત્યાં આવે છે, આવીને નદીનું જળ ગ્રહે છે, ઉભય તટની માટી લે છે.

ત્યારપછી જ્યાં શબ્દાપાતી, માલ્યવંતપર્યાય વૃત્ત વૈતાઢ્ય પર્વત છે ત્યાં આવે છે. આવીને સર્વ તૂવર યાવત્ સર્વૌષધિ અને સિદ્ધાર્થકને ગ્રહણ કરે છે.

ત્યારપછી જ્યાં મહાહિમવંત અને રુક્મિ વર્ષધર પર્વત છે, ત્યાં આવે છે. આવીને સર્વ પુષ્પાદિ લે છે, તે બધું પૂર્વવત્. પછી જ્યાં મહાપદ્મ દ્રહ અને મહાપુંડરીક દ્રહ છે ત્યાં આવે છે, આવીને ત્યાં જે ઉત્પલો છે આદિ પૂર્વવત્ લે છે. ત્યાંથી હરિવર્ષ અને રમ્યક્ વર્ષ ક્ષેત્રમાં જ્યાં હરકાંતા, હરિકાંતા, નરકાંત, નારિકાંતા નદીઓ છે, ત્યાં આવે છે, આવીને નદીનું જળ ગ્રહણ કરે છે.

ત્યારપછી વિકટાપાતી અને ગંધાપાતી વૃત્ત વૈતાઢ્ય પર્વત છે, ત્યાં આવે છે, આવીને સર્વપુષ્પો આદિ લે છે, તે પૂર્વવત્. ત્યાંથી નિષધ અને નીલવંત વર્ષધર પર્વતો છે ત્યાં આવે છે, આવીને સર્વતૂવર આદિ પૂર્વવત્ લે છે.

પછી જ્યાં તિગિચ્છિ દ્રહ અને કેશરી દ્રહ છે ત્યાં આવે છે, આવીને ત્યાં જે ઉત્પલો છે ઇત્યાદિ પૂર્વવત્ લે છે.

પછી જ્યાં પૂર્વવિદેહ – પશ્ચિમવિદેહમાં જ્યાં સીતા–સીતોદા મહાનદીઓ છે૦ નદીઓ માફક જ્યાં ચક્રવર્તી–વિજયો છે, જ્યાં સર્વે માગધ–વરદામ–પ્રભાસ તીર્થો છે, તે બધામાં પૂર્વવત્ જાણવું. જ્યાં બધા વક્ષસ્કાર પર્વતો છે ત્યાં સર્વ તૂવર આદિ પૂર્વવત્ લે છે. જ્યાં બધી અભ્યંતર નદીઓ છે, ત્યાંનું જળ ગ્રહણ કરે છે આદિ પૂર્વવત્.

પછી જ્યાં મંદર પર્વત છે, તેમાં જ્યાં ભદ્રશાલવન છે, ત્યાં આવે છે. ત્યાં સર્વ તૂવર યાવત્ સર્વૌષધિ અને સિદ્ધાર્થક ગ્રહણ કરે છે, કરીને જ્યાં નંદનવન છે ત્યાં આવે છે. આવીને સર્વ તૂવર યાવત્ સર્વૌષધિ અને સિદ્ધાર્થક લે છે. સરસ ગોશીર્ષ ચંદન ગ્રહણ કરે છે.

કરીને જ્યાં સોમનસ વન છે, ત્યાં આવે છે. આવીને સર્વતૂવર યાવત્ સર્વૌષધિ અને સિદ્ધાર્થક, સરસ ગોશીર્ષ ચંદન, દિવ્ય સુમનદામને ગ્રહણ કરે છે. કરીને જ્યાં પંડકવન છે, ત્યાં આવે છે, આવીને સર્વતૂવર યાવત્ સર્વૌષધિ, સિદ્ધાર્થક, સરસ–ગોશીર્ષ ચંદન, દિવ્ય સુમનદામ, દર્દરક મલય સુગંધિદત ગંધને ગ્રહણ કરે છે.

ત્યારપછી બધા આભિયોગિક દેવ એકઠા થઈને જંબૂદ્વીપના પૂર્વના દ્વારેથી નીકળે છે. પૂર્વ દ્વારેથી નીકળીને તેવી ઉત્કૃષ્ટ યાવત્ દિવ્ય દેવગતિથી તિર્છા અસંખ્યાત દ્વીપસમુદ્ર વચ્ચોવચ્ચથી જતા–જતા જ્યાં વિજયા રાજધાની છે, ત્યાં આવે છે. ત્યાં આવીને વિજયા રાજધાનીની અનુપ્રદક્ષિણા કરતા–કરતા જ્યાં અભિષેકસભા છે, જ્યાં વિજયદેવ છે ત્યાં આવે છે. આવીને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી, જય–વિજય વડે વધાવે છે. તે મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, વિપુલ અભિષેક સામગ્રીને વિજયદેવની પાસે ઉપસ્થાપિત કરે છે.

ત્યારે તે વિજયદેવ ૪૦૦૦ સામાનિકો, ચાર અગ્રમહિષી પરિવાર સહિત, ત્રણ પર્ષદા, સાત સૈન્યો, સાત સૈન્ય અધિપતિઓ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણા વિજય–રાજધાનીમાં વસતા વ્યંતર દેવો અને દેવીઓ તે સ્વાભાવિક અને ઉત્તરવૈક્રિયથી નિર્મિત શ્રેષ્ઠ કમળના આધારવાળા, સુગંધિત શ્રેષ્ઠ જળથી ભરેલા, ચંદનથી ચર્ચિત, ગળામાં મૌલી બાંધેલ, પદ્મકમલના ઢાંકણાવાળા, સુકુમાર અને મૃદુ કરતલોમાં પરિગૃહીત ૧૦૦૮ સોનાના, ૧૦૦૮ ચાંદીના યાવત્ ૧૦૦૮ માટીના કળશો ને સર્વોદક સર્વ માટી, સર્વ તૂવર, સર્વ પુષ્પ યાવત્ સર્વૌષધિ અને સિદ્ધાર્થક વડે – સર્વ ઋદ્ધિથી, સર્વ યુક્તિથી, સર્વ બળથી, સર્વ સમુદયથી, સર્વ આદરથી, સર્વ વિભૂતિથી, સર્વ વિભૂષાથી, સર્વ સંભ્રમથી, સર્વારોહણથી, સર્વ નાટકોથી, સર્વ પુષ્પ–ગંધ–માળા–અલંકાર–વિભૂષાથી, સર્વ દિવ્ય ત્રુટિત નિનાદથી, મહક ઋદ્ધિથી, મહા દ્યુતિથી, મહા બળથી, મહા સમુદયથી, મહા તુરિય–યમક શમક–પટુ–પ્રવાદી–રવથી, શંખ–પ્રણવ–પટહ–ભેરી–ઝલ્લરી–ખરમુખી–મુરવ–મૃદંગ–દુંદુભિ–હુડુક્ક–નિર્ઘોષના સંનિનાદિત રવ વડે મહા–મહા એવા ઇન્દ્રાભિષેક વડે અભિષિક્ત કરે છે.

ત્યારે તે વિજયદેવના મહા મહા ઇન્દ્રાભિષેક વર્તતો હતો ત્યારે કેટલાક દેવો અતિ જળ ન વર્ષે કે અતિ માટી ન થાય તે રીતે પ્રવિરલ છંટાતા દિવ્ય સુરભિ રજ–રેણુને વિનાશ કર્તા ગંધોદક વાસને વરસાવે છે. કેટલાક દેવો નિહતરજ–નષ્ટરજ–ભ્રષ્ટરજ–પ્રશાંતરજ–ઉપશાંતરજ કરે છે. કેટલાક દેવો વિજયા રાજધાનીને અંદરથી અને બહારથી આસિક્ત–સંમાર્જિત અને ઉપલિપ્ત કરે છે. સિક્ત–શુચિ–સંમૃષ્ટ–રથ્યાંતર, આપણ દુકાનો અને વીથી કરે છે. કેટલાક દેવો વિજયા રાજધાનીને મંચાતિમંચ યુક્ત કરે છે. કેટલાક દેવો વિજયા રાજધાનીને વિવિધ પ્રકારના રંગથી રંગેલી, ઉછળતી જય વિજય વૈજયંતિ પતાકા અતિપતાકાથી મંડિત કરે છે.

કેટલાક દેવો વિજયા રાજધાનીને લીંપણ અને ચૂનાથી ધોળેલી કરે છે. કેટલાક દેવો વિજયા રાજધાનીને ગોશીર્ષ–સરસ ચંદન, દર્દરદિન્ન પંચાંગુલિતલ–થાપા દીધેલી કરે છે. કેટલાક દેવો વિજયા રાજધાનીના ઘર–ઘરના દરવાજે ચંદન કળશ રાખે છે. કેટલાક દેવો ચંદન ઘટ અને તોરણોથી ઘર–ઘરના દરવાજા સજાવે છે. કેટલાક દેવ ઉપરથી નીચે સુધી લટકનારી મોટી મોટી ગોળાકાર પુષ્પમાળાથી તે રાજધાનીને સજાવી રહ્યા છે.

કેટલાક દેવો પંચવર્ણી શ્રેષ્ઠ સુગંધિત પુષ્પોના પુંજોથી યુક્ત રાજધાનીને કરી રહ્યા છે. કેટલાક દેવ વિજયા રાજધાનીને કાળો અગરુ–પ્રવર કુંદુરુષ્ક–તુરુષ્ક–ધૂપ સળગાવીને તેની સુગંધથી મઘમઘાયમાન કરી રહ્યા છે. તેથી તે રાજધાની અત્યંત સુગંધથી રમ્ય બનેલી છે અને વિશિષ્ટ ગંધવર્તીભૂત જણાય છે. કોઈ દેવ સુવર્ણની વર્ષા કરે છે, કોઈ દેવ ચાંદીની વર્ષા કરે છે, કોઈ દેવ રત્નની એ પ્રમાણે રત્નવર્ષા, વજ્રવર્ષા, પુષ્પવર્ષા, માલ્યવર્ષા, ગંધવર્ષા, ચૂર્ણવર્ષા, વસ્ત્ર વર્ષા કે આભરણ વર્ષા કરે છે. કોઈ દેવ હિરણ્ય વહેંચે છે. એ પ્રમાણે સુવર્ણ–રત્ન–વજ્ર–પુષ્પ–માલ્ય–ચૂર્ણ–ગંધ–વસ્ત્ર કે આભરણની વહેંચણી કરી રહેલ છે.

કેટલાક દેવો દ્રુત નૃત્યવિધિ દેખાડે છે. કેટલાક દેવો વિલંબિત નૃત્યવિધિ દેખાડે છે. કેટલાક દેવો

દ્રુતવિલંબિત નામક નૃત્યવિધિ દેખાડે છે. કેટલાક દેવો અંચિત નૃત્યવિધિ દેખાડે છે. કેટલાક દેવો રિભિત નૃત્યવિધિ દેખાડે છે, કેટલાક દેવો અંચિતરિભિત નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડે છે.

કેટલાક દેવો આરભટ નૃત્યવિધિ દેખાડે છે, કેટલાક દેવો ભસોલ નૃત્યવિધિ દેખાડે છે, કેટલાક દેવો આરભટ–ભસોલ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડે છે. કેટલાક દેવો ઉત્પાતનિપાત પ્રવૃત્ત, સંકુચિત–પ્રસારિત, રિયારિત, ભ્રાંત–સંભ્રાંત નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડે છે.

કેટલાક દેવો ચાર પ્રકારના વાજિંત્ર વગાડે છે. તે આ – તત, વિતત, ઘન, ઝુસિર. કેટલાક દેવો ચાર પ્રકારના ગીતને ગાય છે. તે આ – ઉત્ક્ષિપ્ત, પ્રવૃત્ત, મંદ અને રોચિતાવસાન. કેટલાક દેવો ચાર પ્રકારના અભિનયને કરે છે. તે આ – દાર્ષ્ટાન્તિક, પ્રતિશ્રુતિક, સામંતોપનિપાતિક, લોકમધ્યાવસાનિક.

કેટલાક દેવો પોતાને પીન–સ્થૂળ બનાવે છે. કેટલાક દેવો 'છુ–છુ' કરે છે. કેટલાક દેવો તાંડવ નૃત્ય કરે છે, કેટલાક દેવો રાસડા લે છે. કેટલાક દેવો પીન–છુક્કાર–તાંડવ–લાસ્ય ચારે કરે છે.

કેટલાક દેવો બુક્કાર કરે છે, કેટલાક દેવો આસ્ફોટન કરે છે, કેટલાક દેવો વલ્ગન કરે છે, કેટલાક દેવો ત્રિપદી છેદન કરે છે. કેટલાક દેવો આસ્ફોટન–વલ્ગન–ત્રિપદી–છેદનાદિ બધું કરે છે.

કેટલાક દેવો ઘોડાની જેમ હણહણે છે, કેટલાક દેવો હાથી માફક ગુડગુડ અવાજ કરે છે, કેટલાક દેવો રથની જેમ ઘણઘણાહટ કરે છે. કેટલાક દેવો હણહણાટ–ગુડગુડ–ઘણઘણાહટ ત્રણે કરે છે.

કેટલાક દેવો ઉછળે છે, કેટલાક દેવો વિશેષ ઉછળે છે, કેટલાક દેવો ઉત્કૃષ્ટી–છલાંગ મારે છે, કોઈ દેવ આ ત્રણે કરે છે.

કેટલાક દેવો સિંહનાદ કરે છે, કેટલાક દેવો ભૂમિ ઉપર પગથી આઘાત કરે છે, કેટલાક દેવો હાથથી પ્રહાર કરે છે. કેટલાક દેવો સિંહનાદ–પાદદર્દર–ભૂમિચપેટ એ ત્રણે ક્રિયાઓ સાથે કરે છે.

કેટલાક દેવો હક્કાર કરે છે, કેટલાક દેવો બુક્કાર કરે છે, કેટલાક દેવો થક્કાર કરે છે. કેટલાક દેવો પુત્કાર કરે છે. કેટલાક દેવો નામ સંભળાવવા લાગે છે. કેટલાક દેવો ઉક્ત બધી જ ક્રિયાઓ કરે છે.

કેટલાક દેવો ઉપર ઉછળે છે, કેટલાક દેવો નીચે પડે છે. કેટલાક દેવો તિર્છા પડે છે. કેટલાક દેવો આ ત્રણે ક્રિયાઓ કરે છે.

કેટલાક દેવો બળે છે, કેટલાક દેવો તપે છે, કેટલાક દેવો ખૂબ તપે છે. કેટલાક દેવો બળે છે – તપે છે – ખૂબ તપે છે.

કેટલાક દેવો ગરજે છે, કેટલાક દેવો વીજળી ચમકાવે છે, કેટલાક દેવો વરસાદ વરસાવે છે, કેટલાક દેવો આ ત્રણે કરે છે.

કેટલાક દેવો દેવ સંનિપાત કરે છે, કેટલાક દેવો દેવોત્કલિચં કરે છે, કેટલાક દેવો દેવકહકહ કરે છે. કેટલાક દેવો દુહદુહ કરે છે. કેટલાક દેવો સન્નિપાતાદિ ચારે ક્રિયા કરે છે.

કેટલાક દેવો દેવોદ્યોત કરે છે, કેટલાક દેવો વીજળી ચમકાવે છે, કેટલાક દેવો વસ્ત્રક્ષેપ કરે છે. કેટલાક દેવો દેવોદ્યોત – વીજળી ચમકાર – વસ્ત્રોત્ક્ષેપ એ ત્રણે કરે છે.

કેટલાક દેવોના હાથમાં ઉત્પલ કમલ છે યાવત્ કેટલાક દેવોના હાથમાં સહસ્રપત્ર છે.

કેટલાક દેવોના હાથમાં ઘંટા છે,

કેટલાક દેવોના હાથમાં કળશ છે યાવત્ કેટલાક દેવોના હાથમાં ધૂપના કડછા છે.

આ પ્રમાણે તે દેવો હૃષ્ટ–તુષ્ટ છે. યાવત્ હર્ષના વશથી વિકસિતહૃદયી છે. તેઓ વિજયા રાજધાનીમાં ચોતરફ ભાગી–દોડી રહ્યા છે, વિશેષ રીતે દોડી રહ્યા છે.

ત્યારપછી તે વિજયદેવ ૪૦૦૦ સામાનિકો, સપરિવાર ચાર અગ્રમહિષીઓ યાવત્ ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણા વિજયા રાજધાની વાસ્તવ્યા વ્યંતર દેવો અને દેવીઓ તે શ્રેષ્ઠકમલો ઉપર પ્રતિષ્ઠિત યાવત્ ૧૦૮ સુવર્ણ કળશો આદિ બધું પૂર્વવત્ ૧૦૮ માટીના કળશો સુધી કહેવું. આ કળશો, સર્વ ઉદક, સર્વ માટી, સર્વ તૂવર, સર્વ પુષ્પો વડે યાવત્ સર્વોષધિ અને સિદ્ધાર્થક વડે, સર્વ ઋદ્ધિથી યાવત્ નિર્ઘોષ–નાદિતરવ વડે, મહાન–મહાન ઇન્દ્રાભિષેક વડે અભિસિંચિત્ કરે છે.

અભિષેક કરીને બધા અલગ અલગ મસ્તક ઉપર અંજલિ જોડીને આ પ્રમાણે કહે છે –

હે નંદ ! આપનો જય થાઓ, વિજય થાઓ. હે ભદ્ર ! આપનો જય થાઓ – વિજય થાઓ. હે નંદ ! હે ભદ્ર ! આપનો જય–વિજય થાઓ. આપ ન જિતેલાને જીતો. જિતેલાનું પાલન કરો, અજિત શત્રુપક્ષને જીતો. જિતેલ મિત્રપક્ષનું પાલન કરો. હે દેવ! તમે જીતેલા મધ્યે વાસ કરો.

હે દેવ ! આપ દેવોમાં ઇન્દ્ર સમાન, તારામાં ચંદ્ર સમાન, અસુરોમાં ચંદ્ર સમાન, નાગોમાં ધરણ સમાન, મનુષ્યોમાં ભરત સમાન ઉપસર્ગ રહિત રહી, ઘણા પલ્યોપમો, ઘણા સાગરોપમો સુધી ૪૦૦૦ સામાનિકો યાવત્ સોળ હજાર આત્મરક્ષક દેવોનું વિજયા રાજધાની અને બીજા ઘણા વિજયા રાજધાનીમાં વસતા વ્યંતર દેવ–દેવીઓનું આધિપત્ય યાવત્ આજ્ઞૈશ્વરત્વ અને સેનાપત્ય કરતા, પાલન કરતા વિચરો. એમ કહી મોટા–મોટા શબ્દોથી જય–જય શબ્દ કરે છે.

સૂત્ર–૧૮૦

ત્યારપછી તે વિજયદેવ મહાન ઇન્દ્રાભિષેકથી અભિષિક્ત થયેલો હતો તે સિંહાસનથી ઊભો થાય છે. સિંહાસન થકી ઊભો થઈને અભિષેક સભાના પૂર્વ દિશાના દ્વારથી નીકળે છે, નીકળીને જ્યાં અલંકારિક સભા છે ત્યાં આવે છે, આવીને તે અલંકારિક સભામાં અનુપ્રદક્ષિણા કરતા–કરતા પૂર્વ દ્વારેથી અનુપ્રવેશે છે. પૂર્વના દ્વારેથી પ્રવેશીને જ્યાં સિંહાસન છે ત્યાં જાય છે, જઈને શ્રેષ્ઠ સિંહાસને પૂર્વાભિમુખ બેસે છે.

ત્યારપછી તે વિજયદેવના સામાનિક પર્ષદાના દેવો, આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને આમ કહે છે

ઓ દેવાનુપ્રિયા ! જલદીથી વિજયદેવના આલંકારિક ભાંડને અહીં લાવો. તેઓ પણ તે આલંકારિક ભાંડ યાવત્ લાવે છે.

ત્યારપછી તે વિજયદેવે સર્વપ્રથમ પક્ષ્મલસુકુમાલ દિવ્ય સુરભિ ગંધકાષાયી વસ્ત્રથી ગાત્ર લૂંછે છે. ગાત્રો લૂંછીને સરસ ગોશીર્ષ ચંદનથી ગાત્રોને લીંપે છે. સરસ ગોશીર્ષ ચંદનથી ગાત્રોને લીંપીને, ત્યારપછી નાકના ઉચ્છ્વાસ વડે ઊડે તેવા અને ચક્ષુર્હર વર્ણ–સ્પર્શયુક્ત ઘોડાની લાળથી પણ અધિક મૃદુ, ધવલ અને સુવર્ણથી ખચિત છેડાવાળા, આકાશ–સ્ફટિક સદશ પ્રભાવાળા, ન ફાટેલા, દિવ્ય દેવદૂષ્ય યુગલને ધારણ કરે છે,

ધારણ કરીને હાર પહેરે છે. હાર પહેરીને એ રીતે એકાવલીને ધારણ કરે છે. એકાવલીને ધારણ કરીને એ પ્રમાણે આ આલાવા વડે મુક્તાવલિ, કનકાવલિ, રત્નાવલિ, કટક, ત્રુટિત, અંગદ, કેયૂર, દશ મુદ્રિકાનંતક, કટિસૂત્રક, ત્રિ–અસ્થિસૂત્રક, મુરવિ, કંઠ મુરવિ, પ્રાલંબ, કુંડલ, ચૂડામણી, ચિત્રરત્નોત્કટ, મુકુટને ધારણ કરે છે.

ધારણ કરીને ગ્રંથિમ–વેષ્ટિમ–પૂરિમ–સંઘાતિમ એ ચતુર્વિધ માલા વડે કલ્પવૃક્ષની જેમ પોતાને અલંકૃત વિભૂષિત કરે છે. કલ્પવૃક્ષની જેમ પોતાને અલંકૃત–વિભૂષિત કરીને દર્દર–મલય–સુગંધ ગંધિત ગંધ વડે ગાત્રોને સુગંધી કરીને દિવ્ય પુષ્પમાળાને ધારણ કરે છે.

ત્યારપછી તે વિજય દેવ કેશાલંકાર, વસ્ત્રાલંકાર, માલ્યાલંકાર, આભરણાલંકાર એ ચતુર્વિધ અલંકારથી અલંકૃત વિભૂષિત થઈને પ્રતિપૂર્ણાલંકાર થઈ સિંહાસનથી ઊભો થાય છે, ઊભો થઈને આલંકારિક સભાના પૂર્વ દ્વારેથી નીકળે છે. નીકળીને જ્યાં વ્યવસાય સભા છે, ત્યાં આવે છે.

ત્યાં આવીને વ્યવસાય સભાને અનુપ્રદક્ષિણા કરતો–કરતો ઉત્તમ સિંહાસને પૂર્વાભિમુખ થઈને બેઠો. ત્યારે તે વિજય દેવના આભિયોગિક દેવો પુસ્તક રત્ન લાવ્યા.

ત્યારે તે વિજય દેવે પુસ્તક રત્નને ગ્રહણ કર્યું, કરીને પુસ્તક રત્નને ખોળામાં મૂકે છે. પુસ્તક રત્નને મૂકીને તેને ઉઘાડે છે. પુસ્તકરત્ન ઉઘાડીને પુસ્તકરત્નને વાંચે છે. પુસ્તકરત્ન વાંચીને તેના ધાર્મિક મર્મને ગ્રહણ કરે છે. પુસ્તકરત્નને પાછુ મૂકે છે. મૂકીને તે સિંહાસનથી ઊભો થાય છે.

ઊભો થઈને વ્યવસાયસભાના પૂર્વ દ્વારેથી નીકળે છે. નીકળીને જ્યાં નંદા પુષ્કરિણી છે ત્યાં આવે છે. આવીને તે નંદા પુષ્કરિણીની અનુપ્રદક્ષિણા કરતો–કરતો પૂર્વ દ્વારેથી પ્રવેશે છે, પ્રવેશીને પૂર્વ દિશાના ત્રિસોપાન પ્રતિરૂપકથી ઊતરે છે. તેમાં ઊતરીને હાથ–પગ ધૂવે છે, ધોઈને એક મોટું શ્વેત રજતમય વિમલ–સલિલ પૂર્ણ મત્ત ગજના મોટા મુખની આકૃતિ સમાન ભૃંગારને ગ્રહણ કરે છે. ભૃંગાર ગ્રહણ કરીને ત્યાં જે ઉત્પલ, પદ્મ યાવત્ શતસહસ્રપત્રો છે, તેને ગ્રહણ કરે છે, કરીને નંદા પુષ્કરિણી થકી બહાર નીકળે છે. બહાર નીકળીને જે તરફ **સિદ્ધાયતન છે, તે તરફ જવાને નીકળે છે.**

ત્યારપછી તે વિજયદેવના ૪૦૦૦ સામાનિક દેવો યાવત્ બીજા પણ ઘણા વ્યંતર દેવો અને દેવીઓમાં કેટલાક હાથમાં ઉત્પલ લઈને યાવત્ કેટલાક હાથમાં સહસ્રપત્રો લઈને વિજય દેવની પાછળ–પાછળ જાય છે.

ત્યારે તે વિજયદેવના ઘણા આભિયોગિક દેવો અને દેવીઓ હાથમાં કળશ લઈને યાવત્ હાથમાં ધૂપ કડછા લઈને વિજયદેવની પાછળ–પાછળ જાય છે.

ત્યારપછી વિજયદેવ ૪૦૦૦ સામાનિકો યાવત્ બીજા પણ ઘણા વ્યંતર દેવો અને દેવીઓ સાથે સંપરિવૃત્ત થઈને સર્વ ઋદ્ધિથી, સર્વ દ્યુતિથી યાવત્ નિર્ઘોષ–નાદિત–રવથી **જ્યાં સિદ્ધાયતન છે, ત્યાં આવે છે. આવીને સિદ્ધાયતનની અનુ–પ્રદક્ષિણા કરતા–કરતા પૂર્વના દ્વારેથી અનુપ્રવેશ કરે છે.**

**સિદ્ધાયતનમાં પ્રવેશીને જ્યાં દેવછંદક છે ત્યાં આવે છે, ત્યાં આવીને જિનપ્રતિમાને જોતાની સાથે પ્રણામ કરે છે. કરીને મોરપીંછી ગ્રહણ કરે છે. મોરપીંછી લઈને જિનપ્રતિમાને મોરપીંછી વડે પ્રમાર્જે છે.**

**પ્રમાર્જીને સુગંધી ગંધોદક વડે ન્હવડાવે છે, ન્હવડાવી દિવ્ય સુગંધી ગંધ કાષાયિત વડે ગાત્રો લૂંછે છે. લૂંછીને સરસ ગોશીર્ષ ચંદન વડે ગાત્રોને લીંપે છે. લીંપીને જિનપ્રતિમાને ન ફાટેલા શ્વેત દિવ્ય દેવદૂષ્ય યુગલ પહેરાવે છે.**

**ત્યારપછી અગ્ર પ્રધાન ગંધ અને માલ્ય વડે અર્ચા કરે છે, અર્ચા કરીને પુષ્પ, ગંધ, માલ્ય, વર્ણ, ચૂર્ણ અને આભરણ આરોહણ કરે છે અર્થાત આ પુષ્પ આડી ચઢાવે છે. કરીને પછી ઉપરથી નીચે સુધી લટકતી એવી, વિપુલ અને ગોળ મોટી–મોટી માળાઓ ચઢાવે છે.**

**ત્યારપછી સ્વચ્છ, શ્વેત, રજતમય ચમકદાર ચોખા વડે જિનપ્રતિમા આગળ આઠ–આઠ મંગલ આલેખે છે. તે આ – સ્વસ્તિક, શ્રીવત્સ યાવત્ દર્પણ. આઠ–આઠ મંગલ આલેખે છે, આલેખીને કચગ્રાહથી ગૃહીત અને કરતલથી મુક્ત થઈને વિખરાયેલ પંચવર્ણી પુષ્પોથી પુષ્પોપચાર કરે છે.**

**ત્યારપછી ચંદ્રકાંતમણિ, વજ્રમણિ, વૈડૂર્ય મણિથી યુક્ત નિર્મળ દંડવાળા, કંચન–મણિ–રત્નોથી વિવિધ રૂપોમાં ચિત્રિત, કાલો અગરુ–શ્રેષ્ઠ કુંદુરુષ્ક–તુરુષ્કની ધૂપથી ઉત્તમ ગંધથી યુક્ત ધૂપને છોડતા, વૈડૂર્યમય કડુચ્છકને લઈને સાવધાની સાથે ધૂપ દઈને સાત–આઠ પગલાં પાછળ સરકી જિનવરોને ૧૦૮ વિશુદ્ધ ગ્રંથયુક્ત, મહાછંદોવાળી, અર્થયુક્ત અને અપુનરુક્ત સ્તોત્રો વડે સ્તૂતિ કરે છે.**

**સ્તૂતિ કર્યા પછી ડાબો ઘૂંટણ ઊંચો રાખી, જમણો ઘૂંટણ જમીનને લગાડી ત્રણ વખત પોતાનું મસ્તક જમીન ઉપર નમાવે છે. પછી થોડા ઊંચા ઉઠાવીને પોતાની કટક અને ત્રુટિતથી સ્તંભિત ભૂજાઓને સંકોચીને, બંને હાથ જોડી, મસ્તકે અંજલિ કરીને આ પ્રમાણે બોલે છે –**

નમસ્કાર થાઓ અરિહંત ભગવંતોને યાવત્ સિદ્ધિ ગતિ નામક સ્થાનને પ્રાપ્ત થયેલ છે. એમ કહી વંદન કરે

**છે. નમસ્કાર કરે છે. વંદન–નમસ્કાર કરીને જ્યાં સિદ્ધાયતનનો બહુમધ્ય દેશભાગ છે, ત્યાં આવે છે. આવીને દિવ્ય જળધારા થી તેનું સિંચન કરે છે. કરીને સરસ–ગોશીર્ષ ચંદનથી હાથોને લિપ્ત કરીને પાંચે આંગળીથી એક મંડલ બનાવે છે. મંડલ આલેખીને તેની અર્ચા કરે છે. અર્ચા કરીને કચગ્રાહ ગૃહીત અને કરતલથી વિમુક્ત થઈને વિખરાયેલા પંચવર્ણી ફૂલોથી તેને પુષ્પોપચાર યુક્ત કરે છે અને ધૂપ દે છે. ધૂપ દઈને જ્યાં સિદ્ધાયતનની દક્ષિણ દિશા છે, ત્યાં જાય છે.**

દક્ષિણ દ્વારે જઈને વિજય દેવ મોરપીંછી ગ્રહણ કરે છે, કરીને દ્વાર ચેટીઓ, શાલભંજિકાઓ અને વ્યાલરૂપને મોરપીંછી વડે પ્રમાર્જે છે. પ્રમાર્જીને બહુમધ્ય દેશભાગમાં સરસ ગોશીર્ષ ચંદન વડે પંચાંગુલિ તલથી અનુલીંપન કરે છે. અનુલીંપન કરીને અર્ચા કરે છે. કરીને કચગ્રાહ ગૃહીત યાવત્ પુંજોપચાર કલિત કરે છે. કરીને ધૂપ આપે છે.

ત્યારપછી જ્યાં મુખમંડપનો બહુમધ્ય દેશભાગ છે ત્યાં આવે છે, આવીને બહુમધ્ય દેશભાગમાં મોરપીંછીથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય ઉદકધારાથી સિંચન કરે છે. કરીને સરસ ગોશીર્ષ ચંદનથી પંચાંગુલિના તલ વડે મંડલ આલેખે છે, આલેખીને અર્ચા કરે છે. કરીને કચગ્રાહ યાવત્ ધૂપ આપે છે.

ત્યારપછી મુખમંડપનું પશ્ચિમ દ્વાર છે ત્યાં આવે છે. આવીને મોરપીંછી લે છે. લઈને દ્વારચેટી, શાલભંજિકા અને વ્યાલરૂપને મોરપીંછીથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય જળધારાથી સિંચે છે. સિંચીને સરસ ગોશીર્ષ ચંદનથી યાવત્ અર્ચા કરે છે. કરીને ઉપરથી–નીચે સુધીની માળા લટકાવે છે. કચગ્રાહ૦વત્ પુષ્પ વિખેરે છે. ધૂપ આપે છે.

ત્યારપછી જે મુખમંડપની ઉત્તરની સ્તંભ પંક્તિ છે ત્યાં જાય છે, જઈને મોરપીંછીથી શાલભંજિકાદિને પ્રમાર્જે છે. દિવ્ય જળધારાથી સિંચી, સરસ ગોશીર્ષ–ચંદન લગાડી, પુષ્પારોહણ યાવત્ ઉપરથી નીચે ફૂલ માળા લટકાવી, ફૂલ વિખેરી, ધૂપ આપે છે. પછી મુખમંડપના પૂર્વ દ્વારે તે બધું જ કહેવું યાવત્ દ્વારની અર્ચનિકા. દક્ષિણ દ્વારે તેમજ કહેવું.

ત્યારપછી જ્યાં પ્રેષાગૃહમાં મંડપનો બહુમધ્ય દેશભાગ છે, જ્યાં વજ્રમય અક્ષાટક છે, જ્યાં મણિપીઠિકા છે, જ્યાં સિંહાસન છે, ત્યાં આવે છે, આવીને મોરપીંછી ગ્રહણ કરે છે. મોરપીંછી ગ્રહણ કરીને અક્ષાટક અને સિંહાસનને મોરપીંછીથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય ઉદકધારાથી સિંચે છે. પુષ્પારોહણ યાવત્ ધૂપ દે છે. પછી જ્યાં પ્રેષાગૃહ મંડપનું પશ્ચિમ દ્વાર છે ત્યાં દ્વારાર્ચનિકા કરી, ઉત્તરની સ્તંભ પંક્તિને, તે રીતે પૂર્વના દ્વારે તેમજ જ્યાં દક્ષિણ દ્વાર છે ત્યાં, તે પ્રમાણે જ જ્યાં ચૈત્યસ્તૂપ છે ત્યાં આવે છે.

ચૈત્યસ્તૂપે આવીને મોરપીંછી ગ્રહણ કરે છે, કરીને ચૈત્યસ્તૂપને મોરપીંછીથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય જળધારા થી સિંચી, સરસ ચંદનની અર્ચા, પુષ્પારોહણ કરી, ઉપરથી–નીચે સુધી માળા લટકાવી યાવત્ ધૂપ આપે છે.

ત્યારપછી **પશ્ચિમની મણિપીઠિકામાં જ્યાં જિન–પ્રતિમા છે, ત્યાં આવે છે. જિન પ્રતિમાને જોતા જ પ્રણામ કરે છે. કરીને મોરપીંછી ગ્રહણ કરે છે. કરીને આદિ પૂર્વવત્. જે જિન પ્રતિમાને યાવત્ સિદ્ધિગતિ નામધેય સ્થાનને પામેલાને વાંદે છે – નમે છે, એ પ્રમાણે ઉત્તર–પૂર્વ અને દક્ષિણમાં જાણવું.**

જ્યાં ચૈત્યવૃક્ષ, દ્વારવિધિ, મણિપીઠિકા. જ્યાં મહેન્દ્રધ્વજ દ્વારવિધિ. જ્યાં દક્ષિણની નંદા પુષ્કરિણી ત્યાં આવે છે. મોરપીંછી ગ્રહણ કરે છે. ચૈત્ય, ત્રિસોપાન પ્રતિરૂપક, તોરણ, શાલભંજિકા અને વ્યાલરૂપોને મોરપીંછીથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય ઉદકધારાથી સિંચે છે. સરસ ગોશીર્ષ ચંદનથી લીંપે છે. લીંપીને પુષ્પારોહણ કરે છે યાવત્ ધૂપ આપે છે.

ધૂપ દઈને સિદ્ધાયતનને અનુપ્રદક્ષિણા કરતા જ્યાં ઉત્તરની નંદાપુષ્કરિણી છે ત્યાં આવે છે. આવીને પૂર્વવત્ મહેન્દ્રધ્વજ, ચૈત્યવૃક્ષ, ચૈત્યસ્તૂપ, પશ્ચિમની મણિપીઠિકા, જિનપ્રતિમા, ઉત્તરની–પૂર્વની–દક્ષિણના પ્રેક્ષાગૃહ મંડપમાં પણ તેમજ. જેમ દક્ષિણના પશ્ચિમી દ્વારમાં યાવત્ દક્ષિણની સ્તંભ પંક્તિ, મુખમંડપ પણ, ત્રણ દ્વારોની અર્ચનિકા કહીને દક્ષિણની સ્તંભપંક્તિ, ઉત્તર દ્વાર, પૂર્વનું દ્વાર, બાકીનું તે જ ક્રમથી યાવત્ પૂર્વની નંદા પુષ્કરિણી.

જ્યાં સુધર્માસભા છે ત્યાં જવાને પ્રસ્થાન કર્યું.

ત્યારે તે વિજયના ૪૦૦૦ સામાનિકો આદિ યાવત્ સર્વઋદ્ધિથી યાવત્ નાદિત રવથી સુધર્માસભાએ આવ્યા. તેઓ ત્યાં સુધર્માસભાની અનુપ્રદક્ષિણા કરતા–કરતા પૂર્વ દ્વારેથી પ્રવેશે છે. પ્રવેશતા જિન–અસ્થિઓને જોતા જ પ્રણામ કરે છે.

કરીને જ્યાં મણિપીઠિકા છે, જ્યાં માણવક ચૈત્યસ્તંભ છે, જ્યાં વજ્રમય ગોળ–વૃત્ત સમુદ્‌ગક છે, ત્યાં આવે છે. આવીને મોરપીંછી ગ્રહણ કરે છે, કરીને વજ્રમય ગોળ–વૃત્ત–સમુદ્‌ગકને ઉઘાડે છે. ઉઘાડીને જિન અસ્થિઓને મોરપીંછીથી પ્રમાર્જે છે, પ્રમાર્જીને સુગંધી ગંધોદકથી એકવીશ વખત જિન અસ્થિઓને પ્રક્ષાલે છે. પ્રક્ષાલીને સરસ ગોશીર્ષ ચંદનથી અનુલીંપન કરે છે. અનુલીંપન કરીને અગ્રપ્રધાન ગંધ અને માલ્ય વડે અર્ચા કરે છે. અર્ચા કરીને ધૂપ આપે છે. ધૂપ દઈને વજ્રમય ગોળ–વૃત્ત–સમુદ્‌ગકમાં પાછા મૂકે છે.

ત્યારપછી માણવક ચૈત્યસ્તંભને મોરપીંછીથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય જળધારાથી સિંચે છે. સિંચીને સરસ ગોશીર્ષ ચંદનથી ચર્ચા આપે છે. આપીને પુષ્પારોહણ કરે છે યાવત્ લટકતી માળા પુષ્પો વિખેરવા, ધૂપ દેવો, એ બધું કરે છે.

ત્યારપછી જ્યાં સુધર્માસભાનો બહુમધ્ય દેશભાગ છે, ત્યાં પૂર્વવત્. જ્યાં સિંહાસન છે ત્યાં દ્વાર અર્ચનિકા માફક કહેવું. જ્યાં દેવશયનીય છે, ત્યાં પૂર્વવત્.

જ્યાં ક્ષુદ્ર મહેન્દ્રધ્વજ છે, ત્યાં પૂર્વવત્. જ્યાં પ્રહરણ કોશ છે, ચોપ્પાલ છે, ત્યાં જાય છે. જઈને પ્રત્યેકે પ્રત્યેક પ્રહરણને મોરપીંછીથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને સરસ ગોશીર્ષ ચંદનથી પૂર્વવત્ પૂજે છે તે બધુ કહેવું.

દક્ષિણ દ્વાર આવીને પૂર્વવત્ પૂજા કરે છે. યાવત્ પૂર્વ દિશાની નંદા પુષ્કરિણી, બધી સભાને સુધર્માસભાની માફક અર્ચનિકા કહેવી. માત્ર ઉપપાત સભામાં દેવશયનીયની અર્ચનિકા.

બાકીની સભામાં સિંહાસનની અર્ચનિકા કહેવી. દ્રહની જેમ નંદાપુષ્કરિણી અર્ચનિકા કહી તેમ જાણવું.

વ્યવસાય સભામાં પુસ્તકરત્નને મોરપીંછીથી પ્રમાર્જી, દિવ્ય જળધારાથી સિંચી, સરસ ગોશીર્ષ ચંદનથી અનુલીંપે છે. અગ્રપ્રધાન ગંધ અને માલ્યથી અર્ચા કરે છે. કરીને સિંહાસનને મોરપીંછીથી પ્રમાર્જે છે યાવત્ ધૂપ આપે છે. બાકી બધું પૂર્વવત્. દ્રહનું કથન નંદાપુષ્કરિણી માફક કરવું.

ત્યારપછી જ્યાં બલિપીઠ છે, ત્યાં જાય છે, જઈને આભિયોગિક દેવને બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહ્યું

ઓ દેવાનુપ્રિયો ! જલદીથી વિજયા રાજધાનીના શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ–પથ, પ્રાસાદ, પ્રાકાર, અટ્ટાલક, ચરિકા, દ્વાર, ગોપુર, તોરણ, વાવડી અને પુષ્કરિણીમાં યાવત્ બિલપંક્તિકામાં, આરામ–ઉદ્યાન–કાનન–વન–વનખંડ અને વનરાજીઓમાં અર્ચનિકા કરો. કરીને મારી આ આજ્ઞા જલદીથી મને પાછી સોંપો.

ત્યારે તે આભિયોગિક દેવો, વિજય દેવે આમ કહેતા યાવત્ હૃષ્ટ–તુષ્ટ થઈ વિનયથી આજ્ઞા સ્વીકારીને વિજયા રાજધાનીમાં શૃંગાટકોમાં યાવત્ અર્ચના કરીને જ્યાં વિજય દેવ છે ત્યાં આવે છે, આવીને આજ્ઞા પાછી સોંપી.

ત્યારે તે વિજયદેવ, તે આભિયોગિક દેવો પાસે આ અર્થને સાંભળી–સમજીને હૃષ્ટ–તુષ્ટ–આનંદિત ચિત્ત થયો યાવત્ હર્ષિત હૃદયી થઈ જ્યાં નંદા પુષ્કરિણી છે ત્યાં આવે છે.

આવીને પૂર્વના તોરણથી યાવત્ પ્રવેશી હાથ–પગ પ્રક્ષાલે છે. પ્રક્ષાલન કરીને, આચમન કરી – ચોખ્ખા થઈ – પરમ શૂચિભૂત થઈ નંદા પુષ્કરિણીથી બહાર નીકળે છે. નીકળીને જ્યાં સુધર્માસભા છે ત્યાં જવાને નીકળે છે.

ત્યારપછી તે વિજયદેવ ૪૦૦૦ સામાનિકો યાવત્ ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો સાથે સર્વઋદ્ધિથી યાવત્ નિર્ઘોષ નાદિતરવ સાથે જ્યાં સુધર્માસભા છે, ત્યાં આવે છે.

આવીને સુધર્માસભાના પૂર્વના દ્વારેથી પ્રવેશ કરે છે. કરીને જ્યાં મણિપીઠિકા છે, ત્યાં આવે છે. આવીને શ્રેષ્ઠ

સિંહાસને પૂર્વાભિમુખ થઈને બેસે છે.

**સૂત્ર–૧૮૧**

ત્યારે તે વિજયદેવના ૪૦૦૦ સામાનિક દેવો પશ્ચિમોત્તર, ઉત્તર અને ઉત્તરપૂર્વમાં પહેલાથી રખાયેલા ૪૦૦૦ ભદ્રાસનો ઉપર બેઠા. ત્યારપછી તે વિજયદેવની ચાર અગ્રમહિષી પૂર્વ દિશામાં પહેલાથી રાખેલા ચાર ભદ્રાસનો ઉપર બેઠી. ત્યારપછી તે વિજયદેવની દક્ષિણ પૂર્વમાં અભ્યંતર પર્ષદાના ૮૦૦૦ દેવો યાવત્ બેઠા. એ પ્રમાણે દક્ષિણમાં મધ્યમ પર્ષદાના ૧૦,૦૦૦ દેવો યાવત્ બેઠા. દક્ષિણ–પશ્ચિમમાં બાહ્ય પર્ષદાના ૧૨,૦૦૦ દેવો યાવત્ બેઠા.

ત્યારપછી તે વિજયદેવની પશ્ચિમે સાત સેનાધિપતિ યાવત્ બેઠા. ત્યારપછી તે વિજયદેવની પૂર્વ–દક્ષિણ–પશ્ચિમ–ઉત્તર ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો પ્રત્યેકે પ્રત્યેક પૂર્વે મૂકેલા ભદ્રાસનો ઉપર બેઠા, તે આ પ્રમાણે – પૂર્વમાં ૪૦૦૦ યાવત્ ઉત્તરમાં ૪૦૦૦. તે આત્મરક્ષક દેવો સન્નદ્ધ બદ્ધ વર્મિત કવચવાળા, ઉત્પીડિત શરાસનપટ્ટિકા, પિનદ્ધ ગ્રૈવેયક વિમલ–વરચિંધપટ્ટ, ગ્રહિત આયુધ–પ્રહરણા, ત્રણ સ્થાને નમેલ, ત્રણ સંધિયુક્ત, વજ્રમય કોટીવાળા ધનુષને લીધેલા અને તેના તૂણીરોમાં વિવિધ પ્રકારે બાણો છે.

નીલપાણી, પીતપાણી, રક્તપાણી, ચાપપાણી, ચારુપાણી, ચર્મપાણી, ખડ્ગપાણી, દંડપાણી, પાસપાણી, નીલ–પીત–રક્ત–ચાપ–ચારુ–ચર્મ–ખડ્ગ–દંડ–પાસને ધારણ કરેલા આત્મરક્ષક, રક્ષોપક, ગુપ્ત–ગુપ્ત પાલિત, યુક્ત–યુક્ત પાલિત દરેકે દરેક સમયથી–વિનયથી કિંકરરૂપ એવા થઈને ઊભા છે.

ભગવન્ ! વિજયદેવની કેટલો કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! એક પલ્યોપમ સ્થિતિ કહી છે.

ભગવન્ ! વિજયદેવના સામાનિક દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે? એક પલ્યોપમ સ્થિતિ કહી છે.

એ પ્રમાણે આવી મહાઋદ્ધિ, મહાદ્યુતિ, મહાબલ, મહાયશ, મહાસુખ, મહાનુભાગ યુક્ત વિજયદેવ છે.

## વિજયદેવ અધિકારનો મુનિ દીપરત્નસાગરકૃત્ અનુવાદ પૂર્ણ

# વૈજયંત આદિ અન્ય દ્વારો

સૂત્ર–૧૮૨, ૧૮૩

**૧૮૨.** ભગવન્*-! જંબૂદ્વીપનું વૈજયંત નામે દ્વાર ક્યાં કહેલ છે ? ગૌતમ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણે ૪૫,૦૦૦ યોજન અબાધાએ ગયા પછી જંબૂદ્વીપ–દ્વીપની દક્ષિણ દિશાને અંતે અને લવણસમુદ્રના દક્ષિણાર્દ્ધની ઉત્તરમાં આ જંબૂદ્વીપ દ્વીપનું વૈજયંત નામક દ્વાર કહેલ છે. તે આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે ઇત્યાદિ બધી વક્તવ્યતા વિજય દ્વારવત્ યાવત્ 'તે નિત્ય છે' ત્યાં સુધી કહેવી.

ભગવન્ ! રાજધાની ક્યાં કહી છે ? દક્ષિણ દિશામાં છે. યાવત્ વૈજયંત નામક મહર્દ્ધિક દેવ છે.

ભગવન્ ! જંબૂદ્વીપનું જયંત નામક દ્વાર ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની પશ્ચિમે ૪૫,૦૦૦ યોજન જંબૂદ્વીપના પશ્ચિમાંતે અને લવણ સમુદ્રના પશ્ચિમાર્દ્ધની પૂર્વમાં સીતોદા મહાનદીની ઉપર આ જંબૂદ્વીપનું જયંત નામક દ્વાર કહેલ છે. પ્રમાણાદિ પૂર્વવત્ કહેવું. પશ્ચિમમાં તે રાજધાની છે ત્યાં જયંત નામે મહર્દ્ધિક દેવ છે.

ભગવન્ ! જંબૂદ્વીપનું અપરાજિત નામક દ્વાર ક્યાં કહેલ છે ? ગૌતમ ! મેરુની ઉત્તરે અબાધાથી ૪૫,૦૦૦ યોજન, જંબૂદ્વીપ દ્વીપના ઉત્તરાંતે અને લવણ સમુદ્રની ઉત્તરાર્દ્ધની દક્ષિણે આ જંબૂદ્વીપ દ્વીપનું અપરાજિત નામક દ્વાર કહેલ છે. પ્રમાણાદિ પૂર્વવત્. રાજધાની ઉત્તરમાં યાવત્ અપરાજિત દેવ છે.

ચારે રાજધાનીઓ બીજા જંબૂદ્વીપમાં છે.

**૧૮૩.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના એક દ્વારથી બીજા દ્વારનું અબાધાએ કેટલુ અંતર કહેલ છે ? ગૌતમ ! ૭૯,૦૫૨ યોજન અને દેશોન અર્દ્ધયોજન અંતર છે.

સૂત્ર–૧૮૪

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના પ્રદેશો લવણસમુદ્રને સ્પૃષ્ટ છે ? હા, સ્પૃષ્ટ છે. ભગવન્ ! તે શું જંબૂદ્વીપ રૂપ છે કે લવણસમુદ્ર રૂપ છે ? ગૌતમ ! નિશ્ચે તે જંબૂદ્વીપ રૂપ છે પણ લવણસમુદ્ર રૂપ નથી.

ભગવન્ ! લવણસમુદ્રના પ્રદેશો જંબૂદ્વીપને સ્પૃષ્ટ છે ? હા, સ્પૃષ્ટ છે. ભગવન્ ! તે શું લવણસમુદ્ર રૂપ છે કે જંબૂદ્વીપ રૂપ છે ? ગૌતમ! નિશ્ચે તે લવણસમુદ્ર રૂપ છે, જંબૂદ્વીપ રૂપ નથી.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં જીવો મરીને લવણસમુદ્રમાં જન્મે છે ? ગૌતમ ! કોઈ જીવ જન્મે છે, કોઈ જીવ જન્મતા નથી.

ભગવન્! લવણસમુદ્રમાં જીવો મરીને જંબૂદ્વીપમાં જન્મે છે? ગૌતમ ! કેટલાક જન્મે છે, કેટલાક જન્મતા નથી.

## પ્રતિપત્તિ–૩ ' દ્વીપસમુદ્રાધિકાર...ચાલુ'

સૂત્ર–૧૮૫

હે ભગવન્ ! જંબૂદ્વીપ, જંબૂદ્વીપ કેમ કહેવાય છે ?

ગૌતમ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની ઉત્તરે, નીલવંતની દક્ષિણે માલ્યવંત વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે, ગંધમાદન વક્ષસ્કાર પર્વતની પૂર્વે ઉત્તરકુરા નામે કુરા ક્ષેત્ર છે. તે પૂર્વ–પશ્ચિમ લાંબું અને ઉત્તર–દક્ષિણ પહોળું, અર્દ્ધ ચંદ્ર સંસ્થાન સંસ્થિત, વિષ્કંભથી ૧૧,૮૪૨–૨/૧૯ યોજન છે. તેની જીવા પૂર્વ–પશ્ચિમ બે વક્ષસ્કાર પર્વતોને સ્પર્શે છે. પૂર્વ દિશાની કોટીથી પૂર્વના વક્ષસ્કાર પર્વતને અને પશ્ચિમની કોટીથી પશ્ચિમના વક્ષસ્કારને સ્પર્શે છે. આ જીવા ૫૩,૦૦૦ યોજન લાંબી, તેનું ધનુપૃષ્ઠ દક્ષિણમાં ૬૦,૪૧૮–૧૨/૧૯ યોજન છે. આ ધનુપૃષ્ઠ પરિધિ રૂપ છે.

ભગવન્! ઉત્તરકુરુનો આકારભાવ–પ્રત્યાવતાર (સ્વરૂપ)કેવો કહ્યો છે ?

ગૌતમ! બહુસમ રમણીય ભૂમિભાગ કહ્યો છે. જેમ કોઈ ચર્મમઢિત ભૂમિભાગ હોય યાવત્ બધું વર્ણન એકોરુક દ્વીપની વક્તવ્યતા મુજબ જાણવું. યાવત્ હે આયુષ્યમાન્ શ્રમણ ! તે મનુષ્ય ગણ મરીને દેવલોકે ઉત્પન્ન થનાર છે, માત્ર એટલી વિશેષતા છે કે – ૬૦૦૦ ધનુષ ઊંચાઈ, ૨૫૬ પાંસળીઓ, ત્રણ દિવસ પછી આહારેચ્છા ઉત્પન્ન થાય. જઘન્ય સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન–દેશોન ત્રણ પલ્યોપમની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ છે. તેઓ ૪૯–દિવસ સંતાનની અનુપાલના કરે છે. બાકી એકોરુકવત્ જાણવું.

ઉત્તરકુરુ કુરુમાં છ પ્રકારના મનુષ્યો ઉત્પન્ન થાય છે. પદ્મગંધી, મૃગગંધી. અમમ, સહ, તેયાલીસ, શનૈશ્ચારી.

સૂત્ર–૧૮૬

ભગવન્ ! 'ઉત્તરકુરુ' કુરુક્ષેત્રમાં યમક નામે બે પર્વતો કયા કહ્યા છે?

ગૌતમ ! નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે ૮૩૪ યોજન અને એક યોજનના ૪/૭ ભાગ યોજન ગયા પછી સીતા મહાનદીના પૂર્વ–પશ્ચિમ બંને કિનારે અહીં ઉત્તરકુરુમાં યમક નામે બે પર્વત કહ્યા છે. તે એક–એક પર્વત ૧૦૦૦ યોજન ઊંચા છે. તે જમીનમાં ૨૫૦ યોજન છે. મૂળે ૧૦૦૦ યોજન લાંબા–પહોળા, મધ્યમાં ૭૫૦ યોજન લાંબા–પહોળા અને ઉપર ૫૦૦ યોજન લાંબા–પહોળા છે. મૂળમાં ૩૧૬૨ યોજનથી કંઈક અધિક પરિધિ, મધ્યમાં ૨૩૭૨ યોજનથી કંઈક અધિક પરિધિ, ઉપર ૧૫૮૧ યોજનથી કંઈક અધિક પરિધિ છે. એ રીતે મૂળમાં વિસ્તીર્ણ, મધ્યે સંક્ષિપ્ત અને ઉપર તનુ છે. ગોપુચ્છ સંસ્થાન સંસ્થિત, સર્વ કનકમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે. પ્રત્યેકે પ્રત્યેક પર્વત પદ્મવર વેદિકાથી અને વનખંડથી પરિક્ષિપ્ત છે. બંનેનું વર્ણન કરવું. તે યમક પર્વત ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. વર્ણન પૂર્વવત

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે પ્રત્યેક–પ્રત્યેક પ્રાસાદાવતંસક કહેલ છે. તે પ્રાસાદાવતંસક ૬૨॥ યોજન ઊંચા, ૩૧। યોજન પહોળા છે, ઘણા જ ઊંચા છે ઇત્યાદિ વર્ણન, ભૂમિભાગ–ઉલ્લોકાદિ કહેવા. ત્યાં બે યોજનની મણિપીઠિકા છે. તેના ઉપર શ્રેષ્ઠ સિંહાસન–સપરિવાર છે. યાવત્ ત્યાં યમક દેવ રહે છે.

ભગવન્ ! યમક પર્વતને યમક પર્વત કેમ કહે છે ?

ગૌતમ ! યમક પર્વતમાં તે–તે દેશમાં, ત્યાં–ત્યાં ઘણી બધી નાની–નાની વાવડી છે. યાવત્ બિલપંક્તિઓ છે. તે નાની નાની વાવડી યાવત્ બિલપંક્તિમાં ઘણા ઉત્પલો યાવત્ શત–સહસ્રપત્રો, યમકની પ્રભા – યમકના વર્ણ ના છે. યાવત્ પલ્યોપમ સ્થિતિક બે મહર્દ્ધિક દેવો ત્યાં વસે છે. તેઓ ત્યાં પ્રત્યેક પ્રત્યેક ૪૦૦૦ સામાનિકોનું યાવત્ યમક પર્વતનું, યમક રાજધાનીનું, બીજા ઘણા વ્યંતર દેવો–દેવીઓનું આધિપત્ય કરતા યાવત્ પાલન કરતા વિચરે છે. તે કારણથી, હે ગૌતમ ! યમક પર્વતને યમક પર્વત કહે છે અથવા હે ગૌતમ ! યાવત્ તે નામ નિત્ય છે.

ભગવન્ ! યમક દેવની યમકા નામે રાજધાની ક્યાં કહી છે ? ગૌતમ ! યમક પર્વતની ઉત્તરે તિર્છા અસંખ્યાતા

દ્વીપ સમુદ્રો ગયા પછી, બીજા જંબૂદ્વીપ દ્વીપમાં, ૧૨,૦૦૦ યોજન ગયા પછી, અહીં યમક દેવની યમકા નામે રાજધાની કહી છે. તે ૧૨,૦૦૦ યોજન આદિ વિજયા રાજધાનીવત્ કહેવું. યાવત્ ત્યાં મહર્દ્ધિક એવા બે યમક દેવ છે. યમક દેવ કહેવાય છે.

સૂત્ર–૧૮૭

ઉત્તરકુરુનો નીલવંત દ્રહ નામે દ્રહ ક્યાં કહેલો છે ?

ગૌતમ! યમક પર્વતની દક્ષિણે ૮૩૪–૪/૭ યોજન ગયા પછી સીતા મહાનદીના બહુમધ્ય દેશભાગમાં, આ ઉત્તરકુરુમનો નીલવંત નામનો દ્રહ કહેલો છે. તે ઉત્તર–દક્ષિણ લાંબો અને પૂર્વ–પશ્ચિમ પહોળો છે. તે ૧૦૦૦ યોજન લાંબો અને ૫૦૦ યોજન પહોળો છે. ૧૦ યોજન ઉદ્વેધ–ઊંડો છે. તે સ્વચ્છ, શ્લક્ષ્ણ અને રજતમય કાંઠાવાળો, ચતુષ્કોણ અને સમતીર યાવત્ પ્રતિરૂપ છે. બંને તરફ પદ્મવર વેદિકાથી અને વનખંડો થી ચોતરફથી ઘેરાયેલો છે. બંનેનું વર્ણન કરવું.

નીલવંત દ્રહમાં ત્યાં ત્યાં યાવત્ ઘણા ત્રિસોપાન પ્રતિરૂપક કહેલા છે. તેનું તોરણ સુધી વર્ણન કરવું.

તે નીલવંત દ્રહના બહુમધ્ય દેશભાગમાં એક મોટું પદ્મ કહ્યું છે. એક યોજન લંબાઈ–પહોળાઈથી અને તેનાથી ત્રણ ગણા કરતા સવિશેષ પરિક્ષેપથી, અર્દ્ધયોજન બાહલ્યથી, દશ યોજન ઉદ્વેધથી, બે કોશ જળથી ઊંચું, સાતિરેક સાડા દશ યોજન બધું મળીને તેની ઊંચાઈ છે.

તે પદ્મનું સ્વરૂપ આ પ્રમાણે છે – તેનું મૂળ વજ્રમય, કંદ રિષ્ટરત્નમય, નાલ વૈડૂર્યમય, બહારના પાન વૈડૂર્યમય, અભ્યંતર પાન જાંબૂનદમય, કેસરા તપનીયમય, કનકમયી કર્ણિકા, વિવિધ મણિમય પુષ્કર સ્તિબુકા છે. તે કર્ણિકા અર્દ્ધ યોજન લાંબી–પહોળી, તેનાથી ત્રણ ગુણાથી અધિક તેની પરિધિ છે. એક કોસની જાડાઈ છે. તે પૂર્ણરૂપે કનકમયી છે, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે.

તે કર્ણિકાની ઉપર બહુસમ રમણીય દેશભાગ મણિ પર્યન્ત કહેલ છે. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે એક મોટું ભવન કહેલ છે. તે એક કોશ લાંબું, અર્દ્ધ કોશ પહોળું, દેશોન એક કોશ ઊંચું છે. અનેકશત સ્તંભ સંનિવિષ્ટ છે. યાવત્ વર્ણન કરવું.

તે ભવનથી ત્રણ દિશામાં ત્રણ દ્વાર કહ્યા છે – પૂર્વમાં, દક્ષિણમાં, ઉત્તરમાં. તે દ્વારો ૫૦૦ ધનુષ ઊંચા, ૨૫૦ ધનુષ પહોળા, તેટલા જ પ્રવેશમાં છે. તે શ્વેત, શ્રેષ્ઠ સ્વર્ણની સ્તૂપિકા યાવત્ વનમાળા છે.

તે ભવનની અંદર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. જેમ કોઈ આલિંગપુષ્કર યાવત્ મણિ૦ વર્ણવો. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં મણિપીઠિકા કહેલી છે, તે ૫૦૦ ધનુષ લાંબી–પહોળી, ૨૫૦ ધનુષ જાડી છે. તે સર્વથા મણિમયી છે. તે મણિપીઠિકા ઉપર એક મોટું દેવ–શયનીય કહેલ છે. દેવ શયનીયનું વર્ણન કરવું.

તે પદ્મ બીજા, તેનાથી અર્દ્ધ ઊંચાઈ પ્રમાણવાળા ૧૦૮ પદ્મોથી ચોતરફથી ઘેરાયેલ છે. તે પદ્મો અર્દ્ધયોજન લાંબા–પહોળા અને તેનાથી સાધિક ત્રણગણી પરિધિવાળા, એક કોશ જાડા, ૧૦ યોજન ઉદ્વેધ, એક કોશ જળથી ઊંચા, બધું મળીને સાતિરેક દશ યોજન કહેલા છે.

તે પદ્મોનું વર્ણન આ પ્રમાણે છે – વજ્રમયમૂલ યાવત્ વિવિધ મણિમય પુષ્કરસ્તિબુક. તે કર્ણિકાઓ એક કોશ લાંબી–પહોળી, તેનાથી સાધિક ત્રણગુણી પરિધિ, અર્દ્ધકોશ જાડી, સર્વ કનકમયી, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે કર્ણિકાની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ યાવત્ મણિનો વર્ણ, ગંધ, સ્પર્શ.

તે પદ્મની વાયવ્ય–ઉત્તર–ઈશાને નીલવંતદ્રહ–કુમારના ૪૦૦૦ સામાનિકોના ૪૦૦૦ પદ્મો કહેલા છે. આ રીતે આ સર્વે પરિવાર યોગ્ય પદ્મોનું કથન કરવું જોઈએ.

તે પદ્મ બીજા ત્રણ પદ્મવર પરિધિથી ચોતરફથી ઘેરાયેલ છે – અભ્યંતર, મધ્યમ, બાહ્ય. આભ્યંતર પદ્મ પરિવેશમાં ૩૨–લાખ પદ્મો છે. મધ્યમ પદ્મ પરિવેશમાં ૪૦ લાખ પદ્મો છે. બાહ્ય પદ્મપરિવેશમાં ૪૮–લાખ પદ્મો છે. આ રીતે બધા પદ્મોની સંખ્યા એક કરોડ, વીશ લાખ કહેલી છે.

ભગવન્! નીલવંત દ્રહને નીલવંત દ્રહ કેમ કહે છે ?

ગૌતમ ! નીલવંત દ્રહમાં ત્યાં–ત્યાં નીલવર્ણી ઉત્પલ યાવત્ શત–સહસ્રપત્રવાળા ખીલેલા કમળો, નીલવંતપ્રભાવાળા છે, ત્યાં નીલવંતદ્રહકુમાર નામે મહાર્દ્ધિક દેવ રહે છે. ઈત્યાદિ આલાવો યાવત્ તેથી તે નીલવંત દ્રહ કહેવાય છે.

સૂત્ર–૧૮૮

ભગવન્ ! નીલવંતકુમારની નીલવંત રાજધાની ક્યાં છે?

ગૌતમ! નીલવંત પર્વતની ઉત્તરમાં તીર્છા અસંખ્યાત દ્વીપ–સમુદ્ર ગયા પછી અન્ય જંબૂદ્વીપમાં છે.

સૂત્ર–૧૮૯

નીલવંત દ્રહની પૂર્વ–પશ્ચિમમાં દશ યોજન જતાં દશ–દશ કાંચન પર્વતો કહ્યા છે. તે કાંચન પર્વતો પ્રત્યેક ૧૦૦ ઊંચા, પચીશ–પચીશ યોજન ભૂમિમાં છે. મૂળમાં ૧૦૦–૧૦૦ યોજન પહોળા, મધ્યમાં ૭૫ યોજન લાંબા–પહોળા, ઉપર–૫૦ યોજન પહોળા છે. મૂળમાં સાધિક ૩૧૬ યોજન પરિધિ, મધ્યમાં સાધિક ૨૨૭ યોજન પરિધિ, ઉપર સાધિક ૧૫૮ યોજનની પરિધિ છે. મૂળમાં વિસ્તીર્ણ, મધ્યમાં સંક્ષિપ્ત, ઉપર તનુક, એવા ગોપુચ્છ સંસ્થાન સંસ્થિત, સર્વે કંચનમય સ્વચ્છ, પ્રત્યેક–પ્રત્યેક પદ્મવરવેદિકા અને વનખંડથી પરિવૃત્ત છે.

તે કંચન પર્વતોની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ છે યાવત્ વ્યંતર દેવ–દેવી ત્યાં બેસે છે ઈત્યાદિ. તેમાં પ્રત્યેકે પ્રત્યેકમાં પ્રાસાદાવતંસક છે, તે ૬૨॥ યોજન ઊંચા, ૩૧। યોજન પહોળા છે. તેમાં બે યોજનની મણિપીઠિકા અને સપરિવાર સિંહાસન છે.

ભગવન્ ! આ કાંચન પર્વત, કાંચન પર્વત કેમ કહેવાય છે ?

ગૌતમ! કાંચન પર્વતમાં ત્યાં–ત્યાં વાવડીમાં ઉત્પલો યાવત્ તે કંચનવર્ણની આભાવાળા, યાવત્ ત્યાં મહર્દ્ધિક કાંચન દેવ વિચરે છે. ઉત્તરમાં કાંચનક દેવોની કાંચનિકા રાજધાની છે, જે અસંખ્યાત દ્વીપ–સમુદ્રો ગયા પછીબીજા જંબૂદ્વીપમાં છે ઈત્યાદિ બધું પૂર્વવત્ વિજયા રાજધાની માફક કહેવું.

ભગવન્ ! ઉત્તરકુરુ ક્ષેત્રનો ઉત્તરકુરુ દ્રહ ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંત દ્રહની દક્ષિણે ૮૩૪–૪/૭ યોજન ઈત્યાદિ પૂર્વવત્ નીલવંત દ્રહનો આલાવો કહેવો. બધા દ્રહોમાં તેના–તેના નામના દેવ છે. બધામાં પૂર્વ–પશ્ચિમમાં દશ–દશ કાંચનક પર્વત છે. તે બધા સમાન પ્રમાણવાળા છે. રાજધાનીઓ ઉત્તરમાં બીજા જંબૂદ્વીપમાં છે.

આ પ્રમાણે ચંદ્રદ્રહ, ઐરાવતદ્રહ, માલ્યવંતદ્રહનો પણ એક–એક આલાવો જાણવો.

સૂત્ર–૧૯૦

ભગવન્ ! ઉત્તરકુરુમાં જંબૂ –સુદર્શના વૃક્ષની જંબૂપીઠ નામે પીઠ ક્યાં કહેલ છે ?

ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની ઈશાનમાં નીલવંત વર્ષધર પર્વતની પૂર્વે સીતા મહાનદીના પૂર્વ કિનારે અહીં 'ઉત્તરકુરુ' કુરુમાં જંબૂપીઠ નામક પીઠ ૫૦૦ યોજન લંબાઈ–પહોળાઈથી, ૧૫૮૧ યોજનથી કંઈક અધિક પરિધિથી છે. બહુમધ્ય દેશભાગમાં ૧૨ યોજન બાહલ્ય છે પછી માત્રા–માત્રાની પ્રદેશ હાનિથી સૌથી ચરમાંતે બે કોશ બાહલ્યથી છે. સર્વ જાંબૂનદમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચોતરફથી ઘેરાયેલ છે. વેદિકા અને વનખંડ બંનેનું વર્ણન કરવું.

તે જંબૂપીઠની ચારે દિશામાં ચાર ત્રિસોપાન પ્રતિરૂપક કહ્યા છે. તે બધું પૂર્વવત્ તોરણ થીછત્ર સુધી કહેવું.

તે જંબૂપીઠની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ છે. જેમ કોઈ ચર્મમઢિત હોય તેવો સમતલ અને રમણીય ભૂમિભાગ મણિનો સ્પર્શ૦ પૂર્વવત્.

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે એક મોટી મણિપીઠિકા કહી છે. તે આઠ યોજન લાંબી–પહોળી, ચાર યોજન જાડી, મણીમયી, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે.

તે મણિપીઠિકા ઉપર અહીં એક મોટું જંબૂ–સુદર્શના વૃક્ષ છે. તે આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, અર્દ્ધયોજન ભૂમિમાં, બે યોજનનો સ્કંધ, આઠ યોજન પહોળું, છ યોજન તેની શાખાઓ ફેલાયેલ છે, મધ્યમાં આઠ યોજન પહોળું છે. બધું મળીને આઠ યોજન કરતા અધિક ઊંચું છે. તેનું મૂળ વજ્રમય, રજત સુપ્રતિષ્ઠિત વિડિમા એ રીતે ચૈત્યવૃક્ષ વર્ણન સમાન યાવત્ સર્વ રિષ્ટમય વિપુલ કંદ, વૈડૂર્ય રૂચિલ સ્કંધ, સુજાત–વરજાત–રૂપ પ્રથમ વિશાળ શાખા, વિવિધ મણિરત્નની વિવિધ શાખા–પ્રશાખા, વૈડૂર્યના પાન, તપનીય પત્ર–બિંટ, જાંબૂનદ–રક્ત–મૃદુ–સુકુમાલ–પ્રવાલ–પ્રલંબ અંકુર ધર, વિચિત્ર–મણિ–રત્ન–સુરભિકુસુમ–ફળના ભારથી નમેલ શાખા યુક્ત, છાયા–પ્રભા–શ્રીક–ઉદ્યોત સહિત, અધિક મનોનિવૃત્તિકર, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે.

## સૂત્ર–૧૯૧ થી ૧૯૪

**૧૯૧.** જંબૂ–સુદર્શનાની ચારે દિશામાં ચાર શાખા કહી છે. તે આ – પૂર્વમાં, દક્ષિણમાં, પશ્ચિમમાં, ઉત્તરમાં. તેમાં જે પૂર્વની શાખા છે, ત્યાં એક મોટું ભવન કહેલ છે. તે એક કોશ લાંબુ, અર્દ્ધકોશ પહોળું, દેશોન કોશ ઉર્ધ્વ ઉચ્ચત્વથી, અનેક સ્તંભ ઉપર રહેલું ઇત્યાદિ વર્ણન ભવનના દ્વાર સુધી પૂર્વવત્ કહેવું. દ્વાર–૫૦૦ ધનુષ ઊંચા, ૨૫૦ ધનુષ પહોળા યાવત્ ભૂમિભાગ સુધી લટકતી વનમાળા, ઉલ્લોક આદિ રહેલા છે., મણિપીઠિકા–૫૦૦ ધનુષની અને દેવશયનીય કહેવા.

તેમાં જે દક્ષિણી શાખા, ત્યાં એક મોટું પ્રાસાદાવતંસક કહેલ છે. તે એક કોશ ઊંચું, અર્દ્ધ કોશ લાંબુ–પહોળું, અત્યંત ઊંચું૦ મધ્યમાં બહુસમ રમણીય૦છે. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં સપરિવાર સિંહાસન કહેવું.

તેમાં જે પશ્ચિમી શાખા છે, ત્યાં એક પ્રાસાદાવતંસક કહેલ છે. પૂર્વવત્ પ્રમાણ, સપરિવાર સિંહાસન કહેવું.

તેમાં જે ઉત્તરની શાખા, અહીં એક મોટું પ્રાસાદાવતંસક કહેલ છે, પ્રમાણ પૂર્વવત્. સપરિવાર સિંહાસન કહેવું.

તેમાં જે ઉપરની વિડીમા, ત્યાં એક મોટું **સિદ્ધાયતન(જિન ચૈત્ય) છે.** તે એક કોશ લાંબુ, અર્દ્ધકોશ પહોળું, દેશોન એક કોશ ઊંચું, અનેકશત સ્તંભ સંનિવિષ્ટાદિ વર્ણન કરવું. તેને ત્રણ દિશામાં ત્રણ દ્વારો ૫૦૦ ધનુષ ઊંચા, ૨૫૦ ધનુષ પહોળા છે. ૫૦૦ ધનુષની મણિપીઠિકા, દેવછંદક ૫૦૦ ધનુષ પહોળો, સાતિરેક ૫૦૦ ધનુષ ઊંચો છે. **તે દેવછંદકમાં ૧૦૮ જિનપ્રતિમા, જિનોત્સેધ પ્રમાણ છે.** એ રીતે બધી સિદ્ધાયતન વક્તવ્યતા કહેવી યાવત્ ધૂપકડછા છે. તે ઉત્તમ આકારે અને સોળ ભેદે રત્નોથી યુક્ત છે.

આ જંબૂ–સુદર્શના મૂળમાં બાર પદ્મવરવેદિકાથી ચોતરફથી સંપરિવૃત્ત છે. તે પદ્મવરવેદિકાઓ અર્દ્ધ યોજન ઊંચી, ૫૦૦ ધનુષ પહોળી છે – વર્ણન પૂર્વવત.

જંબૂ–સુદર્શના, બીજા–તેનાથી અર્દ્ધ ઊંચાઈ પ્રમાણના ૧૦૮ જંબૂવૃક્ષોથી ચોતરફથી ઘેરાયેલ છે. તે જંબૂવૃક્ષો ચાર યોજન ઊંચા, એક કોશ ભૂમિમાં, એક યોજનનો સ્કંધ, એક યોજન વિષ્કંભ, ત્રણ યોજન સુધી ફેલાયેલી શાખાઓ છે. તેના મધ્યભાગે ચાર યોજનનો વિષ્કંભ છે, ચાર યોજનથી અધિક તેની સમગ્ર ઊંચાઈ છે. તેના મૂલ–વજ્રમય છે આદિ ચૈત્ય વૃક્ષ વર્ણન પૂર્વવત કહેવું.

જંબૂ–સુદર્શનાના પશ્ચિમોત્તરમાં – ઉત્તરમાં – ઉત્તરપૂર્વમાં અનાહત દેવના ૪૦૦૦ સામાનિકદેવોના ૪૦૦૦ જંબૂ છે. જંબૂ–સુદર્શનાના પૂર્વમાં અનાહત દેવની ચાર અગ્રમહિષીના ચાર જંબૂ છે. આ પ્રમાણે સમસ્ત પરિવાર,

આત્મરક્ષકો સુધીના જંબૂ કહેવા.

જંબૂ–સુદર્શના સો–સો યોજનના ત્રણ વનખંડોથી ચોતરફથી ઘેરાયેલી છે. જેમ કે – પહેલું, બીજું, ત્રીજું.

જંબૂ–સુદર્શનાના પૂર્વના પહેલા વનખંડમાં ૫૦ યોજન જઈને એક મોટું ભવન કહેલ છે. પૂર્વના ભવન સમાન જ શયનીય પર્યન્ત બધું વર્ણન કહેવું. એ પ્રમાણે દક્ષિણમાં, પશ્ચિમમાં અને ઉત્તરમાં પણ ભવનો જાણવા.

જંબૂ–સુદર્શનાના ઉત્તર–પૂર્વના પહેલા વનખંડમાં ૫૦ યોજન આગળ ગયા પછી ચાર નંદા પુષ્કરિણી કહેલી છે. તે આ – પદ્મા, પદ્મપ્રભા, કુમુદા અને કુમુદપ્રભા.

તે નંદા પુષ્કરિણી એક કોશ લાંબી, અર્દ્ધ કોસ પહોળી, ૫૦૦ ધનુષ ઊંડી છે. તે સ્વચ્છ, શ્લક્ષ્ણ, લષ્ટ, ધૃષ્ટ, મૃષ્ટ, નિષ્પંક, નીરજ યાવત્ પ્રતિરૂપ છે, ઇત્યાદિ વર્ણન તોરણ સુધી કહેવું જોઈએ.

તે નંદા પુષ્કરિણીના બહુમધ્ય દેશભાગમાં એક પ્રાસાદાવતંસક કહેલ છે, તે કોશ પ્રમાણ લાંબુ, અર્દ્ધકોશ પહોળું, ઇત્યાદિ વર્ણન પૂર્વવત્ સપરિવાર સિંહાસન સુધી કહેવું.

એ પ્રમાણે દક્ષિણ–પૂર્વમાં ૫૦૦ યોજન જતા ચાર નંદા પુષ્કરિણી છે – ઉત્પલગુલ્મા, નલિના, ઉત્પલા, ઉત્પલોજ્જવલા.

એ પ્રમાણે દક્ષિણ–પશ્ચિમમાં ૫૦ યોજન જતા ચાર પુષ્કરિણી–ભૃંગા, ભૃંગિનીયા, અંજના, કજ્જલપ્રભા. બાકી પૂર્વવત્.

જંબૂ–સુદર્શનાના ઉત્તરપૂર્વમાં પહેલું વનખંડ ૫૦–યોજન ઓળંગ્યા પછી આ ચાર નંદાપુષ્કરિણી કહી છે. તે આ – શ્રીકાંતા, શ્રીમહિતા, શ્રીચંદ્રા, શ્રીનીલયા. તેનું પ્રમાણ પૂર્વવત્ છે અને પ્રાસાદાવતંસક પણ પૂર્વવત્ જાણવા.

જંબૂ–સુદર્શનાના પૂર્વદિશાના ભવનની ઉત્તરમાં, ઉત્તર–પૂર્વમાં, પ્રાસાદાવતંસકની દક્ષિણમાં અહીં એક મોટો કૂટ કહેલ છે.

તે આઠ યોજન ઊંચો, મૂળમાં ૧૨–યોજન પહોળો, મધ્યમાં આઠ યોજન પહોળો, ઉપર ચાર યોજન પહોળો છે. મૂળમાં કંઈક અધિક ૩૭–યોજન પરિધિ, મધ્યમાં સાધિક ૨૫–યોજન પરિધિ, ઉપર સાધિક ૧૨–યોજન પરિધિવાળા છે. મૂળમાં વિસ્તીર્ણ–મધ્યે સંક્ષિપ્ત–ઉપર તનુ–પાતળો, ગોપુચ્છ સંસ્થાન સંસ્થિત, સર્વ જાંબૂનદમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે એક પદ્મવર વેદિકા, એક વનખંડથી ચોતરફથી ઘેરાયેલ છે. વેદિકા અને વનખંડનું વર્ણન કરવું.

તે કૂટની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે યાવત્ ત્યાં વ્યંતર દેવો–દેવીઓ બેસે છે, સુવે છે, આળોટે છે યાવત્ વિચરે છે.

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે એક સિદ્ધાયતન છે, તે કોશ પ્રમાણાદિ બધું સિદ્ધાયતન કથન કરવું.

જંબૂ–સુદર્શનાના પૂર્વીય ભવનથી દક્ષિણમાં, દક્ષિણ–પૂર્વના પ્રાસાદાવતંસકની ઉત્તરમાં એક વિશાળ કૂટ છે. તેનું પ્રમાણ પૂર્વવત્ યાવત્ ત્યાં સિદ્ધાયતન છે.

જંબૂ–સુદર્શનાની દક્ષિણના ભવનની પૂર્વમાં અને દક્ષિણ–પૂર્વના પ્રાસાદાવતંસક ની પશ્ચિમમાં એક વિશાળ કૂટ છે. એ રીતે દક્ષિણના ભવનની પશ્ચિમમાં અને દક્ષિણ–પશ્ચિમ પ્રાસાદાવતંસકની પૂર્વમાં એક વિશાલ કૂટ છે.

જંબૂ–સુદર્શનાના પશ્ચિમી ભવનની દક્ષિણમાં અને દક્ષિણ–પશ્ચિમ પ્રાસાદાવતંસકની ઉત્તરમાં વિશાળ કૂટ છે. તેનું પ્રમાણ પૂર્વવત્ અને સિદ્ધાયતન છે.

જંબૂ–સુદર્શનાના પશ્ચિમી ભવનની ઉત્તરમાં, ઉત્તર પશ્ચિમી પ્રાસાદાવતંસકની દક્ષિણમાં એક મોટો કૂટ કહેલ છે. તેનું પ્રમાણ પૂર્વવત્ અને સિદ્ધાયતન છે.

જંબૂ–સુદર્શનાના ઉત્તર ભવનની પશ્ચિમે, ઉત્તર–પશ્ચિમ પ્રાસાદાવતંસકની પૂર્વમાં અહીં એક કૂટ કહેલ છે, તે પૂર્વવત્.

જંબૂ–સુદર્શનાના ઉત્તરના ભવનની પૂર્વે, ઉત્તર–પૂર્વના પ્રાસાદાવતંસકની પશ્ચિમે એક મોટો કૂટ કહેલ છે. તેનું પ્રમાણ પૂર્વવત્ તેમજ સિદ્ધાયતન છે.

જંબૂ–સુદર્શનાના બીજા ઘણા તિલક,લકુટ– યાવત્ –રાયવૃક્ષો, હિંગુવૃક્ષોથી યાવત્ ચોતરફથી સંપરિવૃત્ત છે.

જંબૂ–સુદર્શનાના ઉપર ઘણા આઠ–આઠ મંગલકો કહ્યા છે. તે આ – સ્વસ્તિક, શ્રીવત્સાદિ. કૃષ્ણ ચામરધ્વજ યાવત્ છત્રાતિચ્છત્ર છે. જંબૂ/સુદર્શનાના બાર નામો છે –

**૧૯૨.** સુદર્શના, અમોઘા, સુપ્રબુદ્ધા, યશોધરા, વિદેહ જંબૂ, સોમનસા, નિયતા, નિત્યમંડિતા.

**૧૯૩.** સુભદ્રા, વિશાલા, સુજાતા, સુમના. જંબૂ/સુદર્શનાના આ બાર નામો છે.

**૧૯૪.** ભગવન્ ! જંબૂ સુદર્શના, જંબૂ સુદર્શના કેમ કહેવાય છે ?

ગૌતમ! જંબૂ–સુદર્શનાના જંબૂદ્વીપાધિપતિ અનાદત નામ મહર્દ્ધિક દેવ યાવત્ પલ્યોપમસ્થિતિક વસે છે.

તે ત્યાં ૪૦૦૦ સામાનિકોનું યાવત્ જંબૂદ્વીપના જંબૂ–સુદર્શનાના અને અનાદતા રાજધાનીનું આધિપત્ય કરતા યાવત્ વિચરે છે.

ભગવન્ ! અનાદત દેવની અનાદતા રાજધાની ક્યાં છે ? રાજધાનીની સમસ્ત વક્તવ્યતા પૂર્વવત્, યાવત્ મહર્દ્ધિક તે અનાદત દેવ રહે છે.

અથવા હે ગૌતમ ! જંબૂદ્વીપના તે–તે દેશમાં ત્યાં–ત્યાં ઘણા જંબૂવૃક્ષો, જંબૂવન, જંબૂવન–ખંડ નિત્ય કુસુમિત યાવત્ શ્રી વડે અતીવ ઉપશોભિત રહે છે. તે કારણથી હે ગૌતમ! જંબૂદ્વીપ, જંબૂદ્વીપ કહેવાય છે.

અથવા હે ગૌતમ ! જંબૂદ્વીપ શાશ્વત નામધેય કહેલ છે. જે કદી ન હતું તેમ નહીં યાવત્ નિત્ય છે.

## સૂત્ર–૧૯૫ થી ૧૯૭

**૧૯૫.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલા ચંદ્રો પ્રકાશેલા હતા, પ્રકાશે છે કે પ્રકાશશે ? કેટલા સૂર્યો તપ્યા હતા, તપે છે કે તપશે ? કેટલા નક્ષત્રોએ યોગ કરેલો, યોગ કરે છે કે યોગ કરશે ? કેટલા મહાગ્રહો ચાર ચર્યા હતા, ચરે છે કે ચરશે ? કેટલા તારાગણ કોડાકોડી શોભતા હતા, શોભે છે કે શોભશે ?

ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં બે ચંદ્રો પ્રકાશેલા, પ્રકાશે છે અને પ્રકાશશે. બે સૂર્યો તપેલા – તપે છે – તપશે.

છોંતેર નક્ષત્રોએ યોગ કર્યો છે – કરે છે – કરશે. ૧૭૬ ગ્રહો ચાર ચર્યા છે – ચરે છે – ચરશે.

**૧૯૬.** ૧,૩૩,૯૫૦ તારાગણ કોડાકોડી,

**૧૯૭.** શોભ્યા છે, શોભે છે, શોભશે.

પ્રતિપત્તિ-૩ માં જંબૂદ્વીપાધિકારનો મુનિ દીપરત્નસાગરકૃત્ અનુવાદ પૂર્ણ

## પ્રતિપત્તિ–૩ ''લવણસમુદ્રાધિકાર''

### સૂત્ર–૧૯૮ થી ૨૦૦

**૧૯૮.** વૃત્ત અને વલયાકાર સંસ્થાન સંસ્થિત લવણ સમુદ્ર જંબૂદ્વીપ નામક દ્વીપને ચોતરફથી ઘેરીને રહેલ છે.

ભગવન્ ! લવણ સમુદ્ર સમચક્રવાલ સંસ્થિત છે કે વિષમચક્રવાલ સંસ્થિત છે ? ગૌતમ ! તે સમચક્રવાલ સંસ્થિત છે, વિષમચક્રવાલ સંસ્થિત નથી.

ભગવન્ ! લવણસમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ અને પરિધિ કેટલી છે ? ગૌતમ ! લવણસમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ બે લાખ યોજન છે અને પરિધિ ૧૫,૮૧,૧૩૯ યોજનથી અધિક છે.

તે એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચારે બાજુથી પરિવેષ્ટિત છે. વેદિકા અને વનખંડનું વર્ણન કરવું. તે પદ્મવર વેદિકા અર્દ્ધ યોજન ઊંચી, ૫૦૦ ધનુષ પ્રમાણ પહોળી છે. લવણસમુદ્ર સમાન તેની પરિધિ છે. બાકી વર્ણન પૂર્વવત્. તે વનખંડ દેશોન બે યોજન છે યાવત્ વિચરે છે.

ભગવન્ ! લવણસમુદ્રના કેટલા દ્વારો કહેલા છે ? ગૌતમ! ચાર. તે આ – વિજય, વૈજયંત, જયંત, અપરાજિત.

ભગવન્ ! લવણ સમુદ્રનું વિજયદ્વાર ક્યાં છે ? ગૌતમ! લવણસમુદ્રના પૂર્વી પર્યન્તમાં અને પૂર્વાર્દ્ધ ધાતકીખંડની પશ્ચિમે શીતોદા મહાનદીની ઉપર લવણસમુદ્રનું વિજયદ્વાર છે. તે આઠ યોજન ઊંચું, ચાર યોજન પહોળું, છે આદિ બધું કથન જંબૂદ્વીપના વિજયદ્વાર સદશ કરવું.

રાજધાની પૂર્વમાં અસંખ્ય દ્વીપ–સમુદ્ર ગયા પછી બીજા લવણસમુદ્રમાં છે.

ભગવન્ ! લવણસમુદ્રનું વૈજયંત નામક દ્વાર ક્યાં કહેલ છે ? ગૌતમ ! લવણસમુદ્રના દક્ષિણી ચરમાંતે, દક્ષિણાર્દ્ધ ધાતકીખંડની ઉત્તરે. બાકી બધું પૂર્વવત્. એ પ્રમાણે જયંતદ્વાર પણ જાણવુ. વિશેષ એ કે – સીતા મહાનદીની ઉપર કહેવું. એ રીતે અપરાજિત દ્વાર છે. માત્ર દિશા કહેવી.

ભગવન્ ! લવણસમુદ્રના એક દ્વારથી બીજા દ્વારનું અબાધા અંતર કેટલું કહ્યું છે ? ગૌતમ !

**૧૯૯.** ૩,૯૫,૨૮૦ યોજન અને એક કોસ લવણસમુદ્રના દ્વારોનું આબાધા અંતર કહેલ છે.

**૨૦૦.** લવણસમુદ્રના પ્રદેશો ધાતકીખંડ દ્વીપને સ્પૃષ્ટ છે ? જંબૂદ્વીપમાં કહ્યા મુજબ તે આલાવો કહેવો.

ભગવન્ ! લવણસમુદ્રમાં જીવો મરીને ધાતકીખંડમાં જન્મે ? પૂર્વવત્ જાણવું. એ પ્રમાણે ધાતકીખંડમાંથી પણ કહેવું.

ભગવન્ ! લવણસમુદ્રને લવણસમુદ્ર કેમ કહે છે ? ગૌતમ ! લવણસમુદ્રનું જળ અસ્વચ્છ, રજવાળુ, ખારુ, લિંદ્ર, ક્ષારક, કટુક છે તે જળ ઘણા દ્વિપદ – ચતુષ્પદ, મૃગ, પશુ, પક્ષી, સરિસૃપોને માટે અપેય છે. કેવળ લવણસમુદ્રયોનિક જીવો માટે તે પેય છે.

અહીં સુસ્થિત નામે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક લવણાધિપતિ દેવ છે. તે ત્યાં સામાનિકો યાવત્ લવણસમુદ્રનું, સુસ્થિતા રાજધાનીનું, બીજા પણ અનેક દેવ દેવીઓનું આધિપત્યાદિ કરતો યાવત્ વિચરે છે, તે કારણથી હે ગૌતમ ! લવણસમુદ્રને લવણ–સમુદ્ર કહે છે. અથવા લવણસમુદ્ર શાશ્વત યાવત્ નિત્ય છે.

### સૂત્ર–૨૦૧

ભગવન્ ! લવણ સમુદ્રમાં કેટલા ચંદ્રો પ્રકાશ્યા, પ્રકાશે છે, પ્રકાશશે ? એ રીતે પાંચે જ્યોતિષ્કની પૃચ્છા.

ગૌતમ ! લવણ સમુદ્રમાં ચાર ચંદ્રો પ્રકાશ્યા છે, પ્રકાશે છે અને પ્રકાશશે. ચાર સૂર્યો તપ્યાછે, તપે છે અને તપશે. ૧૧૨–નક્ષત્રોએ ચંદ્રનો યોગ કર્યોછે, કરે છે અને કરશે. ૩૫૨ મહાગ્રહોએ ચાર ચર્યો છે, ચરે છે અને ચરશે. ૨,૬૭,૯૦૦ કોડાકોડી તારાગણ શોભિત હતો, શોભિત છે અને શોભિત રહેશે.

સૂત્ર-૨૦૨

હે ભગવન્ ! લવણસમુદ્રનું પાણી ચૌદશ, આઠમ, અમાસ અને પૂનમની તિથીઓમાં અતિશય વધે કે ઘટે છે, તેનું શું કારણ ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપની ચારે દિશામાં બાહ્ય વેદિકાંતથી લવણસમુદ્રમાં ૯૫,૦૦૦ યોજન જતા, ત્યાં મહાકુંભ આકારના વિશાળ ચાર મહાપાતાળ કળશ છે. તે આ –

વલયામુખ, કેયૂપ, યૂપ, ઈશ્વર. તે મહાપાતાળ કળશો એક લાખ યોજન જળમાં છે, મૂળમાં વિષ્કંભ ૧૦,૦૦૦ યોજન, મધ્યમાં એક પ્રદેશિક શ્રેણીથી વૃદ્ધિગત થતા એક-એક લાખ યોજન પહોળા હોય છે. પછી એક એક પ્રદેશ શ્રેણીથી હીન થતા ઉપર મુખમૂળમાં ૧૦,૦૦૦ યોજન પહોળા રહે છે.

આ મહાપાતાળ કળશોની ભીંતો સર્વત્ર સમાન છે. તે ૧૦૦૦ યોજન જાડી છે. સર્વ વજ્રરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તેમાં ઘણા જીવો અને પુદ્‌ગલો ઉત્પન્ન થાય છે અને નીકળે છે, તેમનો ચય-ઉપચય થાય છે. દ્રવ્યાર્થતાથી તે ભીંતો શાશ્વત છે. વર્ણ આદિ પર્યાયોથી અશાશ્વત છે. પાતાળ કળશોમાં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ-સ્થિતિક ચાર દેવો – કાલ, મહાકાલ, વેલંબ, પ્રભંજન છે.

તે મહાપાતાળ કળશોના ત્રણ વિભાગ કહેલા છે – નીચેનો ત્રિભાગ, મધ્યમ ત્રિભાગ, ઉપરનો ત્રિભાગ. તે ત્રિભાગો ૩૩,૩૩૩-૧/૩ યોજન બાહલ્યથી છે. તેના નીચલા ત્રિભાગમાં વાયુકાય છે, મધ્યમ ત્રિભાગમાં વાયુકાય અને અપ્‌કાય છે, ઉપરના ત્રિભાગમાં અપ્‌કાય છે. આનાથી અતિરિક્ત હે ગૌતમ ! લવણસમુદ્રમાં તે-તે દેશમાં ઘણા નાના કુંભાકૃતિ વાળા લઘુ પાતાળ કળશો કહ્યા છે.

તે લઘુપાતાળ કળશો એક-એક હજાર યોજન પાણીમાં ઊંડા પ્રવિષ્ટ છે. તેનો વિષ્કંભ મૂળમાં ૧૦૦ યોજન, મધ્યમાં એક પ્રદેશિક શ્રેણી વડે વધતા-વધતા ૧૦૦૦ યોજન, ઉપર એ રીતે ઘટતા-ઘટતા મુખમૂલમાં એક-એક સો યોજન પહોળા છે.

તે લઘુપાતાળ કળશોની ભીંતો સર્વત્ર સમ, દશ યોજન બાહલ્યથી છે. તે સર્વે વજ્રમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તેમાં ઘણા જીવો અને પુદ્‌ગલો યાવત્ અશાશ્વત પણ છે, પ્રત્યેકમાં અર્દ્ધ પલ્યોપમ સ્થિતિક દેવ રહે છે.

તે લઘુ પાતાળ કળશોમાં ત્રણ ત્રિભાગ છે– નીચેનો ત્રિભાગ, મધ્ય ત્રિભાગ, ઉપરનો ત્રિભાગ. તે ત્રિભાગો ૩૩૩-૧/૩ યોજન બાહલ્યથી કહેલા છે. તેમાં જે નીચેનો ત્રિભાગ છે, તે વાયુકાયથી, મધ્યમ ત્રિભાગ વાયુકાય અને અપ્‌કાયથી તથા ઉપરનો ત્રિભાગ અપ્‌કાયથી ભરેલ છે.

આ રીતે બધા મળીને લવણસમુદ્રમાં ૭૮૮૪ પાતાળ કળશો હોય છે, તેમ કહેલ છે.

તે મહાપાતાળ અને લઘુપાતાળ કળશોના નીચેના અને મધ્યના ત્રિભાગમાં ઘણા ઉદાર વાયુકાય સંસ્વેદે છે, સંમૂર્છે છે, હલે છે – ચલે છે, કંપે છે, ક્ષોભ પામે છે, ઘર્ષિત થાય છે, સ્પંદિત થાય છે, તે-તે ભાવમાં પરિણમે છે, ત્યારે તે ઉદક પાણી ઉછાળા મારે છે.

જ્યારે તે મહાપાતાળ અને લઘુપાતાળ કળશોના નીચેના અને મધ્યના ત્રિભાગમાં ઘણા ઉદાર વાયુકાયો યાવત્ તે-તે ભાવને પરિણમતા નથી, ત્યારે તે ઉદક-પાણી ઉછાળા મારતું નથી. તે અંતરમાં જ્યારે તે વાયુ ઉદીરણા પામે ત્યારે તે પાણી ઉછાળા મારે છે અને તે અંતરમાં જ્યારે તે વાયુ ઉદીરણા ન પામે, ત્યારે તે પાણી ઉછાળા મારતું નથી. એ પ્રમાણે હે ગૌતમ ! લવણસમુદ્રમાં ચૌદશ-આઠમ-અમાસ-પૂનમમાં અતિશય પાણી વધે છે કે ઘટે છે.

સૂત્ર-૨૦૩

ભગવન્ ! લવણસમુદ્ર ત્રીશ મુહૂર્તોમાં કેટલી વાર અતિશય વધે છે કે ઘટે છે ? ગૌતમ ! લવણ સમુદ્ર ત્રીશ મુહૂર્તોમાં બે વખત અતિશય વધે છે કે ઘટે છે.

ભગવન્! એમ કેમ કહો છો કે લવણસમુદ્ર બે વખત વધે કે ઘટે ? ગૌતમ ! પાતાળ કળશોમાં પાણી ઉછળે

ત્યારે સમુદ્રમાં પાણી વધે છે, જળથી આપૂરિત રહે ત્યારે ઘટે છે. તેથી હે ગૌતમ ! લવણ સમુદ્રમાં ત્રીશ મુહૂર્ત્તોમાં બે વખત અતિ–અતિ પાણી વધે છે કે ઘટે છે.

સૂત્ર–૨૦૪

ભગવન્ ! લવણશિખા ચક્રવાલ વિષ્કંભથી કેટલી છે ? અતિશયથી કેટલી વધે છે કે ઘટે છે ? ગૌતમ ! લવણશિખા ચક્રવાલ વિષ્કંભથી દશ હજાર યોજન છે અને દેશોન અર્દ્ધ યોજન સુધી તે વધે છે અથવા ઘટે છે.

ભગવન્ ! લવણ–સમુદ્રની અભ્યંતર વેળા કેટલા હજાર નાગકુમાર દેવો ધારણ કરે છે ? કેટલા નાગકુમારો બાહ્ય વેળાને ધારણ કરે છે ? કેટલા હજાર નાગકુમારો અગ્રોદકને ધારણ કરે છે ?

ગૌતમ ! ૪૨,૦૦૦ નાગકુમારો અભ્યંતર વેળાને, ૭૨,૦૦૦ નાગકુમારો બાહ્ય વેળાને અને ૬૦,૦૦૦ નાગકુમારો અગ્રોદકને ધારણ કરે છે. એ રીતે બધા મળીને ૧,૭૪,૦૦૦ નાગકુમાર દેવો કહ્યા છે.

સૂત્ર–૨૦૫, ૨૦૬

**૨૦૫.** ભગવન્ ! વેલંધર નાગરાજ કેટલા કહ્યા છે ? ગૌતમ ! ચાર. તે આ – ગોસ્તૂપ, શિવક, શંખ અને મનઃશિલાક.

ભગવન્ ! આ ચાર વેલંધર નાગરાજાના કેટલા આવાસ પર્વતો છે ? ગૌતમ ! ચાર. ગોસ્તૂપ, ઉદકભાસ, શંખ, દકસીમા.

ભગવન્ ! ગોસ્તૂપ વેલંધર નાગરાજનો સ્તૂપ નામે આવાસ પર્વત ક્યાં છે ?

ગૌતમ! જંબૂદ્વીપ–દ્વીપના મેરુની પૂર્વે લવણસમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન ગયા પછી ગોસ્તૂપ વેલંધર નાગરાજનો આ આવાસ પર્વત છે. તે ૧૭૨૧ યોજન ઊંચો, ૪૩૦ યોજન અને એક કોશ પાણીમાં, મૂળમાં ૧૦૨૨ યોજન લાંબો–પહોળો, મધ્યમાં ૭૨૩ યોજન અને ઉપર ૪૨૪ યોજન લાંબો–પહોળો છે. પરિધિ–મૂળમાં ૩૨૩૨ યોજનથી કંઈક ન્યૂન, મધ્યમાં ૨૨૮૬ યોજનથી કંઈક વિશેષ અધિક, ઉપર ૧૩૪૧ યોજનથી કંઈક ન્યૂન છે. મૂળમાં વિસ્તીર્ણ, મધ્યમાં સંક્ષિપ્ત, ઉપર તનુક ગોપુચ્છસંસ્થાન સંસ્થિત, સર્વ કનકમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે એક પદ્મવર વેદિકા અને વનખંડથી ચોતરફથી પરિવૃત્ત છે. બંનેનું વર્ણન કરવું. ગોસ્તૂપ આવાસપર્વત ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ છે યાવત્ ત્યાં દેવ–દેવી બેસે છે આદિ.

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે એક મોટું પ્રાસાદાવતંસક છે. જે ૬૨॥ યોજન ઊંચું, ૩૧। યોજન લાંબુ–પહોળું છે. સપરિવાર સિંહાસન સુધી વર્ણન કરવું.

ભગવન્ ! ગોસ્તૂપ આવાસ પર્વતને ગોસ્તૂપ આવાસ પર્વત કેમ કહે છે ? ગૌતમ ! ગોસ્તૂપ આવાસ પર્વતમાં તે–તે દેશમાં ત્યાં–ત્યાં ઘણી નાની–નાની વાવડીઓ યાવત્ ગોસ્તૂપ વર્ણના ઘણા ઉત્પલાદિ કમળો વગેરે છે. યાવત્ ત્યાં મહર્દ્ધિક ગોસ્તૂપ નામનો પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તે ત્યાં ૪૦૦૦ સામાનિકો યાવત્ ગોસ્તૂપ આવાસ પર્વતનું અને ગોસ્તૂપ રાજધાનીનું આધિપત્યાદિ કરતા યાવત્ વિચરે છે. તે કારણથી તેને ગોસ્તૂપ આવાસ પર્વત કહે છે યાવત્ દ્રવ્યથી તે નિત્ય છે. તેનું આ નામ શાશ્વત છે.

ભગવન્ ! ગોસ્તૂપ દેવની ગોસ્તૂપા રાજધાની ક્યાં છે ? ગૌતમ ! ગોસ્તૂપ આવાસ પર્વતની પૂર્વે તિર્છા અસંખ્યાત દ્વીપસમુદ્ર ગયા પછી બીજા લવણ સમુદ્રમાં છે. તેનું પ્રમાણ આદિ વર્ણન બધું પૂર્વવત્ જાણવું.

ભગવન્ ! શિવક વેલંધર નાગરાજનો દકાભાસ નામનો આવાસ પર્વત ક્યાં છે ?

ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની દક્ષિણે, લવણ સમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન ગયા પછી શિવક વેલંધર નાગરાજનો દકાભાસ આવાસપર્વત છે. ગોસ્તૂપની જેમ જ તેનું પ્રમાણ વગેરે કહેવું. વિશેષ એ કે – સર્વ અંકમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે યાવત્ તેના પ્રયોજનનું કથન કરવું.

ગૌતમ ! દકાભાસ આવાસ પર્વત, અંકરત્નમય હોવાથી લવણસમુદ્રમાં આઠ યોજનના ક્ષેત્રમાં પાણીને ચોતરફ અવભાસિત, ઉદ્યોતીત, તાપિત, પ્રકાશિત કરે છે. શિવક નામે મહર્દ્ધિક દેવ યાવત્ શિવકા રાજધાની દકાભાસ પર્વતની દક્ષિણમાં છે, બાકી બધું કથન પૂર્વવત્.

ભગવન્ ! શંખ વેલંધર નાગરાજનો શંખ નામનો આવાસ પર્વત ક્યાં છે ?

ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની પશ્ચિમે ૪૨,૦૦૦ યોજન જતા આ શંખ વેલંધર નાગરાજનો શંખ આવાસ પર્વત છે. તેના પ્રમાણાદિ પૂર્વવત્ છે. વિશેષ એ કે સર્વ રત્નમય, સ્વચ્છ છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ઘેરાયેલ છે. અર્થ – ઘણી નાની નાની વાવડી યાવત્ ઘણા ઉત્પલો શંખની આભાવાળા, શંખના વર્ણવાળા, શંખની આકૃતિવાળા છે. ત્યાં શંખ નામે મહર્દ્ધિક દેવ રહે છે, તેથી તે પર્વત શંખપર્વત કહેવાય છે. યાવત્ રાજધાની–શંખ આવાસ પર્વતની પશ્ચિમે શંખા નામક રાજધાની છે. તેના પ્રમાણ આદિ પૂર્વવત્ જાણવા.

ભગવન્ ! મનોસિલક વેલંધર નાગરાજનો ઉદકસીમા નામનો આવાસ પર્વત ક્યાં છે ?

ગૌતમ ! જંબૂદ્વીપના મેરુની ઉત્તરે લવણસમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન ગયા પછી આ મનોશિલક વેલંધર નાગરાજનો ઉદકસીમા નામે આવાસ પર્વત છે. તેના પ્રમાણ આદિ પૂર્વવત્ જાણવા. વિશેષ એ કે – તે સર્વ સ્ફટિકમય, સ્વચ્છ છે યાવત્ અર્થ કહેવો – ગૌતમ ! દકસીમ આવાસ પર્વત સીતા–સીતોદા મહાનદીઓના પ્રવાહ અહીં આવીને પ્રતિહત થાય છે, તેથી તેને ઉદકસીમ કહે છે યાવત્ તે નિત્ય છે. અહીં મનોશિલક નામે મહર્દ્ધિક દેવ છે યાવત્ તે ત્યાં ૪૦૦૦ સામાનિક આદિનું આધિપત્ય આદિ કરતા યાવત્ વિચરે છે.

ભગવન્ ! મનોશિલક વેલંધર નાગરાજની મનોશિલા નામે રાજધાની ક્યાં છે ? ગૌતમ ! દકસીમ આવાસ પર્વતની ઉત્તરે તિર્છા અસંખ્યાતદ્વીપ સમુદ્ર પછી બીજા લવણસમુદ્રમાં આ મનોશિલક રાજધાની કહી છે. તેના પ્રમાણ આદિ પૂર્વવત્ જાણવા યાવત્ ત્યાં મનોશિલક નામે મહ ર્દ્ધિક દેવ છે, જે મનોશીલા રાજધાનીનું આધિપત્ય કરતા વિચારે છે.

**૨૦૬.** વેલંધરોના આવાસ પર્વત ક્રમશઃ કનકમય, અંકરત્નમય, રજતમય અને સ્ફટિકમય છે. અનુવેલંધર નાગરાજાના પર્વતો રત્નમય જ છે.

સૂત્ર–૨૦૭

ભગવન્ ! અનુવેલંધર નાગરાજ કેટલા છે ? ગૌતમ! ચાર. તે આ – કર્કોટક, કર્દમક, કૈલાશ, અરુણપ્રભ.

ભગવન્ ! આ ચાર અનુવેલંધર નાગરાજના કેટલા આવાસ પર્વતો કહ્યા છે ? ગૌતમ ! ચાર. તે આ – કર્કોટક, કર્દમક, કૈલાશ, અરુણપ્રભ.

ભગવન્ ! કર્કોટક અનુવેલંધર નાગરાજનો કર્કોટક આવાસપર્વત ક્યાં છે ?

ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની ઈશાનમાં લવણસમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન ગયા પછી આ કર્કોટક નાગરાજનો કર્કોટક નામે આવાસ પર્વત છે. તે ૧૭૨૧ યોજન ઊંચો છે, તે બધું પ્રમાણ ગોસ્તૂપવત્ કહેવું. વિશેષ એ કે – સર્વ રત્નમય, સ્વચ્છ છે યાવત્ સંપૂર્ણ કહેવું યાવત્ સપરિવાર સિંહાસન સુધી કહેવું.

અહીની વાવડીઓ આદિમાં ઘણા ઉત્પલો કર્કોટક આકારના, પ્રકારના અને વર્ણના છે આદિ પૂર્વવત્ જાણવું. વિશેષ આ – કર્કોટક પર્વતની રાજધાની ઈશાનમાં છે આદિ બધું પૂર્વવત્.

કર્દમ આવાસ પર્વત પણ તેમ જ કહેવો. માત્ર અગ્નિ ખૂણામાં આવાસ છે, વિદ્યુત્પ્રભા રાજધાની પણ અગ્નિખૂણામાં કહેવી.

કૈલાશ પણ તેમજ છે. માત્ર તેને નૈઋત્ય ખૂણામાં કહેવો, કૈલાશ રાજધાની પણ તેમજ છે.

અરુણપ્રભ પણ તેમજ છે. તે વાયવ્ય ખૂણામાં છે. રાજધાની પણ તેમજ છે.

ચારે પર્વત એક પ્રમાણના, સર્વરત્નમય છે.

સૂત્ર-૨૦૮

ભગવન્ ! લવણાધિપતિ સુસ્થિત દેવનો ગૌતમ નામે દ્વીપ ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની પશ્ચિમે લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જતા અહીં લવણાધિપતિ સુસ્થિતનો ગૌતમદ્વીપ કહેલ છે. તે ૧૨,૦૦૦ યોજન લાંબો-પહોળો, ૩૭,૯૪૮ યોજનથી કંઈક ન્યૂન પરિધિથી, જંબૂદ્વીપાંત દિશામાં ૮૮-૧/૨ યોજન અને ૪૦/૯૫ યોજન જલાંતથી ઉપર ઉઠેલ છે.

લવણસમુદ્ર તરફ જલાંતથી બે કોશ ઉપર ઉઠેલ છે. તે ગૌતમદ્વીપ એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફથી ઘેરાયેલ છે ઇત્યાદિ. બંનેનું વર્ણન કરી લેવું.

ગૌતમદ્વીપ દ્વીપમાં યાવત્ બહુસમ રમણીય ભૂમિભાગ કહ્યો છે. જેમ કોઈ ભૂમિભાગ ચરમ મઢેલ મૃદંગ માફક બહુસમ રમણીય હોય ત્યાં ઘણા વ્યંતર દેવ આદિ યાવત્ બેસે છે.

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે લવણાધિપતિ સુસ્થિત દેવનો એક મોટો અતિક્રીડાવાસ નામે ભૌમેય-વિહાર છે તે ૬૨॥ યોજન ઊંચો અને ૩૧। યોજન પહોળો છે. અનેક શતસ્તંભો ઉપર સંનિવિષ્ટ છે. અહીં ભવન વર્ણન કહેવું.

તે અતિક્રીડાવાસ ભૌમેયવિહારની અંદર બહુસમ રમણીય ભૂમિભાગ કહ્યો છે, યાવત્ મણિનો સ્પર્શ સુધીનું વર્ણન પૂર્વવત જાણવું. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે એક મણિપીઠિકા કહી છે.

તે મણિપીઠિકા બે યોજન લાંબી-પહોળી, યોજન જાડી સર્વ મણિમયી, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે મણિપીઠિકાની ઉપર દેવશયનીય છે. તેનું વર્ણન કરવું.

ભગવન્ ! ગૌતમદ્વીપને ગૌતમદ્વીપ કેમ કહે છે ? ત્યાં-ત્યાં, તેમાં-તેમાં ઘણા ઉત્પલો યાવત્ ગૌતમ આકારે ઉત્પલો છે ઇત્યાદિ કારણે કહે છે, યાવત્ તે ગૌતમદ્વીપ નિત્ય છે.

ભગવન્ ! લવણાધિપતિ સુસ્થિત દેવની સુસ્થિતા રાજધાની ક્યાં છે ? ગૌતમદ્વીપની પશ્ચિમમાં તીર્છા અસંખ્યાત દ્વીપસમુદ્ર ગયા પછી બીજા લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જઈને એ રાજધાની છે. એ પ્રમાણે બધું પૂર્વવત્ જાણવું યાવત્ ત્યાં સુસ્થિત નામે મહર્દ્ધિક દેવ છે.

સૂત્ર-૨૦૯ થી ૨૧૬

**૨૦૯.** ભગવન્ ! જંબૂદ્વીપગત ચંદ્રોના ચંદ્રદ્વીપો નામક બંને દ્વીપો ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વે લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જઈને અહીં જંબૂદ્વીપગત ચંદ્રના ચંદ્રદ્વીપ નામે બે દ્વીપ છે. તે જંબૂદ્વીપની દિશામાં ૮૮॥ યોજન અને ૪૦/૯૫ યોજન પાણીથી ઉપર બેઠેલ છે.

લવણસમુદ્રની દિશામાં જલાંતથી બે કોશ ઉપર ઉઠેલ છે. તે ૧૨,૦૦૦ યોજન લાંબા-પહોળા છે. બાકી પરિધિ આદિ કથન ગૌતમદ્વીપવત્ જાણવું. તે પ્રત્યેક પદ્મવર વેદિકા અને વનખંડથી પરિવેષ્ટિત છે. આ બંનેનું વર્ણન કરવું જોઈએ.

ત્યાં બહુસમ રમણીય ભૂમિભાગ છે યાવત્ જ્યોતિષ્ક દેવો બેસે છે. તે બહુસમ રમણીય ભૂમિભાગમાં પ્રાસાદઅવતંસક છે. જે ૬૨॥ યોજન ઊંચો છે ઇત્યાદિ૦ બહુમધ્ય દેશભાગે બે યોજનની મણિપીઠિકા છે યાવત્ સપરિવાર સિંહાસન છે.

ગૌતમ ! ઘણી નાની-નાની વાવડીમાં ઘણા ઉત્પલો ચંદ્રવર્ણાભાવાળા હોય છે. ચંદ્ર અહીંનો મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ રહે છે. તે ત્યાં પ્રત્યેકે પ્રત્યેક ૪૦૦૦ સામાનિકોનું યાવત્ ચંદ્ર દ્વીપની ચંદ્ર રાજધાનીનું, બીજા પણ ઘણા જ્યોતિષ્ક દેવ-દેવીનું આધિપત્ય કરતા યાવત્ વિચરે છે. તે કારણથી હે ગૌતમ ! તે ચંદ્રદ્વીપ કહેવાયછે

યાવત્ આ દ્વીપ નિત્ય છે.

ભગવન્ ! જંબૂદ્વીપગત ચંદ્રની ચંદ્રા નામે રાજધાની ક્યાં છે ? ગૌતમ ! ચંદ્રદ્વીપની પૂર્વે તીર્છા યાવત્ અન્ય જંબૂદ્વીપમાં ૧૨,૦૦૦ યોજન જતાં ઇત્યાદિ પૂર્વવત્ બધું કહેવું. તેનું પ્રમાણ વગેરે પૂર્વવત જાણવું. યાવત્ આટલી મોટી તે રાજધાની જાણવી. ત્યાં ચંદ્રદેવ નામે એક મહર્દ્ધિક દેવ છે.

ભગવન્ ! જંબૂદ્વીપગત સૂર્યનો સૂર્યદ્વીપ નામે દ્વીપ ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની પશ્ચિમે લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જતા ઇત્યાદિ પૂર્વવત્. ઊંચાઈ, લંબાઈ–પહોળાઈ, પરિધિ, વેદિકા, વનખંડ, ભૂમિભાગ યાવત્ બેસે છે. પ્રાસાદાવતંસક પૂર્વવત્. તે જ પ્રમાણ, મણિપીઠિકા, સપરિવાર સિંહાસન કહેવા. અર્થ–ઉત્પલો સૂર્યપ્રભાવાળા, સૂર્ય અહીંનો દેવ છે યાવત્ રાજધાની, પોત–પોતાના દ્વીપોથી પશ્ચિમમાં બીજા જંબૂદ્વીપમાં છે. બાકી બધું પૂર્વવત્ જાણવું યાવત્ ત્યાં સૂર્યદેવ નામે એક મહર્દ્ધિક દેવ છે.

**૨૧૦.** ભગવન્ ! લવણસમુદ્રમાં રહીને વિચરતા ચંદ્રોના ચંદ્રદ્વીપ નામે દ્વીપો ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વે લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જતા અભ્યંતર લવણસમુદ્રીય ચંદ્રોના ચંદ્રદ્વીપો કહેલા છે. જેમ જંબૂદ્વીપ ગત ચંદ્ર કહ્યા તેમ અહીં કહેવા. વિશેષ એ કે – રાજધાની બીજા લવણ સમુદ્રમાં છે. બાકી બધું પૂર્વવત્ જાણવું. એ પ્રમાણે અભ્યંતર લવણસમુદ્રીય સૂર્યના પણ દ્વીપ લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જતા છે, એ બધું પૂર્વવત્ રાજધાની સુધી કહેવું.

ભગવન્ ! બાહ્ય લવણસમુદ્રના ચંદ્રના ચંદ્રદ્વીપ ક્યાં છે ?

ગૌતમ ! લવણસમુદ્રની પૂર્વે વેદિકાંતથી લવણસમુદ્રની પશ્ચિમે ૧૨,૦૦૦ યોજન ગયા પછી આ બાહ્ય લવણસમુદ્રીય ચંદ્રદ્વીપ નામે દ્વીપો છે. ધાતકીખંડદ્વીપાંત તરફ ૮૮॥ યોજન અને ૪૦/૯૫ યોજન જલાંતની ઉપર ઉઠેલ છે. તે લવણ સમુદ્રાંત તરફ બે કોશ ઊંચે ઉઠેલ છે. તે ૧૨,૦૦૦ યોજન લાંબો–પહોળો છે. તે પદ્મવર વેદિકા – વનખંડ – બહુસમ રમણીય ભૂમિભાગ – મણિપીઠિકા – સપરિવાર સિંહાસનાદિ પૂર્વવત્. અર્થ – રાજધાની, સ્વ–સ્વ દ્વીપની પૂર્વમાં તિર્છા અસંખ્યાત દ્વીપ–સમુદ્રમાં ગયા પછી બીજા લવણસમુદ્રમાં આદિ બધું વર્ણન પૂર્વવત્ જાણવું.

ભગવન્ ! બાહ્ય લવણ સમુદ્રના સૂર્યોના સૂર્યદ્વીપ નામે દ્વીપ ક્યાં છે ?

ગૌતમ ! લવણસમુદ્રની પશ્ચિમી વેદિકાંતથી લવણસમુદ્રના પૂર્વમાં ૧૨,૦૦૦ યોજન ગયા પછી છે. જે ધાતકીખંડ દ્વીપાંત તરફ ૮૮॥ યોજન અને ૪૦/૯૫ યોજન, જલાંતથી બે કોશ ઊંચા, બાકી પૂર્વવત્ યાવત્ રાજધાની સ્વ–સ્વ દ્વીપની પશ્ચિમે તિર્છાઅસંખ્યાત દ્વીપ–સમુદ્ર પસાર કર્યા પછી ઇત્યાદિ બધું પૂર્વવત્ કહેવું.

**૨૧૧.** ભગવન્ ! ધાતકીખંડ દ્વીપગત ચંદ્રોના ચંદ્રદ્વીપ ક્યાં છે ?

ગૌતમ ! ધાતકીખંડ દ્વીપના પૂર્વી વેદિકાંતથી કાલોદ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જઈને ત્યાં ધાતકીખંડ દ્વીપના ચંદ્રના ચંદ્રદ્વીપ નામે દ્વીપ કહ્યા છે. તે ચોતરફથી બે કોશ ઊંચો જલાંતથી છે. આ દ્વીપો ૧૨,૦૦૦ યોજન લાંબા–પહોળા આદિ પૂર્વવત્ વિષ્કંભ, પરિધિ, ભૂમિભાગ, પ્રાસાદા–વતંસક, મણિપીઠિકા, સપરિવાર સિંહાસન કહેવા. અર્થ પૂર્વવત્, રાજધાની પોત–પોતાના દ્વીપની પૂર્વમાં બીજા ધાતકીખંડ દ્વીપમાં છે. બાકી બધું પૂર્વવત્.

એ પ્રમાણે સૂર્યદ્વીપ પણ જાણવા. વિશેષ એ કે – ધાતકીખંડ દ્વીપના પશ્ચિમી વેદિકાંતથી કાલોદ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જતા ૧૨ સૂર્યદ્વીપ અને તેની રાજધાનીઓ છે ઇત્યાદિ પૂર્વવત્ કહેવું યાવત્ રાજધાની સૂર્યદ્વીપની પશ્ચિમે બીજા ધાતકીખંડમાં છે તેમ બધું કહેવું.

**૨૧૨.** ભગવન્ ! કાલોદ સમુદ્રના ચંદ્રોના ચંદ્રદ્વીપ ક્યાં છે ?

ગૌતમ ! કાલોદ સમુદ્રના પૂર્વ વેદિકાંતથી કાલોદ સમુદ્રની પશ્ચિમે ૧૨,૦૦૦ યોજન જતા આ કાલોદ

સમુદ્રગત ચંદ્રોના ચંદ્રદ્વીપ છે, તે ચોતરફથી જલાંતથી બે કોશ ઊંચે છે. બાકી પૂર્વવત્ યાવત્ રાજધાની સ્વ–સ્વ દ્વીપની પશ્ચિમે અન્ય કાલોદ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન છે ઇત્યાદિ પૂર્વવત્, યાવત્ ચંદ્રદેવ છે.

એ પ્રમાણે સૂર્યદ્વીપને જાણવા. વિશેષ એ કે – કાલોદ સમુદ્રથી પશ્ચિમી વેદિકાંતથી કાલોદ સમુદ્રની પૂર્વે ૧૨,૦૦૦ યોજન ગયા પછી પૂર્વવત્ કહેવું. રાજધાની સ્વ–સ્વ દ્વીપથી પશ્ચિમમાં અન્ય કાલોદ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન છે, ઇત્યાદિ બધું પૂર્વવત્ કહેવું.

એ પ્રમાણે પુષ્કરવરદ્વીપના ચંદ્રોના ચંદ્રદ્વીપ પુષ્કરવરદ્વીપના પૂર્વી વેદિકાંતથી પુષ્કરવર સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જઈને ચંદ્રદ્વીપ છે. અન્ય પુષ્કરવરદ્વીપમાં રાજધાની પૂર્વવત્

એ પ્રમાણે સૂર્યના સૂર્યદ્વીપો પુષ્કરવરદ્વીપના પશ્ચિમી વેદિકાંતથી પુષ્કરોદ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન ગયા પછી આદિ બધું પૂર્વવત્. યાવત્ રાજધાની દ્વીપગત દ્વીપ, સમુદ્રગત સમુદ્રમાં એક અભ્યંતર પાર્શ્વમાં, એક બાહ્ય પાર્શ્વમાં રાજધાની પોત–પોતાના નામવાળા દ્વીપોમાં અને પોત–પોતાના નામવાળા સમુદ્રોમાં આદિ બધું પૂર્વવત્.

**૨૧૩.** અસંખ્યાત દ્વીપ–સમુદ્રોમાં કેટલાક દ્વીપ–સમુદ્રોના નામો આ પ્રકારે જાણવા –

**૨૧૪.** જંબૂદ્વીપ, લવણસમુદ્ર, ધાતકીખંડદ્વીપ, કાલોદસમુદ્ર, પુષ્કરવરદ્વીપ, પુષ્કરવરસમુદ્ર એ રીતે વરુણવર દ્વીપ, વરુણવર સમુદ્ર, ક્ષીરવર દ્વીપ, ક્ષીરવર સમુદ્ર, ઘૃતવર દ્વીપ–સમુદ્ર, ઇક્ષુવર દ્વીપ–સમુદ્ર, નંદીશ્વર દ્વીપ–સમુદ્ર, અરુણવર દ્વીપ–સમુદ્ર, કુંડલ દ્વીપ–સમુદ્ર અને રુચક દ્વીપ– રુચક સમુદ્ર. એ રીતે...

**૨૧૫.** આભરણ દ્વીપ, આભરણ સમુદ્ર, વસ્ત્ર દ્વીપ–સમુદ્ર, ગંધ દ્વીપ–સમુદ્ર, ઉત્પલ દ્વીપ–સમુદ્ર, તિલકદ્વીપ–સમુદ્ર, પૃથ્વીદ્વીપ–સમુદ્ર, નિધિદ્વીપ–સમુદ્ર, રત્નદ્વીપ–સમુદ્ર, વર્ષધરદ્વીપ–સમુદ્ર, દ્રહદ્વીપ–સમુદ્ર, નદીદ્વીપ–સમુદ્ર, વિજયદ્વીપ–સમુદ્ર, વક્ષસ્કારદ્વીપ–સમુદ્ર, કપિદ્વીપ–સમુદ્ર, ઇન્દ્રદ્વીપ અને ઇન્દ્રસમુદ્ર,

**૨૧૬.** પુરદ્વીપ–પુરસમુદ્ર, મંદરદ્વીપ–સમુદ્ર, આવાસદ્વીપ–સમુદ્ર, કૂટદ્વીપ–સમુદ્ર, નક્ષત્રદ્વીપ–સમુદ્ર, ચંદ્રદ્વીપ–ચંદ્રસમુદ્ર, સૂર્યદ્વીપ અને સૂર્યસમુદ્ર વગેરે અનેક નામવાળા દ્વીપ અને સમુદ્રો કહેવા.

## સૂત્ર–૨૧૭ થી ૨૧૯

**૨૧૭.** દેવદ્વીપગત ચંદ્રોના ચંદ્રદ્વીપ નામે દ્વીપો ક્યાં છે ?

ગૌતમ ! દેવદ્વીપના પૂર્વ વેદિકાંતથી દેવોદ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જઈને છે. આ જ ક્રમથી પૂર્વ વેદિકાંતથી યાવત્ રાજધાની પોતાના દ્વીપની પૂર્વેથી દેવદ્વીપ સમુદ્રમાં અસંખ્યાત હજાર યોજનો ગયા પછી આ દેવદ્વીપના ચંદ્રોની ચંદ્રા નામે રાજધાનીઓ કહેલી છે. દેવદ્વીપના ચંદ્રદ્વીપ માફક સૂર્યના દ્વીપ પણ કહેવા. વિશેષ એ – પશ્ચિમી વેદિકાંતથી પશ્ચિમે કહેવા અને તે જ સમુદ્રમાં રાજધાનીઓ જાણવી.

દેવ સમુદ્રના ચંદ્રોના ચંદ્રદ્વીપ નામે દ્વીપો ક્યાં છે ?

ગૌતમ ! દેવોદક સમુદ્રના પૂર્વી વેદિકાંતથી દેવલોક સમુદ્રમાં પશ્ચિમમાં ૧૨,૦૦૦ યોજન જતા છે. તે જ ક્રમે યાવત્ રાજધાની કહેવી. રાજધાની પોત–પોતાના દ્વીપની પશ્ચિમે દેવોદક સમુદ્રમાં અસંખ્યાત હજાર યોજન ગયા પછી અહીં દેવોદકના ચંદ્રોની ચંદ્રા નામે રાજધાનીઓ કહી છે. એ બધું પૂર્વવત્ કહેવું. એ પ્રમાણે સૂર્યના દ્વીપો પણ કહેવા. વિશેષ આ – દેવોદકના પશ્ચિમી વેદિકાંતથી દેવોદક સમુદ્રમાં અસંખ્યાત હજાર યોજનો ગયા પછી છે.

આ રીતે નાગ, યક્ષ, ભૂતાદિ ચારે દ્વીપ–સમુદ્ર કહેવા.

ભગવન્ ! સ્વયંભૂરમણ દ્વીપના ચંદ્રોના ચંદ્રદ્વીપ નામે દ્વીપો ક્યાં છે ? સ્વયંભૂરમણદ્વીપના પૂર્વી વેદિકાંતથી સ્વયંભૂરમણોદક સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જવાથી છે. તે પ્રમાણે જ રાજધાનીઓ પોતાના દ્વીપથી પૂર્વેથી સ્વયંભૂ–રમણોદક સમુદ્રમાં પૂર્વમાં અસંખ્યાત યોજન ગયા પછી પૂર્વવત્ છે.

એ પ્રમાણે જ સૂર્યદ્વીપો કહેવા. સ્વયંભૂરમણ દ્વીપના પશ્ચિમી વેદિકાંતથી છે, રાજધાની પોત–પોતાના

દ્વીપોના પશ્ચિમે સ્વયંભૂરમણોદ સમુદ્રમાં અસંખ્યાત યોજન ગયા પછી બાકી પૂર્વવત્.

ભગવન્ ! સ્વયંભૂરમણસમુદ્રના ચંદ્રોના ચંદ્રદ્વીપ ક્યાં છે ? સ્વયંભૂરમણ સમુદ્રના પૂર્વી વેદિકાંતથી સ્વયંભૂરમણ સમુદ્રની પશ્ચિમમાં ૧૨,૦૦૦ યોજન જઈને. બાકી પૂર્વવત્. એ પ્રમાણે સૂર્યોના પણ જાણવા.

સ્વયંભૂરમણના પશ્ચિમથી, સ્વયંભૂરમણ સમુદ્રના પૂર્વમાં ૧૨,૦૦૦ યોજન જઈને છે. રાજધાની પોતાના દ્વીપની પૂર્વમાં સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્યાત યોજન જઈને, આ સ્વયંભૂરમણ યાવત્ ત્યાં સૂર્યદેવ છે.

**૨૧૮.** ભગવન્ ! લવણસમુદ્રમાં વેલંધર નાગરાજ, ખન્ના, અગ્ઘા, સિંહા, વિજાતી, જળનો હ્રાસ કે વૃદ્ધિ છે શું ? હા, છે. ભગવન્ ! જે રીતે લવણસમુદ્રમાં વેલંધર નાગરાજ યાવત્ હ્રાસવૃદ્ધિ છે, તે રીતે બહારના સમુદ્રોમાં પણ વેલંધર નાગરાજ, અગ્ઘા, સીહા, વિજા, જળનો હ્રાસ કે વૃદ્ધિ છે ? ના, તે અર્થ સમર્થ નથી.

**૨૧૯.** ભગવન્ ! લવણસમુદ્રમાં શું ઉચ્છ્રિતજળ, પ્રસ્તટ જળ, ક્ષુભિત જળ, અક્ષુભિત જળ છે ? ગૌતમ ! ઉચ્છ્રિત અને ક્ષુભિત જળ છે, પણ પ્રસ્તટ અને અક્ષુભિત જળ નથી.

ભગવન્ ! જેમ લવણસમુદ્રમાં ઉચ્છ્રિત જળ છે – પણ પ્રસ્તટ જળ નથી, ક્ષુભિત જળ છે – પણ અક્ષુભિત જળ નથી, તે પ્રમાણે શું બહારના સમુદ્રોમાં છે ?

ગૌતમ ! બાહ્ય સમુદ્રોમાં ઉચ્છ્રિતોદક નથી – પણ પ્રસ્તટોદક છે, ક્ષુભિત જળ નથી – પણ અક્ષુભિત જળ છે. તે પૂર્ણ, પૂર્વપ્રમાણવાળા, વોલટ્ટમાણ, વોસટ્ટમાણ, સમભરઘડપણે રહેલ છે.

ભગવન્ ! લવણસમુદ્રમાં ઘણો ઉદાર મેઘ સંસ્વેદિત, સંમૂર્છિમ થાય છે અથવા વર્ષા વરસાવે છે ? હા, છે.

ભગવન્ ! જેમ લવણસમુદ્રમાં ઘણો ઉદાર મેઘ સંસ્વેદિત–સંમૂર્છિત થાય કે વર્ષા વરસાવે છે, તેમ બહારના સમુદ્રોમાં પણ છે? ના, તે અર્થ સમર્થ નથી.

ભગવન્ ! એમ કેમ કહ્યું – બાહ્ય સમુદ્રો પૂર્ણ, પૂર્ણ પ્રમાણવાળા, વોલટ્ટમાણ, વોસટ્ટમાણ, સમભરઘડિતપણે રહેલા છે ? ગૌતમ ! બહારના સમુદ્રમાં ઘણા ઉદકયોનિક જીવો અને પુદ્‌ગલો ઉદકપણે આવે છે – જાય છે, ચય–ઉપચય પામે છે. તે કારણથી એમ કહ્યું કે બહારના સમુદ્રો પૂર્ણ, પૂર્ણ પ્રમાણવાળા યાવત્ સમભરઘડત્તપણે રહેલ છે.

## સૂત્ર–૨૨૦

ભગવન્ ! લવણસમુદ્રની ઉદ્વેધ(ઊંડાઈ) ની પરિવૃદ્ધિ કઈ રીતે થાય છે ?

ગૌતમ ! લવણસમુદ્રના બંને પડખે ૯૫–૯૫ પ્રદેશ જઈને એક પ્રદેશની ઉદ્વેધ–પરિવૃદ્ધિ કહી છે. ૯૫–૯૫ વાલાગ્ર ગયા પછી એક એક વાલાગ્રની ઉદ્વેધ–પરિવૃદ્ધિ કહી છે, ૯૫–૯૫ લિક્ષા ગયા પછી એક એક લિક્ષાની ઉદ્વેધ–પરિવૃદ્ધિ થાય છે. એ રીતે – ૯૫–૯૫ યવથી યવમધ્ય, અંગુલ, વિતસ્તિ, રત્નિ, કુક્ષી, ધનુષ, ગાઉ, યોજન, યોજનશત, યોજનસહસ્ર ઉદ્વેધ–પરિવૃદ્ધિ જાણવી.

ભગવન્ ! લવણસમુદ્રમાં ઉત્સેધ(ઊંચાઈ)પરિવૃદ્ધિ કયા ક્રમે થાય છે ? ગૌતમ ! લવણસમુદ્રની બંને બાજુએ ૯૫–૯૫ પ્રદેશ જઈને ૧૬–પ્રદેશ પ્રમાણ ઉત્સેધ પરિવૃદ્ધિ કહી છે. ગૌતમ ! લવણસમુદ્રની બંને બાજુ આ જ ક્રમથી યાવત્ ૯૫–૯૫ હજાર યોજન જઈને ૧૬,૦૦૦ યોજનની ઉત્સેધ વૃદ્ધિ થાય છે.

## સૂત્ર–૨૨૧

ભગવન્ ! લવણસમુદ્રનું ગોતીર્થ કેટલું મોટું છે ?

ગૌતમ! લવણસમુદ્રના બંને કિનારે ૯૫–૯૫ હજાર યોજનનું ગોતીર્થ છે.

ભગવન્ ! લવણસમુદ્રનો કેટલો મોટો ભાગ ગોતીર્થથી વિરહિત કહેલ છે?

ગૌતમ ! લવણસમુદ્રનું ૧૦,૦૦૦ યોજન ક્ષેત્ર ગોતીર્થથી વિરહિત છે.

ભગવન્ ! લવણસમુદ્રની ઉદકમાળા કેટલી મોટી છે ?

ગૌતમ! ઉદકમાળા ૧૦,૦૦૦ યોજનની છે.

### સૂત્ર–૨૨૨, ૨૨૩

**૨૨૨.** ભગવન્ ! લવણસમુદ્રનું સંસ્થાન કેવું છે ? ગૌતમ ! ગોતીર્થ આકાર, નાવના આકારે, સીપ સંપુટ આકારે, અશ્વસ્કંધ આકારે, વલભી આકારે, વૃત્ત–વલયાકાર સંસ્થિત કહેલ છે.

ભગવન્ ! લવણસમુદ્રના ચક્રવાલ વિષ્કંભ કેટલો છે ? પરિધિ કેટલી છે ? ઉદ્વેધ કેટલો છે ? ઉત્સેધ કેટલો છે ? સમગ્રથી કેટલો છે ?

ગૌતમ ! લવણ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ બે લાખ યોજન, પરિધિ ૧૫,૮૧,૧૩૯ યોજનથી કંઈક ન્યૂન, ઊંડાઈ ૧૦૦૦ યોજન, ઉત્સેધ ૧૬,૦૦૦ યોજન, સમગ્રરૂપથી ૧૭,૦૦૦ યોજન પ્રમાણ છે.

**૨૨૩.** ભગવન્ ! જો લવણસમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ બે લાખ યોજન છે, પરિધિ–૧૫,૮૧,૧૩૯ યોજન કંઈક ન્યૂનાદિ છે તો ભગવન્ ! તે લવણસમુદ્ર જંબૂદ્વીપને જળથી આપ્લાવિત કેમ કરતો નથી ? પ્રબળતાથી ઉત્પીડિત કેમ નથી કરતો ? અને તેને જળમગ્ન કેમ નથી કરતો ?

ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં ભરત, ઐરવત ક્ષેત્રોમાં અરિહંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, ચારણ, વિદ્યાધર, શ્રમણ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકાઓ છે. ત્યાંના મનુષ્યો પ્રકૃતિથી ભદ્ર, પ્રકૃતિવિનીત, પ્રકૃતિ ઉપશાંત, પ્રકૃતિથી પ્રતનુ ક્રોધ–માન–માયા–લોભવાળા, મૃદુ–માર્દવ સંપન્ન, આલીન, ભદ્રક, વિનીત છે. તેમના પ્રભાવથી લવણસમુદ્ર જંબૂદ્વીપ–દ્વીપને જળ આપ્લાવિત, ઉત્પીડિત અને જળમગ્ન કરતો નથી.

ગંગા–સિંધુ–રક્તા–રક્તવતી નદીઓમાં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિવાળી દેવીઓ રહે છે. તેમના પ્રભાવથી લવણસમુદ્ર જંબૂદ્વીપને યાવત્ જળમગ્ન કરતો નથી.

ચુલ્લહિમવંત અને શિખરી વર્ષધર પર્વતોમાં રહેતા મહર્દ્ધિક દેવના પ્રભાવથી, હૈમવત–ઐરણ્યવત્ વર્ષક્ષેત્રોમાં મનુષ્યો પ્રકૃતિભદ્રક આદિ છે તેમના પ્રભાવથી. રોહીતાંશા, સુવર્ણકૂલા અને રૂપ્યકૂલા નદીઓમાં રહેતી મહર્દ્ધિક દેવીઓના પ્રભાવથી. શબ્દાપાતી, વિકટાપાતી, વૃત્તવૈતાઢ્ય પર્વતોના મહર્દ્ધિક દેવોના પ્રભાવથી. મહાહિમવંત, રુક્મિ વર્ષધર પર્વતોના મહર્દ્ધિક દેવોના પ્રભાવથી. હરિવર્ષ અને રમ્યક્‌વર્ષ ક્ષેત્રોમાં મનુષ્યો પ્રકૃતિથી ભદ્રક છે, ગંધાપાતી–માલ્યવંતપર્યાય વૃત્તવૈતાઢ્ય પર્વતોમાં રહેતા મહર્દ્ધિક દેવોમાં, નિષધ–નીલવંત–વર્ષધર પર્વતોમાં મહર્દ્ધિક દેવો છે, આ પ્રમાણે બધા દ્રહોની દેવીઓ કહેવી. પદ્મદ્રહ, તિગિંછદ્રહ, કેસરીદ્રહ આદિમાં રહેતા મહર્દ્ધિક દેવોના પ્રભાવથી તથા પૂર્વ–પશ્ચિમ વિદેહ વર્ષક્ષેત્રમાં અરહંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, ચારણ, વિદ્યાધર, શ્રમણ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકા, પ્રકૃતિ–ભદ્રક મનુષ્યના પ્રભાવથી. શીતા–શીતોદાના જળમાં મહર્દ્ધિક દેવતા, દેવકુરુ–ઉત્તરકુરુના પ્રકૃતિભદ્રક મનુષ્યો, મેરુપર્વતે મહર્દ્ધિક દેવ, જંબૂ–સુદર્શનામાં જંબૂદ્વીપાધિપતિ અનાદૃત નામે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક દેવ વસે છે. તેના પ્રભાવથી લવણસમુદ્ર જંબૂદ્વીપને જળથી આપ્લાવિત, ઉત્પીડિત અને જળમગ્ન કરતો નથી. અથવા હે ગૌતમ ! લોકસ્થિતિ, લોકાનુભાવ છે કે લવણસમુદ્ર જંબૂદ્વીપને આપ્લાવિત, ઉત્પીડિત, જળમગ્ન ન કરે.

### સૂત્ર–૨૨૪ થી ૨૨૭

**૨૨૪.** ધાતકીખંડ નામક દ્વીપ વૃત્ત, વલયાકાર સંસ્થાન સંસ્થિત, ચોતરફથી લવણસમુદ્રને ઘેરીને રહેલ છે. ભગવન્ ! ધાતકીખંડદ્વીપ સમચક્રવાલ સંસ્થિત છે કે વિષમચક્રવાલ સંસ્થિત ?

ગૌતમ ! સમચક્રવાલ સંસ્થિત છે, વિષમ–ચક્રવાલ સંસ્થિત નથી.

ભગવન્ ! ધાતકીખંડ દ્વીપનો ચક્રવાલ વિષ્કંભ અને પરિધિ કેટલી છે ?

ગૌતમ ! ચક્રવાલ વિષ્કંભ ચાર લાખ યોજન છે અને પરિધિ ૪૧,૧૦,૯૬૧ યોજનથી કંઈક ન્યૂન પરિધિવાળો છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફથી પરિવૃત્ત છે. વેદિકા અને વનખંડનું વર્ણન કરવું. પરિધિ

દ્વીપ સમાન છે.

ભગવન્ !ઘાતકીખંડદ્વીપને કેટલા દ્વારો છે? ગૌતમ! ચાર દ્વારો કહ્યા છે – વિજય, વૈજયંત, જયંત, અપરાજિત.

ભગવન્ ! ઘાતકીખંડનું વિજય નામક દ્વાર ક્યાં છે ? ગૌતમ ! ઘાતકીખંડના પૂર્વાંતમાં અને કાલોદ સમુદ્રના પૂર્વાર્દ્ધની પશ્ચિમ દિશામાં શીતા મહાનદીની ઉપર ઘાતકીખંડનું વિજયદ્વાર છે. પ્રમાણ પૂર્વવત્. રાજધાની બીજા ઘાતકીખંડ દ્વીપમાં છે. દ્વીપ વક્તવ્યતા કહેવી. આ પ્રમાણે ચારે દ્વારો કહેવા.

ભગવન્ ! ઘાતકીખંડ દ્વીપના એક દ્વારથી બીજા દ્વારનું અંતર અબાધાથી કેટલું છે ? ગૌતમ ! ૧૦,૨૭,૭૩૫ યોજન અને ત્રણ કોશનું અબાધાથી અંતર છે.

ભગવન્ ! ઘાતકીખંડ દ્વીપના પ્રદેશ કાલોદ સમુદ્રને સ્પર્શે છે ? હા, સ્પર્શે છે.

ભગવન્ ! તે પ્રદેશ ઘાતકીખંડ દ્વીપના છે કે કાલોદ સમુદ્રના ? તે ઘાતકીખંડના છે, કાલોદ સમુદ્રના નહીં. એ પ્રમાણે કાલોદના પ્રદેશો માટે પણ જાણવું.

ઘાતકીખંડ દ્વીપમાં જીવો મરીને કાલોદ સમુદ્રમાં જન્મે છે ? ગૌતમ ! કેટલાક જન્મે છે, કેટલાક જન્મતા નથી. એ પ્રમાણે કાલોદના પણ કેટલાક જન્મે, કેટલાક જન્મતા નથી.

ભગવન્ ! 'ઘાતકીખંડ દ્વીપ' એવું નામ કેમ છે ?

ગૌતમ ! ઘાતકીખંડ દ્વીપમાં તે–તે દેશમાં, તે–તે પ્રદેશમાં ઘાતકી વૃક્ષો, ઘાતકી વર્ણવાળા, ઘાતકીખંડા નિત્ય કુસુમિત યાવત્ શોભાયમાન થતા રહેલ છે. ઘાતકી–મહાઘાતકી વૃક્ષોમાં સુદર્શન અને પ્રિયદર્શન નામક બે દેવો મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક રહે છે. એ કારણથી અથવા ગૌતમ ! યાવત્ નિત્ય છે.

ભગવન્ ! ઘાતકીખંડ દ્વીપમાં કેટલા ચંદ્રો પ્રકાશ્યા, પ્રકાશે છે, પ્રકાશશે ? કેટલા સૂર્યો તપ્યા છે, તપે છે, તપશે ? કેટલા મહાગ્રહો ચાર ચર્યા, ચારે છે, ચરશે ? કેટલા નક્ષત્રોએ યોગ કર્યો, યોગ કરે છે, યોગ કરશે ? કેટલા કોડાકોડી તારાગણ શોભ્યા હતા, શોભે છે, શોભશે ? ગૌતમ! ૧૨ ચંદ્રો પ્રકાશ્યા, પ્રકાશે છે, પ્રકાશશે.

**૨૨૫.** બાર ચંદ્ર – બાર સૂર્ય એ ચોવીશ, ૩૩૬ નક્ષત્રો અને ૧૦૫૬ ગ્રહો ઘાતકીખંડમાં છે.

**૨૨૬.** ૮,૦૩,૭૦૦ કોડાકોડી તારાગણ,

**૨૨૭ .** શોભતો હતો, શોભે છે અને શોભશે.

## સૂત્ર–૨૨૮ થી ૨૩૪

**૨૨૮.** કાલોદ નામે સમુદ્ર વૃત્ત–વલયાકાર સંસ્થાને રહેલ છે. તે ઘાતકીખંડ દ્વીપને ચોતરફથી ઘેરીને રહેલો છે. કાલોદ સમુદ્ર શું સમચક્રવાલ સંસ્થાન સંસ્થિત છે કે વિષમ ચક્રવાલ સંસ્થાન સંસ્થિત છે ?

ગૌતમ ! સમચક્રવાલ સંસ્થાન સંસ્થિત છે, વિષમ ચક્રવાલ સંસ્થાન સંસ્થિત નથી.

ભગવન્ ! કાલોદ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ અને પરિધિ કેટલા પ્રમાણ છે ? ગૌતમ ! આઠ લાખ યોજન ચક્રવાલ વિષ્કંભ છે અને પરિધિ ૯૧,૧૭,૬૦૫ યોજનથી કંઈક વિશેષાધિક કહી છે. તે એક પદ્મવર વેદિકા અને વનખંડથી પરિવૃત્ત છે.

ભગવન્ ! કાલોદ સમુદ્રના કેટલા દ્વારો કહ્યા છે ? ગૌતમ ! ચાર દ્વારો. વિજય, વૈજયંત, જયંત, અપરાજિત.

ભગવન્ ! કાલોદ સમુદ્રનું વિજયદ્વાર ક્યાં કહ્યું છે ? ગૌતમ ! કાલોદ સમુદ્રના પૂર્વ પર્યન્ત અને પૂર્વાર્દ્ધ પુષ્કરવર દ્વીપની પશ્ચિમે શીતોદા મહાનદીની ઉપર અહીં કાલોદ સમુદ્રનું વિજય નામે દ્વાર કહેલ છે. આઠ યોજન પ્રમાણ પૂર્વવત્ યાવત્ રાજધાની કહેવી.

ભગવન્ ! કાલોદસમુદ્રનું વૈજયંત દ્વાર ક્યાં કહ્યું છે ? ગૌતમ ! કાલોદસમુદ્રના દક્ષિણ પર્યન્તે અને દક્ષિણાર્દ્ધ પુષ્કરવરદ્વીપની ઉત્તરે આ વૈજયંત દ્વાર છે.

ભગવન્ ! કાલોદ સમુદ્રનું જયંત નામક દ્વાર ક્યાં કહ્યું છે ? ગૌતમ ! કાલોદ સમુદ્રનો પશ્ચિમ પર્યન્ત, પશ્ચિમાર્દ્ધ પુષ્કરવરદ્વીપની પૂર્વે શીતા મહાનદી ઉપર જયંતદ્વાર છે.

ભગવન્ ! કાલોદ સમુદ્રનું અપરાજિત દ્વાર ક્યાં છે ? ગૌતમ ! કાલોદ સમુદ્રના ઉત્તરાર્દ્ધ પર્યન્તે, ઉત્તરાર્દ્ધ પુષ્કરવર દ્વીપની દક્ષિણે આ અપરાજિત દ્વાર છે. બાકી પૂર્વવત્.

ભગવન્ ! કાલોદ સમુદ્રના એક દ્વારથી બીજા દ્વારનું અબાધા અંતર કેટલું કહ્યું છે ? ગૌતમ!

**૨૨૯.** ૨૨,૯૨,૬૪૬ યોજન અને ત્રણ કોશ,

**૨૩૦.** એક દ્વારથી બીજા દ્વારનું અંતર કહેલ છે.

ભગવન્ ! કાલોદ સમુદ્રના પ્રદેશો પુષ્કરવર દ્વીપને સ્પર્શે છે. એ જ રીતે પુષ્કરવર દ્વીપના પ્રદેશો વિશે પણ સમજવુ. એ પ્રમાણે પુષ્કરવર દ્વીપના જીવો મરીને આદિ પૂર્વવત્ કહેવું.

ભગવન્ ! કાલોદ સમુદ્રને કાલોદ સમુદ્ર કેમ કહે છે ? ગૌતમ ! કાલોદ સમુદ્રનું પણ આસ્વાદ્ય, માંસલ, પેશલ, કાળનું છે. અડદની રાશિના વર્ણનું છે. સ્વાભાવિક ઉદકરસવાળુ છે. ત્યાં કાલ અને મહાકાલ એ બે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક દેવ વસે છે. તેથી ગૌતમ! તેનું 'કાલોદ' એવું નામ છે. યાવત્ આ નામ નિત્ય છે.

ભગવન્! કાલોદસમુદ્રમાં કેટલા ચંદ્રો પ્રકાશ્યા હતા, પ્રકાશે છે, પ્રકાશશે?, ગૌતમ! કાલોદસમુદ્રમાં ૪૨ ચંદ્રો છે

**૨૩૧.** ૪૨ ચંદ્રો, ૪૨ સૂર્યો કાલોદધિમાં સંબદ્ધ લેશ્યાવાળા વિચરણ કરે છે.

**૨૩૨.** ૧૧૭૬ નક્ષત્રો અને ૩૬૯૬ મહાગ્રહો છે.

**૨૩૩.** ૨૮,૧૨,૯૫૦ કોડાકોડી તારાગણ,

**૨૩૪.** શોભતો હતો, શોભે છે અને શોભશે.

## સૂત્ર–૨૩૫ થી ૨૪૯

૨૩૫ પુષ્કરવર નામક દ્વીપ વૃત્ત–વલયાકાર સંસ્થાન સંસ્થિત છે. તે કાલોદ સમુદ્રને ચોતરફથી પરીવરીને રહેલ છે આદિ પૂર્વવત્. યાવત્ સમચક્રવાલ સંસ્થાન સંસ્થિત છે. વિષમ ચક્રવાલ સંસ્થાન સંસ્થિત નથી.

ભગવન્ ! પુષ્કરવરદ્વીપનો ચક્રવાલ વિષ્કંભ, પરિધિ કેટલા છે? ગૌતમ! ૧૬–લાખ યોજન ચક્રવાલ વિષ્કંભ

**૨૩૬.** પુષ્કરવરદ્વીપની પરિધિ–૧,૯૨,૮૯,૮૯૪ યોજન.

**૨૩૭.** તે એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી સંપરિવૃત્ત છે. બંનેનું વર્ણન કરવું.

ભગવન્ ! પુષ્કરવરદ્વીપના કેટલા દ્વારો કહ્યા છે ? ગૌતમ ! ચાર દ્વારો – વિજય, વૈજયંત, જયંત, અપરાજિત.

ભગવન્ ! પુષ્કરવરદ્વીપનું વિજય નામક દ્વાર ક્યાં છે ? ગૌતમ ! પુષ્કરવરદ્વીપના પૂર્વી પર્યન્તમાં અને પૂર્વાર્દ્ધ પુષ્કરોદ સમુદ્રના પશ્ચિમમાં પુષ્કરવર દ્વીપનું વિજયદ્વાર છે. ઇત્યાદિ બધું પૂર્વવત્. આ પ્રમાણે ચારે દ્વારો જાણવા. પણ શીતા–શીતોદા નદી કહેવી નહીં.

ભગવન્ ! પુષ્કરવરદ્વીપના એક દ્વારથી બીજા દ્વારનું અબાધા અંતર કેટલું કહ્યું છે ? ગૌતમ!

**૨૩૮.** ૪૮,૨૨,૪૬૯ યોજન અંતર પુષ્કરવર દ્વારનું છે.

**૨૩૯.** પ્રદેશો બંનેના પણ સ્પૃષ્ટ છે. જીવો પણ કેટલાક એકબીજામાં ઉત્પન્ન થાય છે.

ભગવન્ ! પુષ્કરવરદ્વીપને પુષ્કરવર દ્વીપ કેમ કહેવાય છે ? ગૌતમ ! પુષ્કરવરદ્વીપમાં તે–તે દેશમાં, ત્યાં–ત્યાં ઘણા પદ્મવૃક્ષો, પદ્મવનખંડો નિત્ય કુસુમિત યાવત્ રહે છે. પદ્મ–મહાપદ્મ વૃક્ષમાં પદ્મ અને પુંડરીક નામે પલ્યોપમ સ્થિતિક અને મહર્દ્ધિક બે દેવ રહે છે. તે કારણથી ગૌતમ ! પુષ્કરવરદ્વીપ કહેવાય છે. યાવત્ તે નિત્ય છે.

ભગવન્ ! પુષ્કરવર દ્વીપમાં કેટલા ચંદ્રો પ્રભાસતા હતા, પ્રભાસે છે, પ્રભાસશે ? ઇત્યાદિ પ્રશ્નો.

**૨૪૦.** ચંદ્રો–૧૪૪, સૂર્યો–૧૪૪, પુષ્કરવરદ્વીપમાં પ્રભાસિત થતા વિચરે છે.

**૨૪૧.** ૪૦૩૨–નક્ષત્રો, ૧૨,૬૭૨ મહાગ્રહો છે.

**૨૪૨.** ૯૬,૪૪,૪૦૦ કોડાકોડી તારાગણ પુષ્કરવરદ્વીપમાં,

**૨૪૩.** શોભિત થયા, શોભે છે, શોભશે.

પુષ્કરવરદ્વીપના બહુમધ્ય દેશભાગમાં માનુષોત્તર નામે પર્વત કહ્યો છે. તે વૃત્ત–વલયાકાર સંસ્થાન સંસ્થિત છે. તે પર્વત પુષ્કરવર દ્વીપને બે ભાગોમાં વિભાજિત કરે છે – આભ્યંતર પુષ્કરાર્દ્ધ અને બાહ્ય પુષ્કરાર્દ્ધ.

ભગવન્ ! આભ્યંતર પુષ્કરાર્દ્ધનો ચક્રવાલ વિષ્કંભ અને પરિધિ કેટલી છે ? ચક્રવાલ વિષ્કંભ આઠ લાખ યોજન છે.

**૨૪૪.** તેની પરિધિ ૧,૪૨,૩૦,૨૪૯ યોજન પુષ્કરાર્દ્ધની અને મનુષ્યક્ષેત્રની પરિધિ છે.

**૨૪૫.** ભગવન્ ! આભ્યંતર પુષ્કરાર્દ્ધને આભ્યંતર પુષ્કરાર્દ્ધ કેમ કહે છે ? ગૌતમ ! આભ્યંતર પુષ્કરાર્દ્ધ ચોતરફથી માનુષોત્તર પર્વતથી ઘેરાયેલ છે. તેથી હે ગૌતમ ! આભ્યંતર પુષ્કરાર્દ્ધ કહેવાય છે. અથવા તે નિત્ય છે.

ભગવન્ ! અભ્યંતર પુષ્કરાર્દ્ધમાં કેટલા ચંદ્રો પ્રકાશ્યા હતા૦ ઈત્યાદિ પૃચ્છા યાવત્ તારાગણ કેટલા કોડાકોડી૦ ઈત્યાદિ પ્રશ્ન ? ગૌતમ !

**૨૪૬.** ૭૨–ચંદ્રો, ૭૨–સૂર્યો પુષ્કરવર દ્વીપાર્દ્ધમાં આ ચંદ્ર–સૂર્યો પ્રભાસિત થઈને ચરે છે.

**૨૪૭.** ૬૩૩૬–મહાગ્રહો, ૨૦૧૬ નક્ષત્રો છે.

**૨૪૮.** ૪૮,૨૨,૨૦૦ કોડાકોડી તારાગણ પુષ્કરાર્દ્ધમાં,

**૨૪૯.** શોભતા હતા, શોભે છે અને શોભશે.

## સૂત્ર–૨૫૦ થી ૨૮૬

**૨૫૦.** ભગવન્ ! સમયક્ષેત્રની લંબાઈ, પહોળાઈ અને પરિધિ કેટલી છે ? ગૌતમ ! લંબાઈ–પહોળાઈ ૪૫ લાખ યોજન અને ૧,૪૨,૩૦,૨૪૯ યોજન પરિધિ છે.

ભગવન્! મનુષ્ય ક્ષેત્રને મનુષ્યક્ષેત્ર કેમ કહે છે ? ગૌતમ ! મનુષ્ય ક્ષેત્રમાં ત્રણ ભેદે મનુષ્યો વસે છે, તે આ – કર્મભૂમક, અકર્મભૂમક, અંતર્દ્વીપક. તે કારણે હે ગૌતમ ! મનુષ્યક્ષેત્રને મનુષ્યક્ષેત્ર કહે છે.

ભગવન્ ! મનુષ્ય ક્ષેત્રમાં કેટલા ચંદ્રો પ્રભાસ્યા૦ કેટલા સૂર્યો તપ્યા૦?

**૨૫૧.** ગૌતમ ! ૧૩૨ ચંદ્રો અને ૧૩૨ સૂર્યો પ્રભાસિત થઈને સકલ મનુષ્યક્ષેત્રમાં વિચરણ કરે છે.

**૨૫૨.** ૧૧,૬૧૬ મહાગ્રહો છે, ૩,૬૯૬ નક્ષત્રો છે.

**૨૫૩.** ૮૮,૪૦,૭૦૦ કોડાકોડી તારાગણ મનુષ્યલોકમાં –

**૨૫૪.** શોભતા હતા, શોભે છે અને શોભશે.

**૨૫૫.** આ રીતે મનુષ્યલોકમાં તારાપિંડ પૂર્વોક્ત સંખ્યાપ્રમાણ છે. મનુષ્યલોકની બહાર જિનેશ્વરોએ અસંખ્ય તારાપિંડ કહેલ છે.

**૨૫૬.** મનુષ્યલોકમાં જે આ તારા પ્રમાણ છે, તે જ્યોતિષ્ક દેવ છે, તે કદંબપુષ્પ સંસ્થિત છે, ચાર ચરે છે.

**૨૫૭.** સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્રનું પ્રમાણ મનુષ્યલોકમાં આટલું જ કહ્યું છે. જેના નામ ગોત્ર સામાન્યજન ન કહી શકે.

**૨૫૮.** બે ચંદ્ર અને બે સૂર્યની એક પિટક થાય છે. મનુષ્યલોકમાં ચંદ્ર–સૂર્યની આવી ૬૬–૬૬ પિટક છે.

**૨૫૯.** એક–એક પિટકમાં ૫૬–૫૬ નક્ષત્રો છે. મનુષ્યલોકમાં નક્ષત્રોની ૬૬ પિટક છે.

**૨૬૦.** એક–એક પિટકમાં ૧૭૬–૧૭૬ મહાગ્રહો છે. મનુષ્યલોકમાં મહાગ્રહોની ૬૬ પિટક છે.

**૨૬૧.** એક–એક પંક્તિમાં ૬૬–૬૬ ચંદ્ર અને સૂર્ય છે. મનુષ્યલોકમાં ચંદ્ર–સૂર્યોની ચાર–ચાર પંક્તિઓ છે.

**૨૬૨.** એક–એક પંક્તિમાં ૬૬–૬૬ નક્ષત્રો છે. મનુષ્ય લોકમાં નક્ષત્રોની ૫૬–પંક્તિઓ છે.

**૨૬૩.** મનુષ્યલોકમાં ગ્રહોની ૧૭૬ પંક્તિઓ છે. તે પ્રત્યેક પંક્તિમાં ૬૬–૬૬ ગ્રહો છે.

**૨૬૪.** આ ચંદ્ર–સૂર્યાદિ બધા જ્યોતિષ્કમંડલ મેરુપર્વતને ચોતરફથી પ્રદક્ષિણા કરે છે. તે બધા પ્રદક્ષિણા–વર્ત્ત મંડલ છે. ચંદ્ર–સૂર્ય–ગ્રહ–ગણોના મંડળ અનવસ્થિત છે.

**૨૬૫.** નક્ષત્ર અને તારાના મંડલ અવસ્થિત જાણવા. તેઓ પણ પ્રદક્ષિણાવર્ત્ત જ મેરુને અનુચરે છે.

**૨૬૬.** સૂર્ય અને ચંદ્રનો ઉપર અને નીચે સંક્રમ થતો નથી. તેમનું વિચરણ તિર્છું અભ્યંતર–બાહ્ય મંડલમાં છે

**૨૬૭.** ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, મહાગ્રહોના ચાર વિશેષથી મનુષ્યોના સુખ–દુઃખ પ્રભાવિત થાય છે.

**૨૬૮.** બાહ્યથી અભ્યંતરમંડલમાં પ્રવેશતા તેમનું તાપક્ષેત્ર નિયમા વધે છે. બહાર નીકળતા ક્રમશઃ ઘટે છે.

**૨૬૯.** તે સૂર્ય–ક્ષેત્રનો તાપક્ષેત્ર માર્ગ કદંબપુષ્પના આકાર જેવો છે. તે અંદર સંકુચિત અને બહાર વિસ્તૃત હોય છે.

**૨૭૦.** ચંદ્ર કેમ વધે છે અને કેમ ઘટે છે? કયા કારણે કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષ થાય છે ?

**૨૭૧.** કૃષ્ણરાહુ વિમાન ચંદ્રથી સદા ચાર આંગળ દૂર રહી ચંદ્રની નીચે ચાલે છે.

**૨૭૨.** શુક્લપક્ષમાં ચંદ્ર પ્રતિદિન ૬૨ – ભાગ પ્રમાણ વધે છે અને કૃષ્ણપક્ષમાં ૬૨–ભાગ પ્રમાણ ઘટે છે.

**૨૭૩.** ચંદ્રવિમાનના ૧૫માં ભાગને રાહુવિમાન પોતાના ૧૫–મા ભાગથી ઢાંકે છે અને શુક્લપક્ષમાં તેને મુક્ત કરે છે.

**૨૭૪.** આ પ્રમાણે ચંદ્રની વૃદ્ધિ અને હાનિ થાય છે અને આ જ કારણે કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષ થાય છે.

**૨૭૫.** મનુષ્યક્ષેત્રમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા. એ પાંચ પ્રકારના જ્યોતિષ્ક ચારોપગ ગતિશીલ છે.

**૨૭૬.** મનુષ્યક્ષેત્ર બહાર જે બાકીના ચંદ્ર, સૂર્ય, ગ્રહ, તારા, નક્ષત્રોને ગતિ નથી, ચાર નથી, તે અવસ્થિતજ છે

**૨૭૭.** જંબૂદ્વીપમાં બે ચંદ્ર–બે સૂર્ય, લવણ સમુદ્રમાં ચાર–ચાર, ઘાતકીખંડમાં બાર–બાર ચંદ્રો–સૂર્યો છે.

**૨૭૮.** જંબૂદ્વીપમાં બબ્બે ચંદ્ર–સૂર્યો છે. લવણસમુદ્રમાં તેથી બમણા છે. તેનાથી ત્રણગણા ઘાતકીખંડ દ્વીપમાં છે.

**૨૭૯.** ધાતકીખંડને આશ્રીને આગળના સમુદ્ર અને દ્વીપોમાં પૂર્વથી ત્રણગણા કરી, તેમાં પૂર્વ પૂર્વના ચંદ્ર–સૂર્યો જોડવા.

**૨૮૦.** જે દ્વીપ–સમુદ્રમાં નક્ષત્ર, ગ્રહ અને તારાનું પ્રમાણ જાણવાની ઇચ્છા હોય, તેના ચંદ્ર સાથે નક્ષત્રાદિને ગુણવા.

**૨૮૧.** મનુષ્યક્ષેત્ર બહાર જે ચંદ્ર અને સૂર્ય છે. તે ચંદ્રથી સૂર્ય અને સૂર્યથી ચંદ્રનું અંતર ૫૦,૦૦૦ યોજન છે.

**૨૮૨.** સૂર્યથી સૂર્યનું અને ચંદ્રથી ચંદ્રનું અંતર માનુષોત્તર પર્વતની બહાર એક લાખ યોજન છે.

**૨૮૩.** સૂર્યાંતરિત ચંદ્ર અને ચંદ્રાંતરિત સૂર્ય પોતાના તેજથી પ્રકાશિત હોય છે. તેની સુખલેશ્યા–મંદલેશ્યા વિચિત્ર છે.

**૨૮૪.** એક ચંદ્રના પરિવારમાં ૮૮–ગ્રહો અને ૨૮–નક્ષત્રો હોય છે. હવે આગળ તારાનું પ્રમાણ કહીશ.

**૨૮૫.** એક ચંદ્રના પરિવારમાં ૬૬,૯૭૫ કોડાકોડી તારાગણ છે.

**૨૮૬.** માનુષોત્તર પર્વતની બહાર ચંદ્ર અને સૂર્ય અવસ્થિત યોગવાળા હોય છે. ચંદ્ર અભિજિત નક્ષત્રથી અને સૂર્ય પુષ્પ નક્ષત્રથી યુક્ત રહે છે.

**સૂત્ર–૨૮૭**

ભગવન્ ! માનુષોત્તર પર્વતની ઊંચાઈ કેટલી છે ? જમીનમાં ઊંડાઈ કેટલી છે ? મૂળમાં કેટલો પહોળો છે ?

મધ્યે કેટલો પહોળો છે ? શિખરે કેટલો પહોળો છે ? તેની અંદરની પરિધિ કેટલી છે ? બહારની પરિધિ કેટલી છે ? મધ્યમાં પરિધિ કેટલી છે ? ઉપરની પરિધિ કેટલી છે ? ગૌતમ !

ગૌતમ ! માનુષોત્તર પર્વત ૧૭૨૧ યોજન ઊંચો છે. ૪૩૦ યોજન અને એક કોશ પૃથ્વીમાં છે. મૂળમાં ૧૦૨૨ યોજન પહોળો, મધ્યમાં ૭૨૩ યોજન પહોળો અને ઉપર ૪૨૪ યોજન પહોળો છે. પૃથ્વીમાં તેની પરિધિ ૧,૪૨,૩૦,૨૪૯ યોજન છે. બાહ્ય ભાગમાં નીચેની પરિધિ ૧,૪૨,૩૬,૭૧૪ યોજન, મધ્યમાં ૧,૪૨,૩૪,૮૨૩ યોજન, ઉપરની પરિધિ ૧,૪૨,૩૨,૯૩૨ યોજનની છે.

આ પર્વત મૂળમાં વિસ્તીર્ણ, મધ્યમાં સંક્ષિપ્ત અને ઉપર પાતળો છે. તે ભીતરમાં શ્લક્ષ્ણ, મધ્યમાં પ્રધાન અને બહાર દર્શનીય છે. આ પર્વત કંઈક બેઠેલો, સિંહનિષદ્યાકારે, આ પર્વત અર્દ્ધ યવની રાશિના આકારે છે, સંપૂર્ણ જાંબૂનદ સુવર્ણમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે. બંને પડખે બે પદ્મવરવેદિકા અને બે વનખંડોથી ચોતરફથી સંપરિક્ષિપ્ત છે, વર્ણન કરવું.

ભગવન્ ! માનુષોત્તર પર્વતને માનુષોત્તર પર્વત કેમ કહે છે ? ગૌતમ ! માનુષોત્તર પર્વતની અંદર મનુષ્ય, ઉપર સુવર્ણકુમાર દેવ, બહાર દેવો રહે છે. અથવા હે ગૌતમ ! માનુષોત્તર પર્વતની બહાર મનુષ્યો કદી ગયા નથી, જતા નથી, જશે નહીં. માત્ર જંઘાચારણ–વિદ્યાચારણ કે દેવે સંહરેલ જ જાય. તેથી હે ગૌતમ! તેને માનુષોત્તર પર્વત કહે છે અથવા આ નામ યાવત્ નિત્ય છે. શાશ્વત છે

જ્યાં સુધી માનુષોત્તર પર્વત છે, ત્યાં સુધી જ આ મનુષ્યલોક છે. જ્યાં સુધી વર્ષ, વર્ષધર છે ત્યાં સુધી આ મનુષ્યલોક છે. જ્યાં સુધી ઘર છે, દુકાન છે ત્યાં સુધી આ મનુષ્યલોક છે, જ્યાં સુધી આ ગામ યાવત્ રાજધાની છે, ત્યાં સુધી આ મનુષ્યલોક છે. જ્યાં સુધી અરહંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવ, ચારણ, વિદ્યાધર, શ્રમણ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકા, પ્રકૃતિ ભદ્રક અને વિનિત મનુષ્યો છે ત્યાં સુધી આ મનુષ્યલોક છે એમ કહેવાય છે.

તથા જ્યાં સુધી સમય છે, આવલિકા છે, આનપ્રાણ છે, સ્તોક છે, લવ છે, મુહૂર્ત્ત છે, દિવસ છે, અહોરાત્ર છે, પક્ષ છે, માસ છે, ઋતુ છે, અયન છે, સંવત્સર છે, યુગ છે, વાસશત–વાસસહસ્ર–વાસલક્ષ છે, પૂર્વાંગ–પૂર્વ છે, ત્રુટિતાંગ–ત્રુટિત છે. એ પ્રમાણે – પૂર્વ, ત્રુટિત, અડડ, અવવ, હુહુક, ઉત્પલ, પદ્મ, નલિન, અચ્છિનિપુર, અયુત, નયુત, મયુત, ચૂલિકા, શીર્ષ પ્રહેલિકા યાવત્ શીર્ષ પ્રહેલિકાંગ કે શીર્ષ પ્રહેલિકા, પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી કે અવસર્પિણી કાળ છે ત્યાં સુધી મનુષ્યલોક છે, તેમ કહે છે.

જ્યાં સુધી બાદર વિદ્યુતકાય છે, બાદર સ્તનિત શબ્દ છે, ત્યાં સુધી મનુષ્યલોક છે. જ્યાં સુધી ઘણા ઉદાર મેઘ ઉત્પન્ન થાય છે, સંમૂર્છિત થાય છે, વર્ષા વરસાવે છે, ત્યાં સુધી મનુષ્યલોક છે. જ્યાં સુધી બાદર તેઉકાય છે ત્યાં સુધી મનુષ્યલોક છે. જ્યાં સુધી આકર, નદી, નિધિઓ છે, ત્યાં સુધી મનુષ્યલોક છે, જ્યાં સુધી અગડ, તળાવ છે ત્યાં સુધી મનુષ્યલોક છે. જ્યાં સુધી ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ, ચંદ્ર પરિવેષ–સૂર્ય પરિવેષ છે, પ્રતિચંદ્ર–પ્રતિસૂર્ય છે, ઇન્દ્રધનુષ છે, ઉદક–મત્સ્ય છે, કપિહસિત છે, ત્યાં સુધી મનુષ્યલોક છે. જ્યાં સુધી ચંદ્ર–સૂર્ય–ગ્રહ–નક્ષત્ર–તારારૂપ, અભિગમન–નિર્ગમન–વૃદ્ધિ–નિર્વૃદ્ધિ, ચંદ્રની ગતિશીલતારૂપ સ્થિતિ કહેવાય છે. ત્યાં સુધી મનુષ્યલોક છે.

સૂત્ર–૨૮૮

ભગવન્ ! મનુષ્યક્ષેત્રની અંદર જે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારાગણ છે, તેઓ હે ભદંત ! શું ઉર્ધ્વોત્પન્ન છે, કલ્પોત્પન્ન છે, વિમાનોત્પન્ન છે, ચારોત્પન્ન છે, ચારસ્થિતિક છે, ગતિરતિક છે કે ગતિસમાપન્નક છે ? ગૌતમ ! તે દેવો ઉર્ધ્વોત્પન્ન નથી, કલ્પોત્પન્ન નથી, વિમાનોત્પન્ન છે. તેઓ ગતિશીલ છે, સ્થિતિશીલ નથી, ગતિરતિક છે, ગતિપ્રાપ્ત છે

તેઓ ઉર્ધ્વમુખ કદંબના ફૂલ સમાન ગોળ આકૃતિમાં સંસ્થિત છે, હજારો યોજન પ્રમાણ તેમનું તાપક્ષેત્ર છે, બાહ્ય વિકુર્વિક પર્ષદાવાળા છે. જોરથી વાગનારા વાદ્યો, નૃત્યો, ગીતો, વાજિંત્રો, તંત્રી, તાલ, ત્રુટિત, મૃદંગ આદિના

મધુર ધ્વનિ સાથે દિવ્ય ભોગોનો ઉપભોગ કરતા, હર્ષથી સિંહનાદ, બોલ અને કલકલ ધ્વનિ કરતા સ્વચ્છ પર્વતરાજ મેરુની પ્રદક્ષિણા વર્ત્ત મંડલગતિથી પરિક્રમા કરતા રહે છે.

ભગવન્ ! જ્યારે તેમનો ઇન્દ્ર ચ્યવે, ત્યારે તે જ્યોતિષ્ક દેવો શું કરે ? ગૌતમ ! ચાર-પાંચ સામાનિક દેવ એકઠા થઈને તે સ્થાનને અંગિકાર કરીને રહે છે, જ્યાં સુધી ત્યાં બીજો ઇન્દ્ર ઉત્પન્ન થઈ જાય. ભગવન્ ! ઇન્દ્રસ્થાન કેટલો કાળ સુધી ઇન્દ્રના ઉપપાત રહિત રહે છે ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ છ માસ.

ભગવન્ ! મનુષ્યક્ષેત્રની બહારના ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારારૂપ જે જ્યોતિષ્ક દેવ છે તે ઉર્ધ્વોત્પન્ન યાવત્ ગતિ પ્રાપ્ત છે શું ? ગૌતમ ! તે દેવો ઉર્ધ્વોત્પન્ન નથી, કલ્પોત્પન્ન નથી. તે વિમાનોત્પન્ન છે. તેઓ ગતિશીલ નથી, ચારસ્થિતિક છે, ગતિરતિક નથી, ગતિપ્રાપ્ત નથી. પાકેલી ઇંટના આકારે રહેલ છે. લાખો યોજન તેમનું તાપક્ષેત્ર છે. તેઓ વિકુર્વિત હજારો બાહ્ય પર્ષદાના દેવોની સાથે વાદ્ય-નૃત્ય-ગીત-વાજિંત્રોની મધુર ધ્વનિ સાથે દિવ્ય ભોગોપભોગનો અનુભવ કરતા રહે છે. તેઓ શુભલેશ્યા, શીતલેશ્યા, મંદલેશ્યા, મંદાતપલેશ્યા, ચિત્રાંતર લેશ્યાવાળા છે. કૂટની માફક સ્થાન સ્થિત, અન્યોન્ય સમવગાઢ લેશ્યા વડે તે પ્રદેશને ચોતરફથી અવભાસિત, ઉદ્યોતિત, તાપિત, પ્રભાસિત કરે છે.

ભદન્ત ! જ્યારે આ દેવોનો ઇન્દ્ર ચ્યવે છે ત્યારે તેઓ શું કરે છે ? ગૌતમ ! બીજો ઇન્દ્ર ઉત્પન્ન ન થાય, ત્યાં સુધી ચાર-પાંચ સામાનિક દેવ તેના સ્થાને ભેગા મળી કાર્યરત રહે છે. તે ઇન્દ્ર સ્થાનનો વિરહકાળ કેટલો હોય ? ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ છ માસ.

## પ્રતિપત્તિ-૩- મનુષ્યક્ષેત્ર અધિકારનો મુનિ દીપરત્નસાગરકૃત્ અનુવાદ પૂર્ણ

## મનુષ્યક્ષેત્ર બહારના દ્વીપ-સમુદ્રો

### સૂત્ર-૨૮૯ થી ૨૯૧

૨૮૯. પુષ્કરોદ નામક સમુદ્ર વૃત્ત-વલયાકાર સંસ્થાને રહેલ છે યાવત્ પુષ્કરવર દ્વીપને વીંટીને રહેલો છે.

ભગવન્ ! પુષ્કરોદ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ અને પરિધિ કેટલી છે ? ગૌતમ ! અસંખ્યાત લાખ યોજન ચક્રવાલ વિષ્કંભ છે અને સંખ્યાત લાખ યોજન પરિધિ કહેલી છે.

ભગવન્ ! પુષ્કરોદ સમુદ્રને કેટલા દ્વારો છે ? ગૌતમ ! ચાર દ્વારો છે. તે પૂર્વવત્. યાવત્ પુષ્કરોદ સમુદ્રના પૂર્વી પર્યન્તમાં અને વરુણવર દ્વીપના પૂર્વાર્દ્ધના પશ્ચિમમાં પુષ્કરોદ સમુદ્રનું વિજય નામે દ્વાર છે. એ પ્રમાણે બાકીના પણ કહેવા. દ્વારોનું અંતર સંખ્યાત લાખ યોજન આબાધાથી છે. પ્રદેશો-જીવો પૂર્વવત્.

ભગવન્ ! એમ કેમ કહો છો કે પુષ્કરોદ સમુદ્ર એ પુષ્કરોદ સમુદ્ર છે ? ગૌતમ ! પુષ્કરોદ સમુદ્રનું જળ સ્વચ્છ, પથ્ય, જાત્ય, તનુક, સ્ફટિકવર્ણાભા, પ્રાકૃતિક ઉદક રસથી યુક્ત છે. શ્રીધર અને શ્રીપ્રભ બે દેવો મહર્દ્ધિક યાવત્ પલ્યો-પમ સ્થિતિક છે, તે ત્યાં રહે છે. તે કારણથી યાવત્ નિત્ય છે.

ભગવન્ ! પુષ્કરોદ સમુદ્રમાં કેટલા ચંદ્રો પ્રકાશ્યા યાવત્ સંખ્યાત ચંદ્ર યાવત્ તારાગણ કોડાકોડી શોભશે.

૨૯૦. વરુણવર દ્વીપ, જે વૃત્ત-વલયાકાર યાવત્ રહેલ છે. તે પુષ્કરોદ સમુદ્રને પરીવરીને રહેલ છે. પૂર્વવત્ સમચક્રવાલ સંસ્થિત છે. તેનો ચક્રવાલ વિષ્કંભ અને પરિધિ કેટલી છે ?

ગૌતમ! તેનો ચક્રવાલ વિષ્કંભ સંખ્યાત લાખ યોજન છે અને પરિધિ પણ સંખ્યાત લાખ યોજન છે. પદ્મવર વેદિકા, વનખંડ વર્ણવવા. દ્વારાંતર, પ્રદેશ, જીવો બધું પૂર્વવત્.

ભગવન્ ! વરુણદ્વીપને વરુણદ્વીપ કેમ કહે છે ? ગૌતમ! વરુણવર દ્વીપના તે-તે દેશમાં, ત્યાં-ત્યાં ઘણી નાની-નાની વાવડી યાવત્ બિલપંક્તિઓ છે, જે સ્વચ્છ છે. પ્રત્યેક પદ્મવર વેદિકા અને વનખંડથી પરિવેષ્ટિત છે. તથા શ્રેષ્ઠ વારુણી સમાન જળથી પરિપૂર્ણ યાવત્ પ્રાસાદીયાદિ છે.

તે નાની-નાની વાવડી યાવત્ બિલપંક્તિઓમાં ઘણા ઉત્પાદ પર્વતો યાવત્ ખડક છે. જે બધા સ્ફટિકમય, સ્વચ્છ આદિ પૂર્વવત્ છે. ત્યાં વરુણ અને વરુણપ્રભ નામના બે મહર્દ્ધિક દેવ રહે છે. તેને કારણથી વરુણદ્વીપ કહે છે યાવત્ તે નિત્ય છે.(શાશ્વત છે.)

ત્યાં ચંદ્રાદિ જ્યોતિષ્કો સંખ્યાત-સંખ્યાત કહેવા યાવત્ ત્યાં સંખ્યાત કોડાકોડી તારાગણ શોભે છે.

**૨૯૧.** વરુણોદ સમુદ્ર વૃત્ત-વલયાકાર યાવત્ રહેલ છે. તે સમચક્રવાલ સંસ્થિત છે આદિ પૂર્વવત્ કહેવું. વિષ્કંભ અને પરિધિ સંખ્યાત લાખ યોજન છે. પદ્મવરવેદિકા, વનખંડ, પ્રદેશ, જીવો સંબંધી પ્રશ્નોત્તર પૂર્વવત્.

હે ગૌતમ ! વારુણોદ સમુદ્રનું જળ, જેમ કોઈ ચંદ્રપ્રભા, મણિશલાકા, શ્રેષ્ઠ સીધુ, શ્રેષ્ઠ વારુણી, પત્રાસવ, પુષ્પાસવ, ચોયાસવ, ફલાસવ, મધુ મેરક, જાતિપ્રસન્ના, ખર્જૂરસાર, મૃદ્વીકાસાર, કાપિશાયન, સુપક્વ ઇક્ષુ રસ, પ્રભૂત સંભાર સંચિત, પોષમાસગત ભિષજ યોગવર્ત્તી, નિરુપહત વિશિષ્ટ દત્ત કાલોપચાર, સુધોત, ઉક્કોસગમદ પ્રાપ્ત, આઠ વખત ઘૂંટીને બનાવેલી સુરા, જામ્બુફળ, કાલિવર, પ્રસન્ન નામની સુરા, આસ્વાદનીય, મનોજ્ઞ, અત્યંત રસના આસ્વાદવાળી હોવાથી હોઠને સ્પર્શી આગળ સારી જનારી, કંઈક આંખને લાલ કરનારી, એલચી વગેરે મિશ્રિત હોવાથી પીધા પછી થોડા તીખા સ્વાદવાળી, વર્ણ-ગંધ-રસ-સ્પર્શયુક્ત આવા પ્રકારે હોય છે શું ?

ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. વારુણ સમુદ્રનું જળ આનાથી ઇષ્ટતર કાંતતર, પ્રિયતર, મનોજ્ઞતાર અને મનને સંતુષ્ટ કરનારું જળ, છે. તે કારણથી એમ કહે છે – વરુણોદ સમુદ્ર છે. ત્યાં વારુણી અને વારુણકાંત મહર્દ્ધિક દેવ યાવત્ વસે છે. યાવત્ આ નામ નિત્ય છે.

વરુણોદ સમુદ્રમાં સંખ્યાત ચંદ્ર સૂર્ય આદિ સંખ્યાત જ્યોતિષ્ક દેવો છે.

### સૂત્ર-૨૯૨

ક્ષીરવર નામક દ્વીપ ગોળ અને વલયાકાર છે યાવત્ વારુણવર સમુદ્રને ઘેરીને રહેલ છે. તેનો વિષ્કંભ અને પરિધિ સંખ્યાત લાખ યોજન છે. યાવત્ ક્ષીરવરદ્વીપમાં ઘણી નાની-નાની વાવડી યાવત્ સરસરપંક્તિ છે, જે ક્ષીરોદકથી પરિપૂર્ણ છે, યાવત્ પ્રતિરૂપ છે. તે નાની વાવડી યાવત્ બિલપંક્તિમાં ઘણા ઉત્પાત પર્વતો છે, જે સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપ છે.

અહીં પુંડરીક અને પુષ્કરદંત નામના બે દેવો મહર્દ્ધિક યાવત્ વસે છે. એ કારણે તેનું ક્ષીરવરદ્વીપ છે અથવા આ નામ યાવત્ નિત્ય છે. તથા ચંદ્ર, સૂર્ય, તારા વગેરે જ્યોતિષ્કોની સંખ્યા સંખ્યાત કહેવી જોઈએ.

ક્ષીરોદ નામક સમુદ્ર ગોળ-વલયાકાર સંસ્થાન સંસ્થિત છે યાવત્ ક્ષીરવરદ્વીપને ઘેરીને રહેલ છે. તે સમચક્રવાલ સંસ્થિત છે, વિષમ ચક્રવાલ સંસ્થિત નથી. સંખ્યાત લાખ યોજન તેના વિષ્કંભ અને પરિધિ છે ઇત્યાદિ બધું પૂર્વવત્ છે.

હે ગૌતમ ! ક્ષીરોદ સમુદ્રનું જળ, હે ગૌતમ ! ચક્રવર્તી રાજા માટે તૈયાર કરાયેલ ગોક્ષીર(ખીર), જે ચતુઃસ્થાન-પરિણામ પરિણત છે, સાકાર-ગોળ-મિશ્રી આદિથી અતિ સ્વાદિષ્ટ બનાવાયેલ હોય, મંદાગ્નિ ઉપર પકાવવામાં આવી હોય જે આસ્વાદનીય, વિસ્વાદનીય, પ્રીણનીય યાવત્ સર્વેન્દ્રિય અને ગાત્રોને પ્રહ્લાદનીય હોય, જે વર્ણથી સુંદર યાવત્ સ્પર્શથી મનોજ્ઞ છે, શું તેવું ક્ષીરોદક છે ?

ના, ગૌતમ ! તે અર્થ સંગત નથી. ક્ષીરોદનું તે જળ આના કરતા પણ ઈષ્ટતર યાવત્ આસ્વાદ્ય કહેલ છે. અહીં મહર્દ્ધિક એવા બે દેવ વિમલ અને વિમલપ્રભ યાવત્ વસે છે. તેથી તેને ક્ષીરોદ સમુદ્ર કહે છે.

આ સમુદ્રમાં સંખ્યાત ચંદ્ર, સૂર્ય યાવત્ તારાગણ છે.

સૂત્ર-૨૯૩

ઘૃતવર નામક દ્વીપ ગોળ – વલયાકાર સંસ્થાને રહેલ યાવત્ ક્ષીરોદ સમુદ્રને ચારે બાજુથી ઘેરીને રહેલ છે. તે સમચક્રવાલ સંસ્થિત છે, વિષમચક્રવાલ નથી. વિસ્તાર અને પરિધિ સંખ્યાત લાખ યોજન છે. તેના પ્રદેશોની સ્પર્શના જીવોત્પત્તિ આદિ પૂર્વવત કહેવું.

ગૌતમ ! ઘૃતવર દ્વીપમાં ત્યાં-ત્યાં ઘણી જ નાની-નાની વાવડી યાવત્ ઘૃતોદકથી પરિપૂર્ણ છે. ઉત્પાત પર્વત યાવત્ ખડકો છે. તે બધા સુવર્ણના, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. કનક અને કનકપ્રભ આ બે દેવો છે. ચંદ્રાદિ સંખ્યાતા છે.

ઘૃતોદ નામક સમુદ્ર વૃત્ત-વલયાકાર સંસ્થાને રહેલ છે યાવત્ ઘૃતવરદ્વીપને ઘેરીને રહેલ છે. સમચક્રવાલ સંસ્થિત છે ઈત્યાદિ પૂર્વવત્. દ્વાર-પ્રદેશ-જીવોત્પત્તિ કહેવા.

નામનો અર્થ – હે ગૌતમ ! ઘૃતોદ સમુદ્રનું જળ, જેમ કોઈ ગોઘૃતના સાર જેવું શ્રેષ્ઠ છે. આ ગોઘૃતમંડ ફૂલેલા સલ્લકી, કણેરના ફૂલ, સરસવના ફૂલ, કોરંટની માળાની માફક પીળા વર્ણના છે. સ્નિગ્ધતા ગુણયુક્ત, અગ્નિસંયોગથી ચમકવાળું, નિરુપહત અને વિશિષ્ટ સુંદરતા યુક્ત, સારી રીતે જમાવેલ દહીંને મથિત કરી પ્રાપ્ત માખણને ત્યારે જ તપાવતા, સારી રીતે ઉકાળ્યા પછી, બીજે ન લઈ જઈ, તે સ્થાને જ તત્કાળ ગાળીને કચરો આદિ ઉપશાંત થતા તેના ઉપર જે થર જામે, તે જેમ અધિક સુગંધથી સુગંધિત, મનોહર, મધુર પરિણામી અને દર્શનીય હોય. તે પથ્યરૂપ, નિર્મળ અને સુખોપભોગ્ય હોય છે. આવા શરત્કાલીન ગોઘૃતવરમંડ સમાન તે ઘૃતોદનું પાણી હોય છે શું ?

ગૌતમ! તે ઘૃતોદનું પાણી આનાથી પણ અધિક ઈષ્ટતર યાવત્ આસ્વાદ્ય હોય છે. ત્યાં કાંત અને સુકાંત નામક બે મહર્દ્ધિક દેવ રહે છે. બાકી પૂર્વવત્ યાવત્ ત્યાં સંખ્યા તારાગણ કોડાકોડી છે.

ક્ષોદવર નામક દ્વીપ વૃત્ત-વલયાકાર અને ઘૃતોદ સમુદ્રને વીંટીને રહેલ છે. શેષ કથન પૂર્વવત્ યાવત્ ક્ષોદવર-દ્વીપમાં તે-તે દેશમાં, ત્યાં-ત્યાં નાની વાવડીઓ છે યાવત્ ક્ષોદોદકથી પ્રતિપૂર્ણ છે. ત્યાં ઉપપાત પર્વતાદિ છે, જે સર્વ વૈડૂર્ય રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. ત્યાં સુપ્રભ અને મહાપ્રભ નામે બે મહર્દ્ધિક દેવ રહે છે. તેથી ક્ષોદવર કહે છે. સર્વે જ્યોતિષ્ક પૂર્વવત્ કહેવા.

ક્ષોદોદ નામક સમુદ્ર વૃત્ત-વલયાકાર, ક્ષોદવરદ્વીપને ઘેરીને રહેલ છે. યાવત્ સંખ્યાત લાખ યોજન પરિધિથી છે. યાવત્ તેના નામનો અર્થ આ પ્રમાણે–

ગૌતમ ! ક્ષોદોદ સમુદ્રનું જળ જાતિવંત શ્રેષ્ઠ ઈક્ષુરસથી અધિક ઈષ્ટ યાવત્ આસ્વાદ્ય છે. તે ઈક્ષુરસ સ્વાદિષ્ટ, પુષ્ટિદાયક, ગાઢ, પ્રશસ્ત, વિશ્રાંત(શ્રમને દૂર કરે તેવો)છે, વળી સ્નિગ્ધ, સુકુમાલ ભૂમિભાગમાં કુશળ ખેડૂત દ્વારા લાકડાના વિશિષ્ટ હળથી ખેડેલી, ફળદ્રુપ, ચીકણી ભૂમિમાં વાવેલી, કુશળ પુરુષ દ્વારા સંરક્ષણ પામેલી, તૃણ અને ઘાસ આદિથી રહિત ભૂમિમાં વૃદ્ધિ પામેલી, વિશેષરૂપે પરિપક્વ થયેલી, મધુર રસથી યુક્ત, જંતુઓના ઉપદ્રવથી રહિત, તેના ઉપર નીચેના મૂળ કાઢીને,બળવાન બળદો દ્વારા યંત્રમાં પીલીને રસ કાઢેલ હોય, તે રસ કપડાથી ગાળેલ હોય, ચાતુર્જાતક સુવાસિત દ્રવ્યો યુક્ત હોય, તે પથ્યકારી, પચવામાં હલકો અને શુભ વર્ણાદિ યુક્ત હોય. હે ભગવાન ! શું આવું ક્ષોદોદસમુદ્રનું જળ છે ?

ના, તે અર્થ સમર્થ નથી. ક્ષોદરસ સમુદ્રનું જળ આનાથી ઈષ્ટતરક યાવત્ આસ્વાદ્ય છે. ત્યાં પૂર્ણભદ્ર અને માણિભદ્ર આ બે દેવો યાવત્ વસે છે. બાકી પૂર્વવત્. ત્યાં સંખ્યાત સૂર્ય, ચંદ્ર જ્યોતિષ્ક છે.

સૂત્ર-૨૯૪

નંદીશ્વર નામક દ્વીપ વૃત્ત-વલયાકાર સંસ્થિત છે. આદિ પૂર્વવત્, તે ક્ષોદોદ સમુદ્રને ચોતરફથી ઘેરીને રહેલ છે. પરિધિ, પદ્મવરવેદિકા, વનખંડ, દ્વાર, દ્વારાંતર, પ્રદેશ, જીવ પૂર્વવત્.

ભગવન્ ! નંદીશ્વરદ્વીપના નામનું કારણ શું છે ? ગૌતમ! સ્થાને સ્થાને ઘણી નાની-નની વાવડી યાવત્ બિલપંક્તિઓ છે, જેમાં ઈક્ષુરસ જેવું જળ ભરેલું છે, ઉત્પાતપર્વતોછે, જે સર્વ વજ્રમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. અથવા નંદીશ્વર દ્વીપના ચક્રવાલ વિષ્કંભના બહુમધ્ય દેશભાગમાં અહીં ચાર દિશામાં ચાર અંજન પર્વતો કહ્યા છે.

તે અંજનક પર્વતો ૮૪,૦૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે, ૧૦૦૦ જમીનમાં છે, મૂળમાં સાતિરેક ૧૦,૦૦૦ યોજન, ધરણીતલે ૧૦,૦૦૦ યોજન લંબાઈ-પહોળાઈથી, ત્યારપછી એક-એક પ્રદેશ માત્રાથી ઘટતા-ઘટતા ઉપરના ભાગે ૧૦૦૦ યોજન લાંબો-પહોળો છે. તેની પરિધિ મૂળમાં ૩૧,૬૨૩ યોજનથી કંઈક અધિક, ધરણીતલે ૩૧,૬૨૩ યોજનથી કંઈક ન્યૂન, શિખરમાં ૩૧૬૨ યોજનથી કંઈક અધિક છે. મૂળમાં વિસ્તીર્ણ, મધ્યે સંક્ષિપ્ત, ઉપર તનુક એ રીતે ગોપુચ્છ સંસ્થાન સંસ્થિત છે. સર્વ અંજનમય, સ્વચ્છ યાવત્ પ્રત્યેક પર્વત પદ્મવર વેદિકા અને વનખંડથી વેષ્ટિત છે. વેદિકા અને વનખંડનું વર્ણન કરવું.

તે અંજનપર્વતો ઉપર પ્રત્યેકમાં બહુસમ રમણીય ભૂમિભાગ છે. તે ભૂમિતલ ચર્મમઢિત મૃદંગની જેમ સમતલ છે યાવત્ ત્યાં ઘણા દેવ દેવી વિચરે છે.

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે પ્રત્યેકમાં **સિદ્ધાયતન છે(અરિહંત ચૈત્ય). જે ૧૦૦ યોજન લાંબુ, ૫૦-યોજન પહોળુ, ૭૨-યોજન ઊંચું, અનેકશત સ્તંભ સંનિવિષ્ટ છે.** આદિ વર્ણન કરવું.

તે પ્રત્યેક સિદ્ધાયતનોની ચારે દિશામાં ચાર દ્વાર કહેલા છે – દેવદ્વાર, અસુરદ્વાર, નાગદ્વાર, સુપર્ણદ્વાર. ત્યાં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક ચાર દેવ રહે છે – દેવ, અસુર, નાગ, સુપર્ણ. તે દ્વારો ૧૬ યોજન ઊંચા, આઠ યોજન પહોળા, તેટલા જ પ્રવેશમાં છે. આ દ્વાર સફેદ છે, કનકમય શિખર આદિ વર્ણન વનમાળા પર્યન્ત કરવું.

તે દ્વારોની ચાર દિશામાં ચાર મુખમંડપો છે. તે મુખમંડપ ૧૦૦ યોજન લાંબા, ૫૦ યોજન પહોળા, સાતિરેક-૧૬ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે, વર્ણન કરવું.

તે મુખમંડપની ચારે ત્રણ દિશામાં, ચાર ત્રણ દ્વારો કહેલા છે. તે દ્વાર ૧૬ યોજન ઊંચા, ૮-યોજન પહોળા, ૮-યોજન પ્રવેશવાળા છે. બાકી બધું પૂર્વવત્ વનમાળાના વર્ણન સુધી જાણવું.

આ પ્રમાણે પ્રેક્ષાગૃહમંડપ વિશે પણ કહેવું. મુખમંડપનું છે તે જ પ્રમાણ, દ્વારો પણ તેમજ. વિશેષ એ કે બહુમધ્ય દેશમાં પ્રેક્ષાગૃહ મંડપના અખાડો છે, તેમાં આઠ યોજન પ્રમાણ મણિપીઠિકા છે. ત્યાં પરિવાર રહિત સિંહાસન યાવત્ સ્તૂપ આદિ ચારે દિશામાં પૂર્વવત્ છે. તે સ્તૂપ સાતિરેક ૧૬-યોજન ઊંચા છે, બાકી **જિનપ્રતિમા સુધી પૂર્વવત્** કહેવું. ચૈત્યવૃક્ષો પૂર્વવત્ ચારે દિશામાં છે, પ્રમાણ પૂર્વવત્ જેમ વિજયા રાજધાનીમાં કહ્યું. વિશેષ એ કે – મણિપીઠિકા ૧૬-યોજન છે.

તે ચૈત્યવૃક્ષની ચારે દિશામાં ચાર મીણપીઠિકાઓ આઠ યોજન પહોળી, ચાર યોજન જાડી છે. તેના ઉપર ૬૪-યોજન ઊંચી, એક યોજન ઊંડી, એક યોજન પહોળી મહેન્દ્ર ધ્વજા છે. બાકી પૂર્વવત્.

એ પ્રમાણે ચારે દિશામાં ચાર નંદા પુષ્કરિણી છે. વિશેષ એ કે તે ઈક્ષુરસ પ્રતિપૂર્ણ છે. તેની લંબાઈ ૧૦૦ યોજન, પહોળાઈ ૫૦-યોજન, ઊંડાઈ-૫૦ યોજન છે. તે સિદ્ધાયતનો(જિનાલયો)ની પ્રત્યેક દિશામાં-પૂર્વ દિશામાં ૧૬,૦૦૦, પશ્ચિમમાં ૧૬,૦૦૦, દક્ષિણમાં ૮૦૦૦, ઉત્તરમાં ૮૦૦૦ એમ ૪૮,૦૦૦ મનોગુલિકાઓ અને આટલી જ ગોમાનસી છે.

આ પ્રમાણે જ ઉલ્લોક અને ભૂમિભાગ કહેવો યાવત્ બહુમધ્ય દેશભાગમાં મણિપીઠિકા છે, જે ૧૬-યોજન

લાંબી–પહોળી, આઠ યોજન જાડી છે. તે મણિપીઠિકાઓ ઉપર દેવછંદક છે, જે ૧૬ યોજન લાંબો–પહોળો, કંઈક અધિક ૧૬ યોજન ઊંચો, સર્વરત્નમય છે. આ દેવ–છંદકોમાં **૧૦૮ જિનપ્રતિમાઓ** છે. આ આખો આલાવો જેમ **વૈમાનિકના સિદ્ધાયતન(જિનાલય)નો** છે, તેમ કહેવો.

તેમાં જે પૂર્વ દિશાનો અંજન પર્વત છે, તેની ચારે દિશાઓમાં ચાર નંદા પુષ્કરિણીઓ છે – નંદુત્તરા, નંદા, આનંદા અને નંદિવર્દ્ધના (નંદિષેણા, અમોઘા, ગોસ્તુભા, સુદર્શના)આ નંદા પુષ્કરિણીઓ એક લાખ યોજન લાંબી–પહોળી, દસ યોજન ઊંડી, સ્વચ્છ, શ્લક્ષ્ણ, પ્રત્યેકે પ્રત્યેક પદ્મવર વેદિકા અને વનખંડથી ઘેરાયેલી, ત્યાં ત્યાં યાવત્ સોપાન પ્રતિરૂપક અને તોરણો છે.

તે પ્રત્યેક પુષ્કરિણીના બહુમધ્ય દેશભાગમાં દધિમુખ પર્વતો છે. જે ૬૪,૦૦૦ યોજન ઊંચા, ૧૦૦૦ યોજન જમીનમાં, સર્વત્ર સમાન, પલ્યંક આકારે છે. તેની પહોળાઈ ૧૦,૦૦૦ યોજન છે. ૩૧,૬૨૩ યોજન તેની પરિધિ છે. આ સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે પ્રત્યેક પર્વતની ચોતરફ પદ્મવરવેદિકા અને વનખંડ છે. આ બંનેનું વર્ણન કરવું. ત્યાં બહુસમ રમણીય ભૂમિભાગ છે. યાવત્ દેવો–દેવીઓ બેસે છે આદિ. સિદ્ધાયતનનું પ્રમાણ, અંજનક પર્વત માફક બધું જ કહેવું યાવત્ આઠ મંગલો છે.

તેમાં જે દક્ષિણ દિશાનો અંજનપર્વત છે, તેની ચારે દિશામાં ચાર નંદા પુષ્કરિણી કહી છે. તે આ – ભદ્રા, વિશાલા, કુમુદા, પુંડરીકિણી. (નંદુત્તરા, નંદા આનંદા, નંદિવર્દ્ધના). પુષ્કરિણીનું પ્રમાણ પૂર્વવત્. દધિમુખ પર્વતો પૂર્વવત્. તેનું પ્રમાણ યાવત્ સિદ્ધાયતન પૂર્વવત્ જાણવા.

તેમાં જે પશ્ચિમ દિશાનો અંજનક પર્વત છે, તેની ચારે દિશામાં ચાર નંદા પુષ્કરિણી કહી છે. તે આ – નંદિષેણા, અમોઘા, ગોસ્તૂભા, સુદર્શના.(ભદ્રા, વિશાલા, કુમુદા, પુંડરિકીણી).બધું જ પૂર્વવત્ સિદ્ધાયતન સુધી કહેવું.

તેમાં જે ઉત્તર દિશાનો અંજન પર્વત છે, તેની ચારે દિશામાં ચાર નંદાપુષ્કરિણીઓ છે. તે આ – વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજિતા. બાકી પૂર્વવત્ યાવત્ સિદ્ધાયતન, બધું વર્ણન જાણવું.

તે નંદીશ્વર દ્વીપમાં ઘણા ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો ચાતુર્માસિક પ્રતિપદાદિ પર્વ દિવસોમાં, સાંવત્સરિકમાં બીજા પણ ઘણા ઉત્સવના દિવસોમાં જિન જન્મ–નિષ્ક્રમણ–જ્ઞાનોત્પત્તિ–નિર્વાણ આદિમાં, દેવકાર્યોમાં, દેવસમુદયોમાં, દેવ–સમિતિમાં, દેવ–સમવાયમાં, દેવ પ્રયોજનોમાં એકત્રિત થાય છે, સંમિલિત થાય છે, આનંદવિભોર થઈ મહા–મહિમાશાલી અષ્ટાહ્નિકા પર્વ મનાવતા સુખપૂર્વક વિચરે છે.

કૈલાશ અને હરિવાહન નામક બે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ ત્યાં વસે છે. તે કારણથી હે ગૌતમ! આને નંદીશ્વર દ્વીપ કહે છે. યાવત્ તે નિત્ય છે. ત્યાં સંખ્યાત ચંદ્ર, સૂર્ય આદિ જ્યોતિષ્ક દેવો છે.

સૂત્ર–૨૯૫

નંદીશ્વરદ્વીપ ચોતરફથી નંદીશ્વરસમુદ્ર જે વૃત્ત અને વલયાકારે રહેલ છે, તેનાથી ઘેરાયેલ છે ઈત્યાદિ બધું વર્ણન પૂર્વવત્ ક્ષૌદોદક અનુસાર કહેવું. વિશેષ એ કે– અહીં સુમનસ અને સૌમનસભદ્ર નામના બે મહર્દ્ધિક દેવ યાવત્ વસે છે. બાકી બધું વર્ણન પૂર્વવત્ જાણવું.

સૂત્ર–૨૯૬ થી ૩૦૦

**૨૯૬.** નંદીશ્વર સમુદ્ર, અરુણ નામક વૃત્ત–વલયાકાર દ્વીપ વડે યાવત્ ઘેરાઈને રહેલ છે.

ભગવન્ ! અરુણદ્વીપ શું સમચક્રવાલ સંસ્થિત છે કે વિષમચક્રવાલ સંસ્થિત ? ગૌતમ ! સમચક્રવાલ સંસ્થિત છે, વિષમ ચક્રવાલ સંસ્થિત નથી. તેનો ચક્રવાલ વિષ્કંભ કેટલો છે ?

સંખ્યાત લાખ યોજન ચક્રવાલ વિષ્કંભ અને સંખ્યાત લાખ યોજન પરિધિ છે. પદ્મવર વેદિકા, વનખંડ, દ્વાર,

દ્વારાંતર પૂર્વવત્ છે. સંખ્યાત લાખ યોજન દ્વારાંતર યાવત્ નામ–અર્થ – વાવડી ઇક્ષુરસ જેવા પાણીથી ભરી છે. ઉત્પાત પર્વત સર્વ વજ્રમય, સ્વચ્છ છે. અશોક અને વીતશોક એ બે મહર્દ્ધિક યાવત્ દેવો વસે છે. તેનું નામ અરુણદ્વીપ છે યાવત્ ચંદ્રાદિ સંખ્યાત જ્યોતિષ્ક છે.

**૨૯૭.** અરુણદ્વીપ, અરુણોદસમુદ્રથી ઘેરાયેલ છે. તેનો પણ પૂર્વવત્ પરિક્ષેપ છે. નામાર્થ – ક્ષોદોદક. વિશેષ આ – સુભદ્ર અને સુમનભદ્ર બે મહર્દ્ધિક દેવો છે. બાકી પૂર્વવત્.

અરુણોદ સમુદ્ર, અરુણવર નામક વૃત્ત–વલયાકાર દ્વીપ વડે ઘેરાયેલ છે. તેનો વિસ્તાર, પરિધિ વગેરે સર્વ કથાન પૂર્વવત્. વિશેષતા એ કે તેનું પાણી શેરડીના રસ જેવું છે. ઉત્પાત પર્વત સર્વ વજ્રમય, સ્વચ્છ છે. ત્યાં બે દેવો અરુણવરભદ્ર અને અરુણવરમહાભદ્ર મહર્દ્ધિક આદિ છે.

અરુણવરદ્વીપને ફરતો અરુણવર નામે સમુદ્ર છે.તે ગોળ અને વલયાકાર છે. અરુણવર સમુદ્રમાં યાવત્ અરુણવર અને અરુણ મહાવર નામક બે દેવો છે. બાકી બધું પૂર્વવત્.

અરુણવરોદ સમુદ્રને અરુણવરાવભાસ નામક વૃત્ત દ્વીપ ઘેરીને રહેલ છે યાવત્ અરુણવરાવભાસભદ્ર અને અરુણવરાવભાસમહાભદ્ર એ બે મહર્દ્ધિક દેવો છે.

એ પ્રમાણે અરુણવરાવભાસ સમુદ્ર છે. વિશેષ એ કે ત્યાં અરુણવરાવભાસવર, અરુણવરાવભાસમહાવર દેવો છે. શેષ સર્વ કથન પૂર્વવત જાણવું.

**૨૯૮.** અરુણવરાવભાસ સમુદ્રને ફરતો કુંડલદ્વીપ છે. તે કુંડલદ્વીપમાં કુંડલભદ્ર અને કુંડલ મહાભદ્ર બે મહર્દ્ધિક દેવો છે. કુંડલોદ સમુદ્રમાં ચક્ષુશુભ, ચક્ષુકાંત બે મહર્દ્ધિક દેવો છે.

કુંડલવર દ્વીપમાં કુંડલવરભદ્ર, કુંડલવરમહાભદ્ર એ બે મહર્દ્ધિક દેવ છે. કુંડલવરોદ સમુદ્રમાં મહર્દ્ધિક બે દેવ કુંડલવર અને કુંડલવરમહાવર છે. કુંડલવરાવભાસ દ્વીપમાં કુંડલવરાવભાસભદ્ર અને કુંડલવરાવભાસમહાભદ્ર એ બે દેવો છે. કુંડલવરોભાસ સમુદ્રમાં કુંડલવરોભાસવર અને કુંડલવરોભાસમહાવર એ બે દેવ યાવત્ પલ્યોપમ–સ્થિતિક વસે છે. ઈત્યાદિ વર્ણન કરવું.

**૨૯૯.** કુંડલવરોભાસ સમુદ્ર, રૂચક નામક વૃત્તવલયાકાર દ્વીપ વડે યાવત્ ઘેરીને રહેલ છે. તે શું સમચક્રવાલ સંસ્થિત છે કે વિષમચક્રવાલ ? ગૌતમ ! સમચક્રવાલ સંસ્થિત છે. ચક્રવાલ વિષ્કંભ કેટલો છે ? આદિ પૂર્વવત્. વિશેષ એ કે રુચક દ્વીપમાં સર્વાર્થ અને મનોરથ બે દેવો છે. બાકી પૂર્વવત્.

રૂચક સમુદ્રમાં સુમન અને સોમનસ નામના બે મહર્દ્ધિક દેવ રહે છે.

રૂચકોદ નામક સમુદ્ર ક્ષોદોદ સમુદ્ર માફક સંખ્યાત લાખ યોજન ચક્રવાલ વિષ્કંભ વાળા, સંખ્યાત લાખ યોજન પરિધિવાળા, દ્વાર–દ્વારાંતર પણ સંખ્યાત લાખ યોજનવાળા છે. જ્યોતિષ્ક સંખ્યા પણ સંખ્યાત કહેવી. નામાર્થ પણ ક્ષોદોદ માફક કહેવો. વિશેષ એ – સુમન અને સોમનસ એ બે દેવો મહર્દ્ધિક છે આદિ પૂર્વવત્.

રૂચક દ્વીપની આગળ બધા દ્વીપ–સમુદ્રોનો વિષ્કંભ, પરિધિ, દ્વારાંતર, જ્યોતિષ્ક બધું અસંખ્યાત કહેવું.

રૂચકોદ સમુદ્રને ઘેરીને રુચકવર નામે વૃત્ત દ્વીપ છે, તેમાં રુચકવરભદ્ર અને રુચકવરમહાભદ્ર એ બે દેવ છે. રુચકવરોદ સમુદ્રમાં રુચકવર, રુચક મહાવર બે મહર્દ્ધિક દેવ છે. રુચકવરાવભાસ દ્વીપમાં રુચકવરાવભાસવર અને રુચક–વરાવભાસમહાવર એ બે મહર્દ્ધિક દેવ છે.

**૩૦૦.** હારદ્વીપમાં હારભદ્ર, હારમહાભદ્ર દેવ છે. હાર સમુદ્રમાં હારવર, હારવરમહાવર એ બે મહર્દ્ધિક દેવ છે. હારવરોદ દ્વીપમાં હારવરભદ્ર, હારવરમહાભદ્ર બે મહર્દ્ધિક દેવ છે. હારવરોદ સમુદ્રમાં હારવર, બે દેવ છે.

હારવરાવભાસ દ્વીપમાં હારવરાવભાસભદ્ર અને હારવરાવભાસમહાભદ્ર બે દેવ છે. હારવરાવભાસ સમુદ્રમાં હારવરાવભાસવર અને હારવરાવભાસમહાવર એ બે દેવ છે.

આ પ્રમાણે બધા ત્રિપ્રત્યાવતાર જાણવા યાવત્ સુરવરોભાસ સમુદ્ર, દ્વીપના નામ સાથે ભદ્ર અને સમુદ્રના નામ સાથે વર લગાડતા, તે દ્વીપ, સમુદ્રના નામ થાય છે. યાવત્ ક્ષોદવરથી સ્વયંભૂરમણ પર્યન્તમાં વાવડી આદિ ઇક્ષુરસ જેવા જળથી ભરેલ છે, પર્વતો બધા વજ્રમય છે.

દેવદ્વીપ દ્વીપમાં બે મહર્દ્ધિક દેવ રહે છે – દેવભદ્ર અને દેવમહાભદ્ર. દેવોદ સમુદ્રમાં દેવવર અને દેવમહાવર છે યાવત્ સ્વયંભૂરમણ દ્વીપમાં સ્વયંભૂરમણભદ્ર અને સ્વયંભૂરમણમહાભદ્ર એ બે મહર્દ્ધિક દેવ છે. સ્વયંભૂરમણદ્વીપ, સ્વયંભૂરમણ નામે વૃત્ત–વલયાકાર સમુદ્રથી ઘેરાયેલ છે. યાવત્ અસંખ્યાત લાખ યોજન પરિધિથી છે યાવત્ તેના નામનો હેતુ જણાવતું કથન કરવું –(તે આ પ્રમાણે)

ગૌતમ ! સ્વયંભૂરમણ સમુદ્રનું જળ સ્વચ્છ, પથ્ય, જાત્ય, તનુક, સ્ફટિકવર્ણ આભાવાળું, પ્રાકૃતિક ઉદકરસ છે. તેમાં સ્વયંભૂરમણવર અને સ્વયંભૂરમણ મહાવર બે મહર્દ્ધિક દેવો છે. બાકી પૂર્વવત્ જાણવું યાવત્ અસંખ્યાત તારાગણ કોડાકોડી શોભે છે.

## સૂત્ર–૩૦૧, ૩૦૨

**૩૦૧.** ભગવન્ ! જંબૂદ્વીપ નામક કેટલા દ્વીપ છે ? ગૌતમ ! અસંખ્યાત જંબૂદ્વીપો છે. ભગવન્ ! લવણસમુદ્રો કેટલા છે ? ગૌતમ ! અસંખ્યાત છે. એ પ્રમાણે ધાતકીખંડ પણ જાણવા. એ રીતે યાવત્ સૂર્યદ્વીપ નામક દ્વીપ અસંખ્યાત છે. દેવ દ્વીપ એક કહ્યો છે, દેવોદ સમુદ્ર એક કહ્યો છે. એ પ્રમાણે નાગ, યક્ષ, ભૂત યાવત્ સ્વયંભૂરમણ દ્વીપ, સ્વયંભૂરમણ સમુદ્ર એક જ છે.

**૩૦૨.** ભગવન્ ! લવણસમુદ્રના જળનો સ્વાદ કેવો છે ? ગૌતમ ! લવણસમુદ્રનું જળ મલિન, રજવાળું, શેવાળ રહિત, ચિરસંચિત જળ જેવું, ખારું, કડવું, ઘણા દ્વીપદ–ચતુષ્પદ–મૃગ–પશુ–પક્ષી–સરીસૃપોને માટે પીવા યોગ્ય નથી. માત્ર તે જળમાં ઉત્પન્ન અને સંવર્ધિત જીવોને માટે પેય છે.

ભગવન્ ! કાલોદ સમુદ્રના જળનો સ્વાદ કેવો છે ? ગૌતમ! કાલોદ સમુદ્રનું પાણી આસ્વાદનીય, મનોજ્ઞ, શરીરને પુષ્ટ કરનારું, કાળું, અડદની રાશિના વર્ણ વાળું, પ્રકૃતિથી અકૃત્રિમ રસવાળું છે.

ભગવન્ ! પુષ્કરોદ સમુદ્રનું જળ કેવું છે ? ગૌતમ ! સ્વચ્છ, જાત્ય, હળવું, સ્ફટિક જેવું ઉજ્જવળ વર્ણનું, પ્રાકૃતિક ઉદક રસવાળું છે.

ભગવન્ ! વરુણોદનું જળ કેવું છે ? જેમ કોઈ પત્રાસવ, ચોયાસવ, ખર્જૂરસાર, સુપક્વ ઇક્ષુરસ, મેરક, કાપિશાયણ, ચંદ્રપ્રભા, મનોશિલા, વરસીધુ, પ્રવરવારુણી, અષ્ટપિષ્ટ પરિનિષ્ઠિત, જાંબૂફળકાલિકા વરપ્રસન્ના, ઉત્કૃષ્ટ મદ પ્રાપ્ત, કંઈક ઓષ્ઠાવ–લંબી, કંઈક આંખ લાલ કરનાર, કંઈક નશો દેનારી, આસ્વાદનીય, શરીરને પુષ્ટ કરનારું, વર્ણથી યુક્ત છે ? ના, તે અર્થ સમર્થ નથી. વારુણોદક આના કરતા ઈષ્ટતર યાવત્ સ્વાદવાળું છે.

ભગવન્ ! ક્ષીરોદ સમુદ્રના જળનો સ્વાદ કેવો છે ? ગૌતમ ! જેમ કોઈ ચાતુરંત ચક્રવર્તી રાજાની ચતુઃસ્થાન પરિણત ગાયનું દૂધ, મંદ અગ્નિ ઉપર સારી રીતે પકાવેલ હોય, આદિમાં અને અંતે જેમાં ખાંડ અને મિશ્રી ઉમેર્યા હોય, વર્ણથી યાવત્ સ્પર્શથી યુક્ત હોય, આવો સ્વાદ હોય શું? ના, તે અર્થ સંગત નથી. ગૌતમ! ક્ષીરોદસમુદ્ર જળ આનાથી ઈષ્ટ યાવત્ સ્વાદુ છે.

ઘૃતોદ સમુદ્રનું જળ સ્વાદથી કેવું છે ?, જેમ કોઈ શરદઋતુના ગાયના ઘીના થર સમાન છે, જે સલ્લકી અને કણેરના ફૂલ જેવા વર્ણવાળુ છે. સારી રીતે ગરમ કરી, તત્કાળ નીતારેલ, તથા શ્રેષ્ઠ વર્ણ–ગંધ–રસ–સ્પર્શયુક્ત છે. શું આવો સ્વાદ હોય ? ના, તે અર્થ સંગત નથી. તેના કરતા ઈષ્ટતર યાવત્ સ્વાદુ હોય છે.

ક્ષોદોદ સમુદ્રનું જળ, જેમ કોઈ ભરુંડ દેશોત્પન્ન જાતિવંત ઉન્નત પોંડ્રક જાતિની શેરડી હોય, જે પાકે ત્યારે હરતાલ સમાન પીળી થાય, જેની સાંધા કાળા છે, ઉપર–નીચેનો ભાગ છોડી માત્ર વચલા ત્રિભાગને બલીષ્ઠ બળદો

દ્વારા ચલાવાતા યંત્રથી રસ કઢાયેલ હોય, વસ્ત્રથી ગાળેલ હોય, ચતુર્જાતકથી સુવાસિત હોય, અધિક પથ્ય, લઘુક, વર્ણાદિયુક્ત, આવો સ્વાદ હોય શું? ના, તે અર્થ સંગત નથી. આનાથી ઈષ્ટતરાદિ સ્વાદ છે. એ રીતે બાકીના સમુદ્રના જળનો સ્વાદ સ્વયંભૂરમણ પર્યન્ત જાણવો. વિશેષ એ – પુષ્કરોદના જળ માફક સ્વચ્છાદિ છે.

ભગવન્ ! કેટલા સમુદ્ર પ્રત્યેક રસવાળા છે ? ગૌતમ ! ચાર. તે આ – લવણ, વરુણોદ, ક્ષીરોદ, ઘૃતોદ.

ભગવન્ ! કેટલા સમુદ્રો પ્રકૃતિથી ઉદક રસવાળા છે ? ગૌતમ ! ત્રણ. તે આ– કાલોદ, પુષ્કરોદ, સ્વયંભૂરમણ. બાકીના સમુદ્રો પ્રાયઃ ક્ષોદરસવાળા કહેલા છે.

સૂત્ર–૩૦૩

ભગવન્ ! કેટલા સમુદ્રો ઘણા મત્સ્ય–કાચબા વાળા છે ? ગૌતમ ! ત્રણ સમુદ્રો. તે આ – લવણ, કાલોદ, સ્વયંભૂરમણ. બાકીના સમુદ્રો અલ્પ મત્સ્ય, કાચબાવાળા કહ્યા છે.

ભગવન્ ! લવણસમુદ્રમાં મત્સ્યોની કેટલા લાખ જાતિ–કુલકોટિ–યોનિપ્રમુખ કહી છે ? ગૌતમ! સાત લાખ.

ભગવન્ ! કાલોદસમુદ્રમાં મત્સ્યોની કેટલા લાખ જાતિ–કુલકોટિ–યોનિ પ્રમુખ કહી છે ? ગૌતમ ! નવ લાખ.

ભગવન્ ! સ્વયંભૂરમણ સમુદ્રમાં ? સાડાબાર લાખ મત્સ્ય જાતિ–કુલકોટિ–યોનિ પ્રમુખ કહી છે.

ભગવન્ ! લવણસમુદ્રમાં મત્સ્યોના શરીરની કેટલી મોટી અવગાહના કહી છે ? ગૌતમ! જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ અને ઉત્કૃષ્ટથી ૫૦૦ યોજન. એ પ્રમાણે કાલોદ સમુદ્રમાં ૭૦૦ યોજન, સ્વયંભૂરમણમાં ૧૦૦૦ યોજન ઉત્કૃષ્ટથી છે.

સૂત્ર–૩૦૪,૩૦૫

૩૦૪. ભગવન્! નામોની અપેક્ષાએ દ્વીપ–સમુદ્ર કેટલા નામવાળા છે ?

ગૌતમ ! લોકમાં જેટલા શુભ નામો, શુભ વર્ણો યાવત્ શુભ સ્પર્શો છે, એટલા નામવાળા દ્વીપ અને સમુદ્રો છે.

ભગવન્ ! ઉદ્ધાર સમયોની અપેક્ષા દ્વીપસમુદ્રો કેટલા છે ? ગૌતમ ! અઢી સાગરોપમના જેટલા ઉદ્ધાર સમય છે, તેટલા દ્વીપ અને સમુદ્રો છે.

**૩૦૫.** ભગવન્ ! દ્વીપ–સમુદ્રો શું પૃથ્વીનું પરિણામ છે, અપ્‌જળનું પરિણામ છે, જીવનું પરિણામ છે કે પુદ્‌ગલનું પરિણામ છે ?

ગૌતમ ! દ્વીપ–સમુદ્રો પૃથ્વીપરિણામ પણ છે, અપ્‌પરિણામ પણ છે, જીવપરિણામ પણ છે, પુદ્‌ગલ પરિણામ પણ છે. ભગવન્ ! દ્વીપ–સમુદ્રોમાં સર્વે પ્રાણી, સર્વે ભૂત, સર્વે જીવ અને સર્વે સત્વો પૃથ્વીકાયિક પણે યાવત્ ત્રસકાયિકપણે પૂર્વે ઉત્પન્ન થયા છે? હા, ગૌતમ! કેટલીકવાર યાવત્ અનંતવાર ઉત્પન્ન થયેલ છે.

પ્રતિપત્તિ-૩- દ્વીપસમુદ્રાધિકારનો મુનિ દીપરત્નસાગરકૃત્ અનુવાદ પૂર્ણ

## ઇન્દ્રિય વિષયાધિકાર

**સૂત્ર–૩૦૬**

ભગવન્ ! ઇન્દ્રિયોના વિષયભૂત પુદ્‌ગલ પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ– શ્રોત્રેન્દ્રિય વિષય યાવત્ સ્પર્શનેન્દ્રિય વિષય.

ભગવન્ ! શ્રોત્રેન્દ્રિય વિષય પુદ્‌ગલ પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે – શુભ શબ્દ પરિણામ અને અશુભ શબ્દ પરિણામ. એ પ્રમાણે ચક્ષુ આદિ ઇન્દ્રિય વિષય પણ બબ્બે ભેદે છે. જેમ કે – સુરૂપ અને દુરૂપ પરિણામ. સુગંધ અને દુર્ગન્ધ પરિણામ. સુરસ–દુરસ પરિણામ. સુસ્પર્શ પરિણામ અને દુઃસ્પર્શ પરિણામ.

ભગવન્ ! ઉત્તમ–અધમ શબ્દ–રૂપ–ગંધ–રસ અને સ્પર્શ–પરિણામમાં પરિણમતા પુદ્‌ગલ પરિણમ્યા એમ કહી શકાય ? હા, ગૌતમ! ઉત્તમ–અધમ શબ્દ પરિણામોમાં પરિણમતા પુદ્‌ગલો પરિણમ્યા કહેવાય.

ભગવન્ ! શું શુભ શબ્દ પુદ્‌ગલો અશુભ શબ્દપણે અને અશુભ શબ્દ પુદ્‌ગલો શુભ શબ્દપણે પરિણમે છે ? હા, ગૌતમ ! તે બંને પરસ્પર પરિણમે છે.

ભગવન્ ! શું સુરૂપ પુદ્‌ગલો દુરૂપપણે, દુરૂપ પુદ્‌ગલો સુરૂપપણે પરિણમે છે ? હા, ગૌતમ ! પરિણમે છે. એ પ્રમાણે સુગંધી પુદ્‌ગલ દુર્ગંધી પુદ્‌ગલપણે, દુર્ગંધી પુદ્‌ગલ સુગંધી પુદ્‌ગલપણે પરિણમે છે. એ રીતે સુસ્પર્શ, દુઃસ્પર્શપણે અને સુરસ દુરસપણે પરિણમે? હા, પરિણમે છે.

## દેવ–શક્તિ અધિકાર

**સૂત્ર–૩૦૭**

ભગવન્ ! કોઈ મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ દેવ પહેલા પુદ્‌ગલ ફેંકે અને પછી તે ગતિ કરતો તે વસ્તુને વચમાં પકડવાને સમર્થ છે ? હા, છે.

ભગવન્ ! એવું કયા કારણથી કહો છો કે – મહર્દ્ધિક દેવ યાવત્ પકડી શકે ? ગૌતમ ! ફેંકેલ પુદ્‌ગલની પહેલા શીઘ્રગતિ હોય છે, પછી તેની મંદગતિ થાય છે. જ્યારે તે મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ દેવની ગતિ પહેલાં પણ શીઘ્ર હોય છે અને પછી પણ શીઘ્ર હોય છે. તે કારણથી હે ગૌતમ ! એમ કહ્યું કે યાવત્ ગતિ કરતો દેવ પકડી લે છે.

ભગવન્ ! કોઈ મહર્દ્ધિક દેવ બાહ્ય પુદ્‌ગલ ગ્રહણ કર્યા વિના અને કોઈ બાળકને પહેલા છેદ્યા–ભેદ્યા વિના તેના શરીરને સાધવામાં સમર્થ છે શું ? ના, તે અર્થ સંગત નથી.

ભગવન્ ! કોઈ મહર્દ્ધિક દેવ બાહ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરીને, પણ બાળકના શરીરને પહેલાં છેદ્યા–ભેદ્યા વિના તેને સાંધવામાં સમર્થ છે શું ? ના, તે અર્થ સંગત નથી.

ભગવન્ ! કોઈ મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ દેવ બાહ્ય પુદ્‌ગલો ગ્રહણ કરીને, પહેલાં બાળકને છેદી–ભેદીને પછી તેને સાંધવામાં સમર્થ છે ? હા, સમર્થ છે, તે ગ્રંથિને છદ્મસ્થ જાણી કે જોઈ શકતો નથી, તે ગ્રંથિ એવી સૂક્ષ્મ હોય.

ભગવન્ ! મહર્દ્ધિક દેવ પહેલા બાળકને છેદ્યા–ભેદ્યા વિના દીર્ઘ કે હ્રસ્વ કરવામાં સમર્થ છે શું ? ના, તેમ નથી.

આ પ્રમાણે ચારે આલાવા છે. પહેલા–બીજા ભંગમાં બાહ્ય પુદ્‌ગલોનું ગ્રહણ નથી. એકાંતરિક છેદન–ભેદન નથી. બાકી પૂર્વવત્.

તે સિદ્ધિને છદ્મસ્થ જાણતો કે જોતો નથી. આટલી સૂક્ષ્મ તે દીર્ઘ કે હ્રસ્વ કરવાની વિધિ હોય છે.

## જ્યોતિષ્ક દેવાધિકાર

### સૂત્ર–૩૦૮ થી ૩૧૧

૩૦૮ ભગવન્ ! ચંદ્ર–સૂર્યોની નીચે રહેલ તારારૂપ દેવ, ચંદ્ર–સૂર્ય કરતા હીન કે તુલ્ય છે ? સમશ્રેણીમાં રહેલ તારારૂપ દેવ ચંદ્ર–સૂર્ય કરતા હીન કે તુલ્ય છે ? ઉપર રહેલ તારારૂપ દેવ ચંદ્ર–સૂર્ય કરતા હીન કે તુલ્ય છે ?

હા, ગૌતમ ! એમ છે.

ભગવન્ ! એમ કેમ કહો છો કે ચંદ્ર આદિ દેવની અપેક્ષાએ તારારૂપ દેવો હીન(અલ્પ ઋદ્ધિ) કે તુલ્ય(સમ ઋદ્ધિ) પણ હોય ?

ગૌતમ ! જેવા જેવા તે દેવોના પૂર્વભવના તપ, નિયમ, બ્રહ્મચર્ય આદિમાં ઉત્કૃષ્ટતા કે અનુત્કૃષ્ટતા હોય છે, તેમ–તેમ તે દેવોનું તે પ્રમાણમાં હીનત્વ કે તુલ્યત્વ હોય છે. એ કારણથી હે ગૌતમ! એમ કહ્યું કે ચંદ્ર–સૂર્યની નીચે–ઉપર કે સમશ્રેણીમાં રહેલ તારારૂપ દેવ હીન પણ હોય છે અને તુલ્ય પણ હોય છે.

**૩૦૯.** પ્રત્યેક ચંદ્ર અને સૂર્યના પરિવારમાં –

**૩૧૦.** ૮૮–ગ્રહો, ૨૮–નક્ષત્રો હોય છે. હવે તારા સંખ્યા –

**૩૧૧.** એક ચંદ્રના પરિવારમાં ૬૬,૯૭૫ કોડાકોડી તારાગણ હોય છે.

### સૂત્ર–૩૧૨, ૩૧૩

**૩૧૨.** ભગવન્ ! જંબૂદ્વીપના મેરુ પર્વતના પૂર્વચરમાંતથી કેટલે દૂર જ્યોતિષ્કદેવ તેની પ્રદક્ષિણા કરે છે ? ગૌતમ ! ૧૧૨૧ યોજન દૂરથી જ્યોતિષ્ક પ્રદક્ષિણા કરે છે. એ પ્રમાણે દક્ષિણ–પશ્ચિમ–ઉત્તરના ચરમાંતથી પણ ૧૧૨૧ યોજનથી ચાર ચરે છે.

ભગવન્ ! લોકાંતથી કેટલે દૂર જ્યોતિષ્ ચક્ર છે ? ગૌતમ ! ૧૧૧૧ યોજને જ્યોતિષ્ ચક્ર કહેલ છે.

ભગવન્ ! રત્નપ્રભાપૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી કેટલે દૂર સૌથી નીચેના તારારૂપ ગતિ કરે છે ? કેટલે દૂર સૂર્યવિમાન ગતિ કરે છે ? કેટલે દૂર ચંદ્રવિમાન ગતિ કરે છે ? કેટલે દૂર સૌથી ઉપરનો તારારૂપ ગતિ કરે છે ?

ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂભાગથી ૭૯૦ યોજન દૂર સૌથી નીચેનો તારો ગતિ કરે છે, ૮૦૦ યોજન દૂર સૂર્યવિમાન ગતિ કરે છે, ૮૮૦ યોજને ચંદ્ર વિમાન ગતિ કરે છે અને ૯૦૦ યોજન દૂર સૌથી ઉપરનો તારો ગતિ કરે છે.

ભગવન્ ! સૌથી નીચેના તારાથી કેટલે દૂર સૂર્ય વિમાન ચાલે છે ? કેટલે દૂર ચંદ્ર વિમાન ચાલે છે ? કેટલે દૂર સૌથી ઉપરનો તારો ચાલે છે ?

ગૌતમ ! સૌથી નીચેના તારાથી દશ યોજન દૂર સૂર્યવિમાન ચાલે છે, ૯૦ યોજન દૂર ચંદ્ર વિમાન ચાલે છે અને ૧૧૦ યોજન દૂર સૌથી ઉપરનું તારા વિમાન ચાલે છે.

ભગવન્ ! સૂર્યવિમાનથી કેટલે દૂર ચંદ્રવિમાન ચાલે છે ? કેટલે દૂર સૌથી ઉપરનો તારો ચાલે છે ? ગૌતમ ! સૂર્ય વિમાનથી ૮૦ યોજન દૂર ચંદ્ર વિમાન ચાલે છે. ૧૦૦ યોજન દૂર સૌથી ઉપરનો તારો ચાલે છે.

ભગવન્ ! ચંદ્ર વિમાનથી કેટલે દૂર સૌથી ઉપરનો તારો ગતિ કરે છે ? ગૌતમ ! ચંદ્રવિમાનથી ૨૦ યોજન દૂર સૌથી ઉપરનો તારો ગતિ કરે છે.

આ પ્રમાણે બધું મળીને ૧૧૦ યોજનના બાહલ્યમાં તિર્છી દિશામાં અસંખ્યાત યોજન પર્યન્ત જ્યોતિષ્ ચક્ર કહેલ છે.

**૩૧૩.** ભગવન્ ! જંબૂદ્વીપમાં કયું નક્ષત્ર બધા નક્ષત્રોની અંદર ગતિ કરે છે ? કયું નક્ષત્ર સૌથી બહાર ગતિ કરે છે ? કયું નક્ષત્ર સૌથી ઉપર ગતિ કરે છે ? કયું નક્ષત્ર સૌથી નીચે ગતિ કરે છે ?

ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં અભિજિત નક્ષત્ર સૌથી અંદર ગતિ કરે છે. મૂલ નક્ષત્ર સૌથી બહાર ગતિ કરે છે. સ્વાતિ નક્ષત્ર સૌથી ઉપર અને ભરણી નક્ષત્ર સૌથી નીચે ગતિ કરે છે.

સૂત્ર–૩૧૪

ભગવન્ ! ચંદ્રવિમાન કયા આકારે છે ?

ગૌતમ ! અર્દ્ધકપિત્થ સંસ્થાને રહેલ છે. તે સર્વથા સ્ફટિકમય છે, તેની કાંતિ બધી દિશા–વિદિશામાં ફેલાય છે આદિ, જાણે કે તે ઉપહાસ કરી રહેલ છે ઇત્યાદિ વર્ણન કરવું. આ પ્રમાણે સૂર્ય–વિમાન, નક્ષત્રવિમાન, ગ્રહવિમાન, તારાવિમાન પણ અર્ધકપિત્થ સંસ્થાન છે.

ભગવન્ ! ચંદ્રવિમાનની લંબાઈ–પહોળાઈ કેટલી છે ? પરિધિ કેટલી છે ? જાડાઈ કેટલી છે ? ગૌતમ ! ચંદ્ર વિમાનની લંબાઈ–પહોળાઈ એક યોજનના ૫૬/૬૧ ભાગ છે. તેનાથી ત્રણ ગુણાથી કંઈક અધિક તેની પરિધિ છે. એક યોજનના ૨૮/૬૧ ભાગ જાડાઈ છે.

સૂર્યવિમાનના વિષયમાં આ જ પ્રશ્ન – સૂર્યવિમાન એક યોજનના ૪૮/૬૧ ભાગ લાંબુ પહોળું છે. તેનાથી ત્રણ ગણાથી અધિક તેની પરિધિ છે. એક યોજનના ૨૪/૬૧ ભાગ જાડાઈ છે.

ગ્રહવિમાન અર્દ્ધ યોજન લાંબુ–પહોળું, તેનાથી ત્રણ ગુણી કરતા અધિક પરિધિ અને એક કોશ જાડાઈ છે, નક્ષત્ર વિમાન એક કોશ લાંબુ–પહોળું, તેનાથી ત્રણ ગણાથી અધિક પરિધિ અને અર્દ્ધ કોશ જાડાઈવાળું છે. તારા વિમાન અર્દ્ધકોશ લાંબુ, પહોળું ત્રણગણાથી અધિક પરિધિ, ૫૦૦ ધનુષ જાડાઈવાળું છે.

સૂત્ર–૩૧૫

ભગવન્ ! ચંદ્રવિમાનને કેટલા હજાર દેવ વહન કરે છે ?

ગૌતમ ! ચંદ્રવિમાનને કુલ ૧૬,૦૦૦ દેવ વહન કરે છે. તેમાં પૂર્વના ૪૦૦૦ દેવો સિંહરૂપ ધારણ કરી ઉઠાવે છે. તે સિંહ શ્વેત, સુભગ, સુપ્રભ, શંખતલ સમાન વિમલ, નિર્મલ, ઘન દહીં, ગાયનું દૂધ, ફીણ, ચાંદીના સમૂહ સમાન શ્વેત પ્રભાવાળો છે. તેની આંખ મધની ગોળી સમાન પીળી છે, મુખમાં સ્થિત સુંદર પ્રકોષ્ઠોથી યુક્ત ગોળ, મોટી, પરસ્પર જોડાયેલી, સુવિશિષ્ટ, તીક્ષ્ણ દાઢાઓ છે, તાળવું અને જીભ લાલ કમળના પત્ર સમાન મૃદુ અને સુકોમળ છે,

તેના નખ પ્રશસ્ત અને શુભ વૈડૂર્યમણિ માફક ચમકતા અને કર્કશ છે. ઉરુ વિશાળ અને મોટા છે, સ્કંધ પૂર્ણ અને વિપુલ છે, કેસરા સટી, મૃદુ, વિશદ, પ્રશસ્ત, સૂક્ષ્મ, લક્ષણયુક્ત અને વિસ્તીર્ણ છે, ગતિ લીલાયુક્ત અને ઉછળવાથી ગર્વીત, ધવલ છે. પૂંછ ઊંચી ઉઠેલી, સુનિર્મિત અને ફટકાર યુક્ત છે. નખ, દાંતને દાઢા વજ્રમય છે, જીભ, તાળવું, જોડેલ જોત્ત ત્રણે સોનાના છે. તે કામગમ, પ્રીતિગમ, મનોગમ, મનોરમ, મનોહર, અમિતગતિ, અમિત બળ–વીર્ય–પુરુષકાર પરાક્રમયુક્ત છે. તે જોર–જોરથી સિંહનાદ કરતા આકાશ અને દિશાઓને ગુંજાવતો અને શોભિત કરતો ચાલે છે.

તે ચંદ્રવિમાનને દક્ષિણ બાજુથી ૪૦૦૦ દેવો હાથીરૂપ ધારણ કરીને વહન કરે છે. તે હાથી શ્વેત, સુભગ, સુપ્રભ, શંખતલની જેમ વિમલ, નિર્મળ, ઘનદહીં, ગાયનું દૂધ, ફીણ, રજત નીકર સમાન શ્વેત છે. વજ્રમય કુંભયુગલની નીચે રહેલ સુંદર મોટી સૂંઢમાં જેણે ક્રીડાર્થે રક્તપદ્મોના પ્રકાશને ગ્રહણ કરેલ છે. તેનું મુખ ઊંચે ઉઠેલ, તપનીય સ્વર્ણના વિશાળ, ચંચળ, ચપળ, હલતા એવા વિમલ કાનોથી સુશોભિત છે, મધ જેવા ચમકતા, સ્નિગ્ધ, પીળા અને પક્ષ્મયુક્ત તથા મણિરત્ન માફક ત્રિવર્ણ–શ્વેત, કૃષ્ણ, પીત વર્ણવાળા તેના નેત્ર છે. તે નેત્ર ઉન્નત, મૃદુલ, મલ્લિકાના કોરક જેવા લાગે છે. દાંત સફેદ, એક સમાન, મજબૂત, પરિણત અવસ્થાવાળા, સુદૃઢ, સંપૂર્ણ અને સ્ફટિકમય હોવાથી સુજાત અને મૂસલની ઉપમાથી શોભિત છે.

દાંતોના અગ્રભાગે સ્વર્ણના વલય પહેરાવેલા છે. તેથી આ દાંત વિમલ મણિઓની વચ્ચે ચાંદીના સમૂહ જેવા

લાગે છે. તેમના મસ્તકે તપનીય સ્વર્ણના વિશાળ તિલક આદિ આભૂષણ પહેરાવેલા છે. વિવિધ મણિથી નિર્મિત ઉર્ધ્વ ગ્રૈવેયક આદિ કંઠના આભરણ ગળામાં પહેરાવેલ છે. જેના ગંડસ્થળોના મધ્યમાં વૈડૂર્યરત્નના વિચિત્ર દંડવાળા નિર્મળ વજ્રમય તીક્ષ્ણ અને સુંદર અંકુશ સ્થાપિત કરેલ છે. તપનીય સ્વર્ણના દોરડાથી પીઠનું આસ્તરણ સારી રીતે સજાવી ખેંચીને બાંધેલ છે, તેથી દર્પયુક્ત અને બળથી ઉદ્ધત બનેલ છે.

જાંબૂનદ સુવર્ણના બનેલા ઘનમંડળ–વાળા અને વજ્રમય લાલાથી તાડિત તથા આસપાસ વિવિધ મણિરત્નોની નાની–નાની ઘંટિકા વડે યુક્ત રત્નમય દોરડામાં લટકતા બે મોટા ઘંટોના મધુર સ્વરથી તે મનોહર લાગે છે. તેમની પૂંછ ચરણ સુધી લટકતી છે, ગોળ છે, સુજાત અને પ્રશસ્ત લક્ષણવાળા વાળ છે. જેનાથી તે હાથી પોતાના શરીરને લૂંછે છે. માંસલ અવયવોને લીધે પરિપૂર્ણ કાચબાની માફક તેના પગ હોવા છતાં તે શીઘ્ર ગતિવાળા છે. અંકરત્નના તેમના નખ છે, તપનીય સુવર્ણના જોત દ્વારા જોડેલ છે. તેઓ કામગમ, પ્રીતિગમ, મનોગમ, મનોરમ, મનોહર, અમિત ગતિ, અમિત બળ–વીર્ય–પુરુષકાર પરાક્રમવાળા છે. પોતાના ઘણા ગંભીર અને મનોહર ગુલગુલાયિત ધ્વનિના આકાશને પૂરિત કરે છે અને દિશાઓને સુશોભિત કરે છે.

તે ચંદ્ર વિમાનને પશ્ચિમ દિશા તરફ ૪૦૦૦ બળદ રૂપધારી દેવ ઉઠાવે છે. તે બળદો શ્વેત, શુભગ, સુપ્રમાણ, તેમના કુકુદ કુટીલ, લલિત, પુલિત, ચલ–ચપળ, શાલીન છે. તેમના પડખાં સમ્યક્ નમેલા, સંગત અને સુજાત છે, મિત–માયિત–પીન–રચિત પડખાં છે. મછલી અને કુક્ષી સમાન પાતળી કુક્ષિવાળા છે. નેત્ર પ્રશસ્ત, સ્નિગ્ધ, મધની ગોળી જેવા ચમકતા પીળા વર્ણના છે. જંઘા વિશાળ, મોટી અને માંસલ છે. તેમના સ્કંધ વિપુલ અને પરિપૂર્ણ છે, કપોલ ગોળ અને વિપુલ છે, હોઠ ઘન નિચિત અને જડબાથી સારી રીતે સંબદ્ધ છે, લક્ષણોપેત–ઉન્નત અને કંઈક ઝૂકેલા છે. તેઓ ચંક્રમિત, લલિત, પુલિત અને ચક્રવાલની જેમ ચપળ ગતિથી ગર્વિત છે. મોટી–સ્થૂળ–વર્તિત અને સુસંસ્થિત તેમની કમર છે. બંને કપોલના બાલ ઉપરથી નીચે સારી રીતે લટકે છે.

લક્ષણ અને પ્રમાણયુક્ત, પ્રશસ્ત અને રમણીય છે. તેમના ખૂર અને પૂંછ એક સમાન છે. તેમના શીંગડા એક સમાન, પાતળા અને તીક્ષ્ણ અગ્રભાગવાળા છે. તેમની રોમરાજી પાતળી, સૂક્ષ્મ, સુંદર અને સ્નિગ્ધ છે. સ્કંધપ્રદેશ ઉપચિત, પરિપુષ્ટ, માંસલ અને વિશાળ હોવાથી સુંદર છે. તેમની ચિતવન વૈડૂર્યમણિ જેવા ચમકતા કટાક્ષોથી યુક્ત, તેથી પ્રશસ્ત અને રમણીય ગર્ગર નામના આભૂષણથી શોભિત છે, ઘગ્ઘર નામક આભૂષણથી તેનો કંઠ પરિમંડિત છે. અનેક મણિ, સુવર્ણ અને રત્નોથી નિર્મિત નાની–નાની ઘંટડીની માળા તેની છાતી ઉપર તિર્છા રૂપમાં પહેરાવાઈ છે. તેના ગળામાં શ્રેષ્ઠ ઘંટીની માળા છે. તેમાંથી નીકળતી કાંતિ વડે તેમની શોભામાં વૃદ્ધિ થઈ રહી છે. આ પદ્મકમળની પરિપૂર્ણ સુગંધીયુક્ત માળાથી સુગંધિત છે. તેના ખૂર વજ્રના અને વિવિધ પ્રકારના છે. તેમના દાંત સ્ફટિક રત્નમય છે, તપનીય સુવર્ણની તેમની જીભ–તાળવું–જોતોથી જોડેલ છે. તેઓ કામગમ, પ્રીતિગમ, મનોગમ, મનોરમ, મનોહર, અમિતગતિ, અમિતબળ–વીર્ય–પુરુષકાર પરાક્રમવાળો છે. જોરદાર ગંભીર ગર્જનાના મધુર અને મનોહર સ્વરથી આકાશને ગુંજાવતા અને દિશાઓને શોભાવતા ગતિ કરે છે.

તે ચંદ્રવિમાનને ઉત્તર દિશાથી ૪૦૦૦ અશ્વરૂપધારી દેવ ઉઠાવે છે. તે અશ્વ શ્વેત, સુભગ, સુપ્રમાણ છે. જાત્યવંત છે. પૂર્ણ બળ અને વેગ પ્રગટ કરવાની વયવાળા છે. હરિમેલકની કોમળ કળી સમાન ધવલ આંખવાળા, ઘન–નિચિત, સુબદ્ધ, લક્ષણ–ઉન્નત, કુટિલ, લલિત, ઉછળતી ચંચલ અને ચપલ ચાલવાળા છે. કૂદવું–ઉછળવું–દોડવું–સ્વામીને ધારણ કરી રાખવા, લગામથી ચલાવે તેમ ચાલવું એ બધી શિક્ષા મુજબ ગતિ કરનારા છે. હાલતા એવા રમણીય આભૂષણ તેમના ગળામાં ધારણ કરેલ છે. તેમના પડખાં સમ્યક્ ઝૂકેલા, સંગત, પ્રમાણોપેત છે, સુંદર છે, યથોચિત માત્રામાં મોટા અને રતિ ઉત્પન્ન કરનાર છે. માછલી અને પક્ષી સમાન તેમની કુક્ષી છે, પીન–પીવર અને ગોળ સુંદર આકારવાળી કમર છે, બંને કપોલના બાલ ઉપરથી નીચે સુધી સારી રીતે લટકે છે, લક્ષણ અને

પ્રમાણયુક્ત, પ્રશસ્ત, રમણીય છે.

તેમની રોમરાજી પાતળી, સૂક્ષ્મ, સુજાત, સ્નિગ્ધ છે. તેમની ગરદનના વાળ મૃદુ, વિશદ, પ્રશસ્ત, સૂક્ષ્મ, સુલક્ષણોપેત અને સુલઝેલ છે. સુંદર અને વિલાસપૂર્ણ ગતિથી હલતા એવા આભૂષણોથી તેની કમર પરિમંડિત છે. તપનીય સ્વર્ણની ખૂર, જિહ્વા, તાલુ છે. તપનીય સ્વર્ણના જોતોથી સારી રીતે યુક્ત છે. તેઓ કામગમ–પ્રીતિગમ–મનોગમ–મનોરમ–મનોહર અમિતગતિ, અમિત બળ–વીર્ય–પુરુષકાર પરાક્રમ યુક્ત છે. તેઓ જોરદાર હણહણાહટના મધુર અને મનોહર ધ્વનિથી આકાશને ગુંજાવતા, દિશાઓને શોભિત કરે છે.

આ પ્રમાણે સૂર્યવિમાનની પણ પૃચ્છા. ગૌતમ ! ૧૬,૦૦૦ દેવો પૂર્વક્રમથી વહન કરે છે. આ પ્રમાણે ગ્રહવિમાનની પણ પૃચ્છા – ગૌતમ ! ૮૦૦૦ દેવો પૂર્વક્રમથી વહન કરે છે. ૨૦૦૦ દેવો પૂર્વની બાહાનું વહન કરે છે. ૨૦૦૦ દેવો દક્ષિણની, ૨૦૦૦ દેવો પશ્ચિમની અને ૨૦૦૦ દેવો ઉત્તરની બાહાને વહે છે.

આ પ્રમાણે નક્ષત્ર વિમાનની પૃચ્છા – ગૌતમ ! ૪૦૦૦ દેવો વહે છે. સિંહરૂપધારી ૧૦૦૦ દેવો પૂર્વ દિશામાં વહન કરે છે. એ રીતે ચારે દિશા કહેવી. એ પ્રમાણે તારા વિમાનોને ૨૦૦૦ દેવો વહન કરે છે. તેમાં ૫૦૦ દેવો સિંહરૂપ ધારણ કરી પૂર્વની બાહાને વહન કરે છે, એ પ્રમાણે ચારે દિશામાં સમજવું.

## સૂત્ર–૩૧૬, ૩૧૭

**૩૧૬.** ભગવન્ ! આ ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર, તારારૂપમાં કોણ કોનાથી શીઘ્રગતિ કે મંદગતિ છે ? ગૌતમ ! ચંદ્ર કરતા સૂર્ય શીઘ્રગતિ છે, સૂર્યથી ગ્રહો શીઘ્રગતિ છે, ગ્રહોથી નક્ષત્રો શીઘ્રગતિ છે, નક્ષત્રોથી તારા શીઘ્રગતિ છે. સૌથી અલ્પ ગતિ ચંદ્ર છે અને સૌથી શીઘ્રગતિ તારા છે.

**૩૧૭.** ભગવન્ ! આ ચંદ્ર યાવત્ તારારૂપમાં કોણ કોનાથી અલ્પઋદ્ધિક કે મહાઋદ્ધિક છે ? ગૌતમ ! તારા કરતા નક્ષત્રો મહર્દ્ધિક છે, નક્ષત્રો કરતા ગ્રહો મહાઋદ્ધિક છે. ગ્રહો કરતા સૂર્ય મહાઋદ્ધિક છે, સૂર્ય કરતા ચંદ્ર મહાઋદ્ધિક છે. સૌથી અલ્પ ઋદ્ધિવાળા તારા છે અને સૌથી મહાઋદ્ધિવાળા ચંદ્રો છે.

## સૂત્ર–૩૧૮ થી ૩૨૧

**૩૧૮.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં એક તારાથી બીજા તારાનું કેટલું અંતર કહેલ છે ? ગૌતમ ! અંતર બે પ્રકારે છે – વ્યાઘાતિમ અને નિર્વ્યાઘાતિમ. તેમાં જે વ્યાઘાતિમ છે, તે જઘન્યથી ૨૬૬ યોજન છે અને ઉત્કૃષ્ટ ૧૨,૨૪૨ યોજન છે તેમાં જે નિર્વ્યાઘાતિમ અંતર છે, તે જઘન્યથી ૫૦૦ ધનુષ અને ઉત્કૃષ્ટથી બે ગાઉ એક તારાથી બીજા તારાનું અંતર છે.

**૩૧૯.** ભગવન્ ! જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્રની કેટલી અગ્રમહિષીઓ છે ? ગૌતમ ! ચાર અગ્રમહિષી છે – ચંદ્રપ્રભા, જ્યોત્સ્નાભા, અર્ચિમાલી, પ્રભંકરા. આ પ્રત્યેક દેવીને ચાર–ચાર હજાર દેવોનો પરિવાર છે. એકૈક દેવી બીજી ૪૦૦૦ દેવીના પરિવારને વિકુર્વવા સમર્થ છે. આ પ્રમાણે બધી મળીને ૧૬,૦૦૦ દેવીઓનો પરિવાર થાય. તે એક ત્રુટિત કહી.

**૩૨૦.** ભગવન્ ! જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનમાં સુધર્માસભામાં ચંદ્ર સિંહાસનમાં પોતાના અંતઃપુરની સાથે દિવ્ય ભોગોપભોગને ભોગવતા વિચરવા સમર્થ છે ? ના, તે અર્થ સંગત નથી.

ભગવન્ ! એમ કેમ કહો છો કે જ્યોતિષરાજ ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનની સુધર્માસભામાં ચંદ્ર સિંહાસનમાં અંતઃપુર સાથે ભોગ ભોગવવા સમર્થ નથી ?

ગૌતમ ! જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્રના ચંદ્રાવતંસક વિમાનમાં સુધર્માસભામાં માણવક ચૈત્યસ્તંભમાં વજ્રમય–ગોળ–વૃત્ત–સમુદ્ગકમાં ઘણા જિન અસ્થિ રાખેલા છે, જે જ્યોતિષ્કેન્દ્ર, જ્યોતિષરાજ ચંદ્રને અને બીજા ઘણા દેવો અને દેવીઓને અર્ચનીય યાવત્ પર્યુપાસનીય છે. તે કારણે જ્યોતિષ્કેન્દ્ર ચંદ્ર યાવત્ ભોગ ભોગવવા

સમર્થ નથી. તેથી હે ગૌતમ! એમ કહ્યું કે ચંદ્ર ભોગ ભોગવવા સમર્થ નથી,

અથવા હે ગૌતમ ! જ્યોતિષરાજ જ્યોતિષેન્દ્ર ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનમાં સુધર્માસભામાં ચંદ્ર સિંહાસને ૪૦૦૦ સામાનિક દેવો યાવત્ ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો તથા બીજા ઘણા જ્યોતિષ્ક દેવો અને દેવીઓ સાથે પરીવરીને મોટા અવાજ સાથે વગાડાતા, નૃત્ય–ગીત–વાજિંત્ર–તંત્રી–તાલ–ત્રુટિત–ઘન–મૃદંગથી ઉત્પન્ન શબ્દોથી દિવ્ય ભોગોપભોગ ભોગવતો વિચરવા સમર્થ છે. પણ અંતઃપુર પરિવાર સાથે મૈથુન નિમિત્તક ભોગ ભોગવવાને માટે સમર્થ નથી.

**૩૨૧.** ભગવન્ ! જ્યોતિષેન્દ્ર જ્યોતિષ રાજસૂર્યની કેટલી અગ્રમહિષીઓ કહી છે ? ગૌતમ ! ચાર અગ્રમહિષી છે – સૂરપ્રભા, આતપાભા, અર્ચિમાલી, પ્રભંકરા. એ પ્રમાણે બાકીનું કથન ચંદ્રની જેમ કરવું. વિશેષ એ – "સૂર્યાવતંસક વિમાનમાં સૂર્ય સિંહાસન ઉપર" એમ કહેવું. તે પ્રમાણે બધા ગ્રહ આદિની ચાર અગ્રમહિષીઓ છે – વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજિતા.

**સૂત્ર–૩૨૨**

ભગવન્ ! ચંદ્ર વિમાનમાં દેવોની કેટલી કાળ સ્થિતિ કહી છે ? સ્થિતિપદમાં છે તેમ યાવત્ તારા સુધી કહેવું.

**સૂત્ર–૩૨૩**

ભગવન્ ! આ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ! ચંદ્ર અને સૂર્ય આ બંને તુલ્ય છે, તેનાથી સંખ્યાતગણા નક્ષત્રો, તેનાથી સંખ્યાતગણા ગ્રહો, તેનાથી સંખ્યાતગણા તારા છે.

## પ્રતિપત્તિ-૩- જ્યોતિષ્ક દેવાધિકારનો મુનિ દીપરત્નસાગરકૃત્ અનુવાદ પૂર્ણ

## પ્રતિપત્તિ-૩-વૈમાનિક ઉદ્દેશો-૧

**સૂત્ર–૩૨૪**

ભગવન્ ! વૈમાનિક દેવોના વિમાનો ક્યાં કહ્યા છે ? વૈમાનિક દેવો ક્યાં વસે છે ? પ્રજ્ઞાપના સૂત્રના સ્થાનપદમાં છે તેમ બધું જ કહેવું, વિશેષ એ કે અહી શક્રેન્દ્રની પરિષદોનું કથન કરવું. બીજા પણ ઘણા સૌધર્મકલ્પવાસી દેવો અને દેવીઓનું આધિપત્ય કરતા સુખપૂર્વક વિચરે છે.

**સૂત્ર–૩૨૫**

ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રની કેટલી પર્ષદા છે ? ગૌતમ ! ત્રણ પર્ષદા છે – સમિતા, ચંડા, જાતા. આભ્યંતરિકા–સમિતા, મધ્યમિકા–ચંડા, બાહ્યા–જાતા.

ભગવન્ ! શક્રેન્દ્રની અભ્યંતર પર્ષદામાં કેટલા હજાર દેવો છે ? મધ્યમિકાના ? તે રીતે બાહ્યાની પૃચ્છા. ગૌતમ ! શક્રેન્દ્રની આભ્યંતર પર્ષદામાં ૧૨,૦૦૦ દેવો છે, મધ્યમિકા પર્ષદામાં ૧૪,૦૦૦ દેવો અને બાહ્ય પર્ષદામાં ૧૬,૦૦૦ દેવો છે. અભ્યંતર પર્ષદામાં ૭૦૦ દેવી, મધ્યમામાં ૬૦૦, બાહ્યામાં ૫૦૦ દેવીઓ છે.

ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રની અભ્યંતર પર્ષદાના દેવોની કેટલા કાળ સ્થિતિ છે ? મધ્યમાની ? બાહ્યાની સ્થિતિ ? ગૌતમ ! શક્રેન્દ્રની અભ્યંતર પર્ષદાની પાંચ પલ્યોપમની સ્થિતિ, મધ્યમા પર્ષદાની ચાર પલ્યોપમ સ્થિતિ, બાહ્ય પર્ષદાના દેવોની ત્રણ પલ્યોપમની સ્થિતિ છે.

દેવીની સ્થિતિ – અભ્યંતર પર્ષદાની ત્રણ પલ્યોપમ, મધ્યમાની બે પલ્યોપમ, બાહ્ય પર્ષદાની એક પલ્યોપમ સ્થિતિ કહી છે. પર્ષદાનો અર્થ ભવનવાસી મુજબ કહેવો.

ભગવન્ ! ઈશાનક દેવોના વિમાનો ક્યાં છે ? હે ગૌતમ ! બધું કથન સૌધર્મ કલ્પવત્ જાણવું. વિશેષ એ કે ઈશાન નામના દેવેન્દ્ર દેવરાજ ત્યાં આધિપત્ય કરતાં વિચરે છે.

ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનની કેટલી પર્ષદાઓ કહી છે ? ગૌતમ ! ત્રણ પર્ષદા–સમિતા, ચંડા, જાતા બધું પૂર્વવત્ કહેવું. વિશેષ એ કે – અભ્યંતર પર્ષદામાં ૧૦,૦૦૦ દેવો, મધ્યમ પર્ષદામાં ૧૨,૦૦૦ દેવો, બાહ્ય પર્ષદામાં ૧૪,૦૦૦ દેવો કહેલા છે.

દેવીની પૃચ્છા–અભ્યંતર પર્ષદામાં ૯૦૦ દેવી, મધ્યમાં પર્ષદામાં ૮૦૦ દેવી અને બાહ્ય પર્ષદામાં ૭૦૦ દેવીઓ કહેલા છે.

સ્થિતિ – અભ્યંતર પર્ષદાના દેવોની સ્થિતિ સાત પલ્યોપમ કહી છે. મધ્યમા પર્ષદાના દેવોની સ્થિતિ છ પલ્યોપમ કહી છે, બાહ્યપર્ષદાના દેવોની સ્થિતિ પાંચ પલ્યોપમ કહી છે.

દેવીની પૃચ્છા–આભ્યંતર પર્ષદાની દેવીની સ્થિતિ સાતિરેક પાંચ પલ્યોપમ કહી છે, મધ્યમા પર્ષદાની દેવીની ચાર પલ્યોપમ સ્થિતિ કહી છે., બાહ્યા પર્ષદાની દેવીની ની ત્રણ પલ્યોપમ સ્થિતિ કહેલી છે. ત્રણ પ્રકારની પરિષદના અર્થ આદિ કથન ચમરેન્દ્રની પરિષદ સમાન જાણવા.

ભગવન્ ! સનત્કુમાર દેવોના વિમાનો ક્યાં છે ? ગૌતમ ! સર્વ કથન પ્રજ્ઞાપના સૂત્રના સ્થાનપદ અનુસાર કરવું યાવત્ સનત્કુમારની ત્રણે પર્ષદા સમિતાદિ પૂર્વવત્ કહેવા. વિશેષ એ કે – અભ્યંતર પર્ષદામાં ૮૦૦૦ દેવો કહ્યા છે. મધ્યમાં પર્ષદામાં ૧૦,૦૦૦ દેવો કહ્યા છે. બાહ્ય પર્ષદામાં ૧૨,૦૦૦ દેવો કહ્યા છે.

સનત્કુમારની અભ્યંતર પર્ષદાની દેવોની સ્થિતિ સાડા ચાર સાગરોપમ અને પાંચ પલ્યોપમ, મધ્યમા પર્ષદામાં દેવોની સ્થિતિ સાડા ચાર સાગરોપમ અને ચાર પલ્યોપમ, બાહ્ય પર્ષદા દેવોની સ્થિતિની સાડા ચાર સાગરોપમ અને ત્રણ પલ્યોપમ કહી છે. પર્ષદાનો અર્થ ચમરેન્દ્રની પરિષદ સમાન જાણવો.

એ પ્રમાણે માહેન્દ્રની ત્રણ પર્ષદા છે. વિશેષ એ – અભ્યંતર પર્ષદામાં ૬૦૦૦ દેવો, મધ્યમા પર્ષદામાં ૮૦૦૦ દેવો અને બાહ્ય પર્ષદામાં ૧૦,૦૦૦ દેવો કહ્યા છે.

માહેન્દ્ર પર્ષદામાં સ્થિતિ અભ્યંતર પર્ષદાના દેવોની સાડા ચાર સાગરોપમ અને સાત પલ્યોપમ, મધ્યમા પર્ષદાની દેવોની સ્થિતિ સાડાચાર  સાગરોપમ અને છ પલ્યોપમ , બાહ્ય પર્ષદાનાં દેવોની સ્થિતિ સાડા ચાર સાગરોપમ અને પાંચ પલ્યોપમ છે.

આ પ્રમાણે સ્થાન પદાનુસાર પહેલા બધા ઇન્દ્રોના વિમાનોનું કથન અને પછી પ્રત્યેકની પર્ષદાઓનું કથન કરવું.

'બ્રહ્મ'ઇન્દ્રની પણ ત્રણ પર્ષદા કહી છે. અભ્યંતરમાં ૪૦૦૦ દેવો, મધ્યમામાં ૬૦૦૦ દેવો, બાહ્યામાં ૮૦૦૦ દેવો કહ્યા છે. દેવોની સ્થિતિ અભ્યંતર પર્ષદાની સાડા આઠ સાગરોપમ અને પાંચ પલ્યોપમ, મધ્યમાની સાડા આઠ સાગરોપમ અને ચાર પલ્યોપમ, બાહ્યાની સાડા આઠ સાગરોપમ અને ત્રણ પલ્યોપમ.

લાંતક ઇન્દ્રની પણ ત્રણ પર્ષદા કહી છે યાવત્ અભ્યંતર પર્ષદામાં ૨૦૦૦ દેવો, મધ્યમામાં ૪૦૦૦ દેવો, બાહ્યામાં ૬૦૦૦ દેવો કહ્યા છે. સ્થિતિ – અભ્યંતર પર્ષદાની ૧૨–સાગરોપમ અને સાત પલ્યોપમ, મધ્યમા પર્ષદાની ૧૨–સાગરોપમ અને છ પલ્યોપમ, બાહ્યા પર્ષદાની ૧૨–સાગરોપમ અને પાંચ પલ્યોપમ સ્થિતિ છે.

મહાશુક્ર ઇન્દ્રની પણ ત્રણ પર્ષદા કહી છે યાવત્ અભ્યંતરમાં ૧૦૦૦ દેવ, મધ્યમામાં ૨૦૦૦ દેવો, બાહ્ય પર્ષદામાં ૪૦૦૦ દેવો છે. અભ્યંતર પર્ષદામાં સાડા પંદર સાગરોપમ અને પાંચ પલ્યોપમ, મધ્યમામાં સાડા પંદર સાગરોપમ અને ચાર પલ્યોપમ, બાહ્યામાં સાડા પંદર સાગરોપમ અને ત્રણ પલ્યોપમ છે.

સહસ્રાર ઇન્દ્રની પણ ત્રણ પર્ષદા કહી છે યાવત્ અભ્યંતર પર્ષદામાં ૫૦૦ દેવો, મધ્યમામાં ૧૦૦૦ દેવો, બાહ્યામાં ૨૦૦૦ દેવો કહ્યા છે. સ્થિતિ – અભ્યંતરમાં સાડા સત્તર સાગરોપમ અને સાત પલ્યોપમ, મધ્યમાની સાડા સત્તર સાગરોપમ અને છ પલ્યોપમ, બાહ્યાની સાડા સતર સાગરોપમ અને પાંચ પલ્યોપમ. અર્થ પૂર્વવત્.

આનત–પ્રાણત ઇન્દ્રની પણ ત્રણ પર્ષદા કહી છે યાવત્ ત્રણ પર્ષદાઓ. વિશેષ એ – અભ્યંતરમાં ૨૫૦ દેવો, મધ્યમામાં ૫૦૦ દેવો, બાહ્યમાં ૧૦૦૦ દેવો છે. સ્થિતિ – અભ્યંતરમાં ૧૯ સાગરોપમ અને પાંચ પલ્યોપમ, મધ્યમામાં ૧૯ સાગરોપમ અને ચાર પલ્યોપમ, બાહ્યાની ૧૯–સાગરોપમ અને ત્રણ પલ્યોપમ. અર્થ પૂર્વવત્.

ભગવાન ! આરણ–અચ્યુત દેવોના વિમાન ક્યાં છે ? પૂર્વવત્ કહેવું. સપરિવાર અચ્યુત નામક દેવેન્દ્ર દેવરાજ યાવત્ ત્યાં વિચરે છે.

અચ્યુત દેવેન્દ્રને ત્રણ પર્ષદાઓ કહી છે. આભ્યંતર પર્ષદામાં ૧૨૫ દેવ, મધ્યમા પર્ષદામાં ૨૫૦ દેવ, બાહ્યા પર્ષદામાં ૫૦૦ દેવો છે. સ્થિતિ–અભ્યંતર પર્ષદાના દેવોની ૨૧–સાગરોપમ અને સાત પલ્યોપમ, મધ્યમા પર્ષદાના દેવોની સ્થિતિ ૨૧–સાગરોપમ અને ૬–પલ્યોપમ, બાહ્યા પર્ષદાના દેવોની ૨૧–સાગરોપમ અને પાંચ પલ્યોપમ.

નીચેની ગ્રૈવેયકના દેવોના વિમાનો ક્યાં કહ્યા છે ? નીચેની ગ્રૈવેયકના દેવો ક્યાં વસે છે ? સ્થાનપદ માફક કહેવું. એ પ્રમાણે મધ્યમ ગ્રૈવેયક, ઉપરની ગ્રૈવેયક, અનુત્તર યાવત્ અહમિંદ્ર નામક દેવો તે કહેલા છે.

## પ્રતિપત્તિ-૩-વૈમાનિક ઉદ્દેશો-૨

**સૂત્ર–૩૨૬**

ભગવન્ ! સૌધર્મ, ઈશાન કલ્પની પૃથ્વી કોને આધારે કહી છે ? ગૌતમ ! ઘનોદધિ પ્રતિષ્ઠિત છે.

ભગવન્ !સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પમાં વિમાનની પૃથ્વી કોના આધારે કહી છે ? ગૌતમ ! તે ઘનવાતને આધારે રહેલી છે.

ભગવન્ ! બ્રહ્મલોકકલ્પમાં વિમાનની પૃથ્વી કોના આધારે કહી છે? ગૌતમ !– તે ઘનવાતને આધારે કહેલ છે

ભગવન્ ! લાંતક વિમાનની પૃથ્વી કોના આધારે કહી છે ? ગૌતમ ! લાંતક વિમાનની પૃથ્વી તદુભય ઘનોદધિ અને ઘનવાતને આધારે છે.

ભગવન્ ! મહાશુક્ર અને સહસ્રાર કલ્પમાં પણ તદુભય– ઘનોદધિ અને ઘનવાતને આધારે છે.

ભગવન્ ! આનત યાવત્ અચ્યુતકલ્પે પૃથ્વી કોના આધારે છે? અવકાશાંતરને આધારે છે.

ભગવન્ ! ગ્રૈવેયક વિમાન પૃથ્વી પૃચ્છા. ગૌતમ ! અવકાશાંતર આધારે રહેલ છે.

ભગવન્ ! અનુત્તરોપપાતિક પૃચ્છા. ગૌતમ ! તે અવકાશાંતરને આધારે રહેલ છે.

## સૂત્ર–૩૨૭ થી ૩૩૨

**૩૨૭.** ભગવન્ ! સૌધર્મ અને ઈશાન કલ્પમાં વિમાન પૃથ્વીની જાડાઈ કેટલી કહી છે ? ગૌતમ ! ૨૭૦૦ યોજન જાડી છે. આ પ્રમાણે બધે પ્રશ્નો કરવા.

સનત્કુમાર અને માહેન્દ્રમાં ૨૬૦૦ યોજન, બ્રહ્મ અને લાંતકની ૨૫૦૦ યોજન, મહાશુક્ર અને સહસ્રારમાં ૨૪૦૦ યોજન. આનત–પ્રાણત અને આરણ–અચ્યુત કલ્પે ૨૩૦૦ યોજન. ગ્રૈવેયક વિમાનની પૃથ્વી ૨૨૦૦ યોજન અને અનુત્તર વિમાનની પૃથ્વીની જાડાઈ ૨૧૦૦ યોજન છે.

**૩૨૮.** ભગવન્ ! સૌધર્મ અને ઈશાન કલ્પોમાં વિમાનો કેટલા ઊંચા છે ? ગૌતમ ! ૫૦૦ યોજન ઊંચા છે. સનત્કુમાર અને માહેન્દ્રમાં ૬૦૦ યોજન, બ્રહ્મ અને લાંતકમાં ૭૦૦ યોજન, મહાશુક્ર અને સહસ્રારમાં ૮૦૦ યોજન, આનતાદિ ચારમાં ૯૦૦ યોજન છે.

ભગવન્ ! ગ્રૈવેયક વિમાન કેટલા ઊંચા છે ? ૧૦૦૦ યોજન. અનુત્તર વિમાનમાં ૧૧૦૦ યોજન ઊંચાઈ છે.

**૩૨૯.** ભગવન્ ! સૌધર્મ–ઈશાન કલ્પોમાં વિમાનો કયા આકારે છે ? ગૌતમ ! વિમાન બે ભેદે કહ્યા – આવલિકા પ્રવિષ્ટ અને આવલિકા બાહ્ય.

તેમાં જે આવલિકા પ્રવિષ્ટ છે, તે ત્રણ ભેદે કહ્યા છે – વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર.

જે આવલિકા બાહ્ય છે, તે વિવિધ આકારે કહ્યા છે. એ પ્રમાણે ગ્રૈવેયક વિમાન સુધી કહેવું.

અનુત્તરોપપાતિક વિમાનો બે ભેદે – વૃત્ત અને ત્ર્યસ્ર.

**૩૩૦.** ભગવન્ ! સૌધર્મ–ઈશાન કલ્પોમાં વિમાનો કેટલી લંબાઈ–પહોળાઈથી અને કેટલી પરિધિથી છે ? ગૌતમ! વિમાનો બે ભેદે – સંખ્યાત વિસ્તૃત અને અસંખ્યાત વિસ્તૃત. જેમ નરકમાં કહેલું તેમ યાવત્ અનુત્તરોપપાતિક તે બે ભેદે છે સંખ્યાત વિસ્તૃત અને અસંખ્યાત વિસ્તૃત.

તેમાં જે સંખ્યાત વિસ્તૃત છે, તે જંબૂદ્વીપ પ્રમાણ છે અને જે અસંખ્યાત યોજન વિસ્તારવાળા છે, તે અસંખ્યાત હજાર યોજન વિસ્તાર અને પરિધિવાળા છે.

ભગવન્ ! સૌધર્મ–ઈશાનમાં વિમાનો કેટલા વર્ણવાળા કહ્યા છે ? ગૌતમ! પાંચ વર્ણવાળા છે – કૃષ્ણ, નીલ, લોહિત, હાલિદ્ર અને શ્વેત.

સનત્કુમાર અને માહેન્દ્રમાં ચાર વર્ણવાળા છે – નીલા યાવત્ શ્વેત વર્ણવાળા છે.

બ્રહ્મલોક અને લાંતકમાં ત્રણ વર્ણવાળા છે – લોહિત યાવત્ શ્વેત વર્ણવાળા છે.

મહાશુક્ર અને સહસ્રારમાં બે વર્ણવાળા છે – હાલિદ્ર અને શ્વેત વર્ણવાળા છે.

આનત–પ્રાણત, આરણ–અચ્યુતમાં શ્વેત વર્ણવાળા છે.

ગ્રૈવેયક વિમાનોના વર્ણ શ્વેત વર્ણવાળા છે છે.

અનુત્તરોપપાતિક વિમાનોનો વર્ણ પરમ શ્વેત કહેલ છે.

ભગવન્ ! સૌધર્મ–ઈશાન કલ્પમાં વિમાનોની પ્રભા કેવી છે ? ગૌતમ ! તે વિમાન નિત્ય સ્વયંની પ્રભાથી

પ્રકાશમાન અને નિત્ય ઉદ્યોતવાળા છે. યાવત્ અનુત્તરોપપાતિક વિમાન સ્વયંની પ્રભાથી નિત્યાલોક અને નિત્યોદ્યોતવાળા કહ્યા છે.

ભગવન્ ! સૌધર્મ-ઈશાન કલ્પોમાં વિમાનો કેવી ગંધવાળા કહ્યા છે ? ગૌતમ ! જેમ કોઈ કોષ્ઠપુટાદિ યાવત્ ગંધથી કહ્યા છે, યાવત્ તેનાથી ઈષ્ટતરક તેની ગંધ છે. અનુત્તરવિમાન સુધી આ પ્રમાણે જાણવું.

ભગવન્ ! સૌધર્મ-ઈશાન વિમાનો સ્પર્શથી કેવા કહ્યા છે ? જેમ કોઈ આજિનક, રૂ આદિ બધા સ્પર્શ કહેવા. અનુત્તરોપપાતિક વિમાન સુધી તેનાથી ઈષ્ટતર સ્પર્શ જાણવો.

ભગવન્ ! સૌધર્મ-ઈશાન કલ્પે વિમાન કેટલા મોટા છે ? ગૌતમ ! બધાં દ્વીપ-સમુદ્રો મધ્યે આ જંબૂદ્વીપને જેમ કોઈ દેવ ચપટી વગાડતા આ એક લાખ યોજન લાંબા પહોળા અને ૩,૧૬,૨૨૭ યોજનની અને ૩ ગાઉ, ૨૮ ધનુષ, સાડા ૧૩ આંગળ અધિકની પરિધિવાળા આ જમ્બૂદ્વીપની ૨૧ વખત પ્રદક્ષિણા કરી આવે, એવો દેવ યાવત્ છ માસ ચાલતો રહે, તો પણ કેટલાક વિમાનો સુધી પહોંચે અને કેટલાક વિમાનો સુધી ન પહોંચી શકે યાવત્ અનુત્તરોપપાતિક વિમાન, કેટલાક વિમાનોને પાર પામે છે, કેટલાકને નથી પામતા.

ભગવન્ ! સૌધર્મ-ઈશાન વિમાનો શેના બનેલ કહ્યા છે ? ગૌતમ ! સર્વ રત્નમય કહ્યા છે. તેમાં ઘણા જીવો અને પુદ્‌ગલો ઉત્પન્ન થાય છે - ચ્યવે છે, ચય-ઉપચય પામે છે. તે વિમાનો દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ શાશ્વત છે અને સ્પર્શ આદિ પર્યાયોની અપેક્ષાએ અશાશ્વત છે. આ કથન અનુત્તરોપપાતિક વિમાનો સુધી જાણવું.

ભગવન્ ! સૌધર્મ-ઈશાનમાં દેવો ક્યાંથી આવીને ઉપજે છે? ઉપપાત, પ્રજ્ઞાપના સૂત્રના વ્યુત્ક્રાંતિ પદાનુસાર જાણવો. સંમૂર્ચ્છિમને છોડીને બાકીના પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. ઉપપાત પ્રજ્ઞાપના સૂત્રના વ્યુત્ક્રાંતિ પદના આલાવા મુજબ અનુત્તરોપપાતિક સુધી કહેવો.

સૌધર્મ-ઈશાનમાં એક સમયમાં કેટલા દેવો ઉપજે છે ? ગૌતમ ! જઘન્યથી એક કે બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે સહસ્રાર સુધી કહેવું. આનત આદિ, ગ્રૈવેયક અને અનુત્તરમાં એક, બે, ત્રણ કે ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉત્પન્ન થાય છે.

ભગવન્ ! સૌધર્મ-ઈશાનમાંથી સમયે-સમયે એક-એક દેવનો અપહાર કરાય તો કેટલા કાળે તે ખાલી થઈ શકે ? ગૌતમ ! તે દેવ અસંખ્યાત છે. સમયે-સમયે અપહાર કરાતા-કરાતા અસંખ્યાત અવસર્પિણી ઉત્સર્પિણી સુધી અપહાર કરાય તો પણ તે ખાલી થઈ શકે નહીં. સહસ્રાર કલ્પ સુધી આમ કહેવું. આનતાદિ ચારમાં પણ તેમ કહેવું.

ગ્રૈવેયક અને અનુત્તરમાં સમયે-સમયે યાવત્ અપહાર કરાતા કેટલા કાળે અપહાર થાય ? ગૌતમ ! તે અસંખ્યાતા છે, સમયે-સમયે અપહાર કરાતા પલ્યોપમના અસંખ્યાત ભાગ સુધી અપહાર કરે તો પણ ખાલી ન થાય.

ભગવન્ ! સૌધર્મ-ઈશાન કલ્પમાં દેવોની શરીર અવગાહના કેટલી મોટી છે ? ગૌતમ ! શરીર બે ભેદે કહ્યું છે. તે આ - ભવધારણીય અને ઉત્તરવૈક્રિય.

તેમાં જે ભવધારણીય છે તે જઘન્યથી અંગુલનો અસંખ્યાતભાગ અને ઉત્કૃષ્ટ સાત રત્ની હાથ. તેમાં જે ઉત્તરવૈક્રિય છે, તે જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ એક લાખ યોજન છે. આ પ્રમાણે આગળ-આગળના કલ્પોમાં એક-એક હાથ ઊંચાઈ ઓછી કરતા યાવત્ અનુત્તરોપપાતિક દેવોની એક હાથ ઊંચાઈ રહે છે. ગ્રૈવેયકો અને અનુત્તર વિમાનોમાં માત્ર ભવધારણીય શરીર હોય છે, તેમને ઉત્તરવૈક્રિય શરીર હોતું નથી.

**૩૩૧.** ભગવન્ ! સૌધર્મ-ઈશાનમાં દેવોનું શરીર કયા સંઘયણે કહેલ છે ? ગૌતમ ! છ સંઘયણોમાં એક પણ સંઘયણ હોતું નથી. કેમકે તેમના શરીરમાં હાડકાં નથી, શિરા નથી કે નસો નથી, તેથી તેમને સંઘયણ નથી. જે પુદ્‌ગલ ઈષ્ટ, કાંત યાવત્ મણામ હોય છે, તે તેમના શરીરમાં એકઠા થઈને તથારૂપે પરિણમે છે. આમ અનુત્તરોપપાતિક સુધી કહેવું.

ભગવન્ ! સૌધર્મ–ઈશાન દેવોના શરીરનું સંસ્થાન કેવું કહેલ છે ? ગૌતમ ! બે ભેદે – ભવધારણીય, ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીય છે તે સમચતુરસ્ર સંસ્થાને સંસ્થિત છે. તેમાં જે ઉત્તરવૈક્રિય છે, તે વિવિધ સંસ્થાન સંસ્થિત કહેલ છે. યાવત્ અચ્યુત. ગ્રૈવેયક અને અનુત્તરવાસી અવૈક્રિયક છે. તેમનું ભવધારણીય શરીર સમચતુરસ્ર સંસ્થાનવાળું છે. ઉત્તર વૈક્રિય શરીર તેઓ કરતા નથી.

**૩૩૨.** સૌધર્મ–ઈશાનના દેવો કેવા વર્ણના કહ્યા છે ? ગૌતમ! કનકવત્ લાલ આભાવાળા કહ્યા છે. સનત્કુમાર અને માહેન્દ્રમાં કમળના પરાગ સમાન ગૌર છે. બ્રહ્મલોકના દેવ ભીના મહુડાના વર્ણવાળા છે. એ પ્રમાણે ગ્રૈવેયક સુધી કહેવું. અનુત્તરોપપાતિક દેવો પરમ શ્વેત વર્ણવાળા કહ્યા છે.

ભગવન્ ! સૌધર્મ–ઈશાન કલ્પોમાં દેવોના શરીરો કેવી ગંધવાળા કહ્યા છે ? ગૌતમ ! જેમ કોઈ કોષ્ઠપુટ આદિ સુગંધી દ્રવ્યોની સુગંધથી પણ યાવત્ મણામતર ગંધવાળા કહ્યા છે. આમ અનુત્તરોપપાતિક સુધી કહેવું.

સૌધર્મ–ઈશાનના દેવોનો શરીરનો કેવો સ્પર્શ છે ? ગૌતમ ! સ્થિર રૂપે મૃદુ, સ્નિગ્ધ, સુકુમાલ શરીર સ્પર્શવાળા કહ્યા છે. એ પ્રમાણે યાવત્ અનુત્તરોપપાતિક સુધી કહેવું.

સૌધર્મ–ઈશાનના દેવોના પુદ્‌ગલો કેવા ઉચ્છ્‌વાસપણે પરિણમે છે ? ગૌતમ ! જે પુદ્‌ગલો ઈષ્ટ, કાંત યાવત્ તે ઉચ્છ્‌વાસપણે પરિણમે છે. યાવત્ અનુત્તરોપપાતિક. એ પ્રમાણે આહારપણે પણ અનુત્તરોપપાતિક સુધી કહેવું.

સૌધર્મ–ઈશાન દેવોને કેટલી લેશ્યાઓ કહી છે ? ગૌતમ! એક જ તેજોલેશ્યા કહી છે. સનત્કુમાર અને માહેન્દ્રમાં એક પદ્મલેશ્યા છે. બ્રહ્મલોકમાં પણ પદ્મલેશ્યા છે. બાકીનાને એક શુક્લલેશ્યા છે. અનુત્તરોપપાતિકને એક પરમશુક્લ–લેશ્યા છે.

સૌધર્મ–ઈશાન દેવો શું સમ્યદ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, સમ્યક્‌મિથ્યા દૃષ્ટિ છે ? ત્રણે પણ હોય, યાવત્ અંતિમ ગ્રૈવેયક દેવો સમ્યક્‌દૃષ્ટિ પણ હોય, મિથ્યાદૃષ્ટિ પણ હોય, સમ્યક્–મિથ્યા દૃષ્ટિ પણ હોય.

અનુત્તરોપપાતિક દેવો સમ્યક્‌દૃષ્ટિ જ હોય, મિથ્યાદૃષ્ટિ ન હોય, સમ્યક્‌મિથ્યા દૃષ્ટિ ન હોય.

સૌધર્મ–ઈશાન દેવો શું જ્ઞાની છે કે અજ્ઞાની ? બંને. ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન નિયમા યાવત્ ગ્રૈવેયક.

અનુત્તરોપપાતિક દેવો જ્ઞાની છે, અજ્ઞાની નથી. ત્રણ જ્ઞાન નિયમા હોય. ત્રણ યોગ–બે ઉપયોગ બધા દેવોને અનુત્તર સુધી કહેવા.

## સૂત્ર–૩૩૩ થી ૩૩૬

**૩૩૩.** સૌધર્મ–ઈશાન કલ્પના દેવ અવધિજ્ઞાન દ્વારા કેટલા ક્ષેત્રને જાણે છે – જુએ છે ? ગૌતમ ! જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી નીચે યાવત્ રત્નપ્રભા પૃથ્વી સુધી, ઉર્ધ્વમાં પોતાના વિમાન સુધી, તિર્છું યાવત્ અસંખ્ય દ્વીપ સમુદ્રને જાણે છે – જુએ છે. તેની ત્રણ ગાથા–

**૩૩૪.** શક્ર અને ઈશાન પહેલી નરકના ચરમાંત સુધી, સનત્કુમાર અને માહેન્દ્ર બીજી નરકના ચરમાંત સુધી, બ્રહ્મ અને લાંતક દેવો ત્રીજી નરકના ચરમાંત સુધી, શુક્ર અને સહસ્રાર દેવો ચોથી નરકના ચરમાંત સુધી.

**૩૩૫.** આનત–પ્રાણત કલ્પના દેવો પાંચમી નરકના ચરમાંત સુધી, તે પ્રમાણે જ આરણ–અચ્યુતના દેવો અવધિજ્ઞાનથી જુએ છે.

**૩૩૬.** નીચલી અને મધ્યમ ગ્રૈવેયકના દેવો છઠ્ઠી નરક સુધી, ઉપરની ગ્રૈવેયકના દેવો સાતમી નરક પૃથ્વી સુધી જુએ છે. અનુત્તરના દેવો સંપૂર્ણ લોકનાલીને જુએ છે.

## સૂત્ર–૩૩૭

ભગવન્ ! સૌધર્મ–ઈશાન દેવોને કેટલા સમુદ્‌ઘાત કહ્યા છે ? ગૌતમ ! પાંચ સમુદ્‌ઘાતો કહ્યા છે – વેદના સમુદ્‌ઘાત કષાય સમુદ્‌ઘાત, મારણાંતિક સમુદ્‌ઘાત, વૈક્રિય સમુદ્‌ઘાત, તૈજસ સમુદ્‌ઘાત. એ પ્રમાણે અચ્યુત કલ્પ

સુધી કહેવું. ગ્રૈવેયકમાં પહેલા ત્રણ સમુદ્‌ઘાત કહ્યા.

સૌધર્મ–ઈશાનના દેવો કેવી ભૂખ–તરસને અનુભવતા વિચરે છે ? ગૌતમ ! કોઈ જ ભૂખ–તરસને અનુભવતા વિચરતા નથી. અનુત્તરોપપાતિક સુધી આમ જાણવું.

ભગવન્‌ ! સૌધર્મ–ઈશાન કલ્પોના દેવો એક રૂપ વિકુર્વણા કરવા સમર્થ છે અથવા ઘણા રૂપો વિકુર્વવાને સમર્થ છે ? બંને રૂપો વિકુર્વવા સમર્થ છે. એકની વિકુર્વણા કરતા તેઓ એકેન્દ્રિય યાવત્‌ પંચેન્દ્રિય રૂપો વિકુર્વી શકે છે. બહુરૂપો ની વિકુર્વણા કરતા તેઓ ઘણા બધા એકેન્દ્રિયો યાવત્‌ પંચેન્દ્રિયો રૂપોની વિકુર્વણા કરી શકે છે.

તેઓ સંખ્યાત કે અસંખ્યાત સદૃશ કે અસદૃશ, સંબદ્ધ કે અસંબદ્ધ રૂપો વિકુર્વે છે. વિકુર્વીને પોતાની ઇચ્છાનુસાર કાર્ય કરે છે. આવું અચ્યુત સુધી જાણવું.

ગ્રૈવેયક અને અનુત્તરોપપાતિક દેવો શું એક રૂપ વિકુર્વવાને સમર્થ છે કે અનેક રૂપો વિકુર્વવાને સમર્થ છે ? ગૌતમ ! તેઓ એક કે અનેકરૂપ વિકુર્વવા સમર્થ છે. પણ સંપ્રાપ્તિથી તેમણે કદી રૂપ વિકુર્વ્યા નથી, વિકુર્વતા નથી, વિકુર્વશે નહીં.

સૌધર્મ–ઈશાન દેવો કેવા શાતા–સુખને અનુભવતા વિચરે છે ? ગૌતમ ! મનોજ્ઞ શબ્દ યાવત્‌ મનોજ્ઞ સ્પર્શને અનુભવે છે. ગ્રૈવેયક સુધી આમ જાણવું. અનુત્તરોપપાતિક દેવો અનુત્તર શબ્દો યાવત્‌ સ્પર્શને અનુભવે છે.

સૌધર્મ–ઈશાનના દેવોને કેવી ઋદ્ધિ કહી છે ? ગૌતમ ! તેઓ મહર્દ્ધિક, મહાદ્યુતિક યાવત્‌ મહાનુભાગ ઋદ્ધિ યુક્ત છે. તે અચ્યુત સુધી કહેવું. ગ્રૈવેયક અને અનુત્તર દેવો સર્વે મહર્દ્ધિક યાવત્‌ સર્વે મહાનુભાગ છે. ત્યાં કોઈ ઇન્દ્ર નથી યાવત્‌ બધા અહમિંદ્ર નામક દેવગણો હે આયુષ્યમાન્‌ શ્રમણ ! કહેલા છે.

## સૂત્ર–૩૩૮ થી ૩૪૦

**૩૩૮.** સૌધર્મ–ઈશાનના દેવો વિભૂષાથી કેવા કહ્યા છે ? ગૌતમ ! દેવો બે પ્રકારે છે – વૈક્રિય શરીરવાળા અને અવૈક્રિય શરીરવાળા. તેમાં જે તે વૈક્રિય શરીરવાળા છે, તેઓ હાર વિરાજિત વક્ષઃસ્થળવાળા યાવત્‌ દશે દિશાઓને ઉદ્યોતીત કરતા, પ્રભાસતા યાવત્‌ પ્રતિરૂપ છે. તેમાં જે તે અવૈક્રિય શરીરવાળા છે, તેઓ આભરણ–વસ્ત્ર રહિત, સ્વાભાવિક વિભૂષાવાળા છે.

ભગવન્‌ ! સૌધર્મ–ઈશાન કલ્પમાં દેવીઓ કેવી વિભૂષાવાળી છે ? ગૌતમ! દેવીઓ બે પ્રકારે છે – વૈક્રિય શરીરવાળી અને અવૈક્રિય શરીરવાળા. તેમાં જે વૈક્રિય શરીરવાળી છે, તેઓ સુવર્ણના આભૂષણોના શબ્દો અને પ્રવર વસ્ત્રોને પહેરેલી છે. તેણી બધી ચંદ્રાનના, ચંદ્રવિલાસીની, ચંદ્રાર્દ્ધ સમાન કપાળવાળી, શૃંગારના ઘર જેવી, સુંદર વેશવાળી, સંગત યાવત્‌ પ્રાસાદીય યાવત્‌ પ્રતિરૂપ છે. તેમાં જે અવૈક્રિય શરીરવાળી છે, તેઓ આભરણ અને વસ્ત્ર રહિત, સ્વાભાવિક વિભૂષાવાળી કહેલી છે.

બાકીના કલ્પોમાં દેવો છે, દેવીઓ નથી. આ પ્રમાણે અચ્યુત કલ્પ સુધી કહેવું.

ગ્રૈવેયક દેવોની વિભૂષા કેવી છે ? ગૌતમ! તેઓ આભરણ અને વસ્ત્ર વિભૂષા રહિત છે. ત્યાં દેવી ન કહેવી. સ્વાભાવિક વિભૂષાવાળા કહેવા. એ પ્રમાણે અનુત્તરના દેવો કહેવા.

**૩૩૯.** સૌધર્મ–ઈશાનમાં દેવો કેવા કામભોગોને અનુભવતા વિચરે છે ? ગૌતમ ! ઇષ્ટ શબ્દ, ઇષ્ટ રૂપ યાવત્‌ ઇષ્ટ સ્પર્શ. એ રીતે ગ્રૈવેયક સુધી કહેવું. અનુત્તરોપપાતિક દેવો અનુત્તર શબ્દ યાવત્‌ અનુત્તર સ્પર્શને અનુભવે છે.

**૩૪૦.** બધા વૈમાનિકોની સ્થિતિ કહેવી. દેવપણાથી ચ્યવીને અનંતર જે જ્યાં જાય છે, તે કહેવું.

## સૂત્ર–૩૪૧

ભગવન્‌ ! સૌધર્મ–ઈશાનકલ્પોમાં બધા પ્રાણ, બધા ભૂત, બધા જીવ, બધા સત્વ, પૃથ્વીકાયિક રૂપે, દેવરૂપે, દેવીરૂપે, આસન–શયન–ભંડોપકરણ રૂપે પૂર્વે ઉત્પન્ન થયા છે ? હા, ગૌતમ! અનેકવાર કે અનંતવાર ઉત્પન્ન થયા છે.

બાકીના કલ્પોમાં આમ જ કહેવું. પણ દેવીપણે ઉત્પન્ન થવાનું ન કહેવું. ગ્રૈવેયક વિમાનો સુધી આમ કહેવું. અનુત્તરોપપાતિક વિમાનોમાં પૂર્વવત્ કહેવું પણ દેવ કે દેવીરૂપે ઉત્પન્ન થયા તેમ ન કહેવું. દેવોનું કથન પૂરું થયું.

**સૂત્ર–૩૪૨,૩૪૩**

**૩૪૨.** ભગવન્ ! નૈરયિકોની કેટલી કાલ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ. એ રીતે બધા માટે પ્રશ્ન કરવો.

તિર્યંચ યોનિકોની જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ. એ રીતે જ મનુષ્યોની છે. દેવોની સ્થિતિ નારકવત્ જાણવી.

દેવ અને નારકોની જે સ્થિતિ છે, તે જ તેઓની સંચિટ્ઠણા–કાયસ્થિતિ છે. તિર્યંચયોનિકોની જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ.

ભગવન્ ! મનુષ્ય મનુષ્યરૂપે કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ પૃથક્ત્વ અધિક ત્રણ પલ્યોપમ.

નૈરયિક, મનુષ્ય, દેવોનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. તિર્યંચયોનિકોનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ સાધિક શત સાગરોપમ પૃથક્ત્વ.

**૩૪૩.** ભગવન્ ! આ નૈરયિક યાવત્ દેવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? સૌથી થોડા મનુષ્યો છે, નૈરયિકો અસંખ્યાતગણા, તેનાથી દેવો અસંખ્યાતગણા, તેનાથી તિર્યંચો અનંતગુણા છે. તે આ ચાર ભેદે સંસારી જીવો કહ્યા.

## પ્રતિપત્તિ-૩- જ્યોતિષ્ક દેવાધિકારનો મુનિ દીપરત્નસાગરકૃત્ અનુવાદ પૂર્ણ

# પ્રતિપત્તિ–૪ ''પંચવિધા''

સૂત્ર–૩૪૪

તેમાં જેઓ એમ કહે છે. સંસાર સમાપન્નક જીવો પાંચ પ્રકારના છે, તેઓ આ પ્રમાણે કહે છે – જીવો પાંચ ભેદે છે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય.

તે એકેન્દ્રિયો કેટલા ભેદે છે ? બે ભેદે – પર્યાપ્તા અને અપર્યાપ્તા. એ પ્રમાણે પંચેન્દ્રિયો સુધી બબ્બે ભેદો કહેવા.

ભગવન્ ! એકેન્દ્રિયની કેટલી કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષ. બેઇન્દ્રિયથી જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ બાર વર્ષ. એ રીતે તેઇન્દ્રિયની ૪૯–રાત્રિદિન. ચઉરિન્દ્રિયની છ માસ. પંચેન્દ્રિયની જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ છે.

અપર્યાપ્ત એકેન્દ્રિયની કેટલો કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત્ત. આ પ્રમાણે બધા અપર્યાપ્તોની સ્થિતિ કહેવી.

પર્યાપ્ત એકેન્દ્રિયથી પંચેન્દ્રિયની પૃચ્છા – જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત ન્યૂન ૨૨,૦૦૦ વર્ષ. આ રીતે બધા પર્યાપ્તોની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત્ત ન્યૂન કહેવી.

ભગવન્ ! એકેન્દ્રિય, એકેન્દ્રિયરૂપે કેટલો કાળ રહે છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.

ભગવન્ ! બેઇન્દ્રિય, બેઇન્દ્રિયરૂપે કેટલો કાળ હોય ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સંખ્યાત કાળ યાવત્ ચઉરિન્દ્રિય.

ભગવન્ ! પંચેન્દ્રિય, પંચેન્દ્રિયપણે કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત. ઉત્કૃષ્ટ સાતિરેક હજાર સાગરોપમ.

ભગવન્ ! અપર્યાપ્ત એકેન્દ્રિય, તે રૂપે કેટલો સમય સુધી રહે છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત્ત યાવત્ અપર્યાપ્ત પંચેન્દ્રિય.

ભગવન્ ! પર્યાપ્ત એકેન્દ્રિય, તે જ રૂપે કેટલો સમય સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી સંખ્યાત હજાર વર્ષ. એ પ્રમાણે બેઇન્દ્રિય પણ કહેવા. વિશેષ એ કે– અહીં સંખ્યાત વર્ષ કહેવા.

ભગવન્ ! તેઇન્દ્રિય તે જ રૂપે કેટલો સમય સુધી રહે ? ગૌતમ ! સંખ્યાત રાત્રિદિન.

ભગવન્ ! ચઉરિન્દ્રિય તે જ રૂપે કેટલો સમય સુધી રહે ? સંખ્યાત માસ રહે.

ભગવન્ ! પર્યાપ્ત પંચેન્દ્રિય તે જ રૂપે કેટલો સમય સુધી રહે ? સાધિક સાગરોપમ શત પૃથક્ત્વ.

ભગવન્ ! એકેન્દ્રિયોનું અંતર કેટલા કાળનું છે ? ગૌતમ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાત વર્ષાધિક બે હજાર સાગરોપમ.

ભગવન્ ! બેઇન્દ્રિયનું અંતર કાળથી કેટલું હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. આ પ્રમાણે તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિયનું ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે.  પાંચે અપર્યાપ્ત અને પાંચે પર્યાપ્તાનું પણ અંતર ક્રમશઃ  આ પ્રમાણે જ કહેવું.

સૂત્ર–૩૪૫

ભગવન્ ! આ એક–બે–ત્રણ–ચાર–પાંચ ઇન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી ઓછા પંચેન્દ્રિયો છે, ચઉરિન્દ્રિય તેનાથી વિશેષાધિક છે. તેઇન્દ્રિય તેનાથી વિશેષાધિક છે, બેઇન્દ્રિય તેનાથી વિશેષાધિક છે . એકેન્દ્રિય તેનાથી અનંતગણા છે.

આ પ્રમાણે અપર્યાપ્તામાં સૌથી થોડા પંચેન્દ્રિય અપર્યાપ્તા છે, તેનાથી ચતુરિન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક છે,

તેનાથી તેઇન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, તેનાથી બેઇન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, એકેન્દ્રિય અપર્યાપ્તા અનંતગુણ. સેન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક છે.

સૌથી થોડાં ચતુરિન્દ્રિય પર્યાપ્તા, પંચેન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક, બેઇન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક, તેઇન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક, એકેન્દ્રિય પર્યાપ્તા અનંતગુણા છે, તેનાથી સેન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક છે.

આ સઇન્દ્રિય પર્યાપ્તા–અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા સઇન્દ્રિય અપર્યાપ્તા, સઇન્દ્રિય પર્યાપ્તા સંખ્યાતગુણા છે. એ પ્રમાણે એકેન્દ્રિયો પણ જાણવા.

બેઇન્દ્રિયોમાં પર્યાપ્તા–અપર્યાપ્તામાં અલ્પબહુત્વ ? ગૌતમ! સૌથી થોડા બેઇન્દ્રિય પર્યાપ્તા, અપર્યાપ્તા અસંખ્યાત–ગણા. એ પ્રમાણે તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિયો પણ જાણવા.

ભગવન્ ! આ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિયોમાં પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ આદિ છે ?

ગૌતમ ! સૌથી થોડા ચઉરિન્દ્રિય પર્યાપ્તા, પંચેન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક, બેઇન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક, તેઇન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક, પંચેન્દ્રિય અપર્યાપ્તા અસંખ્યાતગણા, ચઉરિન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, તેઇન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, બેઇન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, એકેન્દ્રિય અપર્યાપ્તા અનંતગુણા, સઇન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, એકેન્દ્રિય પર્યાપ્તા અસંખ્યાતગણા, સઇન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક, સઇન્દ્રિય વિશેષાધિક છે. આ પંચવિધા સંસારી જીવ કહ્યા.

પ્રતિપત્તિ-૪- નો મુનિ દીપરત્નસાગરકૃત્ અનુવાદ પૂર્ણ

# પ્રતિપત્તિ–૫ ''ષડ્‌વિધા''

## સૂત્ર–૩૪૬ થી ૩૫૦

**૩૪૬.** તેઓમાં જેઓ એમ કહે છે સંસાર સમાપન્નક જીવો છ પ્રકારના છે. તે આ – પૃથ્વીકાયિક, અપ્‌કાયિક, તેઉકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, ત્રસકાયિક.

ભગવન્‌ ! તે પૃથ્વીકાયિક કેટલા છે ? બે ભેદે કહ્યા છે– સૂક્ષ્મ પૃથ્વીકાયિક અને બાદર પૃથ્વીકાયિક.

સૂક્ષ્મ પૃથ્વીકાયિક બે ભેદે કહ્યા – પર્યાપ્તા અને અપર્યાપ્તા. એ રીતે બાદર પૃથ્વીકાયિક પણ કહેવા. એ રીતે અપ્–તેઉ–વાયુ–વનસ્પતિકાયિકના ચાર–ચાર ભેદો જાણવા.

ભગવન્‌ ! તે ત્રસકાયિકના કેટલા ભેદ છે ? બે ભેદે છે. તે આ – પર્યાપ્તા અને અપર્યાપ્તા.

**૩૪૭.** ભગવન્‌ ! પૃથ્વીકાયિકની કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ–૨૨,૦૦૦ વર્ષ. આ પ્રમાણે બધાની સ્થિતિ કહેવી.

ત્રસકાયિકોની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ છે. બધા અપર્યાપ્તોની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે. બધા પર્યાપ્તકોની ઉત્કૃષ્ટ સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન કરવું.

**૩૪૮.** ભગવન્‌ ! પૃથ્વીકાય, પૃથ્વીકાયના રૂપમાં કેટલો કાળ સુધી રહે છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ યાવત્‌ અસંખ્યાત લોકપ્રમાણ.

એ પ્રમાણે યાવત્‌ અપ્–તેઉ–વાયુકાયની સંચિઠ્ઠણા અર્થાત કાયસ્થિતિ જાણવી. વનસ્પતિકાયિકની કાય–સ્થિતિ અનંતકાળ છે યાવત્‌ આવલિકાનો અસંખ્યાતભાગ જેટલો સમય.

ભગવન્‌ ! ત્રસકાયિકની કાયસ્થિતિ કેટલી છે? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત ઉત્કૃષ્ટ સંખ્યાત વર્ષ અધિક બે હજાર સાગરોપમ છે.

છએ અપર્યાપ્તોની કાયસ્થિતિ જઘન્યથી પણ અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત્ત છે.

**૩૪૯.** પર્યાપ્તોમાં પૃથ્વીકાયની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સંખ્યાત હજાર વર્ષ છે. આ જ અપ્‌કાય, વાયુકાય, વનસ્પતિકાય પર્યાપ્તોની છે. તેઉકાય પર્યાપ્તકની કાયસ્થિતિ સંખ્યાત રાતદિવસની છે. ત્રસકાય પર્યાપ્તની સાગરોપમ શત પૃથક્ત્વ છે.

**૩૫૦.** ભગવન્‌ ! પૃથ્વીકાયનું કેટલું અંતર છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ. એ પ્રમાણે અપ્–તેઉ–વાયુકાયિકનું અંતર વનસ્પતિકાળ છે. ત્રસકાયિકનું પણ વનસ્પતિકાળ. વનસ્પતિકાયનું પૃથ્વીકાયિક કાળપ્રમાણ અંતર છે.

આ પ્રમાણે અપર્યાપ્તકોનો અંતરકાળ વનસ્પતિકાળ છે. વનસ્પતિકાયનું અંતર પૃથ્વીકાળ છે. પર્યાપ્તકોનું પણ એમ જ જાણવું.

## સૂત્ર–૩૫૧, ૩૫૨

**૩૫૧.** સૌથી થોડા ત્રસકાયિક, તેઉકાયિક તેનાથી અસંખ્યાતગણા, પૃથ્વીકાયિક વિશેષાધિક, અપ્‌કાયિક વિશેષાધિક, વાયુકાયિક વિશેષાધિક, વનસ્પતિકાયિક અનંતગુણા એ પ્રમાણે અપર્યાપ્તક પણ જાણવા અને પર્યાપ્તક પણ જાણવા.

ભગવન્‌ ! આ પર્યાપ્તા અને અપર્યાપ્તા પૃથ્વીકાયમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા પૃથ્વીકાયિક અપર્યાપ્તા છે, પૃથ્વીકાયિક પર્યાપ્તા સંખ્યાતગુણા છે.

આ બધામાં સૌથી થોડા અપ્‌કાયિક અપર્યાપ્તા છે, પર્યાપ્તા સંખ્યાતગુણા છે. વનસ્પતિકાયિક સુધી આ પ્રમાણે કહેવું. સૌથી થોડા ત્રસકાયિક પર્યાપ્તા છે, ત્રસકાય અપર્યાપ્તા અસંખ્યાતગણા છે.

ભગવન્ ! આ પૃથ્વીકાયિક યાવત્ ત્રસકાયિકોના પર્યાપ્તા–અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

સૌથી થોડા ત્રસકાયિક પર્યાપ્તા છે, ત્રસકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણા, તેઉકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણા છે, પૃથ્વી–અપ્–વાયુકાયિક અપર્યાપ્તા વિશેષાધિક છે, તેઉકાયિક પર્યાપ્તા સંખ્યાતગણા છે, પૃથ્વી–અપ્–વાયુ પર્યાપ્તા વિશેષાધિક છે. વનસ્પતિકાયિક અપર્યાપ્તા અનંતગણા, સકાયિક અપર્યાપ્તા વિશેષાધિક. વનસ્પતિકાયિક પર્યાપ્તા સંખ્યાતગણા. સકાયિક પર્યાપ્તા વિશેષાધિક છે.

**૩૫૨.** ભગવન્ ! સૂક્ષ્મ જીવોની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત. એ પ્રમાણે સૂક્ષ્મનિગોદ સુધી કહેવું.

એ પ્રમાણે અપર્યાપ્તા–પર્યાપ્તા બંનેની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ છે.

## સૂત્ર–૩૫૩, ૩૫૪

**૩૫૩.** ભગવન્ ! સૂક્ષ્મ, સૂક્ષ્મરૂપે કેટલો કાળ રહે છે ?

ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ યાવત્ અસંખ્યાત લોક. બધામાં પૃથ્વીકાળ યાવત્ સૂક્ષ્મ નિગોદની પૃથ્વીકાળ કાયસ્થિતિ છે. બધા અપર્યાપ્ત સૂક્ષ્મોની કાયસ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. એ રીતે બધા પર્યાપ્તાની પણ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે.

**૩૫૪.** ભગવન્ ! સૂક્ષ્મને કેટલા કાળનું અંતર હોય છે ?

ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ – કાળથી અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણી, ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાતમો ભાગ. સૂક્ષ્મ વનસ્પતિકાયિક અને સૂક્ષ્મ નિગોદનું અંતર યાવત્ અસંખ્યાત ભાગ છે. પૃથ્વીકાયિક આદિનો વનસ્પતિકાળ છે. એ રીતે અપર્યાપ્તા–પર્યાપ્તા જાણવા.

## સૂત્ર–૩૫૫

અલ્પબહુત્વ આ પ્રમાણે છે – સૌથી થોડા સૂક્ષ્મ તેઉકાયિક, સૂક્ષ્મ પૃથ્વીકાયિક વિશેષાધિક, સૂક્ષ્મ અપ્–વાયુ વિશેષાધિક, સૂક્ષ્મ નિગોદ અસંખ્યાતગણા, સૂક્ષ્મ વનસ્પતિકાયિક અનંતગુણા, સૂક્ષ્મ વિશેષાધિક, એ પ્રમાણે અપર્યાપ્તા–પર્યાપ્તા.

ભગવન્ ! આ સૂક્ષ્મ પર્યાપ્તા–અપર્યાપ્તામાં કોણ–કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? સૌથી થોડા સૂક્ષ્મ અપર્યાપ્તા, સૂક્ષ્મ પર્યાપ્તા તેનાથી સંખ્યાતગુણા. એ પ્રમાણે સૂક્ષ્મ નિગોદ સુધી જાણવું.

ભગવન્ ! આ સૂક્ષ્મોમાં, સૂક્ષ્મ પૃથ્વીકાયિક યાવત્ સૂક્ષ્મ નિગોદોમાં પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ગૌતમ ! સૌથી થોડા સૂક્ષ્મ તેઉકાય અપર્યાપ્તા, તેનાથી સૂક્ષ્મ પૃથ્વીકાયિક અપર્યાપ્તા વિશેષાધિક, સૂક્ષ્મ અપ્–કાયિક અપર્યાપ્તા વિશેષાધિક, સૂક્ષ્મ વાયુકાયિક અપર્યાપ્તા વિશેષાધિક, સૂક્ષ્મ તેઉકાયિક પર્યાપ્તા સંખ્યાતગુણ, સૂક્ષ્મ પૃથ્વી–અપ્–વાયુકાયિક પર્યાપ્તા વિશેષાધિક, સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા અસંખ્યાતગુણ, સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા સંખ્યાતગુણ, સૂક્ષ્મ વનસ્પતિકાયિક અપર્યાપ્તા અનંતગુણ, સૂક્ષ્મ અપર્યાપ્તા વિશેષાધિક, સૂક્ષ્મ વનસ્પતિ પર્યાપ્તા અસંખ્યાતગુણ, તેનાથી સૂક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક છે.

## સૂત્ર–૩૫૬

ભગવન્ ! બાદરની કેટલી કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૩૩–સાગરોપમ છે. એ રીતે બાદર ત્રસકાયિકની પણ છે. બાદર પૃથ્વીકાયિકની ૨૨,૦૦૦ વર્ષ, બાદર અપ્કાયની ૭૦૦૦ વર્ષ, બાદર તેઉકાયની ત્રણ અહોરાત્ર, બાદર વાયુકાયની ૩૦૦૦ વર્ષ, બાદર વનસ્પતિકાયની ૧૦,૦૦૦ વર્ષ, એ રીતે પ્રત્યેક

શરીર બાદરની પણ છે.

નિગોદની જઘન્ય–ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. એ રીતે બાદર નિગોદની પણ છે. અપર્યાપ્તાની બધાની અંતર્મુહૂર્ત્ત, પર્યાપ્તોની ઉત્કૃષ્ટ સ્થિતિ – બધાની કુલ સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન કરીને કહેવી.

## સૂત્ર–૩૫૭ થી ૩૬૦

**૩૫૭.** ભગવન્ ! બાદર, બાદર રૂપે કેટલો કાળ રહે ?

ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અસંખ્યકાળ–અસંખ્ય ઉત્સર્પિણી–અવસર્પિણીકાળથી, ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાત ભાગ.

બાદર પૃથ્વી–અપ્–તેઉ–વાયુકાયિક, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક અને બાદર નિગોદની જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અસંખ્યેય કાળ છે, જે કાળથી અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણી છે, ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાત ભાગ છે.

પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક બાદર નિગોદની–પૃથ્વીવત્ બાદર નિગોદની જઘન્ય અંતર્મુહૂર્ત્ત–ઉત્કૃષ્ટ અનંતકાળ – અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અઢી પુદ્‌ગલ પરાવર્ત્તન તુલ્ય છે. બાદર વનસ્પતિનીકાય સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ છે.

**૩૫૮.** બાદર ત્રસકાયમાં જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાત વર્ષ અધિક ૨૦૦૦ સાગરોપમ.

**૩૫૯.** બાદર અપર્યાપ્તાની કાયસ્થિતિ બધે અંતર્મુહૂર્ત્ત કહેવી. પર્યાપ્ત બાદર અને બાદર ત્રસકાયની૦

**૩૬૦.** સ્થિતિ સાતિરેક સાગરોપમ શત પૃથક્ત્વ છે, તેઉકાયની સંખ્યાત અહોરાત્ર છે, બંને નિગોદની અર્દ્ધમુહૂર્ત્ત, બાકીના બધાની સંખ્યાત હજાર વર્ષ છે.

## સૂત્ર–૩૬૧

ઔઘિક બાદર, બાદર વનસ્પતિ, નિગોદ, બાદર નિગોદ, આ ચારેનું અંતર પૃથ્વીકાલ યાવત્ અસંખ્યાત લોક છે. બાકીનાનું વનસ્પતિકાળ છે. એ પ્રમાણે પર્યાપ્તા અને અપર્યાપ્તાના અંતર પણ કહેવા.

ઔઘિક બાદર વનસ્પતિકાય, ઔઘિક નિગોદ, બાદર નિગોદનું અસંખ્યાત કાળ અંતર છે. બાકીનાનું અંતર વનસ્પતિકાળ છે.

## સૂત્ર–૩૬૨

૧ સૌથી થોડા બાદર ત્રસકાયિક છે, બાદર તેઉકાયિક તેનાથી અસંખ્યાતગણા છે, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક તેનાથી અસંખ્યાતગણા છે. બાદર નિગોદ તેનાથી અસંખ્યાતગણા, બાદર પૃથ્વી અસંખ્યાતગણા, અપ્–વાયુ તેનાથી અસંખ્યાતગણા છે, બાદર વનસ્પતિકાયિક તેનાથી અનંતગણા, બાદરો વિશેષાધિક છે.

૨ એ પ્રમાણે અપર્યાપ્તા પણ જાણવા.

૩ પર્યાપ્તામાં સૌથી થોડા બાદર તેઉકાયિક, બાદર ત્રસકાયિક અસંખ્યાતગણા, પ્રત્યેક શરીર બાદર અસંખ્યાતગણા, બાકીના પૂર્વવત્ યાવત્ બાદરો વિશેષાધિક.

૪ ભગવન્ ! આ બાદર પર્યાપ્ત–અપર્યાપ્તમાં કોણ કોનાથી અલ્પાદિ છે ?

સૌથી થોડા બાદર પર્યાપ્તા, બાદર અપર્યાપ્તા અસંખ્યાતગણા, એ રીતે બાદર ત્રસકાયવત્ છે.

૫ ભગવન્ ! આ બાદર, બાદર પૃથ્વીકાયિક યાવત્ બાદર ત્રસકાયિકના પર્યાપ્તા–અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

સૌથી થોડાં બાદર તેઉકાયિક પર્યાપ્તક છે. બાદર ત્રસકાયિક અપર્યાપ્તક અસંખ્યાતગણા છે. પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા અસંખ્યાતગણા છે. બાદર નિગોદ પર્યાપ્તા તેનાથી અસંખ્યાતગણા છે. પૃથ્વી–અપ્–

વાયુ પર્યાપ્તકા અસંખ્યાતગણા છે, બાદર તેઉકાય અપર્યાપ્તકા તેનાથી અસંખ્યાતગણા છે. પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાય અપર્યાપ્તા અસંખ્યાતગણા છે. બાદર નિગોદ અપર્યાપ્તકા અસંખ્યાતગણા, બાદર પૃથ્વી–અપ્–વાયુ અપર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર વનસ્પતિ પર્યાપ્તા અનંતગણા, બાદર પર્યાપ્તા વિશેષાધિક, બાદર વનસ્પતિ અપર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર અપર્યાપ્તા વિશેષાધિક, બાદર અપર્યાપ્તા વિશેષાધિક છે.

હવે સૂક્ષ્મ–બાદરનું અલ્પબહુત્વ કહે છે –

૧ ભગવન્ ! આ સૂક્ષ્મ, સૂક્ષ્મ પૃથ્વીકાયિક યાવત્ સૂક્ષ્મ નિગોદોમાં – બાદર, બાદર પૃથ્વીકાયિક યાવત્ બાદર ત્રસકાયિકમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે?

ગૌતમ ! સૌથી થોડા બાદર ત્રસકાયિક છે, બાદર તેઉકાયિક તેનાથી અસંખ્યાતગણા છે, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક અસંખ્યાતગણા છે આદિ પૂર્વવત્ યાવત્ બાદર વાયુકાયિક અસંખ્યાતગણા, સૂક્ષ્મ તેઉકાયિક અસંખ્યાતગણા, સૂક્ષ્મ પૃથ્વીકાયિક વિશેષાધિક, સૂક્ષ્મ અપ્–સૂક્ષ્મ વાયુ વિશેષાધિક, સૂક્ષ્મ નિગોદ અસંખ્યાતગણા, બાદર વનસ્પતિકાયિક અનંતગણા, બાદરો વિશેષાધિક, સૂક્ષ્મ વનસ્પતિકાયિક અસંખ્યાતગણા, તેનાથી સૂક્ષ્મો વિશેષાધિક છે.

૨. એ પ્રમાણે અપર્યાપ્તા અને પર્યાપ્તા પણ જાણવા. વિશેષ એ કે – સૌથી થોડા બાદર તેઉકાયિક પર્યાપ્તા, બાદર ત્રસકાયિક પર્યાપ્તા અસંખ્યાતગણા,

૩. પ્રત્યેક શરીરી આદિ પૂર્વવત્ જાણવા યાવત્ સૂક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક છે.

૪ ભગવન્ ! આ સૂક્ષ્મ અને બાદર પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? ગૌતમ ! સૌથી થોડા બાદર પર્યાપ્તા, બાદર અપર્યાપ્તા અસંખ્યાતગણા. સૌથી થોડા સૂક્ષ્મ અપર્યાપ્તા, સૂક્ષ્મ પર્યાપ્તા સંખ્યાતગણા છે. એ પ્રમાણે સૂક્ષ્મ પૃથ્વી – બાદરપૃથ્વી યાવત્ સૂક્ષ્મનિગોદ–બાદર નિગોદ. વિશેષ એ કે – પ્રત્યેક શરીર બાદર વનસ્પતિ–કાયમાં સૌથી થોડા પર્યાપ્તા છે, અપર્યાપ્તા અસંખ્યાતગણા છે. એ પ્રમાણે બાદર ત્રસકાયિકો પણ જાણવા.

બધા પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ગૌતમ ! સૌથી થોડા બાદર તેઉકાયિક પર્યાપ્તા, બાદર ત્રસકાયિક પર્યાપ્તા અસંખ્યાતગણા છે, તેનાથી અપર્યાપ્તા અસંખ્યાતગણા છે, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાય અપર્યાપ્તા અસંખ્યાતગણા, તેનાથી બાદર નિગોદ પર્યાપ્તા અસંખ્યાતગણા છે, બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તા તેનાથી અસંખ્યાતગણા છે,

અપ્–વાયુ–પર્યાપ્તા અસંખ્યાતગણા છે, બાદર તેઉકાયિક અપર્યાપ્તા તેનાથીઅસંખ્યાતગણા છે, પ્રત્યેક૦ અસંખ્યાતગણા, બાદર નિગોદ પર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર પૃથ્વી૦ અપ્૦ વાયુ૦ અપર્યાપ્તા અસંખ્યાતગણા, સૂક્ષ્મ તેઉકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણા, સૂક્ષ્મ પૃથ્વી–અપ્–વાયુ અપર્યાપ્તા વિશેષાધિક, સૂક્ષ્મ તેઉકાયિક પર્યાપ્તા સંખ્યાતગણા, સૂક્ષ્મ પૃથ્વી–અપ્–વાયુ પર્યાપ્તા વિશેષાધિક છે,

સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા તેનાથી સંખ્યાતગણા, સૂક્ષ્મનિગોદ પર્યાપ્તા તેનાથી અસંખ્યાતગણા છે, બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા અનંતગણા છે, બાદર પર્યાપ્તા વિશેષાધિક, બાદર વનસ્પતિકાય અપર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર અપર્યાપ્તા વિશેષાધિક, તેથી બાદરો વિશેષાધિક છે. સૂક્ષ્મ વનસ્પતિકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણા, સૂક્ષ્મ અપર્યાપ્તા વિશેષાધિક, સૂક્ષ્મ વનસ્પતિકાયિક પર્યાપ્તા સંખ્યાતગણા, સૂક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક, તેનાથી સૂક્ષ્મો વિશેષાધિક છે.

**સૂત્ર–૩૬૩**

ભગવન્ ! નિગોદ કેટલા ભેદે છે ? ગૌતમ ! નિગોદ બે ભેદે કહેલ છે. તે આ – નિગોદ અને નિગોદજીવ.

ભગવન્ ! નિગોદ જીવ કેટલા ભેદે કહ્યા છે ? ગૌતમ ! બે ભેદે છે. તે આ – સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદ.

ભગવન્ ! સૂક્ષ્મ નિગોદ કેટલા ભેદે કહેલ છે ? ગૌતમ ! બે ભેદે છે. તે આ – પર્યાપ્તકા અને અપર્યાપ્તકા. બાદર નિગોદ પણ બે ભેદે કહેલ છે – પર્યાપ્તકા અને અપર્યાપ્તકા.

ભગવન્ ! નિગોદજીવો કેટલા ભેદે કહ્યા છે ? બે ભેદે – સૂક્ષ્મ નિગોદજીવ અને બાદર નિગોદજીવ.

સૂક્ષ્મ નિગોદ જીવ બે ભેદે છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા. બાદર નિગોદજીવ બે ભેદે છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા.

સૂત્ર–૩૬૪

ભગવન્ ! નિગોદો, દ્રવ્યાર્થતાથી શું સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનંત ? ગૌતમ ! સંખ્યાત કે અનંત નથી, પણ છે. એ રીતે તેના પર્યાપ્તા, અપર્યાપ્તા પણ કહેવા.

ભગવન્ ! સૂક્ષ્મ નિગોદો દ્રવ્યાર્થતાથી સંખ્યાતા છે, અસંખ્યાતા છે કે અનંતા ? ગૌતમ ! અસંખ્યાત છે, સંખ્યાત કે અનંત નથી. એ રીતે પર્યાપ્તા અને અપર્યાપ્તા પણ જાણવા.

એ રીતે બાદરો, પર્યાપ્તા અને અપર્યાપ્તા પણ જાણવા કે તે સંખ્યાત કે અનંત નથી પણ અસંખ્યાત છે.

ભગવન્ ! નિગોદજીવો દ્રવ્યાર્થતાથી શું સંખ્યાતા છે, અસંખ્યાતા છે કે અનંતા ? ગૌતમ! અસંખ્યાત છે, સંખ્યાત કે અનંત નથી. એ રીતે પર્યાપ્તા અને અપર્યાપ્તા પણ જાણવા.

એ રીતે બાદરો, પર્યાપ્તા અને અપર્યાપ્તા પણ જાણવા કે તે સંખ્યાત કે અનંત નથી પણ અસંખ્યાત છે.

ભગવન્ ! નિગોદો પ્રદેશાર્થતાથી શું સંખ્યાતા છે, અસંખ્યાતા છે કે અનંતા ? ગૌતમ ! સંખ્યાતા કે અસંખ્યાતા નથી, અનંતા છે. એ પ્રમાણે પર્યાપ્તા અને અપર્યાપ્તા પણ જાણવા.

એ પ્રમાણે સૂક્ષ્મનિગોદો, પર્યાપ્તા અને અપર્યાપ્તા પણ જાણવા, પ્રદેશાર્થતાથી બધા અનંત છે.

આ પ્રમાણે બાદર નિગોદ, પર્યાપ્તા, અપર્યાપ્તા પણ જાણવા. પ્રદેશાર્થતાથી બધા અનંતા છે. એ પ્રમાણે નવ પ્રકારના નિગોદજીવો પણ બધા પ્રદેશાર્થતાથી અનંતા છે.

ભગવન્ ! આ સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત નિગોદોમાં દ્રવ્યાર્થતાથી, પ્રદેશાર્થતાથી, દ્રવ્યાર્થ–પ્રદેશાર્થતાથી કોણ કોનાથી અલ્પ કે બહુ કે તુલ્ય કે વિશેષાધિક છે ?

ગૌતમ ! સૌથી થોડા બાદર નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણાથી છે, બાદર નિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા, સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે સંખ્યાતગણા છે. એ પ્રમાણે પ્રદેશાર્થતાથી પણ જાણવુ.

દ્રવ્યાર્થ પ્રદેશાર્થતાથી – સૌથી થોડા બાદર નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે યાવત્ સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે સંખ્યાતગણા છે.

દ્રવ્યાર્થપણે સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તાથી પ્રદેશાર્થપણે બાદર નિગોદ પર્યાપ્તા અનંતગણા છે.

બાદર નિગોદ અપર્યાપ્તા પ્રદેશાર્થપણે અસંખ્યાતા૦ યાવત્ સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા પ્રદેશાર્થપણે સંખ્યાતગણા છે. એ પ્રમાણે નિગોદ જીવો પણ જાણવા. વિશેષ એ સંક્રમક યાવત્ સૂક્ષ્મ નિગોદ પર્યાપ્ત જીવો દ્રવ્યાર્થપણે છે તેનાથી પ્રદેશાર્થતાથી બાદરનિગોદ પર્યાપ્તા જીવો અસંખ્યાતગણા છે, બાકી પૂર્વવત્ યાવત્ સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા જીવો પ્રદેશાર્થપણે સંખ્યાતગણા છે.

ભગવન્ ! આ સૂક્ષ્મ–બાદર પર્યાપ્તા–અપર્યાપ્તા નિગોદોમાં અને સૂક્ષ્મ–બાદર પર્યાપ્ત–અપર્યાપ્ત નિગોદ જીવોમાં દ્રવ્યાર્થપણે–પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પાદિ૦ છે ?

સૌથી થોડા બાદર નિગોદ પર્યાપ્ત દ્રવ્યાર્થપણે, બાદર નિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા, સૂક્ષ્મ–નિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાતા, સૂક્ષ્મનિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે સંખ્યાતગણા, સૂક્ષ્મનિગોદ

દ્રવ્યાર્થપણે છે તેનાથી બાદર નિગોદ પર્યાપ્તા જીવો દ્રવ્યાર્થપણે અનંતગણા છે. બાદર નિગોદ અપર્યાપ્ત જીવો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા છે. સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા જીવો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા છે. સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા જીવો દ્રવ્યાર્થપણે સંખ્યાતગણા છે.

પ્રદેશાર્થપણે સૌથી થોડા બાદર નિગોદ અપર્યાપ્તા જીવો છે. પ્રદેશાર્થપણે બાદર નિગોદ અપર્યાપ્તા અસંખ્યાતા છે, સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા જીવો પ્રદેશાર્થપણે અસંખ્યાતગણા છે, સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા જીવો પ્રદેશાર્થપણે સંખ્યાતગણા છે. સૂક્ષ્મ નિગોદ જીવો પ્રદેશાર્થપણે છે, તેનાથી બાદર નિગોદ પર્યાપ્તા પ્રદેશાર્થપણે અનંતગણા છે. બાદર નિગોદ અપર્યાપ્તા પ્રદેશાર્થપણે અસંખ્યાતગણા છે યાવત્ સૂક્ષ્મનિગોદ પર્યાપ્તા પ્રદેશાર્થપણે સંખ્યાતગણા છે.

દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે સૌથી થોડા બાદર નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે છે. બાદર નિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા છે યાવત્ સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે સંખ્યાતગણા છે. દ્રવ્યાર્થપણે સૂક્ષ્મ નિગોદથી દ્રવ્યાર્થપણે બાદર નિગોદ પર્યાપ્ત જીવો અનંતગણા છે. બાકી પૂર્વવત્ યાવત્ દ્રવ્યાર્થપણે સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા જીવો સંખ્યાતગણા છે. દ્રવ્યાર્થપણે સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા જીવો કરતા પ્રદેશાર્થતાથી બાદર નિગોદ પર્યાપ્તા જીવો અસંખ્યાતગણા છે. બાકી પૂર્વવત્ યાવત્ સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા જીવો પ્રદેશાર્થપણે સંખ્યાતગણા છે.

## પ્રતિપત્તિ- ૫ - નો મુનિ દીપરત્નસાગરકૃત્ અનુવાદ પૂર્ણ

# પ્રતિપત્તિ–૬ "સપ્તવિધા"

સૂત્ર–૩૬૫

તેમાં જે એમ કહે છે કે સંસાર સમાપન્નક જીવ સાત ભેદે છે, તેઓ એમ કહે છે કે – નૈરયિક, તિર્યંચ, તિર્યંચ–યોનિની, મનુષ્ય, માનુષી, દેવ, દેવી.

નૈરયિકોની સ્થિતિ જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ છે, ઉત્કૃષ્ટથી ૩૩–સાગરોપમ છે.

તિર્યંચયોનિકની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ, એ રીતે તિર્યંચસ્ત્રીની, મનુષ્યોની, મનુષ્યસ્ત્રીની પણ છે. દેવોની સ્થિતિ નૈરયિક પ્રમાણે છે. દેવીની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ પંચાવન પલ્યોપમ છે.

નૈરયિકો, દેવ અને દેવીની જે સ્થિતિ છે, તે જ સંચિટ્ઠણા(કાયસ્થિતિ) છે. તિર્યંચસ્ત્રીની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ પૂર્વકોડી પૃથક્ત્વ અભ્યધિક છે. એ પ્રમાણે મનુષ્ય અને માનુષીની જાણવી.

નૈરયિકોનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે. એ પ્રમાણે તિર્યંચને છોડીને બધાનું અંતર જાણવું. તિર્યંચયોનિકોની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાધિક સાગરોપમ શત પૃથક્ત્વ છે.

અલ્પબહુત્વ– સૌથી ઓછી મનુષ્યસ્ત્રીઓ, મનુષ્ય અસંખ્યાતગુણ, નૈરયિક અસંખ્યાતગણા, તિર્યંચસ્ત્રીઓ, અસંખ્યાતગણી, દેવો અસંખ્યાતગણા, દેવી સંખ્યાતગણી, તિર્યંચયોનિકો અનંતગુણ છે. આ સપ્તવિધા સંસારી જીવ કહ્યા.

## પ્રતિપત્તિ- ૬ - નો મુનિ દીપરત્નસાગરકૃત્ અનુવાદ પૂર્ણ

## પ્રતિપત્તિ–૭ ''અષ્ટવિધા''

સૂત્ર–૩૬૬

તેમાં જેઓ એમ કહે છે કે સંસારસમાપન્નક જીવો આઠ ભેદે છે, તેઓ આ પ્રમાણે કહે છે – પ્રથમ સમય નૈરયિક, અપ્રથમ સમય નૈરયિક, પ્રથમ સમય તિર્યંચયોનિક, અપ્રથમ સમય તિર્યંચયોનિક, પ્રથમ સમય મનુષ્ય, અપ્રથમ સમય મનુષ્ય, પ્રથમ સમય દેવ, અપ્રથમ સમય દેવ આ આઠ ભેદ છે.

ભગવન્ ! પ્રથમ સમય નૈરયિકની કેટલી કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! પ્રથમ સમય નૈરયિકની જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ એક સમય. અપ્રથમ સમય નૈરયિકની જઘન્ય ૧૦,૦૦૦ વર્ષમાં એક સમય ન્યૂન. ઉત્કૃષ્ટ સમય ન્યૂન ૩૩–સાગરોપમ.

પ્રથમ સમય તિર્યંચયોનિકની જઘન્ય અને ઉત્કૃષ્ટ એક સમય. અપ્રથમ સમય તિર્યંચયોનિકની જઘન્ય એક સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ અને ઉત્કૃષ્ટ સમય ન્યૂન ત્રણ પલ્યોપમ. એ પ્રમાણે મનુષ્યની સ્થિતિ તિર્યંચયોનિક માફક અને દેવોની સ્થિતિ નૈરયિક સમાન જાણવી. નૈરયિક અને દેવોની જે સ્થિતિ છે, તે જ તેની સંચિટ્ઠણા છે.

ભગવન્ ! પ્રથમ સમય તિર્યંચયોનિક, તે જ રૂપે કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ એક સમય. અપ્રથમ તિર્યંચયોનિકની જઘન્ય સ્થિતિ એક સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ. ઉત્કૃષ્ટ સ્થિતિ વનસ્પતિકાળ.

પ્રથમ સમય મનુષ્યની જઘન્ય અને ઉત્કૃષ્ટ એક સમય. અપ્રથમ–મનુષ્યની જઘન્ય એક સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ અને ઉત્કૃષ્ટ પૂર્વકોટિ પૃથક્ત્વ અધિક ત્રણ પલ્યોપમ છે.

અંતર–પ્રથમ સમય નૈરયિકનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત અધિક ૧૦,૦૦૦ વર્ષ. ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. અપ્રથમ સમયની જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે.

પ્રથમ સમય તિર્યંચયોનિકનું જઘન્ય સમયન્યૂન બે ક્ષુલ્લક ભવગ્રહણ અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. અપ્રથમ સમય તિર્યંચયોનિકનું જઘન્યથી સમયાધિક ક્ષુલ્લક ભવગ્રહણ અને ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમ શત પૃથક્ત્વ.

પ્રથમ સમય મનુષ્યનું અંતર જઘન્યથી સમય ન્યૂન બે ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. અપ્રથમ સમય મનુષ્યનું જઘન્ય એક સમયાધિક ક્ષુલ્લક ભવગ્રહણ અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ.

દેવોનું અંતર નૈરયિક સમાન કહેવું. જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ અને અંતર્મુહૂર્ત્ત અધિક, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. અપ્રથમસમય દેવોનું જઘન્યઅંતર અંતર્મુહૂર્ત્ત૦ ઉત્કૃષ્ટ અંતર વનસ્પતિકાળ છે.

અલ્પબહુત્વ – ભગવન્ ! આ પ્રથમ સમય નૈરયિક યાવત્ પ્રથમસમય દેવમાં કોણ કોનાથી અલ્પ આદિ છે? ગૌતમ ! સૌથી થોડા પ્રથમ સમય મનુષ્ય છે, પ્રથમ સમય નૈરયિક અસંખ્યાતગુણ, પ્રથમસમય દેવ અસંખ્યાતગણા, પ્રથમ સમય તિર્યંચયોનિક તેનાથી પણ અસંખ્યાતગણા છે. અપ્રથમસમય નૈરયિક યાવત્ અપ્રથમ સમય દેવ પણ એ પ્રમાણે જાણવા. વિશેષ એ – અપ્રથમસમય તિર્યંચ–યોનિક અનંતગણા કહેવા.

આ પ્રથમસમય અને અપ્રથમ સમય નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? સૌથી થોડા પ્રથમ સમય નૈરયિક છે, અપ્રથમ સમય નૈરયિક અસંખ્યાતગણા છે. એ રીતે બધા કહેવા.

પ્રથમ સમય નૈરયિક યાવત્ અપ્રથમ સમય દેવોમાં કોણ કોનાથી અલ્પાદિ૦ છે ? સૌથી થોડા પ્રથમ સમય મનુષ્યો, અપ્રથમ સમય મનુષ્યો અસંખ્યાતગણા, પ્રથમ સમય નૈરયિક અસંખ્યાતગણા, પ્રથમસમય દેવો અસંખ્યાતગણા, પ્રથમસમય તિર્યંચયોનિક અસંખ્યાતગણા, અપ્રથમસમય નૈરયિક અસંખ્યાતગણા, અપ્રથમસમય દેવો અસંખ્યાતગણા, અપ્રથમ સમય તિર્યંચયોનિક અનંતગણા છે. આ આઠ ભેદે સંસારી જીવો કહ્યા.

### પ્રતિપત્તિ- ૭ - નો મુનિ દીપરત્નસાગરકૃત્ અનુવાદ પૂર્ણ

# પ્રતિપત્તિ–૮ ''નવવિધા''

**સૂત્ર–૩૬૭**

તેમાં જેઓ આ પ્રમાણે કહે છે કે સંસાર સમાપન્નક જીવો નવ ભેદે છે, તે આ પ્રમાણે કહે છે – પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેઉકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય. બધાની સ્થિતિ કહેવી જોઈએ.

પૃથ્વીકાયિકોની સંચિઙ્ઠણા(કાયસ્થિતિ) પૃથ્વીકાળ છે યાવત્ આ રીતે વાયુકાયિકો સુધી કહેવું. વનસ્પતિ–કાયની સંચિઙ્ઠણા અનંત–વનસ્પતિકાળ કહેવી. બે–ત્રણ–ચાર ઇન્દ્રિયવાળાની સંખ્યાતકાળ છે. પંચેન્દ્રિયોની સાતિરેક હજાર સાગરોપમ છે. બધાનું અંતર અનંતકાળ છે, વનસ્પતિકાયિકનું અસંખ્યાતકાળ છે.

અલ્પબહુત્વ – સૌથી થોડા પંચેન્દ્રિયો છે, ચઉરિન્દ્રિય તેનાથી વિશેષાધિક છે. તેઇન્દ્રિય વિશેષાધિક છે, બેઇન્દ્રિય વિશેષાધિક છે, તેઉકાયિક તેનાથી અસંખ્યાતા છે, પૃથ્વી–અપ્–વાયુકાયિક વિશેષાધિક છે. તેનાથી વનસ્પતિકાયિક અનંતગણા છે.

આ નવવિધ જીવો કહ્યા.

પ્રતિપત્તિ- ૮ - નો મુનિ દીપરત્નસાગરકૃત્ અનુવાદ પૂર્ણ

# પ્રતિપત્તિ–૯ ''દશવિધા''

સૂત્ર–૩૬૮

તેમાં જેઓ એ પ્રમાણે કહે છે કે સંસાર સમાપન્નક જીવો દશ ભેદે છે – તે આ – પ્રથમ સમય એકેન્દ્રિય, અપ્રથમ સમય એકેન્દ્રિય, પ્રથમ સમય બેઈન્દ્રિય, અપ્રથમ સમય બેઈન્દ્રિય, યાવત્ પ્રથમ સમય પંચેન્દ્રિય, અપ્રથમ સમય પંચેન્દ્રિય.

ભગવન્ ! પ્રથમ સમય એકેન્દ્રિયની કેટલો કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટ એક સમય. અપ્રથમ સમય એકેન્દ્રિયની જઘન્યથી સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ સમય ન્યૂન ૨૨,૦૦૦ વર્ષ. એ પ્રમાણે બધા પ્રથમ સમયિકોની જઘન્ય અને ઉત્કૃષ્ટ એક સમય છે. અપ્રથમ સમયવાળાની સ્થિતિ જઘન્ય એક સમય ન્યૂન ક્ષુલ્લક ભવ અને ઉત્કૃષ્ટથી જેની જે સ્થિતિ છે, તેમાંથી એક સમય ન્યૂન યાવત્ પંચેન્દ્રિયોની સમય ન્યૂન ૩૩–સાગરોપમ છે.

સંચિટ્ઠણા(કાયસ્થિતિ) પ્રથમ સમયિકની જઘન્ય અને ઉત્કૃષ્ટ એક સમય. અપ્રથમ સમયિકની જઘન્યથી સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ અને ઉત્કૃષ્ટ એકેન્દ્રિયની વનસ્પતિકાળ. બે–ત્રણ–ચાર ઇન્દ્રિયવાળાની સંખ્યાતકાળ, પંચેન્દ્રિયોની સાતિરેક હજાર સાગરોપમ છે.

પ્રથમ સમય એકેન્દ્રિયનું અંતર કેટલો કાળ હોય ?

ગૌતમ ! જઘન્યથી એક સમય ન્યૂન બે ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ. અપ્રથમ સમય એકેન્દ્રિયનું અંતર જઘન્યથી સમયાધિક ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટથી સંખ્યાત વર્ષ અધિક ૨૦૦૦ સાગરોપમ. બાકીના બધા પ્રથમ સમયિકનું અંતર જઘન્ય બે ક્ષુલ્લક ભવગ્રહણમાં સમય ન્યૂન અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. અપ્રથમ સમયિક બાકીનાનું જઘન્યથી સમયાધિક ? ક્ષુલ્લક ભવગ્રહણ અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.

બધા પ્રથમ સમયિકોમાં સૌથી થોડા પ્રથમ સમય પંચેન્દ્રિય છે. પ્રથમ સમય ચઉરિન્દ્રિય વિશેષાધિક છે. પ્રથમ સમય તેઈન્દ્રિય તેથી વિશેષાધિક. પ્રથમ સમય બેઈન્દ્રિય વિશેષાધિક, પ્રથમ સમય એકેન્દ્રિય તેથી વિશેષાધિક છે. એ પ્રમાણે અપ્રથમ સમયિક પણ જાણવા. માત્ર અપ્રથમ સમય એકેન્દ્રિય અનંતગણા છે.

બંનેનું અલ્પબહુત્વ – સૌથી થોડા પ્રથમ સમય એકેન્દ્રિયો, અપ્રથમ સમય એકેન્દ્રિય અનંતગણા. બાકીનામાં સૌથી થોડા પ્રથમ સમયિકા, અપ્રથમ સમયવાળા અસંખ્યાતગણા.

ભગવન્ ! આ પ્રથમ સમય એકેન્દ્રિય, અપ્રથમ સમય એકેન્દ્રિય યાવત્ અપ્રથમસમય પંચેન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ આદિ છે? સૌથી થોડા પ્રથમ સમય પંચેન્દ્રિય, પ્રથમ સમય ચઉરિન્દ્રિય વિશેષાધિક, પ્રથમ સમય તેઈન્દ્રિય વિશેષાધિક, એ પ્રમાણે નીચે–નીચે જતા યાવત્ પ્રથમ સમય એકેન્દ્રિય વિશેષાધિક છે. અપ્રથમ સમય પંચેન્દ્રિય અસંખ્યાતગણા, અપ્રથમ સમય ચઉરિન્દ્રિય વિશેષાધિક યાવત્ અપ્રથમ સમય એકેન્દ્રિય અનંતગણા છે. તે આ સંસારી જીવ કહ્યા. તે સંસારી જીવાભિગમ કહ્યું.

## પ્રતિપત્તિ- ૯ - નો મુનિ દીપરત્નસાગરકૃત્ અનુવાદ પૂર્ણ

# સર્વજીવ પ્રતિપત્તિ

સૂત્ર–૩૬૯ ચાલુ

ભગવન્ ! તે સર્વ જીવાભિગમ શું છે ? સર્વ જીવોમાં આ નવ પ્રતિપત્તિઓ આ પ્રમાણે કહી છે – એક એમ કહે છે કે બધા જીવો બે ભેદે કહ્યા છે. યાવત્ બધા જીવો દશ ભેદે કહ્યા છે.

## સર્વજીવ પ્રતિપત્તિ-૧ “દ્વિવિધા”

સૂત્ર–૩૬૯ અધૂરેથી

તેમાં જેઓ એમ કહે છે કે સર્વે જીવો બે ભેદે કહ્યા છે, તેઓ આ પ્રમાણે કહે છે – સિદ્ધો અને અસિદ્ધો.

ભગવન્ ! સિદ્ધ, સિદ્ધના રૂપમાં કેટલો સમય સુધી રહે છે ? ગૌતમ ! સાદિ અપર્યવસિત.

ભગવન્ ! અસિદ્ધ, અસિદ્ધરૂપે કેટલો સમય રહે છે ? ગૌતમ ! અસિદ્ધ બે ભેદે કહ્યા છે – અનાદિ અપર્યવસિત અને અનાદિ સપર્યવસિત.

ભગવન્ ! સિદ્ધોને કેટલા કાળનું અંતર હોય ? ગૌતમ ! સાદિ અપર્યવસિતને કોઈ અંતર નથી.

ભગવન્ ! અસિદ્ધોને કેટલા કાળનું અંતર હોય ? ગૌતમ ! અનાદિ અપર્યવસિતને અંતર નથી. અનાદિ સપર્યવસિતને પણ અંતર નથી.

ભગવન્ ! આ સિદ્ધો અને અસિદ્ધોમાં કોણ કોનાથીઅલ્પ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડા સિદ્ધો છે, અસિદ્ધો અનંતગણા છે.

સૂત્ર–૩૭૦

અથવા સર્વે જીવો બે ભેદે કહેલ છે – સેન્દ્રિય અને અનિન્દ્રિય. ભગવન્ ! સેન્દ્રિયો કાળથી કેટલો કાળ હોય? ગૌતમ ! સેન્દ્રિય બે ભેદે કહ્યા છે – અનાદિ અપર્યવસિત અને અનાદિ સપર્યવસિત. અનિન્દ્રિયમાં સાદિ અપર્યવસિત. બંનેમાં અંતર નથી. સૌથી થોડા અનિન્દ્રિયો, સેન્દ્રિયો અનંતગણા છે.

અથવા સર્વે જીવો બે ભેદે કહ્યા છે – સકાયિક અને અકાયિક. એ પ્રમાણે સયોગી અને અયોગી તેમજ છે. એ પ્રમાણે જ સલેશ્યી અને અલેશ્યી, સશરીરી અને અશરીરી, સંચિટ્ઠણા, અંતર, અલ્પબહુત્વ સેન્દ્રિયોની માફક કહેવા.

અથવા સર્વે જીવો બે ભેદે કહ્યા છે – સવેદક અને અવેદક.

ભગવન્ ! સવેદક કેટલો સમય સવેદક રહે છે ? ગૌતમ ! સવેદક ત્રણ ભેદે કહ્યા છે – અનાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત, સાદિ સપર્યવસિત. તેમાં જે સાદિ સપર્યવસિત છે, તે જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ યાવત્ ક્ષેત્રથી દેશોન અર્દ્ધપુદ્‌ગલ પરાવર્ત્ત રહે.

ભગવન્ ! અવેદક, અવેદકપણે કેટલો કાળ રહે છે ? ગૌતમ ! અવેદક બે ભેદે છે – સાદિ અપર્યવસિત, સાદિ સપર્યવસિત. તેમાં જે સાદિ સપર્યવસિત છે, તે જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત રહે છે.

ભગવન્ ! સવેદકને કેટલા કાળનું અંતર હોય ? અનાદિ અપર્યવસિતને અંતર નથી. અનાદિ સપર્યવસિતને અંતર નથી. સાદિ સપર્યવસિતનું જઘન્યથી એકસમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત.

ભગવન્ ! અવેદકને કેટલા કાળનું અંતર છે ? સાદિ અપર્યવસિતને અંતર નથી. સાદિ સપર્યવસિતને જઘન્યથી અંતર્મુહૂર્ત્ત. ઉત્કૃષ્ટ અનંતકાળ યાવત્ દેશોન અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત.

અલ્પબહુત્વ – સૌથી થોડા અવેદક, સવેદક અનંતગણા.

એ પ્રમાણે સકષાયી અને અકષાયી, સવેદકની માફક કહેવા. અથવા બધા જીવો બે ભેદે છે – સલેશ્ય અને

અલેશ્ય. જેમ અસિદ્ધ અને સિદ્ધ કહ્યા, તેમ અહીં કહેવું. યાવત્ સૌથી થોડા અલેશ્ય છે, સલેશ્ય અનંતગણા છે.

સૂત્ર–૩૭૧

જ્ઞાની અને અજ્ઞાની. ભગવન્ ! જ્ઞાની, જ્ઞાનીરૂપે કેટલો કાળ રહે ? જ્ઞાની બે પ્રકારે છે – સાદિ અપર્યવસિત, સાદિ સપર્યવસિત. તેમાં જે સાદિ સપર્યવસિત છે, તે જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાતિરેક ૬૬–સાગરોપમ. અજ્ઞાની સવેદક–વત્ જાણવા.

જ્ઞાનીનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અનંતકાળ – દેશોન અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત્ત. આદિના બે અજ્ઞાનીને અંતર નથી. સાદિ સપર્યવસિતને જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાતિરેક ૬૬–સાગરોપમ –

અલ્પબહુત્વ – સૌથી થોડા જ્ઞાની, અજ્ઞાની અનંતગણા છે.

અથવા સર્વે જીવો બે ભેદે કહ્યા છે – સાકારોપયુક્ત અને અનાકારોપયુક્ત. સંચિટ્ઠણા અને અંતર જઘન્ય અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત્ત.

અલ્પબહુત્વ – અનાકારોપયોગ થોડા છે, તેથી સાકારોપયોગ સંખ્યાતગણા છે.

સૂત્ર–૩૭૨

અથવા સર્વે જીવો બે ભેદે છે – આહારક, અનાહારક.

ભગવન્! આહારક યાવત્ કેટલો કાળ હોય ? ગૌતમ ! આહારક બે ભેદે છે – છદ્મસ્થ આહારક અને કેવલી આહારક. છદ્મસ્થ આહારક યાવત્ કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી બે સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ યાવત્ ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાતભાગ.

કેવલી આહારક યાવત્ કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી.

ભગવન્ ! અણાહારક કેટલો કાળ હોય ? ગૌતમ ! અણાહારક બે ભેદે – છદ્મસ્થ અણાહારક, કેવલી અણાહારક. છદ્મસ્થ અણાહારક યાવત્ કેટલો કાળ હોય ? ગૌતમ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટ બે સમય.

કેવલી અણાહારક બે ભેદે છે – સિદ્ધ કેવલી અણાહારક અને ભવસ્થ કેવલી અણાહારક.

ભગવન્ ! સિદ્ધ કેવલી અણાહારક કાળથી કેટલો કાળ હોય ? સાદિ અપર્યવસિત.

ભગવન્ ! ભવસ્થ કેવલી અણાહારક કેટલા ભેદે છે ? બે ભેદે – સયોગી ભવસ્થ કેવલી અણાહારક અને અયોગી ભવસ્થ કેવળી અણાહારક.

ભગવન્ ! સયોગી ભવસ્થ કેવલી અણાહારક કેટલો કાળ રહે ? અજઘન્યોત્કૃષ્ટ ત્રણ સમય. અયોગી ભવસ્થ કેવલી જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત.

છદ્મસ્થ આહારકને કેટલો કાળ અંતર છે ? ગૌતમ ! જઘન્યથી એક સમય. ઉત્કૃષ્ટથી બે સમય. કેવલી આહારકનું અંતર અજઘન્ય–અનુત્કૃષ્ટ ત્રણ સમય.

છદ્મસ્થ અણાહારકનું અંતર જઘન્યથી ક્ષુલ્લક ભવગ્રહણ – બે સમય ન્યૂન અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ યાવત્ અંગુલનો અસંખ્યાત ભાગ.

સિદ્ધ કેવલી અણાહારકના સાદિ અપર્યવસિતને અંતર નથી. સયોગી ભવસ્થકેવલી અણાહારકને જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત. અયોગી ભવસ્થ કેવલી અણાહારકને અંતર નથી.

ભગવન્ ! આ આહારક અને અણાહારકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડા અણાહારકો છે. તેનાથી આહારકો અસંખ્યાતા છે.

સૂત્ર–૩૭૩

અથવા સર્વે જીવો બે ભેદે કહ્યા. તે આ – સભાષક અને અભાષક.

ભગવન્! સભાષક, સભાષકપણે કાળથી કેટલો કાળ હોય? ગૌતમ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત.

ભગવન્ ! અભાષક અભાષકપણે કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! અભાષક બે પ્રકારે છે – સાદિ અપર્યવસિત અને સાદિ સપર્યવસિત. તેમાં જે સાદિ સપર્યવસિત છે તે જઘન્યથી અંતર્મુહૂર્ત્ત રહે અને ઉત્કૃષ્ટથી અનંતકાળ – અનંત ઉત્સર્પિણી–અવસર્પિણી વનસ્પતિકાળ.

ભગવન્ ! ભાષકને કેટલા કાળનું અંતર હોય ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ–વનસ્પતિકાળ.

અભાષકમાં સાદિ અપર્યવસિતને અંતર નથી. સાદિ સપર્યવસિતને જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત.

અલ્પબહુત્વ – સૌથી થોડા ભાષક, અભાષક અનંતગણા. અથવા સર્વે જીવો બે ભેદે છે – સશરીરી, અશરીરી, અશરીરી સિદ્ધવત્ કહેવા. અશરીરી થોડા, શરીરી અનંતગણા.

સૂત્ર–૩૭૪

અથવા સર્વે જીવો બે ભેદે છે – ચરિમ અને અચરિમ. ભગવન્ ! ચરિમ કેટલો કાળ ચરિમ રહે ? ગૌતમ ! ચરિમ અનાદિ સપર્યવસિત છે. અચરિમ બે ભેદે – અનાદિ અપર્યવસિત અને સાદિ અપર્યવસિત. બંનેમાં અંતર નથી. અલ્પ–બહુત્વમાં – સૌથી થોડાં અચરમ છે, ચરમ તેનાથી અનંતગણા છે.

અથવા સર્વે જીવ બે ભેદે છે – સાકારોપયુક્ત અને અનાકારોપયુક્ત. બંનેની સંચિટ્ઠણા અને અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત્ત.

અલ્પબહુત્વ – સૌથી થોડા અનાકારોપયુક્ત, સાકારોપયુક્ત અસંખ્યાતગણા છે.

## સર્વજીવ પ્રતિપત્તિ-૧- નો મુનિ દીપરત્નસાગરકૃત્ અનુવાદ પૂર્ણ

## સર્વજીવ પ્રતિપત્તિ–૨ "ત્રિવિધા"

સૂત્ર–૩૭૫

તેમાં જેઓ એમ કહે છે કે બધાં જીવો ત્રણ ભેદે કહેલા છે. તેઓ આમ કહે છે – સમ્યક્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, સમ્યક્–મિથ્યાદૃષ્ટિ.

ભગવન્ ! સમ્યક્દૃષ્ટિ કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! સમ્યક્દૃષ્ટિ બે ભેદે છે – સાદિ અપર્યવસિત અને સાદિ સપર્યવસિત.

તેમાં જે સાદિ સપર્યવસિત છે, તે જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી સાતિરેક ૬૬–સાગરોપમ રહે છે.

મિથ્યાદૃષ્ટિ ત્રણ ભેદે છે – સાદિ સપર્યવસિત, અનાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત. તેમાં જે સાદિ સપર્યવસિત છે, તે જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ યાવત્ દેશોન અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત્ત. સમ્યક્ મિથ્યાદૃષ્ટિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત્ત છે.

સમ્યક્ દૃષ્ટિનું અંતર સાદિ અપર્યવસિતનું અંતર નથી. સાદિ સપર્યવસિતનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અનંત કાળ યાવત્ અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત્ત. મિથ્યાદૃષ્ટિનું અનાદિ અપર્યવસિતનું અંતર નથી.

અનાદિ સપર્યવસિતનું અંતર નથી. સાદિ સપર્યવસિતનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાતિરેક ૬૬–સાગરોપમ. સમ્યક્ મિથ્યાદૃષ્ટિનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ યાવત્ દેશોન અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત્ત.

અલ્પબહુત્વ–સૌથી થોડા સમ્યક્ મિથ્યાદૃષ્ટિ, સમ્યક્દૃષ્ટિ અનંતગણા, મિથ્યાદૃષ્ટિ અનંતગણા છે.

સૂત્ર–૩૭૬

અથવા સર્વે જીવો ત્રણ ભેદે છે – પરિત્ત, અપરિત્ત, નોપરિત્ત–નોઅપરિત્ત.

ભગવન્! પરિત્ત કાળથી કેટલો કાળ રહે ? પરિત્ત બે ભેદે – કાય પરિત્ત અને સંસાર પરિત્ત.

કાયપરિત્ત કાળથી કેટલો કાળ રહે ? જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યકાળ – અસંખ્યલોક.

સંસાર પરિત્ત, ભગવન્ ! સંસાર પરિત્તરૂપે કાળથી કેટલો કાળ રહે ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ યાવત્ દેશોન અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત્ત.

ભગવન્ ! અપરિત્ત અપરિત્તરૂપે કાળથી કેટલો કાળ રહે ? અપરિત્ત બે ભેદે કહેલા છે – કાય અપરિત્ત અને સંસાર અપરિત્ત.

ભગવન્ ! કાયઅપરિત્ત કાયઅપરિત્તરૂપે કાળથી કેટલો કાળ રહે ? જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ–વનસ્પતિકાળ.

સંસાર અપરિત્ત બે ભેદે છે – અનાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત. નોપરિત્ત–નોઅપરિત્ત સાદિ અપર્યવસિત (અનંત) છે.

કાય પરિત્તને જઘન્ય અંતર અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ, સંસાર પરિત્તને અંતર નથી. કાય અપરિત્તને જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ–પૃથ્વીકાળ. સંસાર અપરિત્ત અનાદિ અપર્યવસિતને અંતર નથી. અનાદિ સપર્યવસિતને અંતર નથી. નોપરિત્ત–નોઅપરિત્તને અંતર નથી.

અલ્પબહુત્વ – સૌથી થોડા પરિત્ત, નોપરિત્ત–નોઅપરિત્ત અનંતગણા, અપરિત્ત અનંતગણા છે.

સૂત્ર–૩૭૭

અથવા સર્વે જીવો ત્રણ ભેદે છે – પર્યાપ્તક, અપર્યાપ્તક, નોપર્યાપ્તા–નોઅપર્યાપ્તા.

ભગવન્ ! પર્યાપ્તક કેટલો કાળ પર્યાપ્તક રૂપે રહે ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાગરોપમ શત પૃથક્ત્વ.

ભગવન્ ! અપર્યાપ્ત કેટલો કાળ પર્યાપ્તક રૂપે રહે ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. નોપર્યાપ્ત–નોઅપર્યાપ્ત સાદિ અપર્યવસિત છે.

પર્યાપ્તાનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. અપર્યાપ્તાનું જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમ શત પૃથક્ત્વ. ત્રીજા–નોપર્યાપ્તા–નોઅપર્યાપ્તાનું અંતર નથી.

અલ્પબહુત્વ–સૌથી થોડાં નોપર્યાપ્તા–નોઅપર્યાપ્તા, અપર્યાપ્તા અનંતગણા, પર્યાપ્તા તેથી સંખ્યાતગણા છે.

સૂત્ર–૩૭૮

અથવા સર્વે જીવો ત્રણ ભેદે છે – સૂક્ષ્મ, બાદર અને નોસૂક્ષ્મ–નોબાદર.

ભગવન્ ! સૂક્ષ્મ, સૂક્ષ્મરૂપે કેટલો કાળ રહે ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાત–કાળ–પૃથ્વીકાળ

ભગવન્ ! બાદર, બાદર સૂક્ષ્મરૂપે કેટલો કાળ રહે ? જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ–અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણીકાળથી, ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાતભાગ. નોસૂક્ષ્મ–નોબાદર સાદિ અપર્યવસિત છે.

સૂક્ષ્મનું અંતર બાદરકાળ અને બાદરનું અંતર સૂક્ષ્મકાળ છે. ત્રીજા નોસૂક્ષ્મ–નોબાદરનું અંતર નથી.

અલ્પબહુત્વ–સૌથી થોડાં નોસૂક્ષ્મ–નોબાદર, તેથી બાદર અનંતગણા છે, તેથી સૂક્ષ્મ અસંખ્યાતગણા છે.

સૂત્ર–૩૭૯

અથવા સર્વે જીવો ત્રણ ભેદે કહ્યા છે – સંજ્ઞી, અસંજ્ઞી, નોસંજ્ઞી–નોઅસંજ્ઞી.

ભગવન્ ! સંજ્ઞી કેટલો કાળ રહે ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમ શત પૃથક્ત્વ. અસંજ્ઞી, જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. નોસંજ્ઞી–નોઅસંજ્ઞી સાદિ અપર્યવસિત છે.

સંજ્ઞીનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. અસંજ્ઞીનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાતિરેક

સાગરોપમ શત પૃથક્ત્વ. ત્રીજાનું અંતર નથી.

અલ્પબહુત્વ–સૌથી થોડાં સંજ્ઞી, નોસંજ્ઞી–નોઅસંજ્ઞી અનંતગણા, અસંજ્ઞી તેથી અનંતગણા છે.

સૂત્ર–૩૮૦, ૩૮૧

૩૮૦. અથવા સર્વે જીવો ત્રણ ભેદે છે – ભવસિદ્ધિક, અભવસિદ્ધિક, નોભવસિદ્ધિક–નોઅભવસિદ્ધિક.

ભવ–સિદ્ધિકો અનાદિ સપર્યવસિત છે, અભવસિદ્ધિકો અનાદિ અપર્યવસિત છે. નોભવસિદ્ધિક–નોઅભવસિદ્ધિક સાદિ અપર્યવસિત છે. ત્રણેને અંતર નથી.

અલ્પબહુત્વ–સૌથી થોડાં અભવસિદ્ધિક, ઉભયવર્જી તેનાથી અનંતગણા, ભવસિદ્ધિક તેનાથી અનંતગુણા.

૩૮૧. અથવા સર્વે જીવો ત્રણ ભેદે છે – ત્રસ, સ્થાવર, નોત્રસ–નોસ્થાવર.

ત્રસ, ત્રસરૂપે કાળથી જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાતિરેક ૨૦૦૦–સાગરોપમ રહે. સ્થાવરની સંચિટ્ઠણા વનસ્પતિકાળ છે. નોત્રસ–નોસ્થાવર સાદિ અપર્યવસિત છે. ત્રસનું અંતર વનસ્પતિકાળ, સ્થાવરનું અંતર સાતિરેક બે હજાર સાગરોપમ, નોત્રસ–નોસ્થાવરનું કોઈ જ અંતર નથી.

અલ્પબહુત્વ–સૌથી થોડાં ત્રસ છે, નોત્રસ–નોસ્થાવર અનંતગણા છે, સ્થાવરો તેથી અનંતગણા છે. આ ત્રિવિધા પ્રતિપત્તિ કહી.

## સર્વજીવ પ્રતિપત્તિ-૨- નો મુનિ દીપરત્નસાગરકૃત્ અનુવાદ પૂર્ણ

## સર્વજીવ પ્રતિપત્તિ-૩ "ચતુર્વિધા"

સૂત્ર–૩૮૨

તેમાં જેઓ એમ કહે છે કે સર્વે જીવો ચાર ભેદે છે – તેઓ આમ કહે છે – મનોયોગી, વચનયોગી, કાયયોગી, અયોગી.

ભગવન્ ! મનોયોગી, મનોયોગી રૂપે કેટલો કાળ રહે ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. એ રીતે વચનયોગી પણ જાણવા. કાયયોગીની જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. અયોગી સાદિ અપર્યવસિત છે.

મનોયોગીનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. એ રીતે વચનયોગીનું પણ છે. કાયયોગીનું જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. અયોગીને અંતર નથી.

અલ્પબહુત્વ – સૌથી થોડાં મનોયોગી, વચનયોગી સંખ્યાતગણા, અયોગી અનંતગણા, કાયયોગી અનંતગણા છે.

સૂત્ર–૩૮૩

અથવા સર્વે જીવો ચાર ભેદે છે – સ્ત્રીવેદક, પુરુષવેદક, નપુંસકવેદક, અવેદક.

ભગવન્ ! સ્ત્રીવેદક, સ્ત્રીવેદક રૂપે કેટલો કાળ રહે ? ગૌતમ ! એક આદેશથી પૂર્વકોટી પૃથક્ત્વથી અધિક (૧)૧૧૦ પલ્યોપમ,, (૨)૧૧૮ પલ્યોપમ, (૩)૧૪–પલ્યોપમ તથા (૫)પલ્યોપમ પૃથક્ત્વ સુધી રહી શકે. જઘન્યથી એક સમય સુધી સ્ત્રી વેદી રહે.

પુરુષવેદક જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી સાતિરેક સાગરોપમ શત પૃથક્ત્વ રહે.

નપુંસકવેદક જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અનંતકાળ–વનસ્પતિકાળ રહે.

અવેદક બે ભેદે છે – સાદિ અપર્યવસિત અને સાદિ સપર્યવસિત, તે જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સુધી રહે.

સ્ત્રીવેદકનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે. પુરુષવેદકનું અંતર જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ રહે, નપુંસકવેદકનું જઘન્ય અંતર અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમ શત પૃથક્ત્વ રહે, અવેદકનું અંતર નથી.

અલ્પબહુત્વ – સૌથી થોડાં પુરુષવેદક, સ્ત્રીવેદક તેનાથી સંખ્યાતગણા, અવેદક તેનાથી અનંતગણા, નપુંસકવેદક તેનાથી અનંતગણા છે.

સૂત્ર–૩૮૪

અથવા સર્વે જીવો ચાર ભેદે છે – ચક્ષુર્દર્શની, અચક્ષુર્દર્શની, અવધિદર્શની, કેવળદર્શની.

ભગવન્‌ ! ચક્ષુર્દર્શની, ચક્ષુર્દર્શની રૂપે જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી સાતિરેક હજાર સાગરોપમ રહે.

અચક્ષુર્દર્શની બે ભેદે છે – અનાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત.

અવધિદર્શનીની જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ સાતિરેક બે છાસઠ સાગરોપમ કેવલદર્શન સાદિ અનંત.

ચક્ષુર્દર્શનીનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. બંને અચક્ષુર્દર્શનીનું અંતર નથી. અવધિ દર્શનીનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. કેવળ દર્શનીને અંતર નથી.

અલ્પબહુત્વ– સૌથી થોડાં અવધિદર્શની, ચક્ષુર્દર્શની અસંખ્યાતગણા, કેવલદર્શની અનંતગણા, અચક્ષુર્દર્શની અનંતગણા છે.

સૂત્ર–૩૮૫

અથવા સર્વે જીવો ચાર ભેદે કહ્યા છે. તે આ રીતે – સંયત, અસંયત, સંયતાસંયત, નોસંયત–નોઅસંયત–નોસંયતા સંયત.

ભગવન્‌ ! સંયત, સંયતરૂપે કેટલો કાળ રહે ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. અસંયતને અજ્ઞાની માફક કહેવા. સંયતાસંયત, જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. નોસંયત–નોઅસંયત–નોસંયતાસંયત જીવો સાદિ અપર્યવસિત છે.

સંયત અને સંયતાસંયત બંનેનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશોન અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત્ત છે.

અસંયતમાં પહેલા બેમાં અંતર નથી અને સાદિ સપર્યવસિતનું જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. ચોથાનું અંતર નથી.

અલ્પબહુત્વ – સૌથી થોડા સંયતાસંયત, સંયત અસંખ્યાતગણા, નોસંયત–નોઅસંયત–નોસંયતાસંયત અનંતગણા, અસંયત અનંતગણા છે. આ ચતુર્વિધ જીવો કહ્યા.

## સર્વજીવ પ્રતિપત્તિ-૩- નો મુનિ દીપરત્નસાગરકૃત્‌ અનુવાદ પૂર્ણ

## સર્વજીવ પ્રતિપત્તિ–૪ ''પંચવિધા''

સૂત્ર–૩૮૬, ૩૮૭

**૩૮૬.** તેમાં જેઓ એમ કહે છે કે સર્વે જીવો પાંચ ભેદે કહ્યા છે, તેઓ આમ કહે છે – ક્રોધકષાયી, માનકષાયી, માયાકષાયી, લોભકષાયી અને અકષાયી.

ક્રોધકષાયી, માનકષાયી, માયાકષાયી જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત્ત તે જ રૂપે રહે છે. લોભકષાયી જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત તે જ રૂપે રહે. અકષાયી બે ભેદે પૂર્વવત્‌ કહેવા.

ક્રોધ–માન–માયા કષાયીનું અંતર જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત છે. લોભકષાયીનું અંતર જઘન્ય

અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત્ત છે. અકષાયીનું અંતર પૂર્વવત્. ..... અલ્પબહુત્વ –

**૩૮૭.** અકષાયી સૌથી થોડાં છે, માનકષાયી તેનાથી અનંતગણા છે, ક્રોધ–માયા–લોભકષાયી ક્રમશઃ વિશેષાધિક જાણવા.

સૂત્ર–૩૮૮

અથવા સર્વે જીવો પાંચ ભેદે છે – નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય, દેવ, સિદ્ધ. સંચિટ્ઠણા(કાયસ્થિતિ) અને અંતર પૂર્વે કહ્યા મુજબ.

અલ્પબહુત્વ – સૌથી થોડાં મનુષ્યો, નૈરયિક અસંખ્યાતગણા, દેવો અસંખ્યાતગણા, સિદ્ધો અનંતગણા, તિર્યંચો તેથી અનંતગણા છે. આ પંચવિધા સર્વ જીવો કહ્યા.

## સર્વજીવ પ્રતિપત્તિ-૪- નો મુનિ દીપરત્નસાગરકૃત્ અનુવાદ પૂર્ણ

## સર્વજીવ પ્રતિપત્તિ–૫ "ષડ્‌વિધા"

સૂત્ર–૩૮૯

તેમાં જે એમ કહે છે કે સર્વે જીવો છ ભેદે છે, તે એમ કહે છે – જીવો આભિનિબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવળજ્ઞાની અને અજ્ઞાની છ ભેદે છે.

ભગવન્ ! આભિનિબોધિક જ્ઞાની, આભિનિબોધિક જ્ઞાની રૂપે કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાતિરેક છાસઠ સાગરોપમ. એ રીતે શ્રુતજ્ઞાની પણ છે.

ભગવન્ ! અવધિજ્ઞાની ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ સાતિરેક છાસઠ સાગરોપમ.

ભગવન્ ! મનઃપર્યવજ્ઞાની ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી.

ભગવન્ ! કેવળજ્ઞાની ? સાદિ અપર્યવસિત.

અજ્ઞાની ત્રણ ભેદે છે – અનાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત, સાદિ સપર્યવસિત. તેમાં સાદિ સપર્યવસિત જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ – દેશોન અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત્ત.

અંતર – આભિનિબોધિક જ્ઞાનીનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ – દેશોન અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત્ત. એ રીતે શ્રુત અવધિ, મનઃપર્યવજ્ઞાનીનું અંતર કહેવું. કેવળજ્ઞાનીને અંતર નથી. અજ્ઞાનીમાં સાદિ સપર્યવસિતનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાતિરેક છાસઠ સાગરોપમ છે.

અલ્પબહુત્વ–સૌથી થોડાં મનઃપર્યવજ્ઞાની છે, અવધિજ્ઞાની અસંખ્યાતગણા, આભિનિબોધિક – શ્રુતજ્ઞાની વિશેષાધિક છે, તે સ્વસ્થાને બંને તુલ્ય છે. કેવળજ્ઞાની તેનાથી અનંતગણા છે. અજ્ઞાની તેનાથી અનંતગણા છે.

અથવા સર્વે જીવો છ ભેદે કહ્યા છે – એકેન્દ્રિયો, બેઇન્દ્રિયો, તેઇન્દ્રિયો, ચઉરિન્દ્રિયો, પંચેન્દ્રિયો, અનિન્દ્રિયો, સંચિટ્ઠણા(કાયસ્થિતિ) અને અંતર પૂર્વવત્.

અલ્પબહુત્વ– સૌથી થોડાં પંચેન્દ્રિયો, ચઉરિન્દ્રિયો વિશેષાધિક, તેઇન્દ્રિયો વિશેષાધિક, બેઇન્દ્રિયો વિશેષાધિક, એકેન્દ્રિયો અનંતગણા, અનિન્દ્રિયો તેથી પણ અનંતગણા છે.

સૂત્ર–૩૯૦

અથવા સર્વે જીવો છ ભેદે છે – ઔદારિક શરીરી, વૈક્રિય શરીરી, આહારક શરીરી, તૈજસ શરીરી, કાર્મણ શરીરી, અશરીરી.

ભગવન્! ઔદારિક શરીરી, તે રૂપે કેટલો કાળ રહે ? જઘન્યથી બે સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ

અસંખ્યાતકાળ યાવત્ અંગુલના અસંખ્યાત ભાગ.

વૈક્રિયશરીરીની કાયસ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત અધિક તેત્રીશ સાગરોપમ છે. આહારક શરીરીની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પણ અંતમુહૂર્ત્ત છે.

તૈજસ શરીરી બે ભેદે – અનાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત. એ પ્રમાણે કાર્મણ શરીર પણ કહેવું.

અશરીરી સાદિ અપર્યવસિત છે.

અંતર – ઔદારિક શરીરીનું જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત અધિક ૩૩–સાગરોપમ. વૈક્રિય શરીરીનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ–વનસ્પતિકાળ. આહારક શરીરીનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ યાવત્ દેશોન અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત્ત. તૈજસ અને કાર્મણ શરીરીને અંતર નથી.

અલ્પબહુત્વ – સૌથી થોડાં આહારક શરીરી, વૈક્રિય શરીરી અસંખ્યાતગણા, ઔદારિક શરીરી અસંખ્યાતગણા, અશરીરી અનંતગણા, તૈજસ–કાર્મણશરીરી બંને તુલ્ય અને અસંખ્યાતગણા છે. તે આ ષડ્‌વિધા સર્વજીવો કહ્યા છે.

## સર્વજીવ પ્રતિપત્તિ-૫- નો મુનિ દીપરત્નસાગરકૃત્ અનુવાદ પૂર્ણ

# સર્વજીવ પ્રતિપત્તિ–૬ “સપ્તવિધા”

**સૂત્ર–૩૯૧**

તેમાં જે એમ કહે છે કે સર્વજીવો સાત ભેદે છે, તેઓ એમ કહે છે કે – પૃથ્વીકાયિક, અપ્‌કાયિક, તેઉકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, ત્રસકાયિક અને અકાયિક સાત ભેદો છે. તેની સંચિટ્ઠણા અને અંતર પૂર્વવત્ જાણવા.

અલ્પબહુત્વ – સૌથી થોડાં ત્રસકાયિક, તેઉકાયિક અસંખ્યાતગણા, પૃથ્વીકાયિક વિશેષાધિક, અપ્‌કાયિક વિશેષાધિક, વાયુકાયિક વિશેષાધિક, સિદ્ધો અનંતગણા, વનસ્પતિકાય અનંતગુણ. અથવા-

**સૂત્ર–૩૯૨**

સર્વે જીવો સાત ભેદે છે – કૃષ્ણલેશ્યી, નીલલેશ્યી, કાપોતલેશ્યી, તેજોલેશ્યી, પદ્મલેશ્યી, શુક્લલેશ્યી, અલેશ્યી.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી જીવો, કૃષ્ણલેશ્યીપણે કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત અધિક ૩૩–સાગરોપમ. નીલલેશ્યીની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાત ભાગ અધિક દશ સાગરોપમ. કાપોતલેશ્યીની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાત ભાગ અધિક ત્રણ સાગરોપમ. તેજોલેશ્યીની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાત ભાગ અધિક બે સાગરોપમ છે. પદ્મલેશ્યીની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્તાધિક દશ સાગરોપમ. શુક્લલેશ્યીની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્તાધિક ૩૩–સાગરોપમ. અલેશ્યી સાદિ અપર્યવસિત છે.

ભગવન્ ! કૃષ્ણલેશ્યીનું અંતર કેટલો કાળ ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત અધિક ૩૩–સાગરોપમ. એ પ્રમાણે નીલલેશ્યી અને કાપોતલેશ્યી પણ જાણવા. તેજોલેશ્યીનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિ–કાળ. એ રીતે પદ્મલેશ્યી અને શુક્લલેશ્યીનું અંતર જાણવું. અલેશ્યીનું અંતર, સાદિ અપર્યવસિતને અંતર નથી.

ભગવન્ ! આ કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી અને અલેશ્યી જીવોમાં કોણ કોનાથી અલ્પ આદિ છે ?

ગૌતમ! સૌથી થોડાં શુક્લલેશ્યી છે, પદ્મલેશ્યી સંખ્યાતગણા, તેજોલેશ્યી સંખ્યાતગણા, અલેશ્યી અનંતગણા, કાપોતલેશ્યી અનંતગણા, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક છે.

## સર્વજીવ પ્રતિપત્તિ-૬- નો મુનિ દીપરત્નસાગરકૃત્ અનુવાદ પૂર્ણ

# સર્વજીવ પ્રતિપત્તિ–૭ "અષ્ટવિધા"

સૂત્ર–૩૯૩

તેમાં જેઓ એમ કહે છે કે સર્વે જીવો આઠ ભેદે છે, તેઓ આમ કહે છે – આભિનિબોધિક જ્ઞાની યાવત્ કેવળજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, વિભંગજ્ઞાની.

ભગવન્ ! આભિનિબોધિક જ્ઞાની, તે રૂપે કેટલો કાળ રહે ?

ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાતિરેક છાસઠ સાગરોપમ. એ પ્રમાણે શ્રુતજ્ઞાની પણ કહેવા.

અવધિજ્ઞાની૦? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ સાતિરેક ૬૬–સાગરોપમ.

મનઃપર્યવજ્ઞાની૦? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી.

કેવળજ્ઞાની૦? સાદિ અપર્યવસિત છે.

મતિઅજ્ઞાની૦? તે ત્રણ ભેદે છે – અનાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત, સાદિ સપર્યવસિત. તેમાં જે સાદિ સપર્યવસિત છે, તે જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ યાવત્ દેશોન અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત્ત. શ્રુતઅજ્ઞાની એ પ્રમાણે જ છે. વિભંગજ્ઞાની૦ ? જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી અધિક તેત્રીશ સાગરોપમ.

ભગવન્ ! આભિનિબોધિક જ્ઞાનીનું અંતર કેટલો કાળ છે ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ યાવત્ દેશોન અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત્ત. એ પ્રમાણે શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની પણ કહેવા.

કેવલજ્ઞાનીનું અંતર૦ ? સાદિ અપર્યવસિતને અંતર નથી.

મતિઅજ્ઞાનીનું અંતર૦ ? અનાદિ અપર્યવસિતને અંતર નથી. અનાદિ સપર્યવસિતને અંતર નથી. સાદિ સપર્યવસિતનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાતિરેક ૬૬–સાગરોપમ. એ રીતે શ્રુત અજ્ઞાની પણ જાણવા.

વિભંગજ્ઞાનીનું અંતર૦ ? જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.

ભગવન્ ! આ આભિનિબોધિક જ્ઞાનીથી લઈને વિભંગજ્ઞાની એ આઠમાં કોણ કોનાથી અલ્પ–બહુ આદિ છે? ગૌતમ ! સૌથી થોડાં મનઃપર્યવજ્ઞાની જીવો છે, અવધિજ્ઞાની તેથી અસંખ્યાતગણા છે. આભિનિબોધિક અને શ્રુત જ્ઞાની બંને તુલ્ય અને પૂર્વથી વિશેષાધિક છે, વિભંગજ્ઞાની અસંખ્યાતગણા, કેવળજ્ઞાની અનંતગણા, મતિ–શ્રુતઅજ્ઞાની બંને તુલ્ય છે અને પૂર્વથી અનંતગણા છે.

સૂત્ર–૩૯૪

અથવા સર્વે જીવો આઠ ભેદે છે – નૈરયિક, તિર્યંચયોનિક, તિર્યંચયોનિની, મનુષ્ય, માનુષી, દેવ, દેવી, સિદ્ધ.

ભગવન્ ! નૈરયિક કેટલો કાળ તે રૂપે જ રહે ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩–સાગરોપમ.

તિર્યંચ–યોનિક૦ ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.

તિર્યંચયોનિની૦ ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથક્ત્વ અધિક ત્રણ પલ્યોપમ.

એ રીતે મનુષ્ય, માનુષી કહેવા. દેવો, નૈરયિકવત્ કહેવા.

દેવી૦? જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ પંચાવન પલ્યોપમ.

સિદ્ધ, સિદ્ધરૂપે કેટલો કાળ રહે ? સાદિ અપર્યવસિત.

ભગવન્ ! નૈરયિકનું અંતર કાળથી કેટલો કાળ છે ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.

તિર્યંચયોનિકનું અંતર૦ ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમ શત પૃથક્ત્વ.

તિર્યંચયોનિનીનું અંતર૦ ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ, એ રીતે મનુષ્ય, માનુષી, દેવ, દેવીનું પણ જાણવું,

સિદ્ધનું અંતર ? તેઓ સાદિ અપર્યવસિત છે.

ભગવન્ ! આ નૈરયિક યાવત્ સિદ્ધ, એ આઠેમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં મનુષ્યો છે, માનુષી અસંખ્યાતગણી છે, નૈરયિક અસંખ્યાતગણા છે, તિર્યંચયોનિની અસંખ્યાતગણી છે, દેવો સંખ્યાતગણા છે , દેવી સંખ્યાતગણી છે , સિદ્ધો અનંતગણા છે, તિર્યંચયોનિકો અનંતગણા છે.

## સર્વજીવ પ્રતિપત્તિ-૭- નો મુનિ દીપરત્નસાગરકૃત્ અનુવાદ પૂર્ણ

## સર્વજીવ પ્રતિપત્તિ–૮ "નવવિધા"

સૂત્ર–૩૯૫

તેમાં જે એમ કહે છે કે સર્વે જીવો નવ ભેદે છે, તે આ પ્રમાણે જણાવે છે – એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, નૈરયિક, પંચેન્દ્રિય તિર્યંચયોનિક, મનુષ્ય, દેવ, સિદ્ધ.

ભગવન્ ! એકેન્દ્રિય, એકેન્દ્રિયપણે કેટલો કાળ રહે ?

ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. બેઇન્દ્રિયની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ, તે પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયની પણ કહેવી.

નૈરયિકની૦ ? જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩–સાગરોપમ.

પંચેન્દ્રિય તિર્યંચયોનિકની૦ ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથક્ત્વાધિક ત્રણ પલ્યોપમ. એ પ્રમાણે મનુષ્યની છે. દેવોની નૈરયિક મુજબ છે.

સિદ્ધોની કાયસ્થિતિ૦ ? સાદિ અપર્યવસિત છે.

ભગવન્ ! એકેન્દ્રિયનું અંતર કેટલો કાળ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સંખ્યાત વર્ષ અધિક બે હજાર સાગરોપમ.

બેઇન્દ્રિયનું અંતર કેટલું કહેલ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. એ રીતે તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિયનું, નૈરયિકોનું, પંચેન્દ્રિય તિર્યંચયોનિકોનું, મનુષ્યનું, દેવનું, બધાનું અંતર આ પ્રમાણે કહેવું.

સિદ્ધનું અંતર કેટલું કહેલ છે ? તે સાદિ અપર્યવસિત છે, અંતર નથી.

ભગવન્ ! આ એકેન્દ્રિય યાવત્ સિદ્ધ, એ નવેમાં કોણ કોનાથી અલ્પાદિ છે ?

ગૌતમ ! સૌથી થોડાં મનુષ્યો, નૈરયિક અસંખ્યાતગણા, દેવો અસંખ્યાતગણા, પંચેન્દ્રિય તિર્યંચયોનિક અસંખ્યાતગણા, ચઉરિન્દ્રિય વિશેષાધિક, તેઇન્દ્રિયો વિશેષાધિક, બેઇન્દ્રિયો વિશેષાધિક, તેનાથી સિદ્ધો અનંતગણા, તેનાથી એકેન્દ્રિય અનંતગણા છે.

સૂત્ર–૩૯૬

અથવા સર્વજીવો નવ ભેદે કહ્યા. તે આ – પ્રથમ સમય નૈરયિક, અપ્રથમ સમય નૈરયિક, પ્રથમ સમય તિર્યંચયોનિક, અપ્રથમ સમય તિર્યંચયોનિક, પ્રથમ સમય મનુષ્ય, અપ્રથમ સમય મનુષ્ય, પ્રથમ સમય દેવ, અપ્રથમ સમય દેવ અને સિદ્ધ.

ભગવન્ ! પ્રથમ સમય નૈરયિક, તે જ રૂપે કેટલો સમય રહે ? ગૌતમ ! એક સમય.

અપ્રથમ સમય નૈરયિકની કાયસ્થિતિ જઘન્ય સમય ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ સમય ન્યૂન ૩૩–સાગરોપમ. પ્રથમ સમય તિર્યંચયોનિકની એક સમય. અપ્રથમ સમય તિર્યંચ યોનિકની જઘન્ય સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. પ્રથમ સમય મનુષ્યની એક સમય, અપ્રથમ સમય મનુષ્યની જઘન્યથી સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથક્ત્વાધિક ત્રણ પલ્યોપમ, દેવની નૈરયિકવત્ કહેવી.

સિદ્ધની કાળ સ્થિતિ કેટલો કાળછે ? ગૌતમ ! સાદિ અપર્યવસિત.

ભગવન્ ! પ્રથમ સમય નૈરયિકનું અંતર કાળથી કેટલું છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત અધિક દશ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. અપ્રથમ સમય નૈરયિકનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.

પ્રથમ સમય તિર્યંચયોનિકનું અંતર જઘન્યથી સમય ન્યૂન બે ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ, અપ્રથમ સમય તિર્યંચયોનિકનું અંતર જઘન્ય સમયાધિક ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમ શત પૃથક્ત્વ.

પ્રથમ સમય મનુષ્યની પ્રથમ સમય તિર્યંચયોનિકવત્ કહેવું. અપ્રથમ સમય મનુષ્યનું અંતર જઘન્ય સમયાધિક ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.

પ્રથમ સમય દેવનું પ્રથમ સમય નૈરયિકવત્ જાણવું. અપ્રથમ સમય દેવનું અપ્રથમ સમય નૈરયિકવત્ જાણવું.

સિદ્ધનું અંતર૦ ? તે સાદિ અપર્યવસિત છે, તેમનું અંતર નથી.

ભગવન્ ! આ પ્રથમ સમય નૈરયિક, પ્રથમ સમય તિર્યંચયોનિક, પ્રથમ સમય મનુષ્ય, પ્રથમ સમય દેવોમાં કોણ કોનાથી અલ્પાદિ૦ છે ?

ગૌતમ! સૌથી થોડાં પ્રથમ મનુષ્ય, પ્રથમ સમય નૈરયિક અસંખ્યાતગણા, પ્રથમ સમય દેવ અસંખ્યાતગણા, પ્રથમ સમય તિર્યંચ૦ અસંખ્યાતગણા.

ભગવન્ ! આ અપ્રથમ સમય નૈરયિક, અપ્રથમ સમય તિર્યંચયોનિક, અપ્રથમ સમય મનુષ્ય, અપ્રથમ સમય દેવોમાં કોણ કોનાથી અલ્પાદિ૦ છે?

ગૌતમ ! સૌથી થોડાં અપ્રથમ સમય મનુષ્યો, અપ્રથમ સમય નૈરયિક અસંખ્યાત-ગણા, અપ્રથમ સમય દેવ અસંખ્યાતગણા, અપ્રથમ સમય તિર્યંચયોનિક અનંતગણા છે.

ભગવન્ ! આ પ્રથમ સમય નૈરયિક, અપ્રથમ સમય નૈરયિકમાં કોણ કોનાથી અલ્પાદિ છે? સૌથી થોડાં પ્રથમ સમય નૈરયિક છે. અપ્રથમ સમય નૈરયિક અસંખ્યાતગણા.

ભગવન્ ! આ પ્રથમ૦ અને અપ્રથમ સમય તિર્યંચયોનિકમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? ગૌતમ! સૌથી થોડાં પ્રથમ સમય તિર્યંચ, અપ્રથમ સમય તિર્યંચયોનિક અનંતગણા છે. મનુષ્ય, દેવનું અલ્પબહુત્વ નૈરયિકવત્ કહેવું.

ભગવન્ ! આ પ્રથમ સમય નૈરયિકથી અપ્રથમ સમય દેવ અને સિદ્ધોમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? ગૌતમ! સૌથી થોડાં પ્રથમ સમય મનુષ્યો, અપ્રથમ૦ મનુષ્યો અસંખ્યાતગણા, પ્રથમ૦ નૈરયિક અસંખ્યાતગણા, પ્રથમ૦ દેવ અસંખ્યાતગણા, પ્રથમ૦ તિર્યંચ૦ અસંખ્યાતગણા, અપ્રથમ૦ નૈરયિક અસંખ્યાતગણા, અપ્રથમ૦ દેવ અસંખ્યાતગણા, સિદ્ધો અનંતગણા, અપ્રથમ૦ તિર્યંચ૦ અનંતગણા. તે નવ ભેદે સર્વ જીવો કહ્યા.

## સર્વજીવ પ્રતિપત્તિ-૮- નો મુનિ દીપરત્નસાગરકૃત્ અનુવાદ પૂર્ણ

## સર્વજીવ પ્રતિપત્તિ-૯ ''દશવિધા''

**સૂત્ર-૩૯૭**

તેમાં જેઓ દશ ભેદે સર્વ જીવો કહે છે, તે આ પ્રમાણે કહે છે – પૃથ્વી૦ અપ્૦ તેઉ૦ વાયુ૦ વનસ્પતિકાયિક, બે-ત્રણ-ચાર-પાંચ ઇન્દ્રિય, અનિન્દ્રિય.

ભગવન્ ! પૃથ્વીકાયિક, તે રૂપે કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ – અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અસંખ્યાત લોક. એ પ્રમાણે અપ્–તેઉ–વાયુકાયિક કહેવા. વનસ્પતિકાયિકની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.

બેઇન્દ્રિયની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ, એ પ્રમાણે ત્રણ–ચાર ઇન્દ્રિય કહેવા.

પંચેન્દ્રિયની જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમ સહસ્ર. અનિન્દ્રિયની સાદિ અપર્યવસિત છે.

ભગવન્ ! પૃથ્વીકાયિકનું અંતર કાળથી કેટલું છે ? ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. એ પ્રમાણે અપ્–તેઉ–વાયુકાયનું જાણવું. વનસ્પતિકાળનું અંતર પૃથ્વીકાયિકની કાયસ્થિતિ મુજબ જાણવું.

અનિન્દ્રિયનું અંતર કેટલું છે ? તે સાદિ અપર્યવસિત છે, અંતર નથી.

ભગવન્ ! આ પૃથ્વીકાયિક યાવત્ અનિન્દ્રિય એ દશમાં કોણ કોનાથી અલ્પાદિ છે ?

ગૌતમ! સૌથી થોડા પંચેન્દ્રિયો, ચઉરિન્દ્રિય વિશેષાધિક, તેઇન્દ્રિય વિશેષાધિક, બેઇન્દ્રિય વિશેષાધિક, તેઉકાયિક અસંખ્યાતગણા, પૃથ્વી૦ વિશેષાધિક, અપ્૦ વિશેષાધિક, વાયુ૦ વિશેષાધિક, અનિન્દ્રિય અનંતગણા છે. તેથી વનસ્પતિકાયિક અનંતગણા છે.

સૂત્ર–૩૯૮

અથવા સર્વે જીવો દશ ભેદે કહ્યા છે તે આ – પ્રથમ સમય નૈરયિક, અપ્રથમ સમય નૈરયિક, પ્રથમ સમય તિર્યંચ–યોનિક, અપ્રથમ સમય તિર્યંચયોનિક, પ્રથમ સમય મનુષ્ય, અપ્રથમ સમય મનુષ્ય, પ્રથમ સમય દેવ, અપ્રથમ સમય દેવ, પ્રથમ સમય સિદ્ધ અને અપ્રથમ સમય સિદ્ધ એ દશ.

ભગવન્ ! પ્રથમ સમય નૈરયિક, તે જ રૂપે કેટલો કાળ રહે છે ? ગૌતમ ! એક સમય. અપ્રથમ સમય નૈરયિક૦ જઘન્ય સમય ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ સમય એક ન્યૂન તેત્રીશ સાગરોપમ. પ્રથમ સમય તિર્યંચયોનિક૦ ? એક સમય. અપ્રથમ સમય તિર્યંચ તે રૂપે કેટલો કાળ રહે ? જઘન્ય સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.

પ્રથમ સમય મનુષ્યની ? એક સમય. અપ્રથમ સમય મનુષ્યની૦ ? જઘન્યથી સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ ઉત્કૃષ્ટથી પૂર્વકોડી પૃથક્ત્વ અધિક ત્રણ પલ્યોપમ. દેવની નૈરયિકવત્ જાણવી.

પ્રથમ સમય સિદ્ધની૦ ? એક સમય. અપ્રથમ સમય સિદ્ધની ? સાદિ અપર્યવસિત.

ભગવન્ ! પ્રથમ સમય નૈરયિકનું અંતર કેટલો કાળ હોય ? જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, અંતર્મુહૂર્ત્ત અધિક, ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ. અપ્રથમ૦ નૈરયિકનું જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.

પ્રથમ૦ તિર્યંચ૦ નું અંતર એક સમય ન્યૂન બે ક્ષુલ્લક ભવગ્રહણ જઘન્યથી, ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ.

અપ્રથમ સમય તિર્યંચનું જઘન્ય સમય અધિક ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમ શત પૃથક્ત્વ.

પ્રથમ સમય મનુષ્યનું જઘન્ય સમય ન્યૂન બે ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ અપ્રથમ૦ મનુષ્યનું જઘન્ય સમયાધિક ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટ વન૦, દેવનું અંતર નૈરયિકવત્ છે.

પ્રથમ સમય સિદ્ધનું અંતર નથી. અપ્રથમ સમય સિદ્ધનું અંતર – સાદિ અપર્યવસિત હોવાથી અંતર નથી.

ભગવન્ ! આ પ્રથમ સમય નૈરયિક – તિર્યંચ–મનુષ્ય–દેવ–સિદ્ધમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? સૌથી થોડા પ્રથમ સમય સિદ્ધ છે. પ્રથમ સમય મનુષ્યો અસંખ્યાતગણા, પ્રથમ સમય નૈરયિક અસંખ્યાતગણા, પ્રથમ સમય દેવ અસંખ્યાતગણા, પ્રથમ સમય તિર્યંચ અસંખ્યાતગણા છે.

ભગવન્ ! આ અપ્રથમ સમય નૈરયિક યાવત્ સિદ્ધમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? સૌથી થોડાં અપ્રથમ સમય મનુષ્યો, અપ્રથમ સમય નૈરયિક અસંખ્યાતગણા, અપ્રથમ સમય દેવો અસંખ્યાતગણા, અપ્રથમ સમય સિદ્ધો અનંતગણા, તેથી અપ્રથમ સમય તિર્યંચો અનંતગણા છે.

ભગવન્ ! આ પ્રથમ–અપ્રથમ સમય નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પ આદિ છે ? સૌથી થોડા પ્રથમ સમય નૈરયિક છે. અપ્રથમ અસંખ્યાતગણા.

ભગવન્ ! આ પ્રથમ–અપ્રથમ સમય તિર્યંચોમાં કોણ કોનાથી અલ્પ આદિ છે ? પ્રથમ સમય તિર્યંચ સૌથી થોડાં, અપ્રથમ સમય અનંતગણા છે.

મનુષ્યોની માફક દેવો કહેવા.

ભગવન્ ! આ પ્રથમ–અપ્રથમ સમય સિદ્ધોમાં કોણ કોનાથી અલ્પ આદિ છે ? સૌથી થોડા પ્રથમ સમય સિદ્ધો, અપ્રથમ સમય સિદ્ધ તેનાથીઅનંતગણા છે.

ભગવન્ ! આ પ્રથમ સમય નૈરયિક યાવત્ અપ્રથમ સમય સિદ્ધોમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? સૌથી થોડાં પ્રથમ સમય સિદ્ધ છે, પ્રથમ સમય મનુષ્યો અસંખ્યાતગણા છે, અપ્રથમ સમય મનુષ્યો અસંખ્યાતગણા છે., પ્રથમ સમય નૈરયિક અસંખ્યાતગણા છે, પ્રથમ સમય દેવો અસંખ્યાતગણા છે, પ્રથમ સમય તિર્યંચ અસંખ્યાતગણા છે, અપ્રથમ સમય નૈરયિક અસંખ્યાતગણા, અપ્રથમ સમય દેવ અસંખ્યાતગણા, અપ્રથમ સમય સિદ્ધો અનંતગણા, અપ્રથમ સમય તિર્યંચ અનંતગણા છે.

## સર્વજીવ પ્રતિપત્તિનો મુનિ દીપરત્નસાગરકૃત્ અનુવાદ પૂર્ણ

## જીવાજીવાભિગમ સૂત્રનો
## મુનિ દીપરત્નસાગરકૃત્ અનુવાદ પૂર્ણ

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [૧] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि–मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि–मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि–मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [૨] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र–गुजराती अनुवाद–मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र–इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र–गुजराती अनुवाद–सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [૩] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र–सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति**–1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति**–2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**–1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**–2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा–कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

**દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000**
**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

**અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000**

**અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે**

વેબ સાઈટ:– 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ
Post: - ઠેબા, Dis:–જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૧૪

# જીવાજીવાભિગમ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


વેબ સાઈટ:– (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397